

# તેજ રણકાર

- મુનિ તેજેન્દ્ર





# તેજ રણકાર

• પ્રવચન કર્તા •

દરિયાપુરી સંપ્રદાયના પ્રખરવકત્તા **બા.બ્ર.પ.પૂ. તેજેન્દ્રમુનિ મ.સા.**

• પ્રકાશક •

**શ્રી વિલેપાર્લે વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ**

૬૫, વલ્લભભાઈ રોડ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૬.



શાસન સમ્રાટ પૂજ્યશ્રી ધર્મસિંહજી સ્વામીનો સદા જય હો

'જય ગુરૂ ચુનિ રાજજી'

• અહોભાગ્ય •

દરિયાપુરી સંપ્રદાયના શાસ્ત્રજ્ઞ આચાર્ય પ. પૂ. શ્રી શાંતિલાલજી મ. સા. ના આજ્ઞાનુવર્તી
સ્વ. આચાર્ય પ. પૂ. શ્રી ચુનીલાલજી મ. સા.ના અસીમ કૃપાપાત્ર તપસ્વી રાજ
બા.બ્ર.શ્રી રાજેન્દ્ર મુનિ મ. સા. પ્રખરવક્તા બા. બ્ર. શ્રી તેજેન્દ્ર મુનિ મ. સા.
મિતભાષી બા. બ્ર. શ્રી મિતેન્દ્ર મુનિ મ. સા. આદિ ઠાણા-૩ ના
પાવન સાનિધ્યમાં દીક્ષાર્થી પૂરવભાઈ ના દીક્ષા પ્રસંગની યાદગીરીમાં
**"તેજ રણકાર"** પુસ્તક રજુ કરીએ છીએ.

• પ્રવચન સેટ કરનાર •

મુમુક્ષુ પંકજભાઈ એચ. ગાંધી

• પ્રવચન સંકલન •

શ્રીમતી જ્યોત્સનાબેન એસ. મોદી, શ્રીમતી મમુબેન બી. મહેતા

• પ્રાપ્તિ સ્થાન •

**શ્રી વિલેપાર્લે વર્ધમાન સ્થાનકવાસી**
**જૈન શ્રાવક સંઘ**

૬૫, વલ્લભભાઈ રોડ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૬.

**ચેતનભાઈ પી. શાહ**

૩૯ ખોતાચી વાડી, ૨જે માળે, ગીરગામ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૬ ૨૭ ૨૭

મૂલ્ય : રૂા. ૧૦/-

# અમારી વાત...

સરળ હૃદયી બા.બ્ર.પ.પૂ. ગુરૂદેવ રાજેન્દ્રમુનિ મ.સાહેબ., સુપ્રસિધ્ધ વકતા બા.બ્ર.પ.પૂ. તેજેન્દ્રમુનિ મહારાજ સાહેબે શ્રી આચારાંગ સૂત્ર ઉપર તત્વસભર મનનીય અને અસરકર્તા પ્રવચનો ફરમાવ્યા છે. તે પ્રવચનો પુસ્તક રૂપે તેજ રણકાર નાં નામે વાલકેશ્વર શ્રી સંઘે, તથા શ્રી ઘાનેરા સંઘે પ્રગટ કર્યા. વાચકોના પ્રતિસાદને જોતા આ પુસ્તકનું પુનઃમુદ્રણ કરવાની જરૂર જણાતાં વિલેપાર્લા શ્રી સંઘના (૫૦) પચાસ વર્ષ પુર્ણ થતાં તે સુવર્ણજયંતિ અવસરે તથા દરિયાપુરી સંપ્રદાયના ૩૭૧ વર્ષે મુંબઈમાં પ્રથમવાર ભાઈની દિક્ષા, શ્રી પૂરવભાઈ શાહના દીક્ષા મહોત્સવના પાવન પ્રસંગે આ પુસ્તકનું પુનઃ પ્રકાશન કરી રહ્યાં છીએ.

શ્રી સંઘનો પુસ્તક પ્રકાશનનો હેતુ સદજ્ઞાનનો પ્રચાર થાય. જનજનનાં હૃદયમાં પવિત્ર વિચારોની પ્રતિષ્ઠા થાય. ધર્મ સંસ્કારનું સંવર્ધન થાય તેવો છે. ટી.વી., કેબલ અને ઈન્ટરનેટ દ્વારા પશ્ચિમની સંસ્કૃતિનું આપણી સંસ્કૃતિ પર અતિક્રમણ થઈ રહ્યું છે. ત્યારે આવા પ્રકાશનો ની ખૂબ જ જરૂર છે. જેથી પુસ્તક પ્રકાશનનું કાર્ય શ્રી સંઘે ઉલ્લાસ ભાવે કરેલ છે. વિધ્વતા પૂર્ણ પ્રસ્તાવના લખી આપવા બદલ શ્રી ગુણવંતભાઈ બરવાળીયા, સુઘડ અને સમયસર મુદ્રણનું કાર્ય કરી આપવા બદલ મલ્ટીગ્રાફીક્સવાળા મુકેશભાઈનો આભાર માનીએ છીએ... ત્રીપુટી સંતોના પવિત્ર કરકમલોમાં તેજ રણકાર નમ્ર ભાવે અર્પણ કરીએ છીએ.

*માનદ મંત્રીઓ*

**શ્રી વિલેપાર્લે વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ**

**પુસ્તકો માનવીના જીવન માટે દીવાદાંડી રૂપ છે. જ્યારે સદ્‌ગુરૂનો પ્રત્યક્ષ યોગ હોય નહીં, ત્યારે સંત-સાહિત્યનું પુસ્તક મિત્ર અને માર્ગદર્શકનું કાર્ય કરે છે.**

# અમાપની દીશામાં...

જીવનને ઉદ્યોત કરે, દિવ્યતા અને ભવ્યતાના દર્શન કરાવે,

દશા-દિશાની સમ્યક્ સુઝ પ્રાપ્ત કરાવે અને

જાત-જગતના યથાર્થ સ્વરૂપને પ્રાપ્ત કરાવે,

એવું અલૌકિક શાસ્ત્ર એટલે **'શ્રી આચારાંગજી સૂત્ર'**.

આ પરમ આગમના રહસ્યને ખોલવા એટલે

સૂર્યની ગરમીને થર્મોમીટરથી માપવા બરાબર છે.

સાગરને ટૂંકી બુધ્ધિની ફૂટ પટ્ટીથી માપવા બરાબર છે.

અલૌકીક અને અદ્‌ભૂત ભાવોથી ભરપૂર

**'શ્રી આચારાંગજી સૂત્ર'** ના

અધ્યયનોમા રહેલા ઉદેશકના

અમૂક સૂત્રોને કેન્દ્ર બનાવી

શ્રી વાલકેશ્વર સંઘમાં રાજગુરુદેવની

અસીમ કૃપાથી વ્યાખ્યાનો આપ્યા,

અને જેને શ્રી વાલકેશ્વર સંઘે આલેખ્યા.

તેમાં જિનાજ્ઞા વિરુધ્ધ કંઈ બોલાયું હોય

તો પરમાત્માની સાક્ષીએ ત્રિવિધે-ત્રિવિધે

**મિચ્છામિ દુક્કડંમ્...**

**- મુનિ તેજેન્દ્ર**

## આશીર્વાદ

પ્રત્યક્ષ સંત સમાગમ ન કરી શકે તેના માટે સત્-સાહિત્ય સંજીવની ની ગરજ સારે છે. સત્ સાહિત્ય જીવન ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવે છે સત્ સાહિત્યના પાનાઓમાં [illegible] સમાગમ થતા રહ્યા છે. તે શાસન-સંપ્રદાય માટે ગૌરવની વાત છે.

છેલ્લા ઘણા સમયથી મુનિશ્રી [illegible] ના સુંદર કાર્ય કરી રહ્યા છે સૌના જીવનમાં ધર્મ પ્રત્યે [illegible] જાગૃત થાય- માનવ માનવ બને- સજ્જન બને, જૈન બને, શ્રાવક બને, તે ભાવનાથી શાસન હિતના કાર્યો કરી રહ્યા છે તે જોઈને મને ખૂબ આનંદ થાય છે! સંતોષ અનુભવ થઈ રહ્યો છે. પ્રતિદિન શાસન હિતના કાર્યોમાં આગળ વધો- શાસન- સંપ્રદાય- અને ગુરુ ગુરુણીની ગરિમામાં વૃદ્ધિ કરો- સ્વ-પર કલ્યાણને ધ્યેયમાં રાખીને ખૂબ ખૂબ આગળ વધો. આવી શુભ ભાવના સહ! તમારી રાહમાં છે.

એજ.

રાજેન્દ્રમુનિ — દ. સંઘા

વાલકેશ્વર

તા. ૧૭.૧૧.૯૮

# એવું દે વરદાન...

કરૂણા સાગર, હે ભગવંત મને
એવું દે વરદાન, પ્રભુજી મને.. એવું દે વરદાન

મારી દૃષ્ટિમાં સુખ અને દુઃખ હો... (૨)
બંને એક સમાન... પ્રભુજી મને...

ઓ... મારા મનને રોજ સતાવે,
જુઠી જગની માયા...

દૌલત વૈભવ ના હું માંગુ, માંગુતારી માયા
એટલું તારી પાસે માંગુ... (૨)
ના આવે અભિમાન... પ્રભુજી મને...

ઓ... ડોલી રહી છે ભવસાગરમાં,
મારી આ જીવનનૈયા

પાર ઉતારજે નૈયા મારી, બનજે તુજ ખવૈયા
નામ લીધું જે મુખથી તારું... (૨)
જ્યાં લગી છે આ પ્રાણ... પ્રભુજી મને...

# તેજ રણકાર

## આચારાંગનો દૈદિપ્યમાન તેજપુંજ અને દિવ્ય મધુર ટંકારવ

- ગુણવંત બરવાળિયા

ગણધર ભગવંતો એ રચેલ દ્વાદશાંગી, જીવના કલ્યાણ મંગલ માટે, વ્યક્તિને ઉદય પંથનો યાત્રી બનાવવા માટે આદેશક નહિ પણ ઉપદેશકનું કામ કરે છે. માર્ગદર્શકનું કામ કરી પ્રેરણાના પ્રકાશ પાથરે છે.

પૂર્વાચાર્યોએ તો અદભુત અક્ષર આરાધના કરી જ્ઞાનની ક્ષિતિજનો વિસ્તાર કરી સાધકોને અધ્યાત્મ જીવનની નવી દિશા તરફ અંગુલી નિર્દેશ કર્યો છે. સાથે સાથે વર્તમાન ગીતાર્થ ગુરૂ ભગવંતો શ્રમણ સંસ્કૃતિની જ્ઞાનધારાને ગતિમાન રાખવા માટે સમયે સમયે આગમનવાણીનું સંપાદન, સંસોધન, સંવર્ધન, સંકલન અને વિવેચન કરી યોગદાન આપતા રહે છે.

પૂજ્ય તેજેન્દ્રમુની મહારાજ સાહેબે સંવંત ૨૦૫૫ ના વાલકેશ્વર સંઘના ચાતુર્માસ દરમ્યાન આચારાંગ-સૂત્ર પર ચિંતનસભર પ્રવચનો ફરમાવી સાધકો અને મુમુક્ષુજીવો પર પરમ ઉપકાર કર્યો છે.

સંઘ વ્યવસ્થાની દષ્ટિએ આચારસંહિતાની સર્વ પ્રથમ અનિવાર્ય આવશ્યકતા છે. તેથી અંગ સાહિત્યમાં આચારાંગને સર્વ પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. શ્રમણજીવનની સાધનાના તત્વસભર ચિંતનો અને માર્મિક વિવેચન જે આચારાંગમાં મળે છે તેવું અન્યત્ર મળશે નહિ માટે આચારાંગને જૈન દર્શનનું વેદ માનેલ છે.

તેજ રણકારમાં પૂ. તેજેન્દ્રમુની મહારાજ સાહેબે આચારાંગના દૈદિપ્યમાન તેજપુંજ પાથરી આપણા અજ્ઞાનમાં ધારા ઉલેચવાનું સ્તુવ્ય કાર્ય કર્યુ છે. મંદિરનાં ઘંટારવનો રણકાર જાગૃતિ પ્રેરક છે. પરંતુ પ્રસ્તુત ગ્રંથમાં નિજી વિચારોને આપેલો શબ્દ દેહ ધનુષ્યની પણછ ખેચ્યા પછીનાં ટંકારવ જેવો છે. પરંતુ સર્જકની આપણા પરની પ્રબુધ્ધ કરૂણાને કારણે આ ટંકારવમાં પણ દિવ્ય માધુર્યની અનુભૂતિ થયા વિના રહેતી નથી.

પ્રસ્તુત ગ્રંથમાં વિનય-સ્વાધ્યાયમાં યોગનુ જોડાણ, ભાષાસમિતિ, વિવેક, વ્રત, નિયમ, તપ, શ્રધ્ધા, અહિંસા, મૈત્રી, ભક્તિ, સંકલ્પ-વિકલ્પ અને પરમાર્થ દષ્ટિ જેવા વિવિધ વિષય પર લોકભાગ્ય ભાષામાં 'શ્રી આચારાંગ સૂત્ર' ના ભાવોની ઝલક માણી શકાય છે.

તેજ રણકારનો એક ટકોરો આપણું ચિત તંત્ર જીલશે તો પણ આપણી ચેતના જાગૃત થશે. તેજ રણકાર તેજપુંજમાંથી એક એક કિરણ આપણે આત્મસાત કરી જીવનમાં સમ્યક જ્ઞાનના અજવાળા પાથરીએ એજ અભીલાષા સાથે વીરમું છું.

**- ગુંજન**

# શ્રી વિલેપાર્લે વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ

## કડવીબાઈ શામજી વેલજી વિરાણી જૈન ધર્મસ્થાનક

૬૫, વલ્લભભાઈ રોડ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૬.

છેલ્લા પચાસ વર્ષથી શ્રી સંઘ વિલેપાર્લે તેમ જ આજુબાજુમાં વસતાં સ્થાનકવાસી ભાઈ બહેનોની ધાર્મિક, સામાજીક તથા અન્યક્ષેત્રે ઉન્નતિ સાધવાના સર્વાંગી પ્રયત્નો કરતો આવ્યો છે.

ઉપ એટલે પાંસે અને આશ્રય એટલે વસવું-રહેવું ! આત્માની પાસે રહેવાનું વસવાનું શીખવા મળે તે ઉપાશ્રય.

કોઈ પણ સાંપ્રદાયિક ભેદભાવ વિના શ્રી સંઘ છેલ્લા પચાસ વર્ષથી સાધુજી-સાધ્વીજીઓના ચાતુર્માસ તથા આયંબીલ ઓળી કરાવતો આવ્યો છે.

ચાતુર્માસમાં ધાર્મિક અને આધ્યાત્મિક અનુષ્ઠાનોની પ્રવૃતિથી શ્રી સંઘ ધમધમતો રહે છે.

પર્યુષણ મહાપર્વ તથા આયંબિલની ઓળી જેવા લોકોતર પર્વોનાં દિવસોમાં શ્રી સંઘમાં શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં તપ-ત્યાગ, જપ, જ્ઞાન, ધ્યાનની આરાધનાનો લાભ લે છે. પર્યુષણ પછી દર વર્ષે સ્વામિવાત્સલ્ય - સંઘ જમણ થાય છે.

ગુરૂ-ભગવંતોની પુણ્યતિથિ, મહાવીર જયંતિ, તથા વર્ષીતપના પારણા જેવા પ્રસંગો શ્રી સંઘમાં ખૂબ જ ઉલ્લાસથી ઉજવાય છે.

પશ્ચિમનો ઝેરી પવન અને સમૂહ માધ્યમોનો આડેધડ વિકાસ, ટી.વી., વીડીયો અને કેબલ નેટવર્કની વિવેકહીન પ્રવૃત્તિ વિષકન્યા બનીને આપણું યૌવનધન લુંટવા આવેલ છે. એવા સંજોગોમાં જૈન શાળાની પ્રવૃત્તિ જ આ દુષણો સામે અડીખમ દિવાલ બનીને ઊભી રહી શકે એ વાત શ્રી સંઘ સારી રીતે સમજે છે. એટલે યુવક-યુવતીઓની સંસ્કાર શિબિરોનું આયોજન કરતી રહે છે.

ચાતુર્માસમાં ચોવિહાર હાઉસ ચલાવેલ છે. સાધર્મિક અને પૂ. સાધુ-સંતોની વૈયાવચ્ચ માટે નાણાવટી હોસ્પીટલમાં શ્રી સંઘે વિશેષ વ્યવસ્થા કરેલ છે.

# • શ્રી સંઘની પ્રવૃત્તિઓ •

૧) ભક્તામર સ્તોત્રની પ્રાર્થના.

૨) જીન-પ્રવચન, વ્યાખ્યાન, વાંચણી, દરરોજ પ્રતિક્રમણ, સુંદર ચાતુર્માસ, દીક્ષા-વડીદીક્ષા, પારણા-પ્રભાવના વિ. પ્રસંગો.

૩) જૈન શાળા, ઈનામો અને પ્રતિક્રમણ, સામાયીક શીખનારને ઈનામો, ધાર્મિક જ્ઞાન શિબિર, સંસ્કાર શિબિર વિ.

૪) સાધર્મિક ભક્તિ, સ્વામી વાત્સલ્યજમણ, પર્યુષણ પ્રભાવના, ઉપરાંત ચાતુર્માસમાં આઠમ, પાખી ને રવિવાર પ્રભાવના.

૫) જીવદયા ફંડ, કચ્છ, કાઠિયાવાડ, ગુજરાતની જીવદયા સંસ્થાઓ ઉપરાંત સેવાપ્રવૃત્તિ કરતી સંસ્થાઓને ફંડ મોકલાવાય છે.

૬) શ્રીમતી સમતાબેન માણેકલાલ શેઠ આયંબીલ ખાતું દરરોજ ચાલે છે. ઉપરાંત ચૈત્ર તથા આસો માસની ઓળી તથા પારણા કરાવવામાં આવે છે.

૭) શ્રીમતી માલિનીબેન કીશોરભાઈ સંઘવી જૈન ભવન જેમનાં ત્રણેય હોલ ધાર્મિક, સામાજીક કાર્યક્રમો માટે નજીવા ભાડાથી અપાય છે.

૮) શ્રી કીશોરભાઈ ભીમજી સંઘવી તરફથી ચાતુર્માસ દરમ્યાન ચૌવિહાર હાઉસ ચાલુ કરેલ છે.

૯) શ્રીમતી હર્ષાબેન અતુલભાઈ સંઘાણી તથા શ્રીમતી ઈન્દુબેન ચંદ્રકાંત હેમાણી સાધુ-સાધ્વી વૈયાવચ્ચ ખાતું નાણાવટી હોસ્પીટલમાં ફર્સ્ટ કલાસ-૧ બેડ સાધુસંતો માટે, સેકન્ડ કલાસ-૨ બેડ તથા જનરલ-૨ બેડ સહધર્મી માટે ફ્રી ઓફ ચાર્જ રીઝર્વ કરાવેલ છે. ઊપરાંત જરૂરીયાતવાળાઓને દવા. વિ. સહાય અપાય છે.

૧૦) જૈન કોનવેસ્ટ હોસ્પીટલમાં ડાયાલીસીસની તિથી લખાવેલ છે. શિક્ષણ સહાય, સસ્તા દરે નોટબુકો, સ્કુલ ફી તથા પાઠ્ય-પુસ્તકો અપાય છે. વધુ માર્ક લાવનારને પ્રથમ ને બીજું ઈનામ અપાય છે. શાળા ને કોલેજમાં પણ વધુ માર્ક લાવનારને ઈનામ અપાય છે.

૧૧) જરૂરીયાતવાળાઓને અનાજ ને દવા મફત આપવામાં આવે છે.

૧૨) સંઘમાં વાસણો વ્યાજબી ભાડેથી આપવામાં આવે છે.

વિશેષ શ્રી સંઘમાં સંપ્રદાયના કોઈ પણ જાતના ભેદભાવ વગર સાધુ-સાધ્વી વૈયાવચ્ચ ને પ્રથમ પ્રાયોરીટી માટે સંઘ હમેશા તત્પર હોય છે.

## • ટ્રસ્ટી મંડળ •


૧) શ્રી પ્રાણજીવનદાસ જુઠાભાઈ શાહ - મેનેજીંગ ટ્રસ્ટી/પ્રમુખ

૨) શ્રી શીવુભાઈ વસનજી લાઠીયા - ટ્રસ્ટી

૩) શ્રી કીશોરભાઈ ભીમજીભાઈ સંઘવી - ટ્રસ્ટી

૪) શ્રી અતુલભાઈ પ્રાણલાલ સંઘાણી - ટ્રસ્ટી

૫) શ્રી વસંતરાય જીવણદાસ મહેતા - ટ્રસ્ટી


## • કાર્યવાહક મંડળ •


૧) શ્રી શાંતીલાલ હેમંતલાલ બાટવીયા - ઉપ પ્રમુખ

૨) શ્રી જયંતીલાલ રતીલાલ શાહ - મંત્રી

૩) શ્રી ચંદ્રકાંત મોહનલાલ દોશી - મંત્રી

૪) શ્રી હર્ષદભાઈ રતીલાલ ગાઠાણી - ખજાનચી

૫) શ્રી નિલેશભાઈ ચંદ્રકાંતભાઈ હેમાણી - સભ્ય

૬) શ્રી અનીલભાઈ નરસીદાસ દોશી - સભ્ય

૭) શ્રી શાંતીલાલ લક્ષ્મીચંદ ગોસલીયા - સભ્ય

૮) શ્રી સવાઈલાલ ખેતસી સંઘવી - સભ્ય

૯) શ્રી જયંતીલાલ વનમાળી શેઠ - સભ્ય

૧૦) શ્રી ચંદ્રકાંત મણીલાલ દોશી - સભ્ય

૧૧) શ્રી સેવંતીલાલ છગનલાલ અદાણી - સભ્ય

૧૨) શ્રી હસમુખલાલ રામજીભાઈ ગાંધી - સભ્ય

૧૩) શ્રી કાંતીલાલ રણછોડદાસ ઘેલાણી - સભ્ય

૧૪) શ્રી ધીમંતભાઈ હીંમતલાલ તુરખીયા - સભ્ય

૧૫) શ્રી નરેશભાઈ કાંતીલાલ માવાણી - સભ્ય

૧૬) શ્રી જસવંતરાય દીપચંદભાઈ મહેતા - સભ્ય

## ... અનુક્રમણિકા...


| | | | |
|---|---|---|---|
| ૧. | મંગલ પ્રવેશ | ... | ૧ |
| ૨. | જીવ-અજીવને જાણીએ | ... | ૬ |
| ૩. | ગુરુ પૂર્ણિમા | ... | ૧૪ |
| ૪. | દશા-દિશાની રમત | ... | ૨૪ |
| ૫. | દુઃખ નહિ દોષ ખરાબ છે | ... | ૩૪ |
| ૬. | શાન્તિનો રાજ માર્ગ અહિંસા ! | ... | ૪૬ |
| ૭. | સરળતા અને શ્રધ્ધાના સથવારે | ... | ૫૬ |
| ૮. | કરામત | ... | ૬૬ |
| ૯. | વીરતાનો નાદ | ... | ૭૪ |
| ૧૦. | રક્ષા એ જ ધર્મ | ... | ૮૪ |
| ૧૧. | કામને પેલે પાર | ... | ૯૨ |
| ૧૨. | દૃષ્ટિની દિવ્યતા | ... | ૯૮ |
| ૧૩. | સમકિતીની દૃઢતા | ... | ૧૦૪ |
| ૧૪. | ભીતર યાત્રા | ... | ૧૧૪ |
| ૧૫. | મેધાવી બનો ... | ... | ૧૨૨ |
| ૧૬. | જાગો, જાગવાની વેળા આવી | ... | ૧૩૦ |
| ૧૭. | મદ કરે રદ | ... | ૧૪૦ |
| ૧૮. | ભક્ત હોય વિરક્ત | ... | ૧૪૬ |
| ૧૯. | પરમાર્થ દૃષ્ટા | ... | ૧૫૪ |
| ૨૦. | સંકલ્પ અને વિકલ્પ | ... | ૧૬૨ |

# હાલો જીવન જીવીએ

હસતા ને રમતા જગતમાં રહીએ...
ચિંતા જગની છોડી ને...
હાલો, હાલો ને જીવન જીવીએ રે...

કાલની ચિંતામાં કરમાઈ ના જઈએ (૨)
બનવાનું બન્યા કરશે રે... હાલો.

સંકટ વિકટોથી હારી જવાય ના (૨)
પ્રભુ નામ લઈને સહીયે રે... હાલો.

અનુકૂળ થાય તેના રાગી બનાય ના
પ્રતિકૂળ થાય તેના દ્વેષ કરાય ના
સમતામાં મસ્ત બનીએ રે... હાલો.

વીર શાસનમાં આસન જમાવીએ
રાજ મારગમાં શ્રદ્ધાથી ચાલીએ
શાન્તિ ના સથવારે રે... હાલો.

**।। જય ગુરુ ચુનિ ।।**

# ઓ વિતરાગ

મુખપર શાન્તિ મારા અંતરમાં આગ..
આગને બુઝાવો મારા ઓ વિતરાગ..
જો જો એ આગનો ન લાગે મને ડાઘ..આગ..
છાતી કાઢીને હું તો દુનિયામાં ફરતો
વાહ વાહ કરે ત્યારે ગજ ગજ ઉછળતો
નીંદક પર વરસાવું ક્રોધ ભરી આગ..આગ..
ક્ષણે ક્ષણે ક્રોધ કરું, ક્ષણે ક્ષણે રાગ કરું
અંતરના ખૂણામાં ઈર્ષાની આગ ભરું
સ્થિર રહેવાને કરું, પ્રયત્નો અથાગ.. આગ..
પ્રભુ તારી પાસ મારા અંતરની વાત કરું
તારો મને તારો, તારા ચરણે મસ્તક ધરું
સાચો હવે કાઢો મારા અંતરનો તાગ.. આગ..

# ૧

# મંગલ પ્રવેશ

चन्दनं शीतलं लोके, चन्दनादपि चन्द्रमा ।
चन्द्र चन्दयोर्मध्ये, शीतला साधु संगतिः ।।

**ચંદન શીતલ છે, તે કરતાં ચંદ્ર શીતલ છે. પરંતુ ચંદન અને ચંદ્ર કરતા અધિક શીતલ છે સંત સમાગમ.**

તરુવર, સરોવર, સંત જન, ચોથા વરસત મેહ, પર ઉપકાર કાજે ચારે ધર્યો દેહ !

આજના સુમંગલ પ્રભાતે શ્રી સંઘના, પવિત્ર આંગણે ત્રિપુટી સંતોના ચાતુર્માસનો મંગલ પ્રવેશ થયો, જૈનધર્મમાં ચાર મંગલ બતાવવામાં આવ્યા છે, જેમાંથી સિદ્ધ મંગલ અને અરિહંત મંગલ વર્તમાને ભરતક્ષેત્રમાં નથી. પરંતુ, સાધુ મંગલ અને કેવલી પ્રરૂપિત ધર્મમંગલ તો આજે પણ જયવંત વર્તી રહ્યું છે. અને હા, જ્યાં સાધુ મંગલનો પ્રવેશ થાય એટલે ધર્મ મંગલનો સાથે પ્રવેશ સહજ બની જાય છે.

તમે ગોળ અને ગળપણ જાુદું જોયું છે ? તમે પુષ્પની સૌરભને તદ્દન વિખૂટી પાડી શકો છો ? સાકરની મીઠાશની માંગણી અલગથી ક્યારે ય તમે કરી છે કે એય, સાકર અને સાકરની મીઠાશ પણ લઈ આવજે. ના, આમ ક્યારેય બને નહીં. બસ, સાધુ અને ધર્મ અલગ ન સમજતાં, જ્યાં સાધુ ત્યાં ધર્મ અવશ્યમેવ હોય છે.

આજે શ્રેષ્ઠ પુણ્યોદય આપ શ્રી ના સંઘનો, કે જ્યાં ત્રણે બાલબ્રહ્મચારી સંતોના પાવન પવિત્ર પગલાં ચાર મહિના સુધી અત્રે રહેશે. કેટલાંય ક્ષેત્રો સંતોનાં દર્શન, પગલાં, ઉપદેશ કે સત્સંગથી આજે પણ વંચિત છે. જ્યારે આપ સર્વે માટે સંત-દર્શન અને સત્સંગ સહજ અને સુલભ બન્યો છે. સંતો-મહંતો જગત ઉપર અસીમ અને અલૌકિક ઉપકાર કરી રહ્યા છે. કઠીન જીવનચર્યા અને વ્રત-નિયમોનું દઢ પાલન કરી રહ્યા છે. સંસાર તરવા નીકળેલા સંતો સ્વ-પર કલ્યાણ કરવાના અર્થી છે. સ્વ સાથે પરનું પણ કલ્યાણ કરવાની અંતરની ઉત્કૃષ્ટ તમન્ના ધરાવે છે. ''હું તરું અને તમને તારું, હું પામું અને તમને પમાડું, હું મુક્ત બનું અને તમને પણ મુક્ત બનાવું.''

આવા પરમાર્થ દૃષ્ટા સંતપુરુષોનો પ્રવેશ એટલે સાક્ષાત્ સુખ અને શાંતિનો પ્રવેશ. મનના મેલ ધોવાનો અને મનને શુદ્ધ બનાવવાનો શુભ અવસર. તનને તપત્યાગમાં જોડી તેજસ્વિતા પ્રાપ્ત કરવાની રૂડી તક અને હા !... વિષયોના કીચડમાંથી કલ્યાણનું કમળ ખીલવવાનો અને કષાયોની કેદમાંથી છૂટી ક્ષમાદિ ગુણના ઉદ્યાનમાં વિહરવાનો ભવ્ય અને દિવ્ય સમય. સંસારની ગંદકીનો સદંતર ત્યાગ કરી મોક્ષની મંઝિલ સર કરવાનો ઉત્તમ પુણ્યોદય એટલે જ સંતોનો ચાતુર્માસ પ્રવેશ.

## સંતો વૃક્ષ સમો વિસામો

ગ્રીષ્મઋતુની ગરમી, લાંબી સફર, પરસેવાથી રેબઝેબ કાયા અને અચાનક નજરમાં દેખાય જાય ક્યાંક વડલાનું વૃક્ષ. બસ, વૃક્ષના દર્શન માત્રથી મન ઠંડકનો અનુભવ કરવા લાગે છે. તનનો તાપ ત્યાં જ શાંત બની જાય છે અને વૃક્ષ નીચે આસન જમાવતાં ભેર જ હૈયાને હાશ થાય છે અને તનના તાપ ઉપશાંત થઈ જાય છે. મંદ મંદ આવતી હવાની લહેર આરામમાં સહાયક બને છે. આ છે વૃક્ષના વિસામાનો પ્રભાવ.

હવે, આપણે સંતના સ્વભાવની અને પ્રભાવની વાતને વિચારીએ તો ખ્યાલ આવશે કે સંતવૃક્ષ કરતા વધુ શીતળ સ્વભાવી અને મોક્ષના પથિક માટે અત્યંત પ્રભાવી હોય છે. કલ્પવૃક્ષ પાસે જનારની ઈચ્છા પૂર્ણ થાય છે. જ્યારે સંત કલ્પવૃક્ષ તો ધરતીના ખૂણે-ખૂણે વિચરતું કલ્પવૃક્ષ છે. બન્નેમાં અંતર એટલું છે કે એક પાસે જવાથી ઇચ્છા પૂર્તિ થાય છે, જ્યારે સંત પાસે જવાથી ઇચ્છાની પૂર્ણાહૂતિ થાય છે. એટલે એક મોહ-વૃદ્ધિનું કારણ બને છે જ્યારે એક મોક્ષાર્થી માટે મોહની અશુદ્ધિનો નાશ કરવામાં અને આત્મશુદ્ધિમાં અભિવૃદ્ધિ કરવામાં કારણરૂપ બને છે. વૃક્ષ પથિકને વિસામારૂપ બને છે. જ્યારે સંતોનું સાનિધ્ય માત્ર, સાતા સમાધિરૂપ બની જાય છે. થાકેલાને માત્ર વૃક્ષદર્શનથી જ હૈયામાં સાતા વળે છે. હારેલા, દુઃખીયારા, દોષથી ઘેરાયેલા આત્માઓ માટે સંતદર્શન માત્ર સુખનું કારણ બની જાય છે. સંતદર્શન થવું એ ભાગ્ય છે, સંત સમાગમ એ સદ્ભાગ્ય છે, જ્યારે સંતની કૃપા પ્રાપ્ત થવી એ તો પરમભાગ્ય છે.

આપ સર્વે ખૂબ જ નસીબદાર છો કે પુણ્યોદયે આપ સર્વે સંપત્તિવાન બન્યા છો. હવે સદ્ભાગ્યોદયે શ્રી સંઘમાં સંતો પધાર્યા છે, તો સત્સંગના રંગે રંગાઈ સન્મતિવાન બનવાનું ભૂલશો નહીં. શાસ્ત્રકાર ભગવંત જણાવે છે કે પરદેશી પાપી અને પ્રતાપી હતો. કારણ સંત સમાગમનો અભાવ હતો. જ્યારે પુણ્યોદયે કેશી ગુરુ ભગવંતનો ભેટો થયો અને પાપી મટીને પાવન બન્યો. તપ ત્યાગ વડે પ્રતિભા સંપન્ન બન્યો. અને હા, મહાન

વાત તો એ છે કે છઠના પારણે ઝેર આપ્યું તો પણ પરમ સમાધિ ભાવે ધર્મમાં ટકી રહ્યા. જે વાત આપ સર્વે અનેક વાર સાંભળી ચૂક્યા છો. તાત્પર્ય એ છે કે સંત સમાગમ એ વૃક્ષ કરતાં વધુ ઠંડક અને અધિક સમાધિ આપે છે.

## સરોવર સમા સંત

કેવું રળિયામણું લાગે ? જ્યારે સરોવરની પાળે બેસીએ ત્યારે તન-મન શાંતિનો અનુભવ કરે. શ્વેત હંસો અને ઉત્તમ સુશોભિત કમળો, ઠંડી લહેરોની લ્હેજત અને ફરતી હરિયાળી હારમાળા. કેવો આનંદ આવે, આવા સરોવરની પાળે ! બસ, બેસી જ રહીએ.

હા, સરોવર કરતા ય સંતને વધુ શ્રેષ્ઠ અને પવિત્ર કહેવામાં આવ્યા છે. સરોવરની શોભા માત્ર આંખને અને તન-મનને ઘડી બે ઘડી આનંદ આપી શકે છે. પરંતુ સંતરૂપી સરોવરની પાળે તમે એક વાર બેસી ગયા એટલે સંસારના તાપ, મનના પાપ અને સમાજના આતાપ બધું પલમાં ગાયબ થઈ જાય. સારાએ જૈન સમાજની જ નહીં પરંતુ ભારતભરની શોભાનું કેન્દ્ર હોય તો સંતપુરુષો જ છે. ભારતની સંસ્કૃતિ ધન વૈભવ કે બુદ્ધિવાનોથી શોભતી નથી, પરંતુ સંસ્કારોથી શોભી રહે છે. અને હા, આ સંસ્કારો સંતો સિવાય બીજું કોણ આપી શકે ? વિશ્વના બધા દેશની શોભા વિજ્ઞાનીઓ પર નિર્ભરિત છે. જ્યારે ભારતની શોભા તો જ્ઞાનીઓના ફાળે જાય છે. વિજ્ઞાનીઓએ શોધ સંશોધન કરી, અગણિત સાધનો સમાજને આપી અકલ્પનીય સગવડોનું સર્જન કર્યું છે. જ્યારે જ્ઞાની સંતપુરુષોએ આ સમાજને સાધનાનું માધ્યમ દર્શાવી કલ્પના બહારના સુખની અનુભૂતિ કરાવી, માટે તો આપણા દેશની સંસ્કૃતિનું અનુકરણ સમૃદ્ધિ પ્રધાન દેશો કરવા લાગ્યા છે. તેઓના મગજમાં એ વાત ફીટ થઈ ગઈ છે કે સુખનું કારણ સમૃદ્ધિ નથી પરંતુ આત્માની વિશુદ્ધિ છે અને તે માટે જ તેઓ ભારતની સંસ્કૃતિને સન્માન પૂર્વક સ્વીકારી રહ્યા છે.

અફસોસ ! ભારતની પ્રજા પોતાના આત્મકલ્યાણમાં સહાયક, કુટુંબમાં પ્રેમ, સંપ અને સંગઠ્ઠનના પાઠ શીખવતી સંસ્કૃતિનો પરિત્યાગ કરી અને ભોગ-વિલાસી અને લાલચું બની પરદેશી વિકૃતિનું અનુકરણ કરવા લાગી છે. પરદેશી લોકો આપણું સારું સારું અપનાવવા તરફ આગળ વધી રહ્યા છે જ્યારે આપણે તેઓના ખરાબ-ખરાબને અમૃત માની આચરવા લાગ્યા છીએ. હવે, આ ક્યાં જઈને અટકશે એ તો ભગવાન જ જાણે. પરંતુ આવા વિલાસી વાતાવરણથી બચવાનો શ્રેષ્ઠ અને સર્વોત્તમ ઉપાય માત્ર સંત સમાગમ સિવાય બીજો કોઈ નથી. આજના પ્રવેશના પાવન દિવસે સંસારના કામકાજને બાજુમાં રાખી સત્સંગને મુખ્ય લક્ષ બનાવી નિયમિત લાભ લેવાનું ભૂલશો નહીં.

# સંતો વરસાદ જેવા

વરસાદ પડે એટલે સૌથી પહેલું કાર્ય એ થાય છે કે ધરતીનો ઉકળાટ શાંત બને છે અને હરિયાળીનું સર્જન થાય છે. અનેક તૃપ્ત બને છે, ખેડૂતો ખુશ થાય છે. આવું તો ઘણું સારું સારું થાય છે, વરસાદના આગમન થવા પર. પરંતુ મારે તમને એવા વરસાદની વાત કરવી છે કે જે જીવને શાંત બનાવી, હૈયામાં સમતાની હરિયાળી સર્જી દે છે. અને એ છે સંતવાણીનો વરસાદ. આ વરસાદ વાદ-વિવાદ વિખેરી અને સ્યાદ્‌વાદનો સ્વાદ ચખાડે છે.

**વરસાદ ધરતીનો ઉકળાટ ઠારે, સંતવાણી હૈયાનો કકળાટ ઠારે,**
**વરસાદથી ખેડૂત વર્ગ ખુશખુશાલ, સંત આગમને ધર્મી વર્ગમાં હર્ષોલ્લાસ,**
**મેઘના પાણીથી ધરાનો કચરો સાફ, સંત વાણીથી કર્મ કચરો ખાખ.**
**વરસાદ સદા વરસે છે નિઃસ્વાર્થ, સંત નિત્ય વાણી પીરસે છે પરમાર્થ,**
**વરસાદની સીઝન હોય છે ચાર માસ, સંતોની સીઝન હોય છે બારે માસ.**

વરસાદથી અનેક ગણા ઉપકારી એટલે સંતો. સંતો નદીની જેમ વહેતા જાય છે, વરસાદની જેમ વરસતા જાય છે અને પુષ્પોની જેમ સુરભિ પ્રસરાવતા જાય છે. પાપી, તાપી અને સંતાપી એવા ખૂની અર્જુનમાળીને પણ વીર વાણીની વર્ષાએ જ પાવન, પવિત્ર અને સંતોષી બનાવી દીધા અને અંતે મુનિ બનાવી મોક્ષ સુધી પહોંચાડી દીધા. આવો, આપણે પણ વાણી સાંભળી, પાપી મટી પાવન બનીને મોક્ષમાર્ગે પા.... પા.... પગલી ભરવાનું ચાલુ કરી દઈએ.

આપશ્રી સંઘના પરમ પુણ્યોદયે સંતોનું ચાતુર્માસ પ્રાપ્ત થયેલ છે. તો વૃક્ષોથી અધિકતમ ગુણવંત, સરોવરથી હજાર ગણા સુશોભિત અને વરસાદ કરતાં અનેક ગણા જગત જીવો પર ઉપકાર કરનાર સંતોનું આપને ત્યાં આગમન થયું છે ત્યારે આપ સર્વે સમય કાઢીને, શક્તિને ન ગુમાવતા, જેટલો લાભ લેવાય તેટલો લાભ લેશો. હવે અમારા ચાતુર્માસના પ્રવેશ દિનથી અમારું કર્તવ્ય પૂરું થાય છે અને શ્રી સંઘનું કર્તવ્ય શરૂ થાય છે. પ્રભુની આજ્ઞા છે કે વરસાદ પડવાથી અનેક જીવોત્પત્તિ થવાથી મુનિ ભગવંતોએ, વર્ષાવાસ એક જ સ્થળ પર રહેવાનું. એટલે અમારા નવ કલ્પમાંથી ચાર માસના આ એક કલ્પનું પ્રભુ આજ્ઞાનું પાલન કરવા અને પૂ. આચાર્ય ભગવંતની આજ્ઞા મુજબ આરાધના કરવાનો પરમ ધર્મ આરાધવા પધારી ગયા. હવે, આપ સર્વે ધર્મ ભાવનાને જાગૃત કરી, પ્રમાદને પરિહરી, પરમાત્માના શાસનની અને સંઘની શાનને અભિવૃદ્ધિવંત કરવા સંતોનો બને એટલો લાભ લઈ સંસાર ભાવોથી મુક્ત બનો તે જ મંગલ મનોકામના.

- સારૂં મેળવવાની ઈચ્છા તે સંસારી, સાર મેળવવાની ભાવના તે સંયમી.

- તમે તમારા બનવા જશો તો થશે લડાઈ,
  તમે સર્વેના બની જશો તો થશે ભલાઈ.

- વહેમના વમળમાં પ્રેમના કમળો ક્યારે ય ખીલતા નથી.

- હું અને મારૂં ત્યાં સર્જાય છે સૈદેવ અંધારૂં.

- ધન આપે તે શેઠ, વિદ્યા આપે તે શિક્ષક, પરંતુ ગુણ આપે તે ગુરૂ.

- આજે બે દુઃખો ખૂબ વધ્યા છે. અભાવના અને સ્વભાવના.

- સંસાર પુનરાવર્તનનો સ્વભાવ ધરાવે છે.

- સંયમ પરિવર્તનનો સ્વભાવ ધરાવે છે.

- સંપ ત્યા જંપ બાકી બધે ધરતીકંપ.

- સ્થાન નીચું હોય તો ચલાવી લેજો પણ ધ્યાન તો ઉંચું જ રાખજો.

- ધર્મીની વય વધે તેમ વ્રત વધે, ધર્મમા લય વધે ને પ્રલય ઘટે.

- શાસ્ત્રોનો બોધ, ટાળો વેર-વિરોધ.

- શ્રધ્ધામાં અડગને, કર્મોની કોઈ ખડગ ડગાવી કે અટકાવી શકતી નથી.

- ક્રોધી બનીને રાડ પાડશોમાં, સમભાવની પાળ તોડશો મા.

(૨)

# જીવ-અજીવને જાણીએ

जो जीवेऽवि न याणइ, अजीवेऽवि न याणइ ।
जीवाजीवे अयाणन्तो, कहं सो नाहीउ संजमं ।।

**જે જીવને જાણતા નથી. અને અજીવને જાણતા નથી**
**જે જીવને અને અજીવને જાણતા નથી તે**
**સંયમ ધર્મને કઈ રીતે જાણી શકશે...**

અહોભાગ્ય છે આપણા સર્વેના કે આપણે આર્યભવને પામ્યા છીએ. સદ્ભાગ્ય છે આપણા કે આર્ય-ભવની સાથે આર્યભૂમિમાં અવતર્યા છીએ. એથી પણ શ્રેષ્ઠ સર્વોત્તમ ભાગ્યોદય આપણા એ છે કે આપણને મોક્ષમાર્ગ અને મોક્ષમાર્ગના ભોમિયા સમા પંચ મહાવ્રતધારી, ત્યાગી, જ્ઞાની, ધ્યાની ગુરુદેવોનું પવિત્ર મિલન થયું છે. ખોવાયેલા બાળકને માનું મિલન થઈ જાય અને બાળક કેવો ખીલી ઊઠે ? બસ, અનાદિથી અજ્ઞ આત્માને, બાલજીવને ગુરુદેવનો ભેટો થઈ જાય તો આત્મા કેવો ખીલી ઊઠે ? કેવો નાચી ઊઠે ? દુનિયામાં બધું મળવું સુલભ છે પરંતુ જીવને સદ્ગુરુ મળવા મહાદુર્લભ છે. આ દુર્લભ આપ સર્વે માટે સુલભ અને સહજ બન્યું છે. ત્યારે સંત સમાગમનો લાભ લેવામાં પ્રમાદ પરિહરી પરમાત્માના માર્ગે અવિરામ આગળ વધવાનું ભૂલશો નહીં.

વિશ્વ અનાદિથી ચાલતું હતું, ચાલી રહ્યું છે અને ચાલતું રહેશે, તેમાં કોઈ શંકાને સ્થાન નથી. વિશ્વને કોઈએ બનાવ્યું નથી અને કોઈ બનાવી શકશે નહીં. એટલે જૈન ધર્મમાં વિશ્વના અસ્તિત્વ માટે અનાદિ શબ્દ મૂક્યો છે. અનાદિ એટલે વિશ્વનું અસ્તિત્વ હતું. આ વિશ્વની અંદર અનેક વિવિધતા, વિચિત્રતા અને વિષમતા ગર્ભિત છે. પ્રભુ મહાવીરસ્વામી જેવા એક તીર્થંકરે નહીં પરંતુ અનંત તીર્થંકરોએ વિશ્વને જેવું છે તેવું જોયું, જાણ્યું અને તેનું કથન કર્યું. સર્વજ્ઞના દૂરબીનમાં શી ભૂલ હોઈ શકે ? હા, સર્વજ્ઞની એ ગુઢાર્થ સભર વાતને આપણે ન સમજી શકીએ એ વાત અલગ છે. કારણ, ક્ષયોપક્ષમનો અભાવ જ મુખ્ય છે. અનંત તીર્થંકરોએ વિશ્વનું બે તત્ત્વમાં વિભાજન કર્યું છે. આ બે તત્ત્વ જાણો, જુઓ અને વાસ્તવિકતાને પ્રાપ્ત કરો તે જ પ્રભુની ઉપદેશ-ધારાનો શુભહેતુ છે. આ બે તત્ત્વો સમજાય તો ઉપયોગી તત્ત્વ પમાય, અને બિન-ઉપયોગી તત્ત્વનો ત્યાગ થાય.

તત્ત્વને પામે તે જ્ઞાની અને બિનજરૂરી તત્ત્વનો ત્યાગ કરે તે ત્યાગી. પહેલા જ્ઞાની બનો પછી આપ સહજ ત્યાગી બની જશો. જ્ઞાની બનવાનો સરળ અને શ્રેષ્ઠ માર્ગ છે, જ્ઞાની ગુરુ ભગવંતનો સતત સમાગમ કરતા રહો તેઓને સાંભળ્યા જ કરો, વારંવાર, દિન-પ્રતિદિન, જ્ઞાની ગુરુની વાણી સાંભળે જ રાખો; જરૂર એક દિવસ એ ગુરુદેવના હૈયાનો જ્ઞાન-સાગર આપણા હૃદય-ગાગરમાં ભરાયા વિના નહિ રહે. યાદ રાખજો,

જગતમાં ધનવાન બનવું એ ભાગ્યની નિશાની નથી, પરંતુ જ્ઞાની બનવું એ જ ભાગ્યની નિશાની છે. આજે માણસના મગજમાં એક જ ગણિત રમી રહ્યું છે કે જેટલા રૂપિયા વધુ એટલા આપણા ભાગ્ય સવાયા, જેટલું વિશાળ મકાન એટલા આપણે નસીબદાર, જેટલો પરિવાર મોટો એટલા આપણે પુણ્યશાળી, જેટલી બુદ્ધિ તેજસ્વી એટલા આપણે સદ્ભાગી. પરંતુ જ્ઞાનીઓનું ગણિત સાવ અનોખું, અનુપમ અને અજોડ છે. અને એ છે કે જેટલા તમે જ્ઞાની એટલા તમે મહાભાગ્યશાળી. અને હા, બધું તમારી પાસે હશે, પરંતુ માથે જ્ઞાની ગુરુ નહીં હોય તો બધુંય તમારા માટે દુઃખદ અને દુર્ગતિનું કારણ બની જશે. કેટલાય અનાર્યક્ષેત્રમાં જ્ઞાની ગુરુનો યોગ નથી અને કેટલાક આર્યક્ષેત્રમાં પણ જ્ઞાની ગુરુનો સંયોગ થતો નથી, એવાં એક નહીં અનેક ક્ષેત્રો આજે પણ ભારત ભૂમિ પર જોવાં મળે છે. આપ સર્વે સદ્ભાગી છો કે આપને બધું મળવાની સાથે જ્ઞાની સંતોનું ચાતુર્માસ પ્રાપ્ત થયેલ છે. હવે શું ? બસ, હવે પૂજ્યશ્રીના સંત સમાગમે આત્માને પરમાત્માની દિશા તરફ લઈ જવાનો સમ્યક્ પુરુષાર્થ ચાલુ કરી દો.

**तत्वं चिन्तय सततं चित्ते, परिहर चिन्तां नश्वरवित्ते ।**
**क्षणमहि सज्जन - संगतिरेका, भवति भवार्णवतरणे नौका ।**

ચિત્તમાં નિરંતર તત્વ ચિંતન કરો. નાશવંત ધનની ચિંતા છોડી દો. સજ્જનોની એક ક્ષણની સંગત પણ સંસાર સાગર તરવા માટે નાવડી સમાન હોય છે.

તમે મોક્ષની રૂચિ પ્રગટ કરો, તમે અંતરયાત્રાની રૂચિ પ્રગટાવો, જિનવાણી શ્રવણની રૂચિ પ્રગટાવો. જો જીવને સાધનાની રૂચિ પ્રગટે તો મોક્ષની કૂંચી મળ્યા વિના નહિ રહે. અને હા, જો તમારી રૂચિ એકવાર ઊઘડી ગઈ તો જ્ઞાની ભગવંતોએ જે બે તત્ત્વો, સમજવા અને અનુભવવા માટે દર્શાવ્યાં છે, જે સહજ આપની સમજમાં આવી જાય. તો એ બે તત્ત્વ તમારે જાણવા હોય તો તમે તમારી જિજ્ઞાસા વ્યક્ત કરો, પછી જ બતાવવામાં આવશે. તમારે જાણવા છે એ બે તત્ત્વો ? તો તમોને જણાવું. ''હા.... ગુરુદેવ, જણાવો.''

તમને એ ખ્યાલ હશે કે બાળક સ્કૂલેથી ઘરે આવે અને માતા પાસે જમવા માટે ધમપછાડા આરંભી દે છે, કારણ બાળકને જબરજસ્ત ભૂખ લાગી હોય છે. મા પણ તરત બધાં કામ પડતા મૂકી બાળકને જમાડવા લાગી જાય છે. બસ, શિષ્ય બાળક જેવી સાધનાની ભૂખ બતાવે તો ગુરુરૂપી મા પોતાનું બધું કામ બાજુમાં મૂકી તત્ત્વભોજન પીરસવા લાગી જાય. જોઈ લો, ગૌતમસ્વામીની કેવી હતી જિજ્ઞાસા, અને એની સામે

જોઈ લો, પરમપિતા પ્રભુ મહાવીરસ્વામી, કેવા ઉદાર હૃદયવંતા બની તત્ત્વરસ પીરસવા લાગ્યા હતા. જોઈ લો, મહાવૈરાગી જંબુસ્વામીની તીવ્ર અને સંવેગ સભર જિજ્ઞાસા અને સામે સુધર્માસ્વામીનું મધુરું ધર્મજ્ઞાન ભોજન. બસ, આજના દિવસે શ્રોતાવર્ગને ખાસ કહેવાનું કે આપ જિજ્ઞાસુ બનીને આવો, ગુરુ મા બનીને તમને પીરસવાનું ચાલુ જ રાખશે.

**પેટને તૃપ્ત કરાવે તે ભોજન, ગળાની તરસ છીપાવે તે પાણી,**
**આત્માને તૃપ્ત કરાવે તે સંતવાણી.**

ભોજન લેવા છતાં તૃપ્તિ ન થાય તેવું ન બને છતાં કારણવશાત્ એવું બની પણ જાય. પાણી પીવાથી તરસ બુઝાઈ જ જાય, છતાં ન પણ બુઝાય, પરંતુ સંતવાણી હૈયામાં ઊતરે અને આત્મા તૃપ્ત ન થાય તેવું બને જ નહીં. મુખ્ય વાત એ છે કે તમે તે વાણીને હૈયામાં ઉતારો છો કે નહિ ? સંતવાણી જેટલી ઝડપથી વર્તનમાં આવે એટલા ઝડપથી આપણે મોક્ષમાં જઈ શકીએ.

**જેવી ઝડપ**

ગરમીની સીઝન હતી. તાપ કહે મારું કામ. ધરા ખૂબ જ તપી ગઈ હતી. કાયા પસીને નીતરતી હતી. યુવાનને ગામમાં પહોંચવાનું હતું. પરંતુ શંકા હતી એના હૈયામાં કે ગ્રામ કેટલું દૂર હશે. અને અચાનક ઝાડ નીચે એક અનુભવી કાકાજી બેઠેલા દેખાયા. હૈયામાં હામ થઈ કે હવે એમને જ પૂછી લઉં કે ગામમાં હું ક્યારે પહોંચીશ. યુવાને કાકાજી કરી સંબોધન કર્યું અને પૂછ્યું 'હું ગામમાં ક્યારે પહોંચીશ ?' કોઈ જવાબ ન મળતાં ફરી જોરથી પૂછ્યું 'હું ગામમાં ક્યારે પહોંચીશ ?' પ્રત્યુતર ન મળતાં કાનમાં બહેરાશ હશે એમ સમજી ફરીથી જોરથી રાડ નાખી, 'કાકાજી, હું ગામમાં ક્યારે પહોંચીશ?' જાણે કાંઈ સાંભળતાં જ ન હોય તેમ કાકાજી તો કાંઈ જ બોલ્યા નહીં. યુવાન કંટાળીને આગળ ચાલવા લાગ્યો. જ્યાં પચાસેક ડગલા ચાલ્યો હશે, ત્યાં કાકાજીએ પાછળથી બૂમ પાડી, 'હે યુવાન, અહિંયા આવ.' યુવાન આશ્ચર્ય સાથે કાકાજી પાસે આવી ઊભો. 'તું ત્રીસ મિનિટમાં ગામમાં પહોંચી જઈશ.' કાકાજી બોલ્યા.

આ સાંભળતાં જ યુવાન ખળભળી ઊઠ્યો. 'મેં કેટલું પૂછ્યું ત્યારે આપે જવાબ કેમ ન આપ્યો ?' 'હે બેટા, હું કંઈ રીતે તને જવાબ આપું ? તું કેટલી ઝડપથી ચાલે છે એ મને ખબર પડે તો તને જવાબ આપી શકું ને ? તારી ઝડપ જોયા પછી મેં નક્કી કર્યું કે તું ત્રીસ મિનિટમાં ગામમાં પહોંચી જઈશ.' યુવાન અનુભવીનો અનુભવ સાંભળીને આશ્ચર્ય

સાથે આનંદિત થઈ ગયો. બસ, મોક્ષના માર્ગે ચાલનાર સાધક ક્યારે મોક્ષમાં જશે, તેનો જવાબ માત્ર એટલો જ આપી શકાય કે જેવી તમારી સાધનાની ઝડપ. જેટલી ધર્મમાં ઝડપ એટલા ઝડપથી આપ મોક્ષમંઝિલે પહોંચી શકશો. તો ચાલો હવે, બે તત્ત્વ જાણવાની તમારી તમન્ના અને જિજ્ઞાસા જાગૃત થઈ હોય તો જ્ઞાની ભગવંતોએ બતાવેલ બે તત્ત્વો સમજાય, અનુભવાય તો જીવનું કલ્યાણ થયા વિના ન રહે, અને એ સમજવા માટે તમારી પાસે સત્ત્વ જોઈએ. સત્ત્વ વિના તત્ત્વની પ્રાપ્તિ થવી મુશ્કેલ છે તત્ત્વ- અને સત્ત્વ આ જૈનધર્મમાં યથાર્થ રીતે જાણવા મળે છે. આ જૈન શાસનની બલિહારી છે જ્યાં તત્ત્વ- સત્ત્વને પામવાનો રાજમાર્ગ બતાવવામાં આવ્યો છે.

**સંત સમાગમ**

ત્રિભુવનપતિ ભગવાન મહાવીરસ્વામીએ આ જગત ઉપર અનંત ઉપકાર કરી મોક્ષમાર્ગ બતાવ્યો. જો આ જૈનશાસન ન હોત તો ? જો આ સંતોના યોગનો અભાવ હોત તો ? જિનવાણી સાંભળવા ન મળતી હોત તો ? તો તો... આત્માની દશા સાવ કંગાળ હોત. વાતેવાતે તપી જવાનો સ્વભાવ, પ્રસંગે-પ્રસંગે સુખ-દુઃખના ચકરાવામાં ફસાઈ જવાની આપણી કાયરતા, સંસારના સુખની આપણી લાલસાને કોણ અટકાવે ? જો આ જૈનશાસન અને શાસનના શણગાર એવા અણગાર, આ જીવને જો પ્રાપ્ત ન થયા હોત તો ? સમાગમથી દૂર હતા ત્યારે તમારો સ્વભાવ કેવો હતો? તમારી પ્રવૃત્તિઓ કેવી હતી ? તમારી પ્રકૃતિઓ કેવી હતી ? વિચારોના તરંગને ક્યાં-ક્યાં દોડાવ્યા હતા ? અનેક જાતની જીવન પદ્ધતિથી આપણે જીવતા હતા. પરંતુ આજે સંતોના સમાગમમાં આવ્યા બાદ પ્રકૃતિ અને પ્રવૃત્તિ બંનેમાં અનેક ગણો સુધારો જણાશે ખરું ને ?

પાયા વિનાની ઈમારતની કલ્પના કરો, ક્યાં સુધી ટકશે ? વાયુના ઝપાટે જમીનદોસ્ત બની જાય છે. ઊંડા મૂળ વિનાના ઊંચા વૃક્ષની વિચારણા કરો, પવન ફૂંકાયો નથી ને વૃક્ષ ભોંય ભેગું થયું નથી. બસ, આત્માની પણ આવી જ દશા છે. જો એના જીવનના પાયા સંત સમાગમ વડે મજબૂત ન બનાવ્યા તો, નિમિત્ત મળ્યા નથી અને ભાવો બગડ્યા નથી. ઊંડાણમાં લઈ જાય તે સંત, ઊંચાણે પહોંચાડે તે સંત. અને હા, પરદેશીની પ્રકૃતિ અને પ્રવૃત્તિ સંત કેશી મુનિવરના પ્રભાવે જ બદલાઈ હતી ને ! ચિંતનમાં ઊંડાણ અને ઊંચાણે તેમને સદ્ગતિએ પહોંચાડી દીધા ને ? **રંક કે રાજા, ગરીબ કે શ્રીમંત, બધાને સંત સમાગમની આવશ્યકતા રહેલી છે. જેની પાસે ધન નથી તે બહિર્જગતનો ગરીબ. તો જેની પાસે જ્ઞાન નથી તે આધ્યાત્મિક જગતનો ગરીબ.** અહોભાગ્ય છે આપના કે જૈનશાસન અને પંચમહાવ્રતધારી મહાસંતો પ્રાપ્ત થયા છે. હવે, આત્મ જાગરણ

કરવાનો ઉત્તમ અવસર છે. પ્રમાદને પરિહરી સમ્યક્ પરાક્રમ કરવા જાગૃત બનો. વર્ષાવાસ છે, આત્માને જગાડવાનો સુંદર સુ-અવસર રખેને ચૂકી જતા.

રાત્રે બે વાગ્યા સુધી ટી.વી. જોવા અને પાર્ટીઓમાં તમે જાગો છો. ધન કમાવવા રાતોની રાતો જાગો છો. પરિવારના પાલન માટે અનેક રાતો સુધી જાગતા રહો છો. રૂપિયાના દેવાના ટેન્સનથી તમે જાગતા જ પથારીમાં પડી રહો છો. શું આ જાગૃતિ આત્મા માટે સાર્થક છે કે બાધક ? આત્મ લક્ષ્ય વિના જાગવું તે બધો ઉજાગરો છે નહીં કે જાગરણ. એટલા માટે જ ધર્મ માટે થયેલ જાગરણને ધર્મ-જાગ્રિકા કહેવામાં આવી છે. ધર્મજાગ્રિકા કરવા માટે ગુરુભગવંતો વર્ષાવાસ કરવા પધાર્યા છે. તમોને એ ખ્યાલ છે કે બાર મહિનાને વર્ષ કહેવામાં આવે છે. પરંતુ વર્ષ શબ્દ શા માટે લગાડાયો તે તમે જાણો છો ? ''ના ગુરુદેવ, ખબર નથી, આપ જ જણાવો.''

જુઓ, તાપની સીઝનને ઉનાળો નામ આપવામાં આવ્યું. ઠંડીની સીઝનને શિયાળો નામ આપવામાં આવ્યું. વરસાદની સીઝનને ચોમાસું નામ આપવામાં આવ્યું. બરાબર ને? તો હવે તમે વિચારો કે ચોમાસામાં વરસાદ ન પડે તો બાર માસ કેવા જાય ? માણસને જીવવામાં કેટલી મુશ્કેલી પડે, ખરું ને ? ચાતુર્માસને શાસ્ત્રકારે વર્ષાવાસ ગણાવ્યું છે. તો વર્ષાઋતુ મુખ્ય હોવાથી વર્ષ નામાકરણ થયું. ચાતુર્માસના ચાર મહિના સંતો તમારા પર વીરવાણીની વર્ષા કરશે. વરસાદ પડે અને સૃષ્ટિ બદલાઈ જાય છે તેમ વીર-વાણી વરસે અને દૃષ્ટિ બદલાઈ જાય છે.

દશવૈકાલિક સૂત્રમાં સારાએ શાસ્ત્રનો સાર ચતુર્થ અધ્યયનમાં બતાવ્યો છે. સારીએ સૃષ્ટિમાં મુખ્યત્વે બે જ તત્ત્વો છે અને તેમાંથી જ વિવિધ તત્ત્વો બન્યાં છે. આખોએ લોક આ બે તત્ત્વોથી ભર્યો છે. જો આ બે તત્ત્વો સમજાય જાય તો ચૌદપૂર્વનો સાર સમજાઈ ગયો સમજો.

## જીવમા શીવ જુઓ

જીવતત્ત્વ કેવું છે ? જે ચૈતન્યવંત છે, સદા ઉપયોગવંત છે. સુખદુઃખને માત્ર જોનાર, જાણનાર અને વ્યાવહારિક દૃષ્ટિએ વેદનાર એનું નામ જીવ. જીવનું બીજું નામ આત્મા. શરીરમાં આત્મા છે તેવું ઘણાં દર્શનો સ્વીકારે છે અને આપણા જૈનધર્મમાં પણ બતાવવામાં આવ્યું છે કે શરીરમાં આત્મા છે, તેથી આપણે બધા પણ આ વાતનો સ્વીકાર કરીએ છીએ. પરંતુ બધા ધર્મ કરતાં જૈનધર્મની સૂક્ષ્મતા ત્યાં સુધી પહોંચી છે કે શરીર છે તેમાં આત્મા તત્ત્વ છે અને આત્મા છે તેમાં પરમાત્મા તત્ત્વ રહેલું છે. આ વાત કરીને જૈનધર્મ ખૂબ જ પૂર્ણતા સુધી પહોંચ્યો છે. જો તમે આત્મ તત્ત્વના સ્વીકાર સાથે તેમાં

રહેલા પરમાત્મ સ્વરૂપને નિહાળીને સ્વીકારી લો તો જ્ઞાનીભગવંત જણાવે છે કે તે આત્મા ક્યારેય બીજા કોઈ આત્માને પીડા આપવાનું કામ નહીં કરે. અરે, પોતે દુઃખ, કષ્ટો સહીને પણ બીજાના આત્માને શાતા અને સમાધિ આપવા તૈયાર થશે, પરંતુ કોઈ જીવને પરેશાન કરવાની ઈચ્છા માત્ર તેનામાં નહીં જન્મે એટલે પ્રભુ વારંવાર કહે છે કે

सव्वे-जीवावि इच्छन्ति, जीविउं न मरिज्जिउं ।
तम्हा पाणि-वहं घोरं, निग्गन्था वज्जयन्ति णं ।।

તમે જેવા છો, તેવા જ જગતના જીવો છે. તમને જે પ્રિય છે, તે બધા જીવોને પ્રિય છે. જીવતત્ત્વ જાણ્યું તેને કહેવાય જે બધા જીવો પ્રત્યે મૈત્રી અને સ્વ પ્રત્યે સદૈવ જાગૃતિ રાખનાર હોય. અનાદિની રખડપટ્ટીનું કારણ પોતાના જીવના સ્વરૂપને જાણ્યું નહીં અને જીવ સ્વરૂપને પામ્યા નહીં. હવે, આ ભવમાં જીવના સ્વરૂપને યથાર્થ જાણવાનું ભૂલશો નહીં.

દીક્ષા સ્વીકારીને પ્રભુ પાસે નાના બાળકની જેમ વિજ્ઞપ્તિ કરતાં મુનિવર. 'હે પ્રભુ! સાધના કરવા મારે સ્મશાનભૂમિમાં જવાની ભાવના છે. આપની અનુજ્ઞા અને આશીર્વાદ હોય તો જાઉં.' સ્મશાનમાં ? (જહા સુહમ દેવાનુપ્રિય મા પડિબંધં કરેહ) તને સુખ લાગે તેમ કરો પણ સાધનામાં પ્રમાદ કરશો નહીં. અને મુનિવર નિર્ભય બની, પળનોય વિલંબ કર્યા વિના સ્મશાન ભૂમિમાં પહોંચી ગયા. સ્મશાનભૂમિને સાધના ભૂમિમાં ફેરવી નાખનાર તો કોઈ વિરલા જ આ જગમાં જોવા મળે છે. ધ્યાનસ્થ મુનિવર સ્મશાનમાં ભલે બેઠા, પરંતુ એમના અંતર ભુવનમાં તો જ્ઞાન સૂર્યોદય ઝળહળતો હતો. મુનિના માથે અંગારા મૂકી, સસરાજી વેરની વસુલાત કરી રહ્યા હતા. જ્યારે મુનિવર જીવતત્ત્વના અને દેહ જડ છે તેના ભેદ બરાબર જાણતા હતા. સંકટ સામે પણ અડીખમ ઊભા રહે તેને તો મુનિ કહેવાયા છે. મુનિ ધ્યાનથી વિચલિત થતાં હશે ? આવા હતા મુનિરાજ ગજસુમુનિવર. જેમણે જીવ-અજીવનું ભેદ વિજ્ઞાન બરાબર જાણ્યું હતું, અનુભવ્યું હતું. પછી શેં ડગે આ પરિસહથી? બુદ્ધિથી અને હોઠથી ગોખેલ, જીવ-અજીવના બે તત્ત્વ હૃદયગત થઈ જાય ત્યારે જ પ્રત્યેક પ્રસંગે કે કસોટીની વેળાએ સમભાવ રહી શકે અને કર્મોની નિર્જરા થઈ શકે.

જોઈ લો ને સુકોમળ અને મહાન સાહ્યબીને ત્યાગી મુનિ બનેલ મેઘકુમાર મુનિવરને. પ્રથમ રાત્રિએ અનેક મુનિવરોના પગ અડી જવાથી મુનિરાજ વિચારોના ગગનમાં વિહરવા લાગ્યા. અરે ! આ શું ? હું તો સંયમ જીવન એટલે સુખનો સાગર સમજતો હતો અને અહીં શાંતિથી ઉંઘવાય ન મળે ! ક્યાં છે આમાં સુખ ? મુનિ સમભાવથી વિચલિત થયા

અને સંસારમાં મખમલમાં નિરાંતની નિંદ્રા લેતા સુખના સ્મરણ થયા, અને મુનિ મેઘકુમાર ના મનમાં, ઘરે જવા સુધીના વિકલ્પો સર્જાઈ ગયા. જો કે ખાનદાની અને કુળવંતતાના ગુણે બચી ગયા, નહીં તો ઈતિહાસ કલંકિત સર્જાય ગયો હોત. પ્રભુ મહાવીરને સવારે ઓઘો પરત કરીને ઘરે ચાલ્યો જઈશ એવા વિચાર અને નિર્ણય સાથે પ્રભુ પાસે પહોંચ્યા. પ્રભુ મહાવીરસ્વામીએ ભૂતકાળ યાદ કરાવી અને સંયમજીવનમાં પુનઃ સ્થિર બનાવ્યા. બસ, જીવ-અજીવના ભેદ ભૂલાય છે ત્યારે જીવનમાં વિષમતાનું આગમન થાય છે. જ્યારે ભેદ વિજ્ઞાનનું સતત જ્ઞાન ધ્યાન રહે છે ત્યારે સમભાવ સહજ બને છે. ચાલો ત્યારે, જ્ઞાની ભગવંતોએ બતાવેલ જીવ અને અજીવ બંનેના સ્વરૂપને જાણીએ. જીવને જાણી જીવદયાના ગુણને વિકસાવીએ. અજીવને જાણી વૈરાગ્યના ગુણને વિકસાવી અજીવ પ્રત્યેનો મોહ ઘટાડી મોક્ષના સાચા સુખને પ્રાપ્ત કરીએ તે જ મંગલ મનોકામના.....

- તોતડી જીભ ચાલે પણ તોછડી જીભ ન ચાલે.

'જોઈએ છે' તે ગુલામ, ભાવના ભાવે તે બાદશાહ.

- શરીર સાથેનું જોડાણ તે વાસના
પ્રભુ સાથેનું જોડાણ તે ઉપાસના.

- સ્થાન બદલવું સહેલું છે પણ ધ્યાન બદલવું અઘરૂં છે.
એક સારો વિચાર અનેક ખોટા વિચારોને દૂર કરી શકે છે.

- આજની મહેનત એ જ આવતી કાલનું નસીબ છે.

- નાના માણસની મોટી પણ ભૂલથી એટલું નુકશાન નથી થતું
જેટલું નુકસાન મોટા માણસની નાની પણ ભૂલથી થતું હોય છે.

- મકાન હાથથી બને છે, ઘર દિલથી બને છે.

(૩)

# ગુરુ પૂર્ણિમા

वसे गुरुकुले निच्चं, जोगवं उवहाणवं ।
पियंकरे पियंवाई, से सिक्खं लध्धु मरिहई ॥

**જે હંમેશાં ગુરુની આજ્ઞામાં રહે છે પ્રશસ્ત યોગવાળા, તપનું આચરણ કરનાર, પ્રિય કરનાર, પ્રિય બોલનાર તે શિક્ષા ગ્રહવાને યોગ્ય હોય છે**

साधूनां दर्शनं पुण्यं, तीर्थ भूता हि साधवः ।
कालेन फलते तीर्थं, सद्यः साधु समागमः ।।

**સાધુ દર્શન જ પુણ્ય છે, કેમ કે સાધુ તીર્થ સ્વરૂપ છે.**
**તીર્થ સમય પર ફળ આપે છે પણ સાધુ-સંગ તો તરત ફળ આપે છે.**

રત્નાકર મુનિવરનું નામ સાંભળ્યું હશે ? સ્વ-રચિત રત્નાકર પચ્ચીશી તરીકે. જૈનસમાજમાં આજે પણ સર્વે મુક્ત મને ગાઈ રહ્યા છે. મુનિ એટલે બાળક હૃદય. પ્રભુ પાસે એકરાર કરવામાં જરા ય શરમાતો ન હોય. પ્રભુ તારી પાસે આવવું છે. મને તારું રટન કીર્તન કરવું સદૈવ બહુ ગમે છે. તારા સ્મરણ માત્રથી હું ઝૂમી ઊઠું છું. પરંતુ જ્યાં તારી ભક્તિની મસ્તી મ્હાણવાની તૈયારી કરું છું ત્યાં કષાયરૂપી ચાર ચોર મને પકડી પાડે છે. તું ભૂલાય જાય છે અને હું પોતે જ ખોવાઈ જાઉં છું. ચારે ચાર ગતિમાં આ ચોરોએ મને ખૂબ જ પરેશાન કર્યો છે. અને હા પ્રભુ, મને એ પણ પૂરો ખ્યાલ છે કે આપની ભક્તિના બળ વિના એ મારો પીછો છોડવાના નથી. કષાયો શક્તિથી નાશ પામતા નથી, એ નાશ પામે છે પ્રભુ ભક્તિની મસ્તીથી.

આત્માની કાયરતા છે કે તે સંસારી ઇચ્છાની માયાજાળમાં ફસાય જાય છે. તારી પ્રાર્થનામાં ય મારો સંસાર અકબંધ ઊભો રાખું છું. તારી ભક્તિમાંય મારી શક્તિ ગોપવવાનું કૃત્ય કરી રહ્યો છું. ચોવિસ કલાક ઈચ્છા કરનારો હું માત્ર એક કલાકની તારી ભક્તિમાં કંટાળી જાઉં છું, થાકી જાઉં છું, અને પ્રભુ મારી મૂર્ખાઈ તો જુઓ, એક કલાકની તારી ભક્તિમાંય હું સંસાર સુખની ઇચ્છા રાખું છું. શા હાલ છે મારા આત્માના ? મેં અનેક ભવોમાં પ્રાર્થના કરી હતી કે મને માનવનો અવતાર પ્રાપ્ત થાય તો પ્રભુ તારા સ્મરણમાં, તારી ભક્તિમાં જ આખું ય આયખું ગુજારીશ. એની જગાએ હું સાવ આખો ને આખો બદલાઈ ગયો છું.

આ માનવભવમાં આપ આવ્યા છો, પણ યાદ રહે કે માનવીનો ભવ સહેલાઈથી મળ્યો નથી. કેટલાય ભવોની પુણ્ય રાશી એકત્રિત કરી હશે ત્યારે આવો શુભ સંયોગ સંપ્રાપ્ત થયો છે. અને હવે આ ભવમાં, પ્રભુ-ભક્તિમાં સમયશક્તિ જો ન જોડી તો લખી

રાખજો કે શક્તિનો યોગ હજી તમને કોઈ જન્મમાં મળશે ખરો, સમય પણ ભરપૂર પ્રાપ્ત થઈ શકશે, પરંતુ પ્રભુનું જિનશાસન અને સંતોનો યોગ પ્રાપ્ત થવો પ્રાયઃ નહિવત્ બનશે.

ચોમાસું જામ્યું હોય અને પેલો ખેડૂત જો સૂઈ જાય તો ? પરીક્ષા નજીકમાં આવી રહી હોય અને વિદ્યાર્થી રમત-ગમતમાં પડી જાય તો ? બજારમાં તેજી હોય અને વેપારી હિલ-સ્ટેશને હવા ખાવા નીકળી જાય તો ? ખેડૂત ધાન્યથી વંચિત રહી વરસ બગાડે. વિદ્યાર્થી નાપાસ થઈ વરસ બગાડે. વેપારી નુકસાનીમાં આવી વરસ બગાડે. કદાચ કોઈ ચમત્કારે કે પુણ્યના ઉદયે વરસ ન બગડે તેવું પણ બની શકે. પરંતુ, હે માનવ ! લખી રાખ તારી ચિત્તની પોથીમાં કે મનુષ્યના ભવમાં આવી મોજ-મજામાં અટવાઈ ગયો અને વિષય કષાય પાછળ જિંદગી ખર્ચી નાખી તો એક ભવ નહીં, પણ તારા ભવોભવ બગડી જવાના તેમાં લેશમાત્ર પણ શંકાને સ્થાન નથી. ચોમાસું એટલે સાધકોની સાધનાની સીઝન છે.

તમારા પુણ્યોદયે સંપત્તિ તમારી પાસે બરાબર છે. પરિવાર તમારો બરાબર છે. રૂપ-શક્તિ તમારી પાસે બરાબર છે. ગાડી, વાડી બધું જ બરાબર છે. હવે, એક કામ કરો, ખુદના જીવનને બરાબર બનાવી દો, અને પછી જુઓ કેવી મજા આવે છે ! બધું બરાબર કરવામાં જો ખુદને બરાબર કરવાનું ભૂલી ગયા તો ઉત્તમ અવસર તમે ખોઈ નાખશો. જાતને બરોબર કરવાની તમારી ખુદની તમન્ના હોય તો ચાર મહિના સુધી સંત સમાગમમાં રહેવાનું ભૂલશો નહીં. ચાતુર્માસમાં ધર્મીજનોનું શું કર્તવ્ય છે, તે આજે તમારી સમક્ષ રજૂ કરવાનું છે. માણસ માત્રને કંઈક ને કંઈક કર્તવ્ય જરૂર હોય છે. અને જો પ્રત્યેક માણસને પોતાના કર્તવ્યની જાણ હોય અને તેના તરફ વફાદાર રહેતો હોય તો હું નથી માનતો કે આ સમાજમાં કોઈ મુશ્કેલી રહે. પરંતુ, માણસ માત્ર કર્તવ્ય-ચ્યૂત થતો જણાય છે. માતાનું કર્તવ્ય છે સંતાનોને સંસ્કારી બનાવવાનું ઘરને સ્વર્ગ સમું બનાવવાનું. પિતાનું કર્તવ્ય છે ઘરના પ્રત્યેક સભ્યને સુખ-સમાધિની પૃચ્છા કરવાનું. વેપારીનું કર્તવ્ય છે ન્યાય સંપન્નતાથી વેપાર કરવાનું. આપ પ્રત્યેક વ્યક્તિના માથે કર્તવ્ય ધર્મ છે. અને હા, ધર્મનો વિશાળ અર્થ કરવો હોય તો એટલો થઈ શકે કે કર્તવ્ય એ જ ધર્મ છે. એટલે તો પ્રભુ વીરે જણાવ્યું કે પહેલું કર્તવ્ય મા-બાપની સેવા. બીજું કર્તવ્ય શેઠને વફાદાર રહેવાનું અને ત્રીજું કર્તવ્ય છે ગુરુભગવંતોની સેવાદિ કાર્ય કરવાનું. તો આપણે વાત ચાલી રહી છે કે ચાતુર્માસમાં શ્રાવક વર્ગનું શું કર્તવ્ય બને છે તેને આપણે વિચારીશું.

# સંત દર્શન સુખકારી

ચાતુર્માસના ચાર મહિના એટલે સાધના, આરાધના અને ઉપાસનાની ત્રિવેણીમાં સ્નાન કરવાનો અવસર. આ ત્રિવેણીમાં સ્નાન કરનારના પાપ ધોવાય છે અને આત્મા શુદ્ધ વિશુદ્ધ બને છે. શ્રાવક વર્ગનું સૌ પ્રથમ કર્તવ્ય બને છે કે સંત-દર્શન કરવા. એવો એક પણ દિવસ ન જવો જોઈએ કે સંતોનાં દર્શન ન કર્યા હોય. યાદ રહે કે માનવનો ભવ જેટલો દુર્લભ છે એના કરતાં પણ અનેક ગણી દુર્લભતા છે સંતોના યોગની. સંતોનો ભેટો થયો એટલે ભગવાનનો ભેટો થયો ગણાય. સંત દર્શનથી અનંત કર્મોની નિર્જરા થાય, ઢગલાબંધ પુણ્યનું ઉપાર્જન થાય. કરોડો રૂપિયા ખર્ચતાં પણ આવો સંત-દર્શનનો લાભ જીવને પ્રાપ્ત ન થાય, તે આપ સર્વેને સહજ સુલભ બન્યો છે.

**સંત દર્શન પ્રગટાવે સમ્યક્ દર્શન, છોડાવે જગતનું બધું ય પ્રદર્શન;**
**સંત દર્શન પ્રગટાવે કેવળજ્ઞાન ને દર્શન, પલકમાં રવાના થાય જીવનું મિથ્યાદર્શન.**

અહો ! કેવો મહાન લાભ છે સંત દર્શનનો ! સંત એટલે જ્ઞાનની સરસ્વતી. સંત એટલે દર્શનની ગંગા, સંત એટલે ચારિત્રની યમુના. આ ત્રિવેણીનો સંગમ સંત સિવાય બીજા કોની પાસે હોઈ શકે ? સંત પાસે જનાર પાપી પણ પાવન બની જાય, ઉદ્વેગ લઈને જનાર ઉપશાંત બની જાય, સંસારી મટી સંયમી બની જાય. અરે, સંતના દર્શન માત્રથી જીવની દૃષ્ટિ બદલાઈ જાય એમાં લેશમાત્ર શંકાને સ્થાન નથી. જુઓ નટડીને માટે લજ્જાને નેવે મૂકીને દોરડા ઉપર નાચતા ઈલાયચી કુમારને. પ્રાણની આહૂતિનો ભોગ આપીને પણ નટડીને મેળવવાની જેની આંધળી ઈચ્છા હતી. કુળ, કર્તવ્ય છોડીને, નટડીને અર્ધાંગીની બનાવવાના અરમાનો લઈને નાચતો, હમણાં જ મળી જશે મને પ્રાણપ્યારી નટડી.

હાય કેવી છે વાસના !! કેવા ઉચ્ચ કુળના સંતાનને કેવા નીચકુળના કામ કરાવે છે. શે ટળે આ યુગોની વાસના ? વાસનાને ઉપાસનામાં ફેરવી નાખો, નહિતર આ વાસનાના પાપે હજારો વરસ માટે નરકગતિમાં વસવાટ કરવા જીવને જવું પડશે. વાસનાને ઉપાસનામાં ફેરવી નાખશો તો જીવ ઊર્ધ્વગતિમાં દેવસુખના સ્થાને પહોંચી જશે. વાસના મોહનું સ્વરૂપ છે જ્યારે ઉપાસના ધર્મનું સ્વરૂપ છે. વાસના બાહ્ય જગતથી સંતોષાય છે પરંતુ ઉપાસના તો અંતર જગતની સાધના છે. વાસના વર્તમાને સારી લાગે છે પણ ભાવિને તો ભયાનક બનાવી દે છે. જ્યારે ઉપાસના વર્તમાને દુઃખનું કારણ - દુઃખકર - પણ લાગતી હશે, પરંતુ ભવિષ્યમાં-ભાવિમાં -જીવને ભગવાન સુધી પહોંચાડી દે

છે. ચાલો, વાસનાના ઉકરડાને ત્યાગી, ઉપાસનાના ઉદ્યાનમાં વિચરવા લાગીએ... કોણ સમજાવે વાસનાના ગુલામ બનેલા એલાયચીને ? મને તો નવાઈ એ વાતની લાગે છે કે ચરમશરીરી આત્માની પણ આ દશા ? વાસનાની ગુલામીમાં મોહ એને પણ ન છોડે ? હાય ! તો આપણી શી હાલત કરશે આ મોહદશા ? સાચે જ કહ્યું છે કે-

**રૂપરંગમાં મનડું ભટકે, ત્યાં સુધી છે મોહદશા**
**જ્ઞાન ધ્યાનમાં ચિત્ત રમણતાં, ત્યારે પ્રગટે નિજ દશા.**

નટડીના નેહમાં નિજદશાની કલ્પનાય શે થઈ શકે ? એટલે તો પ્રભુએ ફરમાવ્યું કે **'नेह पासा भयंकरा'** નેહ પાસલો છે અને તે અત્યંત ભયંકર છે. આ પાસલામાં ફસાયા પછી બહાર નીકળવું એ મહાદુષ્કર છે. પરંતુ અશક્ય નથી. નેહ દૃષ્ટિમાં જેટલા વેગથી પ્રવેશે છે, તેના કરતાં વધુ વેગથી નીકળી પણ શકે છે. આ તો દૃષ્ટિની કરામત છે. અચાનક ઈલાયચીની નજર એક દૃશ્ય પર પડી અને વિચારોએ વળાંક લીધો. વિચાર પાણીના પ્રવાહ જેવો છે, જે બાજુ વાળીએ તે બાજુ વળે.

**જો કે પાણીને વાળવું સહેલું, તેલના ટીપાને વાળવું થોડુંક કઠીન,**
**લોખંડના સળિયાને વાળવો વધુ કઠીન, તેથી હજાર ગણો કઠીન છે માનવીને વાળવો.**

ખેર, એલાયચીની નજરમાં એવું પવિત્ર અને ઉચ્ચ કોટિનું દૃશ્ય આવ્યું કે ન જાણે અશક્ય વાત શક્ય બની ગઈ. ચિત્ત ચોખ્ખું બની ગયું, વિચારો પવિત્રતા તરફ વળ્યા, અને નૃત્ય ત્યાં ને ત્યાં રહ્યું. ઢોલ, નગારાં જેમ હતાં તેમ જ વાગતાં હતાં, પ્રજા પણ અનિમેષ દૃષ્ટિએ ખેલ નિહાળી રહી હતી પરંતુ ક્યાં ખબર હતી કોઈને કે બહાર નૃત્ય અને અંદર કૃતકૃત્ય બની રહેલા એલાયચીની ઉચ્ચ કક્ષાની. દૃશ્ય હતું યુવાન સંત નયન ઢાળી ગોચરી વહોરી રહ્યા હતા અને રૂપવંતી યુવા નારી પવિત્ર ભાવે વહોરાવી રહી હતી. બસ, આ દૃશ્યે તો એવો જાદુ સર્જી દીધો કે કલ્પનામાં પણ કલ્પિત ન થઈ શકે. યાદ રાખજો, તમારા વિચારોની અસર અન્ય પર થાય છે. તમારાં વચનોની અસર થતી તો તમે જાતે જ નિહાળી છે અને તમારા વર્તનની અસર તમે ઓછી ન સમજતા. વાચા, વિચાર વર્તન અને ઉચ્ચાર સર્વેની અસર સ્વ પર, અને સર્વે પર થયા વિના રહેતી નથી.

**તારા જીવનથી કોઈનું જીવન બની જશે, તારા સૂચનથી કોઈનું સર્જન થઈ જશે.**
**હશે જો ઉણપ ઓ માનવી, તારા ખુદમાં, તો કાંટા તો શું, ફૂલ પણ દુશ્મન થઈ જશે.**

બસ, ખુદની જાતને બદલાવો, જગત બદલાઈ જશે. અને હા, ખુદની જાતને બદલવા માટે આપણે આપણી દૃષ્ટિ બદલવી પડશે અને જો દૃષ્ટિ બદલવાની તમારી

તમન્ના હોય તો તમારી દૃષ્ટિથી એવાં દૃશ્યો નિહાળો કે તમોને દિવ્યતા અને ભવ્યતાના પંથે આગળ લઈ જઈ શકે.

એલાયચી ખાટી ગયાનું મૂળ રહસ્ય છે સંત-દર્શન, સંત-પ્રવચન. સંતના દર્શન કરતાં જ નિરવિકારિતાનું દર્શન થયું. અંતરમાં ઊઠેલો વિકાર શાંત બન્યો અને અંતરમાં ત્રિકાળી ભાવ પ્રગટ થયો. શ્રેણી ચઢાણ શરૂ થયું અને અલૌકિક અને અદ્ભુત ચમત્કાર સર્જાયો. દોરડા પર જ કેવળજ્ઞાન કેવળદર્શનની દિવ્ય પ્રાપ્તિ કરી લીધી. ધન્ય છે, એલાયચી મુનિવરને ! આપણે ઘણા ભવોથી ફરીએ છીએ અને હવે જો ફરવાની તમારી ખરેખર તમન્ના ન હોય તો તમે તમારી દૃષ્ટિને ફેરવી નાખો. સંસારની દૃષ્ટિને ફેરવી સંયમ તરફની દૃષ્ટિ કેળવો. ભોગવિલાસયુક્ત દૃષ્ટિને બદલી યોગ સાધના તરફ દૃષ્ટિને કેળવો. દૃષ્ટિ બદલવાની જો તમારી અંતર અભિલાષા હોય તો સંતદર્શન કરવાનું ભૂલશો નહીં. સંતના સ્મરણ માત્રથી સમસ્યા વિદાય લેતી હોય તો સંતના દર્શનની તો વાત જ શી કરવી ? દર્શન કરવાથી ઉચ્ચગોત્રની પ્રાપ્તિ સાથે ઉચ્ચ અવસ્થાની અનુભૂતિ સુધી પહોંચી જવાય છે. તો તમે સાચા અર્થમાં જૈન હો તો તમે તમારા પરિવારને સંત દર્શનમાટેની પ્રેરણા આપશો. ચાતુર્માસના ચાર મહિનામાં સૌનું પ્રથમ કર્તવ્ય છે કે પરિવાર સંત દર્શનનો લાભ લેવાનું ભૂલે નહીં. નાનું પણ મહત્ત્વનું કર્તવ્ય છે સંતોના દર્શનનો લાભ લેવો. કેટલાય જીવોને સંતોના દર્શનનો લાભ મળતો નથી. જ્યારે આપને સહજ પ્રાપ્ત થયો છે ત્યારે અંતરના ભાવપૂર્વક સંતદર્શન કરવાનું ચૂકશો નહીં. સંત દર્શન પ્રગટાવે સત્દર્શન. આપ સર્વે દર્શનના કર્તવ્યમાં ચુકશો નહી સંતદર્શન-ગુરુદર્શન કરી આજની પૂર્ણીમાના દિવસે પૂર્ણતા તરફ આગળ વધવુ ભૂલશો નહી.

**સો સો સૂરજ ઊગે ને, ચંદા ઉગે હજાર;**
**ચંદા સૂરજ હો ભલે, પણ ગુરુ બિના ઘોર અંધકાર.**

આજનો દિવસ ચાતુર્માસ પખ્ખીનો પવિત્ર દિવસ. પાપને પખાળવાનો, અંતરને અજવાળવાનો અનોખો દિવસ. પાપ, તાપ અને સંતાપ આ ત્રિવિધ આપદાને અલવિદા આપતો આજનો ચાતુર્માસનો પ્રથમ દિવસ છે. સારાએ જૈન સંતો અને સતી-રત્નો આજના દિવસથી ચાર મહિના એક સ્થળે રહેવારૂપ ચાતુર્માસ કલ્પમાં સ્થિર થઈ જશે. સંતોની સ્થિરતાના કારણે અનેક ભવ્યજનો ભાગ્યશાળી બની ધર્મ આરાધનાના સર્વોત્તમ કાર્યમાં પ્રગતિ કરવાનું ચાલુ કરશે. માટે આજનો દિવસ ધર્મી આત્માઓ માટે ખૂબ જ મહત્ત્વ પૂર્ણ દિવસ રહેલો છે.

આ દિવસને ગુરુપૂર્ણિમાના દિવસ તરીકે પણ મનાવવામાં આવે છે. ગુરુપરમાત્માની મન મૂકીને ભક્તિ કરવાનો દિવ્ય અને ભવ્ય દિવસ એટલે ગુરુપૂર્ણિમા. અપૂર્ણમાંથી પૂર્ણ બનાવે તે ગુરુ. આત્માને આત્મા જ ન રાખતા, પરમાત્મા તરફ લઈ જવાની હિંમત અને હિતશિક્ષા અર્પે તે ગુરુ. નિસ્વાર્થી અને પરમાર્થગુણથી સભર ગુરુદેવ, જીવને દેવ, મહાદેવ અને અરિહંત દેવ સ્વરૂપ બનાવે અને આવા ગુરુ જેને મળે તે તો દુનિયામાં સૌથી મોટા અને મહાન આત્મા ગણાય. દુનિયામાં વ્યક્તિને જાત-જાતનું અને ભાત-ભાતનું પ્રાપ્ત થાય છે. પણ એ શું ઉપયોગી ? યાદ રાખજો, સાહ્યબી સુખનું નહીં પણ સંતાપનું કારણ બનશે. બુદ્ધિ પ્રગતિના કારણભૂત નહીં બને પણ અધોગતિનું કારણ બનશે. બહુ જ મહત્ત્વની બાબત છે જીવને સદ્ગુરુ મળવા. આગમો જીવ માટે મોક્ષના નકશા રૂપ છે. જ્યારે સદ્ગુરુ મોક્ષના ભોમિયા રૂપ છે. વર્તમાને મોક્ષમાર્ગ છે તો મોક્ષ પંથના માર્ગદર્શક પણ હાજર છે. હવે તમે ખુદ મોક્ષના માર્ગી બની જાવ. સદ્ગુરુ જ આ જગતમાં નિસ્વાર્થી વ્યક્તિ છે. જેના હૃદયમાં સતત જગત જીવોની સુખની ભાવના અને કામના હોય છે. દુઃખીને જોઈને ગુરુ તેને આશ્વાસન આપી સુખી બનાવે છે.

ગુરુદેવ પાસે ત્રણ પ્રકારના જીવો આવે છે. એક નંબરના જીવો છે દુઃખિયારા. સંસારની આધિ, વ્યાધિ અને ઉપાધિ વચ્ચે સેકાતા જીવ ગુરુ પાસે આવે એટલે શીતળતાનો અનુભવ કરે. ગુરુ જ એક એવું પાત્ર છે જેની પાસે આપણા હૈયાની બધી વાત ઠાલવી શકાય અને હળવાશ માણી શકાય. જેને ગુરુ નથી મળ્યા તે તો હૈયાનો ભાર લઈને ફરતાં હોય છે. જેને બધું મળ્યું છતાં મૂડમાં રહેવાના નસીબ નથી હોતાં, કારણ ગુરુ નથી મળ્યા. એ વાત પણ લખી રાખજો કે ગુરુની સાથે સંબંધ જોડ્યા વિના સ્વ અને સર્વજ્ઞ સાથે ક્યારેય સંબંધ જોડાતો નથી. દુનિયામાં આપણા બધાનો સૌથી પહેલો સંબંધ માતાની સાથે જોડાયો હતો. **મા જન્મ આપે અને ગુરુ અજન્મા બનાવે. માની આંખ રાગી હોય, જ્યારે ગુરુ માની આંખ વૈરાગ્યની હોય. મા રાગના કેન્દ્રના પાઠ ભણાવે, જ્યારે ગુરુરૂપી મા વૈરાગ્ય કેન્દ્રના પાઠ ભણાવે. મા સંસારમાં જીવવાની પદ્ધતિ શીખવાડે, ગુરુ મા સંસારથી ભાગવાની અને સંયમ પામવાની કળા શીખવાડે.** માને સંતાન પ્રત્યે રાગ હોય છે જ્યારે ગુરુને શિષ્ય પ્રત્યે સદ્ભાવ હોય છે. સંસ્કારી માના ઉદરમાં જન્મ મળે તો જીવ સદ્ભાગી કહેવાય. આવો, આજે ગુરુ પૂર્ણિમાના દિવસે ઇન્દ્ર કરતાંય અનેક ગણા આગળ વધેલ, પવિત્ર પુણ્યશાળી ગુરુદેવને કંઈક અર્પણ કરીએ. ગુરુદેવને ગુરુદક્ષિણા આપવાનો આજનો દિવસ. ગુરુ બારે માસ શિષ્યને જ્ઞાન ધ્યાન આપે છે. આજે શિષ્યનું કર્તવ્ય છે, ગુરુદેવને કંઈક અર્પણ કરવાનું.

જો કે મને તો લાગે છે કે દુનિયામાં કોઈપણ એવી ચીજ નથી જે ગુરુના ચરણમાં અર્પણ કરી શકાય. સોના-ચાંદી મૂલ્યવાન ગણાય, તો શું એ ધરવાથી ગુરુપૂર્ણિમા ઉજવાઈ ગણાશે ? ના, ગુરુદેવ તો કંચન અને કામિની બંનેને ત્યાગીને વિચરે છે. તો શું ધન-દૌલત અર્પીએ ? ના, એ તો એમના મન ધૂળ સમાન છે. તો શું મકાન-મિલ્કત આપીએ? ના ભાઈ, એ પણ નહીં ચાલે. કારણ એ તો અણગાર અને નવ પ્રકારના બાહ્ય પરિગ્રહના ત્યાગી છે. મકાનાદિને કેદ સમજીને તો અપ્રતિબદ્ધ વિહારી બન્યા છે. તો શું અર્પવા જેવું છે ? આ અવનીમાં કંઈ ચીજ છે જે આજે ગુરુપૂર્ણિમાના દિવસે આપણે દક્ષિણામાં આપી શકીએ ? જો ખરેખર તમારે ગુરુદેવને દક્ષિણા આપવી છે તો આજે તમોને બતાવું છું કે ગુરુદેવને શું અર્પણ કરશો.

દુનિયામાં અર્પવા જેવી કોઈ બાબત હોય તો એક જ છે અને તે છે મન, વચન અને કાયાનું સમર્પણ. મન ગુરુ આજ્ઞા પ્રમાણે, વચન ગુરુ આજ્ઞા પ્રમાણે અને તન ગુરુ આજ્ઞા પ્રમાણે. એટલે તો શાસ્ત્રકારે ધર્મનાં અનેક સ્વરૂપ દર્શાવ્યાં છે, તેમાં ગુરુ આજ્ઞાને પણ પરમધર્મ તરીકે દર્શાવ્યો છે. आणाए धम्मो શિષ્ય જો ગુરુની આજ્ઞારૂપ ધર્મને આરાધે તો સૌથી મોટો એ લાભ થાય કે महापन्ने બને છે. એટલે કે મહાપ્રજ્ઞાવાળો બને છે અને આ મહા પ્રજ્ઞાવાળા બન્યા પછી બધી સંજ્ઞા અલવિદા થયા વિના નહીં રહે. અરે વાહ ! કેવો અનેરો મહાલાભ. શે ચૂકાય આ આજ્ઞાધર્મની આરાધના. આજે ગુરુને સમર્પણ થવાનો દિવસ છે. હું તો મારી જાતને ખૂબજ સદ્‌ભાગી માનું છું કે આવા હૈયાના સરળ, ઉગ્ર તપસ્વી, સૌમ્ય મૂર્તિ રાજ ગુરુદેવ મને મળ્યા છે. જો ગુરુદેવના સંપર્કમાં હૈયું હર્ષોલ્લાસથી નાચી ઊઠે છે, તો જ્યારે હું ભગવાનના સંપર્કમાં આવીશ ત્યારે મારા હૈયાની અવસ્થા કેવી ગજબની હશે ! હું કલ્પના પણ નથી કરી શકતો, અને શબ્દથી પણ રજૂ નથી કરી શકતો. વો દિન કબ આયેગા, જબ પ્રભુકો મૈં પાઉં.

દુનિયાભરના જીવો સાથે સંબંધો બાંધેલા જીવને સમજાવો કે ગુરુ સાથે સંબંધ બાંધવાનું ભૂલી ન જાય. ગૌતમ-મહાવીરના સંબંધો એક ભવના ન હતા, આઠ-આઠ ભવના હતા. જેને લીધે બંને આજે 'નમો સિદ્ધાણં' માં અવ્યાબાધ સુખ માણી રહ્યા છે. જે સંબંધ જીવને અબંધ દશા આપે તે જ સંબંધ જગતમાં સર્વ શ્રેષ્ઠ સંબંધ ગણાય. અને હા, ગુરુનો સંબંધ જ જીવને અબંધ દશા આપે એવો છે. મા-બાપ અને પુત્રના સંબંધમાં સ્વાર્થના તાંતણા બંધાયેલા હોય છે. નહીંતર પુત્રના લગ્ન બાદ માતા-પિતાને રડવાના દિવસો આવે જ શેના ? **પહેલા યુગમાં પુત્ર, માતા-પિતા સામે બોલી શકતો ન**

**હતો. આજે ઝડપી યુગમાં માતા-પિતા, પુત્ર સામે કંઈ બોલી શકતા નથી. કારણ, જો બોલે તો પાછું ન બનવાનું બને. તેના કરતાં ચૂપ રહેવામાં મજા. એવું મનના વલોપાત સાથે આજના મા-બાપ ના-છૂટકે પણ ચૂપકી પકડી લે છે. ક્યાં રહી મા-બાપ અને પુત્રના સંબંધમાં નિસ્વાર્થતા.** યાદ રાખજો, કર્મબંધ તોડાવે તેવા સંબંધ દેવ, ગુરુ, ધર્મ સિવાય અન્ય કોઈ સંબંધ આ જગતમાં જોવા નહીં મળે. જ્યારે માણસ વિદ્યાર્થીની કક્ષામાં આવે છે, ત્યારે શિક્ષક સાથે સંબંધ બાંધે છે. જે સંબંધમાં વિદ્યા ઉપાર્જનનું લક્ષ હોય છે.

જો કે, આ સંબંધો પણ આજે સ્વાર્થપ્રધાન બન્યા છે. વિદ્યાર્થીનું લક્ષ્ય હોય છે ડીગ્રી પર તો શિક્ષકનું લક્ષ્ય પ્રાયઃ પગાર હોય છે. જેને કારણે ડીગ્રી મળ્યા બાદ શિક્ષક સાથેના સંબંધ પૂરા થઈ જાય છે. ત્યાર બાદ માણસને રૂપિયાર્થે વ્યાપાર કે નોકરીમાં જોડાવાનું હોય છે. તે માટે શેઠ સાથે મીઠા સંબંધો બાંધવા પડે છે અને જે સંબંધના માધ્યમમાં સંપત્તિ કેન્દ્ર આવે તે સંબંધમાં વિપત્તિ ન આવે તેવું પ્રાયઃ ઓછું બને છે. શેઠ પાસે ધંધાની ટ્રીક શીખી લીધા પછી એ માણસને નસીબ યારી આપે ને શેઠથી સવાયો બની જાય તો સંબંધો કેવા બને, એ આપ જાણો છો. દુનિયાભરના આવા કેટલાય સંબંધોથી બંધાયેલો માણસ, આજ દિવસ સુધી કોઈ પણ સંબંધમાં ફાવ્યો નથી, અને ગુરુદેવના સંબંધોમાં જીવ ફાવ્યા વિના રહ્યો નથી, એ વાત પણ એટલી જ સત્ય છે.

જરા જુઓ પરદેશી રાજાના જીવન ચરિત્રને, તો ખ્યાલ આવશે કે કેશી ગુરુદેવની સાથે સંબંધ ન હતો ત્યારે કેવું ભયાનક અને વિચિત્ર જીવન જીવતા હતા. હત્યા સિવાય જેના હોઠથી કોઈ શબ્દો નીકળતાં ન હતા, જેના હાથ તલવારથી સજેલા રહેતા હતા. અને હા, રાત્રે ઊંઘમાં પણ યુદ્ધોના જ સ્વપ્નાં નિહારતાં હતાં. જેનું હૃદય નિષ્ઠુર અને નિર્દય હતું. આખી નગરીમાં તેના નામ માત્રથી હાહાકાર સર્જાય જતો હતો. તેમના વિચારો પણ કેવા ભયાનક હતા કે તેમની નગરીમાં કોઈ સંતોનો પ્રવેશ ન થવો જોઈએ. અને કોઈ સંત પ્રવેશે તો તરત રવાના કરી દેવાના. કડક હુકમ. આહા..... કોણ સુધારે આવા પાપથી ખરડાયેલા જીવને ? છતાં અહોભાગ્ય હતા પરદેશી રાજાના કે તેમનો મંત્રી બહુ જ ધર્મને પામેલો હતો. જેને લીધે પરદેશી, કેશી સ્વામીના સાનિધ્ય સુધી પહોંચી ગયા. અને જ્યાં કેશીગુરુ સાથે સંબંધ બંધાયો અને પરદેશીરાજાના જીવનમાં વૃત્તિ-પ્રવૃત્તિમાં ધરખમ ફેરફાર આવી ગયો. પરદેશી મટી સ્વદેશી બની ગયો. ગુરુના સંપર્કમાં આવતા જીવોના સ્વભાવને સુધારવાનું, પાપીને પાવન, વામનને વિરાટ, અપૂર્ણને સંપૂર્ણ બનાવવાનું કાર્ય ગુરુદેવ કરે છે.

**સંસ્કાર આપે તે મા, શિક્ષણ આપે તે શિક્ષક,**
**સંપત્તિ આપે તે શેઠ, ગુણવૈભવ આપે તે ગુરુ.**

કેવા મહાભાગ્યવંતા છો કે આવા ગુરુદેવનું ચાતુર્માસ આપશ્રી સંઘને મળ્યું છે. તો હવે પ્રમાદને પરિહરી ચાર-ચાર મહિના ગુરુભગવંતોનો લાભ લેવાય તેટલો લેજો. તમે અમને સમય આપો, અમે તમને સમજણ આપશું. નિસ્વાર્થ અને નિર્દોષ સ્વભાવી ગુરુદેવોનો યોગ મળ્યો છે તો આજે ખૂબ-ખૂબ ધર્મલાભ લેવાના દૃઢ સંકલ્પ કરીને જજો કે એક પણ દિવસ ગુરુદર્શન વિનાનો જવો ન જોઈએ.

ગુરુદેવોની સેવાભક્તિ કરી ભવ પાર કરી જવાનું છે. તમને ખબર હશે કે ગુરુ, રાત-દિવસ આગમ જ્ઞાન, અંતર દર્શન અને શ્રેષ્ઠ ચારિત્રના પાલનહાર બની અનેક કષ્ટો વેઠી ગુરુ બને છે. પરંતુ વરસોથી મહેનત કરીને મેળવેલો શુદ્ધ જ્ઞાનાદિનો ખજાનો તેના શિષ્યને સાવ મામૂલી કષ્ટે અલ્પકાળમાં પ્રાપ્ત થઈ જાય છે.

ગૌતમસ્વામીને ક્યાં કોઈ ઉપસર્ગો કે પરિષહો સહેવા પડ્યા છે. અરે..., પ્રભુને કેવળજ્ઞાની બનવામાં સાડા બાર વર્ષ ઉપરાંત કષ્ટો વેઠવા પડ્યા અને સાધનામાં ઝઝુમવું પડ્યું હતું. પરંતુ ગૌતમસ્વામીને કયું કષ્ટ વેઠવું પડ્યું, બતાવશો ? મહેનત પ્રભુ મહાવીરની અને નવનીત સહજ પ્રાપ્ત થઈ ગયું ગૌતમને. ખરૂં ને ?! બસ, શિષ્યત્વધારીને આ તો મોટો લાભ છે, કે વરસોથી સાધનાના માધ્યમે ગુરુએ જે પ્રાપ્ત કર્યું તે વિનયના માધ્યમે તમામ રહસ્યોને અલ્પ સમયમા જ ગુરુ પાસેથી શિષ્યને મળી જાય છે. વાહ, શિષ્ય બનનાર કેટલો ભાગ્યશાળી ગણાય.

તો આવો, આપણે ગુરુ પૂર્ણિમાના પવિત્ર દિવસે ગુરુના પવિત્ર શિષ્યત્વ ને પામીને જ રહીએ. સાવધાન ! ગુરુની ભક્તિ કરવાની જગ્યાએ જો ગુરુના દોષ જોવા બેઠા તો ગયા કામથી. સંસારના દોષ ધોવા ગુરુ પાસે જવાનું હોય છે તેની જગ્યાએ જો ગુરુના દોષ જોવા લાગી ગયા તો અનંત સંસાર વૃદ્ધિ થતા વાર નહીં લાગે. ગુરુ મોંઘા મારા ભગવાન છે અને ગુરુની કૃપાથી જ હું ભાગ્યવાન છું. આટલું વિચારી ગુરુને સમર્પણ બની, સાધના, આરાધના અને ઉપાસના કરી, આત્માને પરમાત્મા સમાન બનાવો તે જ અંતર ભાવના......

૪

# દશા-દિશાની રમત

पढमं नाणं तओ दया, एवं चिट्ठइ सव्वसंजए ।
अन्नाणी किं काही, किंवा नाही सेयपावगं ।।

**પહેલા જ્ઞાન પછી દયા આ પ્રકારે**
**ક્રમથી બધા સંયમીઓ સંયમધર્મમાં**
**સ્થિર થાય છે. અજ્ઞાની બીચારા શુ કરશે ?**
**શ્રેય અને પાપને કેવી રીતે જાણશે ?**

જીવનની એક-એક ઘટનાઓ જીવને ઘડવા માટે આવે છે. સર્જાતા પ્રસંગો જીવને સંસારથી અસંગ બનાવવાની દિશા આપે છે. સંયોગો સહાયક બને, વિયોગો વૈરાગ્ય દીપક પ્રગટાવે, જો જીવ પાસે સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન હોય તો. નહિતર ઘટના, પ્રસંગો, સંયોગો અને વિયોગો જીવ માટે રાગ-દ્વેષના કારણભૂત બને છે અને અનંત સંસાર સર્જવામાં કારણરૂપ બની જાય છે.

માનવીના જીવનમાં દિન પ્રતિદિન આવી એક નહીં અનેક ઘટનાઓ સર્જાતી હોય છે, અને તોફાનો આવતા હોય છે. હા, સાગર હોય ત્યાં તોફાન હોય, ભરતી-ઓટનો ક્રમ હોય. તેમ સંસારના સાગરમાં સંયોગો-વિયોગો ; સુખ-દુઃખ; અને અનુકૂળતા-પ્રતિકૂળતા બધું જ સર્જાય અને તેમાં સફળતા મેળવવાનો ઉત્તમ માર્ગ એટલે જિનેશ્વરનો ધર્મ. આ ધર્મને જેઓ સમજી ગયા, પામી ગયા એને વળી આ સંસાર શું કરવાનો હતો ? સંસાર તો તેને પરેશાન કરે છે, જેનાં હૈયામાં નર્યું અજ્ઞાન ભર્યું હોય, ઈચ્છાઓ અને અભિલાષાઓ ભરી હોય. બાકી જ્ઞાનીને તો સંસાર સહાયક બને છે, ચિંતનનું માધ્યમ બને છે. સંસારભાવ ચિંતવતો આત્મા ક્યારેય સંસારમાં રંગાઈ જાય એવું હરગિજ નહીં બને.

જો તમારી પાસે જ્ઞાન હોય તો પ્રત્યેક પ્રસંગ તમને જગાડવામાં સહાયક નીવડે છે. સંયોગો સાથ આપે, વિયોગો વૈરાગ્ય અર્પે. ઘટના તમારા જીવનને ઘડી નાખે. પરિસ્થિતિ તમને પ્રસન્ન બનાવી દે. મુખ્ય વાત છે તમારી પાસે સમ્યક્ જ્ઞાન હોવું અતિ આવશ્યક છે.

જ્ઞાની માટે પ્રત્યેક નિમિત્ત પ્રગતિનું કારણ છે, જ્યારે અજ્ઞાની માટે તમામ નિમિત્તો અધોગતિનું કારણ છે. અજ્ઞાન વશ થઈ ગયેલા પાપનો પશ્ચાત્તાપ પણ જ્ઞાન અવસ્થામાં જ થઈ શકે છે. જુઓ, રત્નાકર મુનિવરે પ્રભુ પાસે બાળકની જેમ આચરેલા પાપોની કબૂલાત, એકરાર કરી પ્રાયશ્ચિત કર્યું. અજ્ઞાની પાપ ઢાંકે છે, જ્ઞાની પાપને ધોવે છે.

જોઈ લો ને મહારોગમાં સબડતા અનાથીકુમારની દશાને. ક્યારે રોગ જાય અને હું શાંતિ માણુંની ઝંખના સતત દિલમાં જીવતી હતી. તો પોતાની પત્નીઓએ રોગ ઉપશાંતિના

પ્રયત્નો કરવાનું ક્યાં બાકી રાખ્યું હતું. વૈદ્યો-હકીમો બધાય હાજર કરવામાં આવ્યા હતા. છતાં કોઈ ઉપાય કામયાબ ન નીવડ્યો. અને એક રાતે રોગ, શરીર અને આત્માની ચિંતવના કરવા લાગી ગયા. ચિંતન સર્વોપરિતાના સ્થાને પહોંચી ગયું ને દઢ સંકલ્પ કર્યો કે જો મારો રોગ ચાલ્યો જાય અને હું તંદુરસ્ત બની જાઉં તો પ્રવજ્યાને અંગીકાર કરી લઈશ. અજ્ઞાનતામાં રોગ મટાડવાની વાત હતી હવે જ્ઞાનધારામાં રાગ મટાડી દેવાની તમન્ના જન્મી. શું તમારા શરીરમાં રોગ આવતા નથી ? ક્યાં ચિંતન અનાથી મુનિવર જેવું થાય છે. રોગ રાગી બનાવે, વૈરાગી પણ બનાવે. જો તમારી પાસે જ્ઞાનધારા હોય તો દરેક પ્રસંગમાંથી વૈરાગ્ય પ્રગટે. રાગથી રંગોળી સર્જાયા વિના નહીં રહે.

**કરી સમતાના પાન વળ્યા મુક્તિ સોપાન**
**મહાસંતો.... ક્યારે થઈશું અમે એવા સંતો ?**

જ્ઞાન તેને કહેવાય, પ્રસંગમાં વૈરાગ્યવંત બનાવે; સમતાવંત બનાવે, મમતાના બંધનોને તોડાવી; સમતામાં ચિત્ત જોડાવે. જો જીવ સમતા રાખે તો જ્ઞાની, નહિતર માહિતીનો ભંડાર.

જુઓ, સમતાના મહાભંડારી ખંધક મુનિવરને. જેમની જીવતા ચામડી ઉતારી નાખવામાં આવી હતી. ત્યારે ચામડી ઉતારનારની કાળજી રાખતા અને કહેતા જો ભાઈ ફરવાનું હોય તો મને કહેજે હું ફરી જઈશ, પણ તમે તકલીફ ન લેતા. વાહ, કેવા જ્ઞાન-દર્શનથી પવિત્ર-વિશુદ્ધ ધારામાં મગ્ન બન્યા હશે. અને આજે આપણી દશાનો વિચાર કરો, વગર કષ્ટે પણ વિષમ્ બની જીવીએ છીએ.

યાદ રાખજો, જડની સાથે સુખનો સંબંધ રાખ્યો હશે તો પ્રત્યેક બાબતમાં દુઃખી થશો. અને ચૈતન્ય સાથે સુખનો સંબંધ બાંધ્યો હશે તો તમે ક્યારેય દુઃખી નહીં હો. આત્માની સાથે સંબંધ જોડાવી આપવાનું શ્રેષ્ઠ કામ જિનેશ્વરની વાણી કરે છે. એકવાર આ વાણી અંતર ઘરમાં પ્રવેશી જાય પછી અંતર નિરંતર આનંદિત બની જાય છે. હર હાલતમાં સુખી થઈ જવાય. વાણી કર્ણ સુધી નહીં, વાણી મગજ સુધી નહીં પરંતુ વાણી હૃદય સુધી પહોંચવી જોઈએ તો જ સંસારના સંયોગ વિયોગની અસર આપણને નહીં થાય. અને હા, સંસારની અસર તે જ સાચી વાણી છે. આ વાણી જ વૃત્તિ-વર્તનને સમ્યક્ બનાવે છે. આપ સર્વે ભાગ્યશાળી જ નહીં, મહા ભાગ્યશાળી છો કે આપને ચાર માસ સુધી અવિરત નિયમિત જિનવાણીને સાંભળવાનો, સમજવાનો અને આચરવાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત થયો છે.

જિનવાણી જેના અંતરમાં વસી ગઈ એના માટે જગતમાં ચાર શરણરૂપ છે. અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવળી પ્રરૂપિત ધર્મ. આ જ મારું શરણ ઔર ન શરણાં કોઈ, વિશ્વમાં ઉત્તમ, મંગલ અને શરણ આ ચાર જ છે. ઉત્તમના શરણે જવાથી આત્મા સ્વયં ઉત્તમ અવસ્થાને પામી જાય. મંગલના શરણે જવાથી જીવ સ્વયં મંગલ બની જાય. શરણ સ્વીકારવા માત્રથી જગતના પાપ, તાપ અને સંતાપનો નાશ થઈ જાય છે. આવો, આપણે ચાર શરણનો ભાવથી સ્વીકાર કરીએ.

વર્તમાન સમયે ચાર મંગલમાંથી અરિહંત–સિદ્ધ આપણી સમક્ષ નથી પરંતુ સાધુ અને ધર્મ તો આજે પણ હયાત છે. આ બે મંગલના સાનિધ્યમાં રહીને જ્ઞાન ઉપાર્જન કરવાનું, ધર્મ – અધર્મને જાણવાનો અને પાપ–પુણ્યને સમજવાના છે. જીવ–અજીવના ભેદવિજ્ઞાનને વિચારી સત્ય સુધી પહોંચવાનું છે.

અજ્ઞાની માટે આ વિશ્વ ચિંતા અને ઉદ્વેગનું કારણ બને છે. જ્યારે જ્ઞાની માટે આ વિરાટ વિશ્વ ચિંતન અને ચારિત્રનું કારણ બને છે. જેવું છે તેવું જ જણાવે તે જ્ઞાન. વિપરીત જણાવે, આશક્ત બનાવે અને વિશ્વ રાગ–દ્વેષનું કારણ બનાવે તો સમજવું આ અજ્ઞાનતાનું જ ફળ છે. ભ્રમણામાંથી ઉગારે, ભ્રમણથી બચાવે, અને સ્વ ભાવમાં નિવાસ કરાવે, મુક્તિ તરફ પ્રવાસ કરાવે અને અંતે મુક્તિમાં પ્રવેશ અપાવે તેને જ્ઞાન કહેવાય. જ્ઞાન જ નહીં હોય તો સત્ય–અસત્યનો વિવેક ક્યાંથી જણાશે. જુઓ, ઈન્દ્રભૂતિની અવસ્થાને. જ્યાં સુધી સત્ય જ્ઞાન ન હતું, સત્‌ની શ્રધ્ધા ન હતી ત્યાં સુધી ભ્રમણામાં જ રાચતા હતા ને...? પરંતુ ઈન્દ્રભૂતિ જ્યારે પ્રભુ સમીપ ગયા, અને સત્યની શ્રધ્ધા અને જ્ઞાન થતાં જ પ્રભુના શિષ્ય બન્યા. ત્યાર બાદ ચિંતનનું ક્ષેત્ર અમાપ અને અખૂટ બન્યું. ચિંતા તો અજ્ઞાનીઓના જીવનમા હોય જ્યારે ચિંતન જ્ઞાનીઓની ઉત્તમ સાધના છે.

चिंता चित्ता समानस्ती, बिंदु मात्र विशेषः ;
चिंता दहती सजीवं,चिता दहती निर्जीवं ॥

**ચિંતા અને ચિતા શબ્દમાં બિંદુ માત્રનો ફરક છે**
**ચિંતા સજીવને બાળે છે, ચિતા નિર્જીવને બાળે છે.**

ભગવંત પ્રસન્નમુદ્રામાં બિરાજિત હતા.... જિજ્ઞાસુ બનીને ચાર જ્ઞાનના ધારક વિનય ગુણ ભંડારી પ્રભુ ગૌતમસ્વામી પાસે જિજ્ઞાસાને સંતોષવા પહોંચી ગયા. પ્રભુ પાસે જાણે બાળક ન બેઠા હોય. નિર્દોષ નિખાલસ ગણધર ગુરુરાજ અંજલીકરણ કરીને

બિરાજિત થઈને પ્રભુ વીરને પૂછી રહ્યા છે કે ''હે પ્રભુ ! આપે મને ત્રણ લોકનું ચિંતન કરતા શીખડાવ્યું. સ્વર્ગની દુનિયાને જોઈ અને નરકની મહાયાતનાને પણ વિચારી. તિર્યંચોની પરાધીનતાને પણ ચિંતવી. ઉત્તમ માનવના મનખાને મેળવીને મહાદુ:ખી થઈ જીવતા માનવ ગતિના જીવોને પણ મેં જાણ્યા. કરુણા સાગર હે પ્રભુ ! આ મહા સંસારના ઓઘમાં તણાતા, રીબાતાં એવા જીવને જોઈને મનમાં પ્રશ્ન ઊઠ્યો છે, નિગોદની ભયાનકતા, નરકની વિચિત્રતા જાણી વિચાર ઊઠ્યો. પ્રભુ, આ લોકમાં રહેલા આવા જીવોના દુ:ખનું કારણ શું છે ? જીવોના દુ:ખનું કારણ શું સગવડતાનો અભાવ છે? શું બુદ્ધિની અલ્પતા છે ? અરે, શું સાધનોની ઉણપ છે ? શું આરોગ્યની હાની છે ? ''ગૌતમસ્વામી ચિંતનશીલ હતા. અને હા, જગતમાં બે જીવો સૂઈ નથી શકતા. એક છે જગતની ચિંતા માથે લઈને ફરનારા અને બીજા છે જગતનું યથાર્થ ચિંતન કરનારા.

પરંતુ ચિંતાવાળા કર્મ બાંધે છે જ્યારે ચિંતનવાળા કર્મથી છૂટે છે. બંનેમાં આટલો મોટો તફાવત છે. ચિંતા અજ્ઞાનના ઘરનું ક્ષેત્ર છે જ્યારે ચિંતન જ્ઞાનના ઘરનું ક્ષેત્ર છે. **ચિંતન કરમાઈ ગયેલાને ખીલવવાનું કામ કરે છે જ્યારે ચિંતા ખીલેલાને કરમાવી નાખવાનું કામ કરે છે. શું કરવું તેની પસંદગી હવે તમે જ કરી લો.** પરંતુ ગૌતમસ્વામી હતા ચિંતનશીલ મહાત્મા. જેમણે ત્રિપદીનું ચિંતન કરી આખા વિશ્વનું જ્ઞાન રહસ્ય પામી ગયા હતા. મહાવીર સ્વામીની કૃપા પાત્ર આવા ગણધર ગૌતમસ્વામીને સવાલ થયો કે જગત જીવો દુ:ખી શા માટે ? અને તેઓના દુ:ખનું કારણ શું છે ? આપણા સર્વે માટે ગૌતમસ્વામીએ મહાન ઉપકાર કર્યો છે. પ્રશ્ન ગૌતમના, સમાધાન પ્રભુ મહાવીરનું; અને તેમાં કલ્યાણ આપણા સર્વેનું. જો પ્રશ્ન જ ન થયા હોત, તો આજે આપણી પાસે શું હોત ? એટલે ગૌતમસ્વામીજીએ આપણા પર ઘણો-ઘણો ઉપકાર કર્યો છે. અનેક પ્રશ્નો પૂછાયા અને પ્રભુએ તેનું સમાધાન કર્યું. આજે આપણે આચારંગ સૂત્રનો અધિકાર ચાલુ કરવાનો છે. પ્રભુએ સર્વજ્ઞ બન્યા બાદ મહત્ત્વની અને અગત્યની રજૂઆત જે ઉપદેશમાં ફરમાવેલી છે તે શાસ્ત્રો રૂપે આપણી પાસે વર્તમાન સમયે મોજૂદ છે. અને પાંચમા આરામાં તરવાના બે જ મહાપરિબળ છે અને તે છે શાસ્ત્રો અને સંતો, ગ્રંથો અને નિર્ગ્રંથો. આ બે માધ્યમે જીવ પોતાની માધ્યસ્થ દશાને પામી શકે છે.

પ્રભુ મહાવીર સ્વામીને થયે ૨ ૫ ૨ ૬ વર્ષ થઈ ગયા છતાં એ મહાતારકનું શાસન આજે પણ જયવંતુ વર્તી રહ્યું છે. તેની પાછળનું મૂળ કારણ પ્રભુનો ઉપદેશ અને એને ઝીલનાર ગણધર ગૌતમસ્વામી છે. પ્રભુએ ઉપદેશ આપ્યો. ગણધર દેવે ગૂંથણી કરી

અને પરંપરાએ મુનિઓએ મનન કર્યું. ક્યાં હતા એ વખતમાં છાપ-કામ કે લખાણો ? ગુરુના મુખે સાંભળે અને શિષ્યને કંઠસ્થ થઈ જાય. શિષ્યને સમાધાન કરવા ગુરુના અવલંબનની ખૂબ જ જરૂર રહેતી, કારણ ગ્રંથો રૂપ વાણી હતી નહીં. એટલે તો ગૌતમસ્વામી પ્રશ્નો પૂછવા પ્રભુ પાસે ગયા, પ્રભુ ઉત્તર આપી સમાધાન કરતા ગયા અને ગૌતમસ્વામી પ્રભુનો અનંત ઉપકાર માનતા ગયા.

આમ તો આપણા સુધી આચારાંગ સૂત્ર પહોંચાડવામાં મોટો ફાળો છે જંબુસ્વામીનો. ભર યુવાનીમાં પ્રથમ જ વાર ગણધરજી સુધર્મસ્વામી પાસે પ્રવચન સાંભળવા ગયા અને વૈરાગ્ય રંગથી રંગાઈ ગયા. વાણી સાંભળી જંબુ જાગી ગયા. સંસાર પ્રત્યેનો નિર્વેદ હૈયામાં ઉછાળા મારી રહ્યો હતો તો સંયમ પ્રત્યેનો તીવ્ર સંવેગ પ્રગટી ચૂક્યો હતો. એવા પરમ પાવન જંબુકૂમારે સુધર્મસ્વામીની પાસે સંયમ લેવાની વાત રજૂ કરી ત્યારે સુધર્મસ્વામી બોલ્યા હતા હે દેવાનુંપ્રિય ! **मा पडिबंध करेह** । સારા કામમાં વિલંબ કરવો જોઈએ નહીં. બસ, આ મધુર શબ્દથી જંબુનું મન નાચી ઊઠ્યું.

ઘરે જઈ માતા-પિતા પાસે સંયમ સ્વીકારવાની વાત રજૂ કરી. પરંતુ આઠ કન્યા સાથે લગ્ન કરવાની વાત સાંભળી જંબુ આશ્ચર્ય અને ઊંડા ચિંતનમાં મૂકાઈ ગયા. પરંતુ જંબુના વૈરાગ્યના ઝળહળતા દીપકને, કોની તાકાત છે કે બુઝાવી શકે.? જંબુ પરણી ગયા, પરંતુ વૈરાગ્યના સત્ત્વની તાકાત તો જુઓ. આઠે કન્યા જંબુકુમાર સાથે દીક્ષા લેવા તૈયાર થઈ ગઈ. પ્રતિવાદી ૫૦૦ ચોર પણ ચોર મટી ચારિત્રવંત બનવા તૈયાર થયા અને જંબુ આદિ નવે આત્માના માતા-પિતા પણ સંયમ સ્વીકારવા ઉમંગી બન્યા. વાહ, જ્યારે ૫ ૨ ૭ જીવો સુધર્મસ્વામીના પરમ શીતલ સાનિધ્યે સંયમ ધર્મ સ્વીકારવા ગયા હશે ત્યારે કેવું વાતાવરણ સર્જાયું હશે ! અરે, આ દશ્ય કેવું અલૌકિક અને અજોડ હશે. દીક્ષિત જીવન સ્વીકારી લીધા બાદ જંબુસ્વામીની જિજ્ઞાસા ચરમ સીમાએ પહોંચી હતી. કંઈક જાણવાની અને કંઈક મ્હાણવાની તમન્નાને લઈને જંબુસ્વામીએ ગુરુવર સુધર્માસ્વામીને પ્રશ્ન કર્યો કે હે ગુરુદેવ, પ્રભુ મહાવીરસ્વામીએ શું ફરમાવ્યું છે ? કેવી વાણી ફરમાવી છે? ત્યારે સુધર્માસ્વામી ફરમાવે છે.

**सुयं मे आउसं । तेणं भगवया एवमक्खायं इहमेगेसिं णो सण्णा भवई ।**

"હે આયુષ્યમાન જંબુ ! શ્રમણ ભગવંત મહાવીરસ્વામીએ ફરમાવ્યું છે તે તું સાંભળ." જંબુ એલર્ટ થઈ એકાગ્ર ચિત્તે સુધર્મસ્વામીના સાનિધ્યમાં બિરાજેલ છે. સુધર્મસ્વામી એટલે મહાવીરસ્વામીના ગણધર. જેમણે પ્રભુના પરમ સાનિધ્યની શીતલ

છાયા અનુભવી છે. પરમ સમાધિને માણી છે, પ્રભુને જોયા છે, પ્રભુની સાથે રહ્યા છે અને પ્રભુને સાંભળ્યા છે એવા સુધર્માસ્વામી જંબુસ્વામીને જણાવી રહ્યા છે કે પ્રભુ મહાવીર સ્વામી ફરમાવે છે **'णो सण्णा भवइ'**

''વિશ્વમાં કેટલાક જીવોને સન્ના હોતી નથી.'' સન્ના એટલે જ્ઞાન. જગતના કેટલાક જીવોને જ્ઞાન હોતું નથી કે હું કોણ છું ? મારું સ્વરૂપ શું છે ? હું કઈ દિશામાંથી આવ્યો છું, મારી કઈ દશા છે ? આમાંનું કંઈ જ જ્ઞાન હોતું નથી. ગૌતમસ્વામીના પ્રશ્નનું સમાધાન કરતાં પ્રભુ મહાવીરે જણાવ્યું કે'' હે ગૌતમ ! આ જગતના જીવોના દુઃખનું મૂળ કારણ છે ! **'अन्नाणस्स'** અજ્ઞાનતા છે. અજ્ઞાન એ જ વિશ્વના જીવોનું મહાદુઃખ છે. જીવોને અજ્ઞાન દુઃખ જેવું લાગતું નથી. જીવોને રોગ દુઃખરૂપ લાગે છે. ધંધામાં થયેલ નુકસાન દુઃખરૂપ લાગે છે. પરિવારમાં થયેલ કંકાસ દુઃખ સમો લાગે છે. સંયોગો-વિયોગોની ઘટના દુઃખમય લાગે છે. પરંતુ આ જીવને પોતાના સ્વભાવાદિથી વંચિતપણાનું યાને અજ્ઞાનપણાનું દુઃખ લાગતું નથી. આઠ કર્મોમાં સૌ પ્રથમ જ્ઞાનાવરણીયને મૂકવામાં આવ્યું છે અને દશ વૈકાલિક સૂત્રમાં દર્શાવવામાં આવ્યું કે જ્ઞાન પ્રથમ પ્રાપ્ત કરવાનું. અને જીવોની દયા પછી પાળવાની.

**पढमं नाणं तओ दया'**

અજ્ઞાની શું સંયમ પાળશે ? સંયમ તો જ્ઞાનવંત આત્મા જ આરાધી શકે છે. અને હા, પ્રભુએ આચારના પાંચ પ્રકાર બતાવ્યા છે. તેમાં સૌ પ્રથમ આચાર બતાવ્યો છે જ્ઞાનાચાર. આ જ્ઞાનાચાર વિના ચારિત્રાચાર અહંકારનું જ કારણ બને છે. મારા જેવું ચારિત્ર કોઈનું નહીં નો ઘમંડ જન્મે છે.

ભગવંતે ફરમાવેલા અનેક ભાવોમાંથી વર્તમાને આપણી પાસે બત્રીસ જ આગમ મોજૂદ છે. તેમાં ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૪ છેદ, ૪ મૂળ, ૧ આવશ્યક - ૩૨. બત્રીસ આગમમાં સૌ પ્રથમ અંગ સૂત્ર એટલે 'આચારાંગ સૂત્ર.' આચારાંગજી સૂત્રના બે શ્રુતસ્કંધ, અને પ્રથમ શ્રુતસ્કંધમાં નવ અધ્યયન. તેમાં પ્રથમ અધ્યયન, તેમાં છ ઉદ્દેશા બતાવવામાં આવ્યા છે. તેમાંનો પ્રથમ ઉદ્દેશો અને હા, પ્રથમ ઉદ્દેશામાં અનેક સૂત્ર પદ આપવામાં આવ્યા છે. તેમાંનું પ્રથમ સૂત્ર પ્રભુ વદ્યા, **'નો સન્ના ભવઈ'** કેટલાક જીવોને જ્ઞાન હોતું નથી. સન્નાનો અર્થ જ્ઞાન કરવામાં આવ્યો છે. શાસ્ત્રમાં જ્ઞાનના પાંચ પ્રકાર બતાવવામાં આવ્યા છે. અજ્ઞાન હોવાના કારણે જીવ શિવની યાત્રા આરંભી નથી શક્યો. અજ્ઞાનવશાત્ નહીં કરવાના કાર્યો કર્યાં. હિંસા, હત્યાકાંડ બધું જ અજ્ઞાનતાના જ ફળ છે.

અને હા, વૈરાગ્યના ત્રણ પ્રકારમાં પણ જ્ઞાનગર્ભિત વૈરાગ્યને શ્રેષ્ઠ વૈરાગ્ય તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.

બાવીસ પ્રકારના પરિષહમાં અજ્ઞાનને પણ પરિષહમાં ગણવામાં આવ્યો છે. અજ્ઞાન એ દુઃખરૂપ છે, ભારરૂપ છે, કષ્ટરૂપ છે.

પ્રભુનું ફરમાન છે કે સુખી થવાની તમારી તમન્ના હોય તો ચેતન અને અચેતનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરો. કર્મના સ્વભાવને અને ધર્મના સ્વભાવને જાણો. અને જો તમે જાણશો તો જરૂર પામશો.

જીવ પાસે જ્ઞાન આવે એટલે વિરતિ સહજ કેળવાય જાય, તેમાં લેશમાત્ર શંકાને સ્થાન નથી. આજે વ્યાવહારિક જ્ઞાન માટે જેટલી દોડાદોડ અને ધગશ છે એટલી આત્મિક જ્ઞાન માટેની ધગશ જોવા મળતી નથી. પરંતુ યાદ રાખજો કે આત્માએ મેળવેલું સમ્યક્ જ્ઞાન – દર્શન જ પરલોકમાં સાથે આવવાનું છે. તો ચાલો, આપણા આત્માના ગુણો માટે ઉદ્યમવંત બની, અપૂર્ણ મટી પૂર્ણતાને પ્રાપ્ત કરી જીવનને ધન્ય બનાવીએ. સમ્યક્ જ્ઞાન માટે ઉદ્યમ કરવાનું ચાલું જ રાખો, અંતર ઓરડામાં જરૂર જ્ઞાન – ઉજાશ ફેલાશે.

આચારાંગ સૂત્રમાં પ્રભુ મહાવીર સ્વામીએ જગતના જીવોની દશા અને દિશાઓનું દિગ્દર્શન કરાવ્યું છે. જન્મવામાં આ જીવે કોઈ દિશા બાકી રાખી નથી. તમામ દિશામાં એક વાર નહીં, અનેકવાર જન્મ-મરણના દુઃખો સહન કરીને આવ્યો છે. છતાં હજી શાંત થઈને વિચારવા તૈયાર નથી. તમારો ભૂતકાળ યાદ કરો. તમે નરકની યાત્રા કરી આવ્યા છો. જ્યાં પ્રતિક્ષણ મહા પીડા ભોગવી રહ્યા હતા. હજારો સૂર્ય કરતાં વધુ ગરમીમાં જીવ શેકાતો હતો. હાય ! હજી તો શ્વાસ લેવા જાય ત્યાં પરમાધર્મી દેવો તીક્ષ્ણ હથિયાર વડે તમારા ટુકડે-ટુકડા કરી નાખે. આવા દુઃખો એકવાર નહીં, અનંતી વાર નરકની દશામાં ભોગવી આવ્યા. નારકીની મહા ભયંકર દશામાં જન્મીને આવ્યા છતાં જીવ પાપ કરવામાં પાછું વળીને જોવા તૈયાર નથી. હાય ! કેવી છે અજ્ઞ આત્માની દશા ? પ્રભુ મહાવીરસ્વામી આચારાંગ સૂત્રમાં ફરમાવે છે કે

**अण्णयरीओ वा दिस्साओ आगओ अहमंसि, अणुदिस्साओ वा आगओ अहमंसि**

દિશાઓ, અનુદિશાઓ અને વિદિશામાં ફરનારો, તે બીજું કોઈ નહીં, હું પોતે જ છું. દશા હતી અજ્ઞદશા અને દિશા હતી અનેક. ભગવંતે દ્રવ્યદિશા અને ભાવદિશાનું વર્ણન કર્યું છે. દ્રવ્ય દિશા ૧૮ છે અને ભાવ દિશા પણ ૧૮ છે. આ તમામ દિશામાં ભ્રમણ કરીને આજે આપણે માનવ ભવની દિશામાં જન્મ પામ્યા છીએ, હવે વિચારો,

આ ભવમાં જીવન કેવું જીવવું છે ? ફેશનના રવાડે ચડી જિંદગીને નરક બનાવવી છે કે સંસ્કારોથી સભર જીવન જીવી જિંદગીને સ્વર્ગ બનાવવી છે. પ્રભુ કહે છે કે સુખ કોઈ દિશામાં નથી, અને સુખ જો કોઈ દિશામાં હોત તો આપણને મળ્યું જ હોત. કારણ બધી જ દિશામાં હું અને તમે જઈ આવ્યા છીએ અને જીવીને આવ્યા છીએ. હા.... આપણો આત્મા સ્વર્ગમાં પણ જઈ આવ્યો છે. ત્યાંની સાહ્યબીનું તો શું વર્ણન કરું ? અજબ-ગજબની દુનિયા છે સ્વર્ગની. જ્યાં જન્મથી જ આપણે જુવાન હતા. નખમાં પણ રોગ નહીં. અરે, જિંદગીભર બુઢાપો આવે નહીં. જે ઈચ્છો તે કરી શકો, ભોગવી શકો અને જ્યાં ઈચ્છો ત્યાં ફરી શકો. અરે, આંખના પલકારામાં અનેક રૂપો બનાવી શકે તેવી ગજબની શક્તિ દેવોની હોય છે. આ વર્ણન સાંભળીને રખે સ્વર્ગમાં જવાની ઈચ્છા કરી બેસતા....! કારણ, પ્રભુ મહવીરસ્વામી ફરમાવે છે કે હે જીવ, તું સ્વર્ગની દિશામાં અને દેવની દશામાં જન્મી આવ્યો છે. એકવાર નહીં અનંતીવાર દેવસુખને ભોગવી આવ્યો છે, છતાં હજી તું તૃપ્ત થયો નથી. પૂર્ણ સુખી બન્યો નથી. હાય ! નરકના જાલીમ દુઃખો સહ્યા છતાં જીવ પાપો કરવાનું ત્યાગતો નથી, અને સ્વર્ગના સુખો અનંતીવાર આ જીવે ભોગવ્યા છતાં, આ જીવ સંસાર સુખથી ધરાતો નથી. નરકમાં દુઃખી હતો તે હું જ છું. **सोऽहं**, તો સ્વર્ગના સુખમાં મગ્ન થઈ વરસોના આયુષ્ય પૂરા કરનારો પણ હું જ છું. અરે પ્રભુ ! આ જીવની કેવી દશા છે ? પૂજ્ય રત્નાકર મુનિવર રત્નાકર પચીશીમાં પ્રાયશ્ચિત કરતાં જણાવે છે કે,

**આયુષ્ય ઘટતું જાય તો પણ પાપ બુદ્ધિ નવ ઘટે**
**આશા જીવનની જાય પણ વિષયાભિલાષા નવ મટે**
**ઔષધ વિષે કરું યત્ન પણ, હું ધર્મને તો નવ ગણું,**
**બની મોહમાં મસ્તાન હું, પાયા વિનાના ઘર ચણું**

ઓ માનવ ! સાવધાન..... પ્રતિદિન તારું મૂલ્યવાન આયુષ્ય કર્મ ક્ષય થતું જાય છે. પાપબુદ્ધિને બંધ કરી, બુદ્ધિની શુદ્ધિ કરી, આત્મવિશુદ્ધિ કરવાના કાર્યમાં પ્રમાદ કરીશ નહીં. દુનિયાની અનેક દિશામાં અને અનેક દશાઓમાં જીવ્યા બાદ હવે તો તારા આત્માને સાચી દિશામાં લઈ જા. '**जहा ओसअे बिंदुअे**' ના સૂત્રને સતત નજરમાં રાખીને તારી આત્મદશા પ્રગટાવ.

બધી દિશામાં તેં પ્રયત્ન કર્યા છે સુખી થવાના. હવે, જ્ઞાનીની હિત શિખામણ છે કે તું તારા આત્માની દિશા તરફ નજર લંબાવ. તું તારી દિશાને જો, તારી સ્વ દિશાની

તરફ ચાલવા માટે તૈયાર બન. આ એક જ અવતાર એવો છે, જેમાં અંતર દિશા તરફ ચાલીને, જગતયાત્રા બંધ કરી અંતરયાત્રા શરૂ કરી શકાય છે. બધી દિશામાં જઈ આવ્યો, હવે તું તારી આત્મ દિશામાં જવાનો શુભારંભ ચાલુ કર. કાલે કરીશ અને ક્યારેક કરીશની તારી કલ્પનાઓને સ્વપ્નાઓને સદંતર બંધ કરી આજથી જ આત્મદિશા તરફ જવાનો અને આત્મદશા પ્રગટાવવાનો અજોડ પુરુષાર્થ ઉપાડ. કાલની વાત કરીશ નહીં, કારણ...

**કલકા ઓ કહેનેવાલે કલકા; પલકા ભરોસા નહીં પલકા,**
**સોચતે હૈ બહૂત બડી દૂરકી; શ્વાસકા ભરોસા નહીં પલકા.**

જ્ઞાની ભગવંત કહે છે કે શ્વાસ પર વિશ્વાસ રાખીને તું ફરીશ નહીં **'अंसखयं जीवीउं मा पमायए'** આ જીવન પૂર્ણ થયા બાદ સંધાતુ નથી. માટે હે સાધક 'मा पमायए' પ્રમાદ કરીશ નહીં.

તો હવે, અંતરયાત્રાની શરૂઆત ક્યાંથી કરશું? આત્મદશાને પ્રગટાવવાની શરૂઆત ક્યાંથી કરશું ? તો જ્ઞાની ભગવંત આચારાંગ સૂત્રમાં ફરમાવે છે કે તું તારાથી શરૂઆત કર. હું કોણ છું ? તેનું જ્ઞાન પ્રગટાવ. હું કેવો છું ? તેની શોધ કર. હું ક્યાંથી આવ્યો છું અને મારું સ્વરૂપ શું છે. આ બાબતનું જ્ઞાન પ્રગટાવ. જ્યાં સુધી સમ્યક્ જ્ઞાન નથી ત્યાં સુધી ક્યાંથી ખબર પડશે કે હું કોણ છું ? માટે જ આચારાંગ સૂત્રની શરૂઆત કરતા જ કરુણા સાગરે ફરમાવ્યું છે કે **'नो सण्णा भवई'** જીવને પોતે કોણ છે તેનું જ જ્ઞાન નથી. હે જીવ, તું તારા સ્વરૂપને જાણ. આ જગતમાં સૌથી મોટું દુઃખ ક્યું ? આનું સમાધાન ભગવંત ફરમાવે છે કે અજ્ઞાન એ જ આ જગતના જીવોનું સૌથી મોટું દુઃખ છે. જીવને રોગનું દુઃખ લાગે છે પણ રાગનું દુઃખ, દુઃખ લાગતું નથી. દુનિયામાં કેટલું જોવાનું-જાણવાનું રહી ગયું છે તે બરાબર યાદ રાખે છે. પરંતુ પોતે પોતાના આત્માને જોવાનો-જાણવાનો બાકી છે તે વાત યાદ જ નથી આવતી. કેવી કરુણાજનક બાબત છે. યાદ રાખજો,

**દુનિયાકી મજા હરગિઝ કમ ન હોગી,**
**મગર અફસોસ, દુનિયામેં હમ ન હોંગે.**

દુનિયાની મજામાં જીવન આખું વેડફનારને ક્યાં ખબર છે કે મજા ક્ષણની છે પણ તેની સજા સદીઓ સુધી આ જીવને ભોગવવી પડે છે. સાવધાન !

૫

# દુઃખ નહિ દોષ ખરાબ છે

असंखयं जीवियं मा पमायए, जरोवणी अस्स हु नत्थि ताणं ।
एवं वियाणाहि जणे पमत्ते, किण्णु-विहिंसा अजया गहिंति ॥

તૂટેલું જીવન ફરી સંધાતું નથી, એટલા માટે પ્રમાદ ન કરો
અને વિચાર કરો કે વૃધ્ધાવસ્થામાં કોઈ રક્ષક નથી,
એમ જાણી હિંસક અને
અયત્નાવાળા જીવો કોના શરણમાં જશે ?

સાધનો માત્ર સગવડતા સુધી મર્યાદિત છે. સાધના અમાપ અને અલૌકિક સુખ આપવા સમર્થ છે. સાધનો સગવડતા સુધી જ પહોંચી શકે છે, સુખ સુધી નહીં. અને હા..... સાધનોની સગવડ તો કોઈના માટે અનુકૂળ, તો કોઈના માટે પ્રતિકૂળ પણ સાબિત થઈ શકે છે. પરંતુ સાધના પ્રત્યેક સાધકો માટે ફક્ત સુખ માટે જ પૂરક બને છે. આવો, આપણે સાધનોની ગુલામીનો પરિત્યાગ કરી સાધનાના ક્ષેત્રે ચાલવાનું શરૂ કરીએ. સાધનો તૃપ્તિનું કારણ નથી પણ એ તો અતૃપ્તિની આગ છે. જેમ-જેમ સાધનો લાવતાં જાવ તેમ તેમ સાધનોની લાલસા મનમાં વધુ ને વધુ ઊભી થતી જાય છે. જ્યારે સાધના જીવને તૃપ્ત તો કરે જ છે, પરંતુ સંસારને પણ કાયમ માટે સમાપ્ત કરવા સક્ષમ છે. પ્રભુ મહાવીરે સાધનાનો માર્ગ બતાવ્યો છે. સાધના કરો.... શુદ્ધ બનો.... અને અંતે સિદ્ધ પદને પામો. આ સર્વોતમ દેશના આ જગતના જીવોને આપી છે. હે આત્મા ! સાધનો તને સગવડતા રૂપ ત્યારે બને છે જ્યારે તારું પુણ્ય તેજસ્વી હોય છે. પુણ્યના અભાવમાં સંસારનું એક પણ સુખ તારી પાસે ડોકિયું કરવા પણ આવે નહીં. **પુણ્યને સુખ માની લેવાની ભૂલ ક્યારેય કરવી નહીં. સાધનાના માધ્યમે પુણ્ય વધવાથી સગવડતા, સદ્ગતિ તો મળે જ છે, પરંતુ કર્મોની નિર્જરા થવાથી પરમગતિ એવી મોક્ષગતિ પણ પ્રાપ્ત થાય છે.** કાયમ માટે દુઃખ રવાના અને કાયમી સુખી થઈ જવાના. અને હા.... આવો સાધનાનો માર્ગ મળ્યા પછી કોણ પ્રમાદ કરે સાધના કરવામાં....?

સંસારી જીવોના મગજમાં ગણિત છે કે જેટલાં સાધનો વધારે એટલું સુખ. સંયમીના ગણિતમાં છે જેટલી સાધના વધારે એટલું સુખ. આચારાંગ સૂત્રમાં પ્રભુ ફરમાવે છે કે આ જગતના જીવો પોતાના જીવનમાં આવેલાં દુઃખોનો નાશ કરવાં માટે અનેક જીવોની હિંસા કરે છે.

જીવનમાં આવેલાં દુઃખોથી મુક્ત થવાં જીવો અન્ય જીવોની હિંસા કરે છે. દુઃખોને ભગાડવાની તમન્ના વાળા જીવો કેટલાયનાં જીવનને દુઃખમાં ધકેલી દેતા હોય છે. પ્રભુ કહે છે, જીવને દુઃખ શું છે, દુઃખ ક્યાંથી આવે છે અને દુઃખને આવવાનાં કારણો શું છે તેની તો જાણ જ નથી અને દુઃખ દૂર કરવાની ધૂનમાં અનેક જીવોને દુઃખની ખીણમાં

નાખી દે છે. હાય, જીવની કેવી અજ્ઞાનતા...!

**इमस्स चेव जीवियस्स, परिवंदण - माणण - पूयणाए - जाई - मरण - मोयणाए, दुक्खपडिघायहेउं ।**

પોતાના દુઃખને સુખમાં ફેરવાની ઘેલછાને લઈને અનેક જીવોના સુખને દુઃખમાં ફેરવી નાખવાનું ભયંકર કૃત્ય કરે છે. યજ્ઞ કરીને બલિ ચડાવવાથી દુઃખ ચાલ્યું જશે, તેમ ખબર પડે તો જીવ તે રસ્તે ચડી જાય છે. ધર્મના નામે હિંસા કરી સુખી થવાની ભાવનાવાળા અજ્ઞાની જીવોના દુઃખ હરગિજ દૂર થવાનાં નથી. ભગવાન મહાવીર સ્વામી કહે છે કે જે દુઃખ તમારી સામે આવે છે તે તમારા કર્મોનું જ ફળ છે. પૂર્વભવમાં કરેલાં કર્મો આ ભવમાં આવ્યાં છે, હવે સમાધિભાવ રાખી તેને સહન કરી લો. દુઃખને સહી લેવાથી દુઃખ દૂર થઈ જાય છે. દુઃખોનો નાશ કરવાનો સુંદર રસ્તો છે દુઃખોને હસતે મોઢે સહન કરી લો. ભવિષ્યમાં દુઃખો ન આવે તેવી ઈચ્છા હોય તો દુઃખના કારણભૂત એવા હિંસાદિના પાપાચરણ આજે જ બંધ કરો. દુઃખ વ્યક્તિને કંઈક શીખવાડી જાય છે. દુઃખ જીવન જીવવાનો પ્રથમ પાઠ છે. મહાપુરુષો દુઃખને સહન કરીને જ મહાન બન્યા છે. સાચું બોલજો, જીવનમાં પ્રતિકૂળતા સર્જાય છે ત્યારે પ્રભુને યાદ કરો છો કે બધી અનુકૂળતામાં? બધા પાસા સવળાં પડે ત્યારે સંતોને યાદ કરો છો કે બધી બાજુથી અટવાઈ ગયા હો ત્યારે? બસ, આ જ વાત બતાવે છે કે દુઃખ પ્રભુ પાસે લઈ જવાનું સુંદર સોપાન છે. દુઃખમાં જરા પણ ગભરાઈ ન જાવ. અને આવેલાં દુઃખોને દૂર કરવા માટે કોઈ પણ જીવોની હિંસા ન કરશો. કારણકે હિંસા અન્ય દુઃખોને પણ ખેંચી લાવે છે. વ્યક્તિમાંથી સ્વાર્થ નીકળી જાય તો વ્યક્તિ મહાન બની જાય. દુઃખમાં બધું ભૂલીને ન કરવાનું કરવા બેસી જાય છે.

એટલે જ કહ્યું છે ને......

**ભલાને કોણ પૂછે છે, અહીં બૂરાને કોણ પૂછે છે !**
**સંજોગ ઝુકાવે છે માનવીને, નહીંતર અહીં પ્રભુને પણ કોણ પૂછે છે.**

જીવન સાગરમાં અનેક તોફાનો આવે અને જાય એથી ગભરાઈ જઈને અન્ય જીવોની હિંસા કરવાનો કોઈ અર્થ નથી.

કૃષ્ણ મહારાજા એક દિવસ કુંતી પર ખૂબ જ પ્રસન્ન થયાં અને કુંતીને કહ્યું, ''હે કુંતી, તારે જે માંગવું હોય તે માંગી લે, આજે તારા પર હું પ્રસન્ન થયો છું.'' ત્યારે કુંતીએ દુનિયાની કોઈપણ ચીજ વસ્તુ ન માંગતા એટલું જ માંગ્યુ કે ''હે કૃષ્ણ મહારાજા, તમારે મને કાંઈ આપવું જ હોય તો એ આપો કે विपदा सन्तु न शाश्वतः

**મને રોજ થોડી વિપદા (દુઃખ) આપતા રહેજો, જેથી કરીને હું રોજ આપને યાદ કરતી રહું.''**

બોલો, તમારી પર કોઈ દેવ પ્રસન્ન થાય અને તમને માંગવાનું કહે તો તમે શું માંગો? 'સાહેબ, અમારી પર ઘરના પ્રસન્ન થતાં નથી તો દેવ શું પ્રસન્ન થાય ?' જો કે એ વાત પણ સાચી છે. મુખ્ય વાત એ છે કે જીવો પોતાનાં દુઃખથી દૂર થવા માટે અન્ય જીવોના પ્રાણ લેતા પણ વિચાર કરતા નથી. પરંતુ પ્રભુ કહે છે કે દુઃખ-મુક્તિની તારી ઝંખના ત્યારે જ સફળ બનશે જ્યારે તારી તમન્ના દોષોથી મુક્ત બનશે. દોષો જ બધાં દુઃખોને જન્મ આપે છે માટે દુઃખનો નાશ કરવા કરતાં દોષોનો નાશ કરવો જરૂરી છે. અન્ય ધર્મમાં તો એમ માનવામાં આવે છે કે ઈશ્વર જ દુઃખો આપે છે અને ઈશ્વર જ સુખો આપે છે. હવે તમે એક વિચાર કરો કે જે ઈશ્વર તમોને દુઃખ આપે તે ઈશ્વરના નામની માળા તમે ગણો ખરા ? જે ઈશ્વર તમને રોગિષ્ટ બનાવે તેના તમે દર્શન કરો ખરા ? ઈશ્વરને કર્તા માનનારે ઈશ્વરને સુખ-દુઃખના કર્તા માની લીધા. જીવે પોતે જ કરેલાં કર્મોથી સુખ-દુઃખ આવે છે તેવું જૈનધર્મ કહે છે.

**આત્મા જ કર્મોનો કર્તા છે અને આત્મા જ કર્મોનો ભોક્તા છે.**
**ઇશ્વર તો માત્ર જ્ઞાતા અને દૃષ્ટા સ્વરૂપ છે.**

એકવાર અયોધ્યાના દરવાજે હનુમાનજી નિરાશ વદને બેઠા હતા. તે સમયે નારદજી ત્યાંથી પસાર થતા હતા. ત્યાં તેમની નજર હનુમાનજીના મુખ પર પડી. 'અરે હનુમાનજી, આમ સાવ નિરાશ થઈને કેમ બેઠા છો ?' ત્યાં જઈને નારદજીએ નિરાશ થવાનું કારણ પૂછ્યું. ત્યારે હનુમાનજીએ કહ્યું કે સીતાજીની છઠ્ઠી કોણે લખી હતી.... મારે એને મળવું છે.'' ત્યારે નારદજીએ હનુમાનજીને બ્રહ્માનું નામ આપ્યું અને તેમનું રહેઠાણ બતાવ્યું. હનુમાનજી તરત જ ખૂબ ઝડપથી બ્રહ્માજી પાસે પહોંચી ગયા. બ્રહ્માને જોઈને તેમની પર હનુમાનજીએ આક્રોશ ઠાલવ્યો.... લાલચોળ બનેલા હનુમાનજીને બ્રહ્માએ કહ્યું. 'હા ભાઈ, સીતાજી ની છઠ્ઠી મેં લખી છે. પરંતુ તમે મને એ વાત તો કહો કે તમારી છઠ્ઠી કોણે લખી છે, કે આજે તમે મારી પર આટલો રૂઆબ કરી રહ્યા છો.'' બસ, હનુમાનજી ઠંડા હેમ બની ગયા.... બસ, આ વાત એમ સૂચવે છે કે કોઈ કોઈની છઠ્ઠી લખવા બેઠું નથી. આપણે જ આપણા ભાગ્યના વિધાતા છીએ. અત્રે જેવું કરશો તેવું પામશો. પ્રભુનું વચન છે કે છેદશો તો છેદાવું પડશે, ભેદશો તો ભેદાવું પડશે, મારશો તો મરવું પડશે, કાપશો તો કપાવું પડશે.

સાવધાન.... ! દુઃખ દૂર કરવા જતાં દુઃખોની નવી પરંપરા ન સર્જાય જાય તેનું ધ્યાન રાખજો. દુઃખનો સર્જનહાર આપણો જ આત્મા છે અને સુખનો જન્મદાતા પણ સ્વયંમ જ છે. પસંદગી તમારે જ કરવાની છે કે બીજાને દુઃખી કરી, ભાવિમાં દુઃખ ઊભું કરવું છે કે વર્તમાને સર્વેને સુખી બનાવી, ભાવિમાં સુખની પરંપરા સર્જવી છે. દુઃખની ઇચ્છા ન હોવા છતાં જીવન ક્ષેત્રે દુઃખોની વણઝાર ઊભી થઈ જાય છે અને સુખ કાયમ મારી પાસે રહે તેવી દઢ તમન્ના હોવા છતાં સુખ હંમેશાં હાથતાળી આપી રવાના થઈ જ જાય છે. જુઓ, ભગવાન ઋષભદેવ ઘરે-ઘરે ગોચરી માટે ફરતા હતા, ક્યાં મળી હતી ગોચરી ? આ પણ કર્મોનાં જ ફળ હતાં ને ! સાધના દરમ્યાન કર્મોએ ક્યા છોડ્યા છે. આ જ કર્મોએ ગજસુકુમાર મુનિ મોક્ષમાં જતા જતાં પણ હિસાબ ચૂકતે કર્યો છે. આ કર્મોએ મોક્ષગામી જીવોને પણ છોડ્યા નથી, તો તમને અને મને છોડી મૂકશે, એ વાતમાં શું માલ છે ? **'कडाण कम्माण ण मुक्ख अत्थि'** કરેલા કર્મોને ભોગવ્યા વિના મુક્તિ નથી.

મુનિ ભગવંતો સામેથી કષ્ટોને આમંત્રણ આપતા હતા અને અભિગ્રહ ધારીને કર્મોને પડકારતા હતા. આજે કષ્ટોને આમંત્રણ આપવાની શક્તિ ન હોય તો વાંધો નહીં. પરંતુ કમ સે કમ નવાં કર્મોને આમંત્રણ આપવાનું તો બંધ કરો. આજે માનવીના જીવનમાં સાધનો પુષ્કળ વધતાં જાય છે અને તેની સામે સમતાનું ધોરણ સાવ ખલાસ થતું જાય છે. જેના જીવનમાં અહિંસા અને સમતાનાં લક્ષણો હોય તેને જ્ઞાની કહેવાય. અહિંસાના હિસાબે / પ્રભાવે જીવને સાતા પ્રાપ્ત થાય છે અને સમતાના પ્રભાવે જીવને હર હાલતમાં સમાધિ પ્રાપ્ત થાય છે. જો તમોને સાતા રહે છે તો સમજી લેવું કે અહિંસા ગુણ તમારા જીવનમાં આવ્યો છે. સંયોગો - વિયોગોનાં તોફાન વચ્ચે તમે પૂર્ણ શાંત-સમતા રસવાળા રહો છો તો સમજી લેવું, હવે તમારું જ્ઞાન તમારા જીવનમાં પરિણમ્યું છે.

આચારંગજી સૂત્ર કહે છે કે કેટલાક જીવો દુઃખથી મુક્ત થવાનો પ્રયત્ન કરે છે પરંતુ બીજા જીવોને દુઃખી કરીને **'दुक्खपडिघायहेउं'** પરંતુ પ્રભુ કહે છે કે બીજા જીવોનું રક્ષણ કરવાથી અને અન્ય જીવો તરફથી આવતા દુઃખોમાં સમતા રાખવાથી કાયમ માટે દુઃખમાંથી મુક્ત થઈ શકાય છે. ચાલો ત્યારે, જીવનમાં અહિંસા-સમતા ગુણની સ્થાપના કરી સાચા અર્થે મોક્ષમાર્ગના માર્ગી બની મોક્ષને પ્રાપ્ત કરીને જ રહીએ. જગતમા જન્મી આ જીવે ઘણું પ્રાપ્ત કર્યું છે. હવે કામનાને નિવારી વિસાદના વમળમાંથી મુક્ત બનીએ. જુઓ દશવૈકાલીક સૂત્રમા

कहं नु कुज्जा सामण्णं, जो कामे न निवारए ।
पए-पए विसीयंतो, संकप्पस्स वसं गओ ।।

જન્મોજન્મની આપણા સર્વેની અંતર ઝંખના હતી કે મને સુખ મળે. મારા સઘળાં દુઃખો ટળે, ઉપાધિઓ અળગી થાય અને સમાધિનો સાગર મળે. મને ન ગમે તાપ, ન ગમે સંતાપ. આવી ભાવનાઓ આપણા અંતરમાં યુગોથી રમી રહી છે. છતાં ન તો સુખ મળ્યું કે ન તો દુઃખ ગયું. ઉપાધિઓ વળગેલી રહી, સમાધિ માત્ર સ્વપ્નવત્ બની, કારણ, જીવને સુખ જ જોઈએ છે. પરંતુ સુખના માર્ગે ચાલવાની લેશમાત્ર તૈયારી નથી. સુખી બનવું છે, પરંતુ સુખી બનવાનાં જિનેશ્વરનાં વચનોને અનુસરવાની પસંદગી નથી. જમવાની ઇચ્છા છે પણ જમવું નથી તો પેટ ક્યાંથી ભરાય. બસ, આ ભવમાં તમારે ખરા અર્થમાં સુખી થવાની તમન્ના હોય તો આજથી જ જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે જીવન જીવવાની તૈયારી કરો. માનવીની જિંદગીમાં જ સુખનાં સ્વપ્નાં સાકાર થઈ શકે તેમ છે. આ અવસર જ તમારી સુખી થવાની તમન્નાને સફળ બનાવી શકશે. **मा पमायए** પ્રમાદ ન કરીશ. પુરુષાર્થ ઉપાડો સમ્યક્ દિશા તરફ. તમારો જન્મ થયો છે અજન્મા બનવા માટે, જીવને શિવની કોટિમાં દાખલ થવા માટે, આત્માને પરમાત્માની સમીપ લઈ જવા માટે. આપણને જિંદગી મળી છે, અંતરની ખોજ કરવા માટે

**આવ્યા તો માનવભવમાં ખોજ કરવા**
**અને બેસી ગયા દુનિયામાં મોજ કરવા**

યાદ રાખો આ જિંદગી ઈન્દ્રિય સુખોની મોજ કરવા નથી મળી, ઈન્દ્રિયાતિત સુખને પ્રાપ્ત કરવા મળી છે. સાધનોના ગુલામ બનવા માટે નથી, સાધનાના ક્ષેત્રે ગુણ-પ્રાપ્તિ માટે મળી છે. આ જિંદગી જ્ઞાનીનાં વચનો અનુસરવા જીવવા માટે મળેલ છે. દુનિયાભરની મજા ભલે ભોગવી, પરંતુ તેમાં જીવને ક્યાંય તૃપ્તિ નથી. ભોગ તૃપ્તિ કોઈને થઈ નથી અને થશે નહીં. ભોગ તો રોગનું ઘર છે. ત્યાગ એ આત્માનું ઘર છે. ભોગ માર્ગ કઠીન અને દુઃખકારક છે. જ્યારે ત્યાગ માર્ગ ભલે દેખાય દુઃખ દાયક, પરંતુ કલ્યાણ કરતો રહેલો છે. આજ દિન સુધી ભોગ માર્ગે કોઈ ફાવ્યું નથી અને ત્યાગ માર્ગે ફાવ્યા વિના કોઈ જીવ રહ્યું નથી.

ભોગનો માર્ગ ક્ષણિક છે જ્યારે ત્યાગનો માર્ગ શાશ્વત છે. ટૂંકમાં સંસાર ચલાવવો અઘરો છે, જ્યારે સંયમમાં ચાલવું સરળ અને સહજ છે, છતાં અજ્ઞાનીને સંસાર સરળ લાગે છે જ્યારે જ્ઞાની વૈરાગી આત્માને સંયમ ફૂલ જેવો હળવો લાગે છે. ટૂંકમાં જ્ઞાની

જીવોને સંયમ વ્હાલો લાગે છે અને અજ્ઞાનીને સંસાર. સંસારી જીવને સંસાર સુખેચ્છાની પૂર્તિ કરવા માટે કેટ-કેટલું સહન કરવું પડે છે. સંસારની મજા માણતા પહેલા કેટલી સજાના શિકાર બન્યા છીએ. કોઈ આર્થિક દૃષ્ટિએ દુઃખી છે તો કોઈ રોગાદિના કારણે દુઃખી છે, તો કોઈ માનસિકથી પિડાય છે. સંસારી જીવ સંસારમાં કેટ-કેટલું સહે છે. બિચારાની હાલત કાદવમાં ખૂંપેલા હાથી જેવી છે. નથી તો પાણીને આંબી શકતો કે નથી તો કિનારે આવી શકતો. જેમ-જેમ બહાર નીકળવા મથે તેમ તેમ કિચડમાં વધુ ને વધુ ફસાતો જાય છે. કરોળિયો સારો છે કે પોતાના બનાવેલા જાળામાં પોતે ફસાતો નથી. પરંતુ સંસારી તો પોતાની જાળમાં પોતે જ ફસાઈ જાય છે. સંસાર માટે અનાદિ કાળમાં મેં અને તમે જેટલું સહન કર્યું હતું અને કરીએ છીએ એના કરતાં દસ ટકા પણ જો સંયમ માટે સહન કર્યું હોત તો આજે આપણે 'નમો સિદ્ધાણં' પદમાં પહોંચી ગયા હોત.

હું તો કહું છું કે સંસાર સુખના ભોગ કઠીન છે, પરંતુ સંસાર ભોગનો ત્યાગ સહેલો છે અને સરળ છે. આ મારી વાત તમારા મગજમાં નહીં બેસે. કારણ, તમારા આખા મગજમાં સંસાર જ બેઠો છે. કેટલાક સંસારી જીવો તો માત્ર સંસાર સુખની સામગ્રી જ ભેગી કરવા પાછળ સમય-શક્તિને ખોઈ નાખે છે, પણ ભોગવી શકતો નથી. તેનાં સંતાનો જ એ સામગ્રીને ભોગવી જલસા કરે છે. જ્ઞાની કહે છે ત્યાગ સહેલો માર્ગ છે. સંસારનો માર્ગ છે સગવડતાનો જ્યારે સંયમ માર્ગ છે સુખનો. આટઆટલું રોજ સંસારની વિચિત્રતાનું દર્શન કરાવીએ છીએ, છતાં સંસાર સુખનો ત્યાગ કરવા તમે કેમ તૈયાર થતા નથી, એ જ આશ્ચર્ય છે.

તમે જાણી જોઈને કોઈ દિવસ આગમાં પડ્યા છો ? ના સાહેબ, તો આગમાં પડવાથી શું પરિણામ આવે તે તમે જાણો છો ? સાહેબ, દાઝી જવાય. અચ્છા, તો તમે જાણતાં તો આગમાં ઝંપલાવો તેમ નથી, કારણ તમે અગ્નિની દાહકતાને બરાબર જાણો છો. તો તમે સ્વપ્નામાં કોઈ દિવસ અગ્નિમાં પડ્યા છો ? ના.... ના.... સ્વપ્નામાંય અગ્નિમાં નથી પડ્યા. અચ્છા જુઓ, ત્યારે તમે સ્વપ્નામાંય સજાગ છો કે આગમાં પડતા નથી. ઊંઘમાં ય તમારું મન જાગૃત છે.

તમારી સામે સાપ આવે તો તમે સાપની સામે જવાની તૈયારી બતાવો કે સાપથી દૂર નાસી જવાની તૈયાર કરો ? ભાગી જવાની. કેમ ? ભાગી જવાનું શું પ્રયોજન ? સાપ ડંખી જાય તો. અચ્છા, તો સાપના ડંખથી મૃત્યુ નીપજે તે સમજણ તમારામાં પાકી હોવાથી સ્વપ્નામાં પણ સાપ સામે જવા આપણે તૈયાર નથી. ખરું ને ?

અચ્છા, તો એ વાતનો જવાબ આપશો કે તમોને ભૂખ લાગી હોય, લાડવા તમારા ભાણામાં પીરસવામાં આવે, લાડવો ખાવા મોઢા સુધી લઈ ગયા અને કોઈ બોલે કે લાડવો ખાશો નહીં, તેમાં ઝેર ભેળવવામાં આવ્યું છે. બોલો, હવે શું કરો ? લાડવો ખાવાનો પસંદ કરશો કે નાખી દેવાનો પસંદ કરશો ? સાહેબ, ઝેરવાળો લાડવો તો કાંઈ ખવાતો હશે ? હું તમને પૂછું છું કે ઝેરવાળો લાડવો ખાવાથી શું થાય ? સાહેબ, પરલોક પહોંચી જવાય. અચ્છા, તો તમે ઝેરના સ્વભાવને બરાબર જાણો છો ખરું ને ?

આગની દાહકતાની જાણકારી હોવાથી આગમાં ઝંપલાવતા નથી, સાપના ડંખે મરણને શરણ થવાય છે એવો ખ્યાલ હોવાથી સાપ સામે જવાય નહીં અને ઝેરી લાડું ખાવાથી પરલોક ભેગા થઈ જવાય એવી જાણ હોવાથી લાડું ખવાય નહીં. તો હે આત્મન્, સંસારના સ્વભાવની તને ખબર નથી? સંસારમાં થતા પાપોની સમજણ નથી આપવામાં આવી ? ક્ષણના સુખની મજામાં સદિયોની સજા લમણે ઝિંકાય છે, તે વાત સંતોના મુખે તેં નથી સાંભળી અને છતાંય સંસારથી વેગળા થવાની તારી તૈયારી કેમ નથી ? હાય ! સંસારીની કેવી બૂરી દિશા ? **દીવો લઈ કૂવે પડ્યો ધિક્કાર છે મુજને ખરે !!** જીવવું થોડું ને ઝંઝટ કેટલી ! સુખ થોડું અને સમસ્યા કેટલી ? સુવિધા થોડી અને સંતાપ કેટલો? જ્યારે એની સામે સંયમમાં દુઃખ થોડું અને સુખ અમાપ છે. દૃષ્ટિ જોઈએ, પ્રાપ્તિ મબલક છે. એવા સંયમ ધર્મને સમજ્યા પછી કોણ સંસારના ત્રિવિધ તાપમાં ઝંપલાવે?

આ જીવ સંસાર સુખ માટે કેટલા જીવોની હિંસા કરી દુઃખ આપે છે. સંસારના સુખો ગમે તેટલાં મળે તો પણ તે સંસારીને તો ઓછાં જ પડવાનાં છે. કારણ કે, સંસારમાં પદાર્થો ઓછા છે અને પદાર્થોની ઇચ્છા વધારે છે. જે સામગ્રી જીવોને મળી છે તેની નોંધ નથી અને જે નથી મળી એની નોંધ લેવામાં ક્યારેય પાછા પડતા નથી.

પત્નીએ પતિના કાનમાં ફૂંક મારી. જો કે પહેલાં બહેનો ચૂલામાં ફૂંક મારતા હતી. હવે, આજના જમાનામાં ચૂલા રહ્યા નથી અને ફૂંક મારવાની આદત અકબંધ રહી ગઈ હવે શું થાય એટલે ફૂંક મારવાની જગ્યા બદલી નાખી. પુરુષના કાનમાં ફૂંક મારવાનું ચાલું કર્યું. પરિણામ શું આવે ? ચૂલામાં ફૂંક આગ લગાડે. કાનમાં લાગેલી ફૂંક ઘરમાં આગ લગાડે. સ્ત્રીઓએ ફૂંક મારવાનો સ્વભાવ ત્યાગવો જોઈએ અને પુરુષોએ કાચા કાનના ન બનવું, કાન પાકા રાખે. સાંભળવા જેવું જરૂર સાંભળે, ન સાંભળવા જેવું પણ સાંભળે પણ બીજા કાનથી કાઢી નાખે. પુરુષ વર્ગ જો તટસ્થ અને માધ્યસ્થ હોય તો ઘર આખું સુંદર રીતે ચાલે. ઘરના વડીલ તો ન્યાયાધીશ છે. કોઈને અન્યાય ન થાય તેનો ખ્યાલ

કરવાની જવાબદારી ઘરના વડીલની છે. પુરુષની જવાબદારી સૌથી મોટી અને મહત્ત્વની હોવાથી તો પુરુષને પ્રધાનતા અપાઈ છે.

પત્નીએ પતિના કાનમાં ફૂંક મારી કે 'ભલે તમે તમારી જાતને સુખી માનતા હો પણ તમારા કરતાં તમારા ભાઈ સુખી છે.' પુરુષના કાનમાં ફૂંક વાગે તો કુટુંબ આખું સળગી ઊઠે. અન્યના સુખને જોવાની ક્ષમતા જેની પાસે નથી, તેઓ ઈર્ષાની આગમાં સળગી જાય છે. અને હા, જે પોતાના પરિવારના સભ્યોને સુખી જોઈ ન શકે એને ધર્મિષ્ઠ માનવો કઈ રીતે ? ભલે ક્રિયા-અનુષ્ઠાનો કરીને પોતાની જાતને ધર્મી માની લે. પરંતુ દૃષ્ટિ પવિત્ર ન બને ત્યાં સુધી ધર્મી દેખાય પણ ધર્મી બની ન શકે.

'જુઓ, તમારી પાસે રાજ્ય છે, તમારા ભંડારો ભરપૂર છે, તમારો સ્વભાવ પણ સારો છે.' પત્ની બોલી રહી છે, ત્યાં પતિ બોલ્યા, 'તારે આથી વધું શું જોઈએ ?' 'જુઓ તમારી પાસે જે છે, તે બધું નથી, ઘણું ખૂટે છે, માટે તમે સુખી નથી. આપણી પાસે જે છે તેમાંનું બધું તમારા ભાઈ પાસે છે, પરંતુ એમની પાસે જે છે તે આપણી પાસે નથી. ''રાણી તું શું કહેવા માગે છે તે હું નથી સમજી શકતો.'' રાજન્, મારી વાત તમને નહીં સમજાય. તમને મારી વાત સાંભળવામાં ક્યાં રસ છે ? 'આમ બંને વચ્ચે સંવાદ ચાલ્યો. સંવાદ, સંવાદ ન રહેતાં વિવાદમાં ફેરવાઈ ગયો અને રાણીએ રાજનને ખુલ્લા શબ્દોમાં જણાવી દીધું કે' રાજન્, તમારા ભાઈ પાસે શ્વેત હાથી અને હાર છે, તે તમારી પાસે નથી. રાજા તમે અને આ બે ચીજ ભાઈ પાસે કેવી રીતે હોઈ શકે ? એ આપણી પાસે જ હોવી જોઈએ અને નહીં મળે તો..... 'બસ રાણી બસ, તું જરાય ફિકર ન કર. હમણાં જ ભાઈને જણાવું છું કે બંને વસ્તુ રાજ્યને સોંપી દે.' .... પરંતુ આ વાતમાં બંને ભાઈઓ સહમત ન થયા, એક બીજા સામે ઝૂકવા તૈયાર ન થયા અને સર્જાયું તુમુલ યુધ્ધ. અનેક સંહાર થયો. કલંકિત ઐતિહાસિક યુદ્ધ સર્જાયું. અંતે ન તો હાર મળ્યો અને ન મળ્યો શ્વેત હાથી. મરીને નરકાદિની મહાવેદના લમણે ઝિંકાઈ. હાય ! ઈર્ષા, તારા પાપે તો ભાઈ-ભાઈને પણ શાંતિથી જીવવા ન દીધા. યાદ રાખજો, બીજાનું સુખ તમારું બનાવવું હોય તો ઇર્ષાના માર્ગે ન જતા. પરંતુ પુણ્યના માર્ગે જવાનું પસંદ કરજો. કારણ કે પુણ્ય થકી જ આપણને બધું મળે છે. આ પુણ્ય અને પાપના ગણિત નહીં જાણનારો કેવાં-કેવાં દુષ્કાર્યો કરવાં તૈયાર થઈ જાય છે. આચારાંગ સૂત્ર જણાવે છે કે **परिवंदण - माणण - पूयणाए, जाइं-मरण-मोयणाए ।**

આ જીવ પોતાના જીવનના રક્ષણ, સુખ અને સગવડ માટે અન્ય જીવોની હિંસા

કરે છે. પરિણામે સુખ સાતાનું નહીં પણ દુઃખ અસાતાનું પાપ બાંધે છે. અરે... ભગવાન તો સંસારી જીવોની દશા કેવી હોય છે તે વર્ણવતા કહે છે કે આ જગતમાં કેટલાક જીવો પોતાની પ્રશંસા થાય, બધા સલામ ભરે, બધે પોતાની પૂજા થાય, ચોતરફ કીર્તિ ફેલાય તે હેતુથી છ કાય જીવોની હિંસા કરે છે. હિંસાના માર્ગે જનારા જીવને ક્યારેય યશ મળે જ નહીં. યશ પ્રાપ્તિ થાય છે જીવના પુણ્યોદયે. પુણ્ય હોય તો પૂજા, પ્રશંસા સહજ બની જાય. પાપનો ઉદય હોય તો લાખ મહેનત કરો તો પણ માન-સન્માન ન મળે. હાય...! માન અને પ્રશંસાનો ભૂખ્યો માણસ ક્યું પાપ કરવા તૈયાર નથી થતો ! એટલે કે પાપને ગૌણ કરી પ્રશંસાને મુખ્ય બનાવી જીવો રાજી થતા હોય છે. ઘણાં જીવો બીજા પોતાની પ્રશંસા કરે તેવી ઇચ્છા રાખતા હોય છે. તો કેટલાક જીવો તો પોતાની જાતે જ પોતાના ગુણો ગાતા હોય છે. હા.... એ વાત પણ એટલી જ સમજવા જેવી છે કે કોઈ માણસ શુભ કાર્યો કરે એટલે ચારે બાજુથી તેની પ્રશંસા થવા લાગે. પરંતુ પ્રશંસા માટે શુભ કાર્યો કરવાનાં ન હોય, એ જ્ઞાન સતત તાજું રાખવું જોઈએ. અન્યના ગુણો જોઈને મન મૂકીને પ્રશંસા કરીએ તે ગુણ છે. સન્માન કરવું તે સંસ્કૃતિ છે. પૂજા કરવી તે યોગ્ય છે. પરંતુ પોતાની પ્રશંસા થાય ત્યારે હૈયું નાચી ઊઠે તે અવગુણ કહેવાય. ગુણીજનોની પ્રશંસા કરી સન્માન કરવું તે ગુણ છે પરંતુ અન્ય તરફથી પોતાના ગુણોની પ્રશંસા સાંભળી અહંકારનું પોષણ કરવું, તે અવગુણ છે. બીજાની પ્રશંસા ધર્મ, સ્વ-પ્રશંસા અધર્મ. ગુણીનું સન્માન કરવું તે કર્તવ્ય અને પોતાના ગુણોનું સન્માન લેવું તે કર્તાપણું.

બોલો, હવે, પ્રશંસા કરવામાં તમે ઉદાર છો કે પ્રશંસા સાંભળવામાં ? ચાલો, ધર્મ કરીને તમે તમારી જાતને ધર્મિષ્ઠ માનો છો ને ? તો સાચો ઉત્તર આપજો કે તમારાથી અન્યની વધુ પ્રશંસા થતી હોય ત્યારે તમે રાજી થાવ છો ને ? સાહેબ, તમે અમને મૂંઝવણમાં મૂકી દીધા.... જ્ઞાની જણાવે છે પ્રશંસા એ જ્યોતિ પણ બને અને જ્વાળા પણ બની શકે છે. જો ગુણીજનોની પ્રશંસા કરો તો જ્યોતિ જેવું કાર્ય છે અને પોતાના ગુણોની બીજાએ કરેલી પ્રશંસા લેવા દોડ્યા તો જ્વાળાનું કાર્ય છે. ગુણીજનોની પ્રશંસા કરો અને સ્વ દોષની કબુલાત કરો. જો જો પછી, તમારી પ્રગતિની ઝડપ અનેક ગણી થઈ જશે. **જીવન માટે થતી હિંસાથી બચવું હોય તો જીવનની જરૂરિયાત ઓછી કરો. જીવનમાં મોજશોખને તો તિલાંજલિ આપો. જરૂર તમારો આત્મા હિંસાથી થતા મહા પાપોથી બચી જશે.** કોઈ તમારી ગુણ-પ્રશંસા કરે, તમારું નામ ચારે બાજુ બોલાય ત્યારે તમારે વિચારવું કે હજી અનંતા અનંત અવગુણથી ભર્યો છું. બે ચાર

ગુણોથી લોકો મારું નામ ગાય છે. પરંતુ હું તો હજી અવગુણ સભર છું. આમ વિચારી પોતાની જાતને માન-સન્માનથી બચાવતા રહો. મારું નામ બને, મારું મકાન જોઈને લોકો વાહ-વાહ કરે.. મારી ગાડી જોઈને લોકો વખાણ કરે આવી અનેક મહેચ્છા માનવી પોતાના મનમાં લઈને ફરે છે. અને એને માટે અનેક જીવોની વિરાધના કરવી પડે છે.

**વખાણ કરે છે સૌ ફૂલોની સુંદરતાના, કોઈ કંટકને પૂછતું નથી જખ્મો સહીને જેણે સાચવી છે સુંદરતાને તેની સામે કોઈ જોતું નથી, કરે વખાણ રચનાના પણ રચનારની સામે કોઈ જોતું નથી......** બસ, માનવીની આ અવળી દશા છે. જે સાધનાના ભોજનોના સ્વાદના વખાણ પેટભરી કરે છે. પણ અફસોસ, માનવીના વખાણ કરવામાં હોઠ પણ ખોલવા તૈયાર નથી. બધાને પોતાના નામની જ પડી છે.

હું તમોને પૂછું, જન્મ્યા ત્યારે તમારું નામ શું હતું ? અનામી... કોઈ જ નામ ન હતું. અચ્છા, બાર દિવસ બાદ તમારું નામ પાડવામાં આવ્યું. આખી જિંદગી આ નામ કેમ વધે અને લોકોમાં નામ કેમ થાય તેના માટે કેટલી માયા અને કેટલા ખેલ ખેલવા પડે છે. અચ્છા, તમે મને કહેશો કે જ્યારે માનવી મૃત્યુ પામે ત્યારે તેને શેમાં બાંધવામાં આવે છે ? નનામીમાં.... જુઓ, જન્મ્યા ત્યારે અનામી, જીવ્યા આખી જિંદગી નામી બની અને મરતી વેળા નનામી....

હાય.... ! ટૂંકી ટચ જિંદગી માટે માનવી કેટલી લાંબી લચ અનર્થ જંજાળ ઊભી કરે છે. આ માનવ ભવને સફળ બનાવવાનો સૌથી શ્રેષ્ઠ ઉપાય છે પોતાના નામ માટેની લાલસાને ખતમ કરી, પ્રભુ નામનું ગુણ કીર્તન કરો. જગતમાં જ્યાં જ્યાં ગુણીજન આત્મા દેખાય, ત્યાં તેની ઉદાર દિલે પ્રશંસા કરો અને અવગુણી દેખાય એને ગુણી બનવાની પ્રેરણા આપો. પરંતુ સાવધાન.... ! પોતાના ગુણો ગાવાની ભૂલ ક્યારેય કરશો નહીં.

જગતના જીવો કેવા-કેવા સ્વાર્થે અનેક જીવોની હિંસાદિ પાપ કરે છે તે અવસરે.........

• ગઈ કાલ માટે રડતો નથી, આવતી કાલથી ડરતો નથી,
એ પાછો કદી પડતો નથી.

• હું કોઈનું સહન ન કરું જો તેવો ભાવ રાખો છો,
તો સાથે એવી પણ ભાવના રાખો કે
મારા તરફથી કોઈને પણ સહન ન કરવું પડે.

• પ્રાપ્ત થયેલી પરિસ્થિતિને સામે પાર પહોંચાડી દે તેનું નામ સમજ.

• અણધાર્યું ઉકલી જાય અને વિચારેલું વણસી જાય તેનું નામ સંસાર.

• પરદેશથી આવેલાને જેમ ઈન્ડિયામાં ફાવતું નથી,
તેમ ભક્તને પ્રભુ સાથે પ્રેમ થઈ ગયા પછી દુનિયામાં ફાવતું નથી.

• પુદ્‌ગલનો પ્રેમ આવી જાય તો પછેડી પહેરનારને ય પછાડે છે.

• કસોટીથી સોનું પરખાય, જીભથી માણસ પરખાય.

• સાધુનો આનંદ, અનુત્તરને પણ નિરુત્તર બનાવી દે છે.

• આના વગર મને નહીં ચાલે તે રાગ, બધા વગર મને ચાલશે તે વૈરાગ.

• નિરાકાર બનવા માટે એકાકાર બનવું જરૂરી છે.

• આજે મોર્ડન બનવામાં સંસ્કૃતિની કોર્ડન તૂટી રહી છે. યુવાન ! સાવધાન.

• જયાં ભેદ છે અને ખેદ છે ત્યાં સદાયને માટે શાંતિનો છેદ છે.

## ૬

# શાન્તિનો રાજ માર્ગ અહિંસા !

एवं खु णाणिणो सारं, जं न हिंसइ किंचणं ।
अहिंसा समयं चेव, एतावंत वियाणिया ।।

**અર્થાત :- જ્ઞાનવાનનો આ સાર છે કે કોઈપણ જીવોની હિંસા નહિં કરે.**
**આ જ અહિંસાનો સિધ્ધાંત છે અને અહિંસાનું વિજ્ઞાન છે.**

વિશ્વ વંદનીય પ્રભુ મહાવીરસ્વામી આચારાંગસૂત્રમાં ફરમાવે છે કે આ જીવ પોતાના જીવન માટે, સ્વ પ્રશંસા અર્થે, વંદન પૂજા માટે અનેક જીવોને દંડે છે. પરંતુ તે દંડનું પરિણામ શું આવશે તેનો લેશ માત્ર પણ વિચાર કરતો નથી. જીવો પાપ કરવામાં બહુ રાજી હોય છે. પરંતુ જ્યારે પાપના પરિણામ ભોગવવાં પડે છે ત્યારે ખૂબ જ નિરાશ અને નાસીપાસ થઈ જાય છે.

પાપને છોડાવી પાવન બનાવે તેનું નામ વિતરાગ વાણી. ઉકળાટવાળા જીવો ઉપશાંત બને વીરવાણીના માધ્યમે. મોહનો નશો ઉતારી મોક્ષ સુખને દર્શાવે તે વીરની વાણી. આવી વાણી પ્રાપ્ત કર્યા બાદ હે આત્મન્ ! તું તારા અંતર આત્માને જગાડ. ભૌતિક્તા તરફની તારી દોટ થંભાવી શાશ્વત સુખની દિશામાં ચાલવાની શરૂઆત કર. તારા આચારમાં વિશુદ્ધતા, ઉચ્ચારમાં મધુરતા અને વિચારમાં વિશુદ્ધતા લાવ. આવેલા અવસરને આરાધી લે. શક્તિ મળશે પણ આ અવસર મળવો મુશ્કેલ છે. સમય મળશે પણ સાધના કરવાની તક મળવી મુશ્કેલ છે. તારી શક્તિઓને લગાડી દે આસક્તિને તોડી નાખવામાં. તારા સમયને લગાડ તારા આત્માના સંશોધનમાં. આ બે જ કરવા જેવા કામ છે. પ્રમાદને પરિહરી આજથી જ ચાલુ કરી દઈએ આ શુભકાર્યો ને. નહિતર.... પ્રતિક્ષણ સમય આપણા હાથમાંથી સરી રહ્યો છે. પ્રતિપળ આપણી શક્તિઓ ક્ષીણ થઈ રહી છે.

## 'दुःख पडिधाई हेउं

આચારાંગ સૂત્રનું પદ ચાલી રહ્યું છે. તેમાં સુધર્માસ્વામી જંબુસ્વામીને આગળ જણાવી રહ્યા છે કે 'હે જંબુ, કેટલાક જીવો પોતાના દુઃખથી મુક્ત થવા માટે જીવહિંસા કરે છે. દુઃખ નાશ કરવાર્થે કેટલાય જીવોનો નાશ કરે છે. હાય...! દુઃખના કારણને ખતમ કરવાને બદલે અજ્ઞાનવશ દુઃખના કારણનું સેવન કરે છે. આઈસ્ક્રીમ ખાવાથી શરદી થઈ. હવે શરદી મટાડવા આઈસ્ક્રીમ ખાવા લાગ્યા. શે મટે શરદી... ? બસ, આ જ દશાનું વર્ણન પ્રભુ ફરમાવે છે કે હિંસાદિના કારણે જીવનમાં દુઃખ આવ્યાં અને આવેલા દુઃખને દૂર કરવા ફરી જીવોની હિંસા કરવાનું ચાલું રાખ્યું. ક્યાંથી દુઃખ દૂર

થાય? આખી દુનિયાનો માનવી આ ચક્કરમાં ફસાયો છે. પ્રત્યેક માનવીને જ નહીં, પ્રત્યેક જીવને, સુખ મળે અને આવેલા દુઃખોનો સદંતર નાશ થાય તેવી તીવ્ર તમન્ના હોય છે. છતાં જૈસે થે... વૈસે. કારણ દુઃખનું મૂળ શોધ્યા વિના દુઃખ ક્યારેય વિદાય થાય નહીં અને સુખનું સ્થાન શોધ્યા વિના સુખ આપણી નજીક ક્યારેય આવે નહીં.

જ્ઞાની પુરુષોનો અનુભવ જ્ઞાની ભગવંતો જણાવે છે કે દુઃખને પૂર્વકૃત કર્મોનું ફળ જાણી, સમતાથી સ્વીકારી સહન કરી લેવાથી દુઃખ જીવનમાંથી વિદાય લે છે. અને બાહ્ય સુખ પૂર્વકૃત પુણ્યનું ફળ જાણી તેમાં ફૂલાઈ નહીં જવાથી સાચા સુખની દિશા તરફ જઈ શકાય છે.

ભગવાન મહાવીરસ્વામીના સમયમાં આ ધરતી પર અનેક જાતના અનર્થો ચાલી રહ્યા હતા. હિંસાવાદના તાંડવો હતા તો જાતિવાદની ભયંકરતા વર્તાતી હતી. ઊંચ-નીચના ભેદો વિસ્તર્યા હતા. યજ્ઞ, હોમ, હવન તો ગલીએ ગલીએ રચાતા હતા. બ્રાહ્મણોનું વર્ચસ્વ અને કર્તવ્ય યજ્ઞના કારણે સમાજમાં ફેલાયુ હતું. પ્રભુ મહાવીર સ્વામી જ્યાં વિચરતા હતા ત્યાં ઈન્દ્રભૂતિ નામના શ્રેષ્ઠ અને પાંડિત્યવંત બ્રાહ્મણ હતા. યજ્ઞના નિમિત્તથી તેમની પ્રશંસા ચોમેર ફેલાયેલી હતી. આખો જનસમૂહ તેમના આ યજ્ઞમાં જોડાયો હતો. યજ્ઞ એવો તો જામ્યો હતો કે આવો યજ્ઞ કોઈએ ક્યાંય જોયો નહીં હોય.

**ઓ ફૂલ ખીલેલા ગર્વ ન કર, તારી દશા બદલાઈ જશે;**
**બદલાઈ જશે; કરમાઈ જશે, ચુંથાઈ જશે; રોળાઈ જશે.**

શાસ્ત્રમાં પ્રભુ મહાવીરસ્વામીએ યજ્ઞ કરવાની રીત બતાવી છે કે યજ્ઞ કેવો હોય અને યજ્ઞથી શો લાભ થાય. સાધકોએ યજ્ઞ કરવો જોઈએ પણ અજ્ઞ બનીને નહીં, પ્રજ્ઞ બનીને યજ્ઞ કરવો હિતાવહ છે. જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપી યજ્ઞમાં કષાયો અને વિષયો હોમી દેવાથી આત્મા કાયમ માટે સુખી થઈ જાય છે. પછી તેને ક્યારેય દુઃખ આવતું નથી. ઈન્દ્રભૂતિના યજ્ઞ પાછળ પણ લક્ષ હતું કે જીવનમાં આવેલાં દુઃખો-દર્દો ગાયબ થાય. પરંતુ દ્રવ્ય યજ્ઞથી દુઃખો દૂર નથી થતાં તે ખ્યાલ ન હોવાને કારણે મોટો વિશાળ યજ્ઞ યોજી આનંદવિભોર બન્યા છે. ભાવયજ્ઞ જ જીવના દુઃખોને સમાપ્ત કરવાની ક્ષમતા ધરાવે છે. બાહ્ય યજ્ઞમાં હિંસા છે, આભ્યંતર યજ્ઞમાં અહિંસા છે. બાહ્ય યજ્ઞ દુઃખ વધારનાર છે જ્યારે ભાવયજ્ઞ જીવના ભવોભવનાં દુઃખોનો નાશ કરી સુખ આપનાર છે.

પહેલા જ્ઞાનીનો યુગ ચાલતો હતો, આજે વિજ્ઞાનયુગ ચાલી રહ્યો છે. સગવડતા અને સુવિધાની શોધ કરે તે વિજ્ઞાની, સુખ અને સમાધિની દિશા બતાવે તે જ્ઞાની. માત્ર

ભૌતિક તરફ દોરે તે વિજ્ઞાની અને માત્ર આધ્યાત્મિક તરફ દોરે તે જ્ઞાની. વિજ્ઞાની શરીર રીપેર કરી આપે, જ્ઞાની સ્વભાવ રીપેર કરી આપે. વિજ્ઞાની બાહ્ય જગતમાં ચમત્કાર સર્જી શકે છે, જ્ઞાની અંતર જગતમાં ચમત્કાર સર્જે છે. આચારાંગજી સૂત્રમાં કરુણા–સાગર કેટલી સચોટ રજૂઆત કરે છે કે જીવને દુઃખ નથી ગમતું એટલે ગમે તે રીતે સુખી થવા મથે છે. જીવને માટે, પૂજા પ્રશંસા માટે, સંતનાર્થે, પરિવાર કાજે, આગળ વધીને પ્રભુ કહે છે દુઃખને ભગાડી મૂકવા માટે જીવ વિવિધ–વિવિધ પ્રયોગો કરે છે, પરંતુ આજ દિન સુધી ફાવ્યો નથી. કારણ એનામાં સમ્યક્ જ્ઞાનનો અભાવ છે. દુઃખ અને સુખનું શું ગણિત છે એ જ એને ખબર નથી. અરે પ્રભુ તો કહે છે કે કેટલાક જીવો મુક્તિ મેળવવા માટે પણ હિંસાદિ પાપાચરણો આચરે છે. હાય..! કેટલી અજ્ઞાન દશા આ જીવની ! લખી રાખજો, જીવો સાથે મૈત્રી કેળવ્યા વિના જીવોનું દયાપાલન શક્ય નથી અને દયાપાલન વિના મુક્તિ અસંભવિત છે.

યજ્ઞ જામ્યો હતો. ઇન્દ્રભૂતિ આદિ બ્રાહ્મણો આનંદવિભોર હતા. અચાનક આકાશ તરફ નજર ગઈ અને ઇન્દ્રભૂતિ આદિ નાચી ઊઠ્યા. વાહ, આપણા યજ્ઞની પવિત્રતા જુઓ, જે યજ્ઞને માણવા દેવો વિમાન લઈ અત્રે આવી રહ્યા છે. ગર્વથી સર્વેના મસ્તક ઊંચા થયાં, પરંતુ તેઓને ક્યાં ખબર છે કે આ વિમાનો ભગવાન મહાવીરસ્વામીના ભાવયજ્ઞમાં જઈ રહ્યાં છે. અને દેવો ઈન્દ્રભૂતિના યજ્ઞને ઓળંગી પ્રભુ પાસે પહોંચી ગયા..... આશ્ચર્યમાં ગરકાવ ઇન્દ્રભૂતિને ખબર પડી કે દેવો મહાવીર પાસે ચાલ્યા ગયા છે. ચાલો, હવે મહાવીરને પણ બતાવી દઈએ કે અમે તમારાથી વિશેષ છીએ.

ઘણીવાર જ્ઞાની સાથે લડવા જનારા જ્ઞાની બની જાય છે. પરંતુ અજ્ઞાની સાથે જ્ઞાની લડવા બેસે તો જ્ઞાની પણ અજ્ઞાનીમાં ખપી જાય છે. તેવા સમયે તો જ્ઞાની મૌન સ્વીકારે તેમાં જ જ્ઞાનીની શોભા વધે છે.

ખુશખુશાલ થઈને આવતા ગધેડાને જોઈ બીજા ગધેડાએ સવાલ કર્યો, કેમ આજે આટલો બધો ખુશખુશાલ છે ? અરે, આજે મેં સિંહને હરાવી દીધો એટલે હું ખુશ છું. સિંહ નિરાંતે પોતાના માર્ગે જતો હતો, ત્યાં બીજો સિંહ મળ્યો. કેમ, આજે સાવ ઢીલા લાગો છો? અરે ભાઈ, ગધેડા સાથે લડાઈ થઈ તેમાં હું હારી ગયો. શી વાત કરો છો? ત્યારે હારેલા સિંહે ખુલાસો કર્યો, ભાઈ ગધેડા સાથે વિજય પ્રાપ્ત થાય તો પણ આપણી હાર જ ગણાય, એના કરતાં હાર સ્વીકારવી સારી. આ વાત એમ કહે છે કે અજ્ઞાની–જડ લોકો સાથે બહુ વાદમાં ન ઊતરશો, નહીંતર વિખવાદ થશે અને તમારા જ્ઞાનની કિંમત નહીં અંકાય.

ઈન્દ્રભૂતિ ભગવાન મહાવીરસ્વામી પાસે પહોંચ્યા. ભગવાન મહાવીરસ્વામીએ એના મનના સંશયને છેદી નાખ્યો. ઈન્દ્રભૂતિ ભગવાનથી ખૂબ જ પ્રભાવિત થયા અને ૫૦૦ બ્રાહ્મણોની સાથે ભગવાન પાસે દીક્ષા અંગીકાર કરી લીધી.

ભગવાન કહે છે કે સત્ય જાણ્યા પછી અસત્યનો પરિત્યાગ કરો. તમારે ખરેખર જો દુઃખ ન જોઈતું હોય તો અન્ય જીવોને દુઃખ-ત્રાસ આપશો નહીં. પોતાના જીવનમાં દુઃખ આવી જાય તો દુઃખને સહન કરી લઈ, દુઃખને વળાવી દેવું. જેથી દુઃખ ફરી તમારી સામે આવે નહીં.

ભગવાને જન્મનું, જરાનુ અને મરણનુ દુઃખ બતાવ્યું છે જેમા જીવો અનંત ભવથી દુઃખી થઈ સંસારમા પરિભ્રમણ કરે છે.

**जम्मं दुक्खं जरा दुक्खं, रोगाणि मरणाणिय ।**
**अहो दुक्खो हु संसारो, जत्थ कीसन्ति जन्तवो ।।**

આખુંય વિશ્વ આર્તધ્યાન, રૌદ્રધ્યાનથી બળી રહ્યું છે. જન્મ-મરણના ચક્રમાં આ વિશ્વના જીવો મહા દુઃખી થઈ રહ્યા છે. નથી તો નરકગતિમાં સુખ કે નથી તો દેવગતિમાં સુખ. જ્યાં જાવ ત્યાં દુઃખ, કલેશ, જન્મ, જરા, મરણ સિવાય બીજું કાંઈ જ નથી. હા, ક્યાંક સગવડતા મળી હતી તો સલામતી ન હતી, તો ક્યાંક બધું સારું હતું તો દેહે દગો દીધો હતો. હાય ! સ્વર્ગને પણ ઈન્દ્રના વજ્ર ઘા ખાઈને નરક જેવું બનાવ્યું હતું. તિર્યંચોની ભયંકર દશા તો આજે આપણે જોઈ જ રહ્યા છીએ. માણસના સુખ ખાતર બિચારાં નિર્દોષ પશુઓને કેવા રહેંશી નાખવામાં આવે છે. ઊકળતાં પાણીમાં જીવતાં જ નાખી દઈ ચામડી ઉતારી લેવામાં આવે છે. સર્પને જીવતા જ ઝાડના થડ સાથે ખીલાથી જડી દેવામાં આવે છે. પછી ચામડી ઉતારી નાખવમાં આવે છે. પોલ્ટ્રી ફાર્મમાં ચોવીસ કલાક આક્રંદ કરતાં જીવોની તો કલ્પના પણ થઈ શકે તેમ નથી. કતલખાનાનું વર્ણન તો ધ્રુજાવી દે તેવું છે. પશુ જગતના જીવો પરાધીનતાનો ભોગ બની મરી રહ્યા છે. જ્યારે માનવગતિમાં પણ પુણ્યહીન જીવોની દુર્દશા આપણે જોઈએ છીએ.

હાય ! આખું જગત દુઃખ દર્દથી વ્યથિત છે. ક્યાંય સુખ નથી, બધે સંતાપ છે. ક્યાંય શાંતિ નથી, બધે જ ઉકળાટ છે. ક્યાં જવું ? ક્યાં શાંતિ છે ? જ્ઞાની કહે છે, શાંત થા વત્સ, શાંત થા, તારી શાંતિ વિશ્વમાં નથી, તારા અંતર-વિશ્વમાં છે. પદાર્થોમાં નથી, તારા આત્મા ઘરમાં શાંતિનો નિવાસ છે. બાહ્ય જગતમાં મ્હાલવાનું નથી કે નથી બાહ્ય જગતમાં મુંઝાવવાનું. પ્રભુ કહે છે કે બાહ્ય જગત ક્ષણભંગુર છે, તેના સુખ સાવ અસાર

અને અનિત્ય છે. જે બાહ્ય જગતમાં સુખના ફાંફા મારે છે, તેઓ થાક્યા છે, હાર્યા છે, નિરાશ બન્યા છે. અંતે પાપના અંજામ ભોગવવા પુનઃ નરકાદિ દુર્ગતિ ભેગા થયા છે. એટલે તો પ્રભુ આચારાંગ સૂત્રમાં વિશ્વના જીવોની દશાનું વર્ણન ફરમાવે છે

अट्टे लोए परिजुण्णे, दुसंबोहे अविजाणए ।

લોકમાં રહેલ જીવો આર્ત (દુઃખી) છે, અને અજ્ઞાની જીવને માટે બોધપ્રાપ્તિ થવી પણ દુષ્કર છે. દુઃખે કરીને બોધ પામે તો પામે, નહીંતર પાછા ભોગવિલાસના ચક્કરમાં પુનઃ ફસાઈ જઈ આ લોકમાં જન્મ-મરણ કરી નવાં દુઃખોની પરંપરા ચાલુ કરે. વિશ્વમાં આ ચક્ર અનાદિથી ચાલે છે. ચૌદ રાજલોકનો વિચાર કરો, લોકમાં પરિભ્રમણ કરી રહેલા જીવોના વિપાકનો વિચાર ચિંતન કરો. ઊર્ધ્વ, અધો અને તિર્ચ્છાલોકનું ચિંતન કરી લોક-સુખની કામના-વાસનાને વમી નાખો. અંતર અવલોકન કરી આત્મ લોકના સુખ તરફ પ્રયાણ કરવાનું ચાલુ કરો. આ જન્મમાં ત્રણ કાર્યો કરવાનાં છે. અને આ ત્રણ કાર્યોમાં સફળતા મળી એટલે તમારે સમજી લેવાનું કે તમે આ માનવ જન્મ જીતી ગયા......

જગતના જીવોનાં દુઃખો જુઓ.... જગત તરફ તમારી નજર જાય ત્યારે અનુકંપા કરો. કર્મોથી પીડિત થતા જીવોને જુઓ. નરકની મહાવેદના ભોગવતા નારકીના જીવોને જાણો... તિર્યંચ જગતનો વિચાર કરો. બધી સુવિધા હોવા છતાં આંખો નથી મળી, તો કોઈને પગ નથી મળ્યા તો કોઈ જન્મથી મહારોગ લઈને જન્મે છે. આવાં અનેક દુઃખોથી ભરેલો આ લોક છે તેને જુઓ અને જાણો....! પરંતુ ખેદની વાત એ છે કે બીજાનાં દુઃખોને જોઈ પોતાની જાતને દુખી માનવાની જગ્યાએ, બીજાનાં સુખોને જોઈને આ જીવ દુઃખી થાય છે. આ વિચિત્ર સ્વભાવનું ફળ છે. દુઃખો અને દર્દોથી પીડિત આ લોકને જુઓ. બિચારા જીવો પાપના પરિણામ ભોગવી રહ્યા છે. માટે આ દુઃખિયારાઓને જોઈને નિર્ણય કરવાનો કે મારે આ દુઃખ ન જોઈતાં હોય તો પાપાચરણ પણ ન જ ખપે....

મૃગાગામ નગરમાં પ્રભુ મહાવીરસ્વામી પધાર્યા. સાથે વિનય સંપન્ન ગણધર ગૌતમસ્વામી આદિ શિષ્યવૃંદ પણ હતું. મનોહર દશ્ય હતું. જોનારાની નજર ત્યાં જ થંભી જાય. જે ગામ-નગરમાં પ્રભુના પગલા પડ્યા હશે, તે ધરા ધન્ય બની હશે. દર્શનાર્થીઓ પવિત્ર બન્યા હશે. મહા પુણ્યાત્માના પદાર્પણે શો ચમત્કાર ન સર્જાય ! આખું ય મૃગા ગામ ઉત્સવના આનંદમાં મ્હાલતું હતું. ચોમેર ઉત્સાહ અને ખુશાલીની

રમઝટ જામી હતી. તમામ નગરવાસીઓ ઉત્સાહમાં મગ્ન બન્યા હતા. પરંતુ આશ્ચર્ય એ બાબતનું હતું કે ગૌતમસ્વામીની નજરમાં નિરુત્સાહી, અંધ અને મહા દર્દીલો એક માનવી દેખાયો. આ જોઈને ગૌતમસ્વામીના મનમાં પ્રશ્ન ઊઠ્યો, ''પ્રભુ, આખુંય નગર આનંદ કિલ્લોલ કરે છે અને આ માણસ દુ:ખી કેમ છે ?'' પ્રભુના મુખેથી કરુણા નીતરતી વાત સાંભળવા મળી કે હે ગૌતમ, આ જીવને બધા નગરવાસીઓ ખૂબ ધિક્કારે છે, તેથી તેના મુખ પર આનંદ નથી. આ વાત સાંભળતાં જ ગૌતમસ્વામી વિચારોએ ચડી ગયા. યાદ રાખજો, પાપના ઉદયમાં કોઈ પ્રેમ આપવા નહીં આવે, પણ ધિક્કારવા આવશે. સન્માનની ઈચ્છા હોવા છતાં અપમાન થશે. જે સત્તા ઉપર આજે હાર-તોરા કરી બેસાડે છે, એ જ વ્યક્તિ સત્તાના સિંહાસન પરથી ગબડાવી નાખશે. માટે જ જ્ઞાની ભગવંતો વારંવાર ફરમાવે છે કે સન્માનમાં આનંદિત ન બનશો, અપમાનમાં નારાજ ન થશો. બંને કર્મોના જ ઉદય છે. ગૌતમસ્વામીએ પ્રભુને પ્રશ્ન કર્યો, ''આ નગરમાં આ ધિક્કારપાત્ર બનેલા જીવ સિવાય અન્ય કોઈ જીવ દુ:ખી છે ખરા ?'' ''હા ગૌતમ, આ જ નગરના રાજા વિજય અને રાણી મૃગાનો પ્રથમ પુત્ર મૃગાલોઢીયો મહા દુ:ખી છે, જેને ભોંયરામાં રાખવામાં આવ્યો છે.'' આ વર્ણન સાંભળતાં જ ગૌતમસ્વામી બોલ્યા, ''પ્રભુ, હું મૃગા લોઢીયાને જોવા જઉં ?'' 'જહા સુહમ્' પ્રભુએ જણાવ્યું, અને ગૌતમસ્વામી મૃગા લોઢીયાને નિહાળવા ગયા.

રાજમહેલ તરફ આવતા ગણધર શ્રી ગૌતમને નિહાળી મૃગારાણી આનંદવિભોર બન્યા. આજ મારા આંગણા પાવન થયા, ધન્ય ધન્ય દિવસ આજનો. હૈયું ઉમંગના હિલોળાં લઈ રહ્યું હતું.... ''પધારો, પધારો.... મુનિ ભગવંત પધારો..... આપને શું ખપ છે ?'' ગૌતમસ્વામીએ કહ્યું, ''મારે કંઈ જ ખપ નથી, હું તમારા સંતાનને જોવા આવ્યો છું.'' અચ્છા, હમણાં જ આપની સમક્ષ લાવું છું, કહી મૃગારાણી સંતાનને રૂડાં રૂપાળાં વસ્ત્રો - આભૂષણોથી સુશોભિત કરી મુનિ ભગવંતની સામે રજૂ કર્યા. ત્યારે ગૌતમસ્વામીએ કહ્યું, ''આ સંતાનોને નહીં, આપે ગુપ્ત ભોંયરામાં રાખ્યો છે તે સંતાનને જોવાની ઈચ્છા છે.'' અરે, આ વાત તો કોઈ જ જાણતું નથી, ચોક્કસ આ મુનિ કોઈ લબ્ધિવંત હોવા જોઈએ. શું આપ કોઈ લબ્ધિધર છો, વિશેષ જ્ઞાની છો કે અમારી ગુપ્ત વાત પણ આપ જાણી ગયા ?''

મુનિ ગૌતમસ્વામી બાળકની જેમ નમ્રતાથી બોલ્યા, ''ના હું કાંઈ જ નથી, મારા ત્રિલોકીનાથ સર્વજ્ઞ છે. તેમના જ્ઞાનમાં આ જણાવ્યું. તેથી હું અહીં આવ્યો છું.'' કેવી મહાનતા છે ગણધર ભગવંતની! જે ભગવંતને આગળ કરીને ચાલે, તે જરૂર એક દિવસ

ભગવંતની કોટિમાં આવી જાય. અને જે પોતાની જાતને આગળ કરીને ચાલે તે ક્યારેય આગળ આવી શકે નહીં. મૃગારાણીએ જ્યારે ભોંયરામાં રાખેલ મૃગાલોઢીયાને બતાવ્યો, ત્યારે ગૌતમસ્વામી કરુણા હૃદયે નિહાળી, આશ્ચર્યમય બની ચિંતન કરવા લાગ્યા.... ભગવાન વીર પાસે આવી પ્રભુને પ્રશ્ન કર્યો, "પ્રભુ, આ મૃગા લોઢીયાનો જીવ આટલો દુઃખી કેમ બન્યો છે ? પૂર્વ- ભવમાં તે કોણ હતો ?" આ પ્રશ્નનું સમાધાન કરાવતા પ્રભુએ જણાવ્યું," ગૌતમ, પૂર્વભવમાં ૫૦૦ ગામનો અધિપતિ એક્કય રઠોડ નામનો રાજા હતો, રાજા કર્તવ્યથી ભ્રષ્ટ બની પ્રજાને રંજાડતો. સાત વ્યસનમાં ચકચૂર મહાપાપનાં કાર્ય કરી મજા અનુભવતો અંતે ૧૬ રોગોનો ભોગ બની મૃત્યુ પામ્યો. કરેલ પાપના મહાવિપાક અત્રે મૃગાલોઢીયાના ભવમાં ભોગવી રહ્યો છે.

સાવધાન.... ! દુઃખ ન જોઈએ તો તમે કોઈને દુઃખ આપતા હો તો દુઃખ આપવાનું આજથી જ બંધ કરો. અને બીજાને દુઃખ આપવાનું બંધ ન કરવું હોય તો ભાવિના ભવોમાં દુઃખો ભોગવવાની તૈયારી રાખો. ભગવંત કહે છે કે જગતને નિહાળો. જગતના જીવોના દુઃખોને નિહાળ્યા પછી તમારા આત્માને જગત પ્રત્યેના રાગ-દ્વેષ નાશ પામશે. માધ્યસ્થ દૃષ્ટિના સ્વામી બની જશો. દુઃખ કઈ રીતે આવે છે અને દુઃખ કઈ રીતે દૂર થાય છે, તે જ્ઞાન નહીં હોવાને કારણે વ્યક્તિ બીજાને દુઃખી કરી, પોતાના દુઃખને દૂર કરવા પ્રયત્નો કરે છે. એ ક્યારેય સફળ નહીં થાય.

"પ્રભુ મૃગાલોઢીયાનો જીવ અત્રેથી ક્યાં જશે ?"

"હે ગૌતમ, સાતેય નરકમાં ક્રમશઃ વચ્ચે તિર્યંચના ભવ કરી પરિભ્રમણ કરશે. લાખો ભવ કરી અંતે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મી, દીક્ષિત બની, કર્મોનો ક્ષય કરી મોક્ષમાં જશે." બસ, આ વાત સાંભળી ગૌતમના હૈયામાં હાશ થઈ. આ દૃષ્ટાંત પ્રભુએ અંતિમ દેશનામાં વિપાકસૂત્રમાં, દુઃખ વિપાક સૂત્રનું વર્ણન કરતા બતાવ્યું છે. ટૂંકમાં, જગત જીવોના દુઃખોને જોઈ તમે તમારી જાતને સુખી માનો. કે આના કરતાં હું સુખી છું. હિલ સ્ટેશને ફરવા જાવ છો તો ક્યારેક હોસ્પિટલમાં પણ મુલાકાત લેતા રહો. ખ્યાલ આવશે કે પ્રભુએ તમને કેટલું સુખ આપ્યું છે અને તેનો અંદાજ તમને આવી જશે.

## જાતના દોષો જુઓ.....

બહુ જ મહત્ત્વની વાત છે બીજા નંબરની કે જગતના દુઃખોને જોઈ લેવાથી દુઃખ મુક્તિ નહી થાય. પરંતુ જાતના (પોતાના) દોષોને જોઈ અને જાતને દોષ મુક્ત બનાવશું ત્યારે જ તમામ દુઃખ વિદાય લેશે. દુઃખો મોક્ષ અટકાવતાં નથી, જ્યારે દોષો મોક્ષ

અટકાવ્યા વિના રહેતા નથી. મોક્ષના અવરોધક દોષોને તો આજે જ ધોઈ નાખવા જોઈએ. રખે એની ઉપેક્ષા કરતાં....! જગત જીવોના દોષોને જોવાનું બંધ કરી, જાતના જ દોષોને જોઈને ધોઈ નાખવા, એ જ માનવભવનું કર્તવ્ય છે. દોષ અનંતનું ભાજન છે. બીજાના દોષો જોઈને વળી મારા આત્માને દોષિત બનાવવાની ભૂલ શે કરાય ? યાદ રાખજો, જેના પણ દોષો જોશો, તેના પર ક્યારેય સદ્ભાવ જામશે નહીં, મૈત્રી જામશે નહીં. ગુરુના દોષો જોયા તો ગુરુ પ્રત્યે ક્યારેય પણ સદ્ભાવ નહીં આવે. જીવો પોતાના દોષો જોવા તૈયાર નથી અને અન્યના દોષો જોવાનું છોડવા તૈયાર નથી. કેવી અજ્ઞાનતા? પર દોષ દૃષ્ટિવાળાને ભગવાનમાં પણ દોષદર્શન જ થાય છે. સ્વદોષ દૃષ્ટિવાળાને પોતાનામાં રહેલી ખામીના દર્શન થાય છે. આજે માણસ માત્રનો સ્વભાવ પરાયા દોષો જોવામાં ટેવાયો છે. પછી ભલેને સામી વ્યક્તિ પાસે ઘણા ગુણો હોય, પણ દોષ ક્યાં છે તે શોધી લેવાનું. આ દોષ દૃષ્ટિ જ માણસની માણસ પ્રત્યેની મૈત્રી જામવા દેતી નથી. જગતને જુઓ ત્યારે તમારી આંખ સામે દુઃખો દેખાવા જોઈએ અને તમારી જાત સામે નજર પડે ત્યારે દોષદર્શન થવા જોઈએ.... આ છે ધર્મિષ્ઠ વ્યક્તિના લક્ષણો. રત્નાકર મુનિએ પોતાની જાતને તટસ્થ બનીને નિહાળી હતી અને રત્નાકર પચીશીની રચનામાં પોતાનામાં રહેલા દોષોની કબૂલાત કરી હતી.

**હું ક્રોધ અગ્નિથી બળ્યો, વળી લોભ સર્પ ડસ્યો મને,**
**ગળ્યો માનરૂપી અજગરે, હું કેમ કરી ધ્યાવું તને ?**
**મન મારું માયા જાળમાં, મોહન મહા મુંઝાય છે,**
**ચડી ચાર ચોરો હાથમાં, ચેતન ઘણો ચગદાય છે.**

પોતાની જાતને ગુણી અને અન્યની જાતને અવગુણી તરીકે ઠેરવવાની નીચી દૃષ્ટિ જ, માણસને મોક્ષમાર્ગ મળવા છતાં માર્ગમાં આગળ વધવા દેતી નથી. ચાલો, આજે જ દૃષ્ટિકોણ બદલી નાખીએ અને સ્વયંના દોષો અને અન્યના ગુણો જોવાની શરૂઆત કરી દઈએ.....

## મહાન પુરુષોના ગુણો જુઓ.....

સાધનાના ક્ષેત્રે મહત્ત્વનો અને અતિ આવશ્યક ગુણ એ છે કે ગુણીજનોના ગુણ જોવાની દૃષ્ટિ. જગતનાં દુઃખો જોવાની દૃષ્ટિ કેળવવી સહેલી છે. પોતાના દોષોને જોવાની દૃષ્ટિ પણ હજી સહેલી છે. પરંતુ ગુણીજનોના ગુણ જોવાની દૃષ્ટિ કેળવવી ખરેખર મુશ્કેલ છે. તમારાથી વધુ ગુણવાનની પ્રશંસા સાંભળીને રાજી થવું સહેલું નથી. પોતાની

ગુણ પ્રશંસાના અવસર પર આનંદવિભોર બનવું જેટલું સહેલું છે, તેટલું જ અઘરું છે અન્ય ગુણીના ગુણની પ્રશંસામાં આનંદિત બનવું.

કુટુંબના સભ્યોમાં ગુણ જોવાની દૃષ્ટિ કેળવો, કુટુંબના સભ્યોમાં પ્રેમ જાગ્યા વિના નહિ રહે. ધર્મીજનોના ગુણ જોવાની દૃષ્ટિ કેળવો, ધર્મીજનો પ્રત્યે પ્રેમ જાગી જશે. સમાજના જન-જનમાં ગુણ શોધીને ગુણ નિહાળો, સમાજ પ્રત્યે પ્રેમભાવ પ્રગટ થઈ જશે. મોક્ષમાર્ગનો ઉપદેશ આપનાર અનંત ઉપકારી ગુરુદેવની ગુણ સમૃદ્ધિને જોવાની દૃષ્ટિ કેળવી લેવાથી ગોવિંદ બનવાની પાત્રતા સહજ પ્રાપ્ત થઈ જાય છે. યાદ રાખજો, ગુરુના દોષો જોયા તો ગુરુનો યોગ પ્રાપ્ત નહીં થાય અને ગુરુના યોગથી વંચિત આત્મા સદાય ગુણ પ્રાપ્તિથી દૂર રહે છે. હાય....! જીવ પાસે ગુણો જ ન હોય તો આ જગમાં એના જેવો બીજો દુઃખી આત્મા કોણ હોઈ શકે ?

ધનવાન બનવું સહેલું છે. રૂપવંત બનવું કઠીન નથી. બળવાન બનવું એ પણ આસાન છે. પરંતુ યાદ રાખજો, ગુણવાન બનવું એ ઘણું જ કઠીન અને દુર્લભ પણ છે. આપણે બધું જ બનીને આવ્યા છીએ. હવે આપણે ગુણવાન બનવાનું છે. અને હા...., જેને ગુણવાન બનવું હોય તેને ગુણાનુરાગી તો બનવું જ પડશે. અને તે માટે મહાન પુરુષોના જીવનમાં રહેલા ગુણ જોવાની દૃષ્ટિ કેળવવી જ પડશે. ગુણદૃષ્ટિ ગુણોના સ્વામી બનાવે છે અને ગુણોનો સ્વામી આત્મા એક દિવસ ભગવાન બની જાય છે. ચાલો, આજના વ્યાખ્યાનને સાંભળીને જીવનમાં ત્રણ વાતોને વારંવાર વાગોળી માનવભવને સફળ બનાવવા ઉદ્યમવંત બનીએ.

પહેલી વાત એ છે કે જ્યારે જગતને જુઓ ત્યારે જગતના જીવોનાં દુઃખોનો વિચાર કરી આપણી જાતને પાપથી અને અહંકારથી બચાવી લઈએ. બીજા નંબરમાં પોતાની જાત તરફ નજર કરી, જે ઢગલાબંધ દોષો પડ્યા છે તેમને ધોવાનું કાર્ય કરી લઈએ. અને અંતમાં ગુણીજનોને જોઈ તેમના ગુણો જોવાની દૃષ્ટિ કેળવી ગુણવાન બની ભગવાન બની જઈએ તે જ મંગલ કામના........

## ૭

# સરળતા અને શ્રદ્ધાના સથવારે

सोही उज्जुय भूयस्स, धम्मो सुद्धस्स चिट्ठई ।
निव्वाणं परमं जाइ, घयसित्ति व्व पावए ॥

જે ઋજુભૂત અર્થાત્ પૂર્ણરૂપે સરળ હોય છે,
તેને જ આત્મ શુદ્ધિ પ્રાપ્ત થાય છે.
અને જે શુદ્ધ આત્મા હોય છે, તેના જીવનમાં જ
ધર્મ ટકી શકે છે. જેના જીવનમાં ધર્મ છે
તે જીવ ઘીથી સિંચાયેલા અગ્નિની જેમ
પરમ નિર્વાણ પ્રાપ્ત કરે છે.

ત્રિભુવનપતિ ભગવાન મહાવીરસ્વામીએ બંધનમાંથી મુક્ત થવા માટે મોક્ષનો રાજમાર્ગ બતાવ્યો છે. આ મુક્તિના માર્ગે અનંત જીવો બંધનમાંથી મુક્ત થયા છે. આપણે પણ બંધનથી મુક્ત થવા માટે મોક્ષ માર્ગે સાધના, આરાધના અને ઉપાસના કરી રહ્યા છીએ. તમામ સાધનાની ફલ-શ્રુતિ છે બંધનમાંથી મુક્તિ, તો આરાધનાનું ફળ છે મુક્ત-દશા. ઉપાસનાનું ઉત્તમ ધ્યેય પણ કર્મોથી મુક્તિ જ છે.

સૃષ્ટિના તમામ જીવોને બંધન પસંદ નથી. પશુ હોય કે પંખી, માનવ હોય કે દાનવ. સર્વેને મુક્તિ જ પસંદ છે. પરંતુ મુક્ત કઈ રીતે બની શકાય તેનું સત્‌જ્ઞાન ન હોવાને કારણે જીવ પ્રતિપળ બંધનમાં બંધાતો જાય છે.

**બંધન બંધન ઝંખે મારું મન પણ આત્મા ઝંખે છૂટકારો.....**

આતમ ઝંખે છૂટકારો. દુઃખોથી છૂટવું છે, દોષોથી છૂટવું છે, પાપોથી મુક્ત થવું છે. મારે મારા આત્માને સંપૂર્ણ રીતે છોડાવી મુક્ત થવું છે. આ મુક્તિના મનોરથને સફળ કરવા હોય તો શાસ્ત્રકાર ભગવંતે ચીંધેલા મોક્ષમાર્ગને અનુસરવું પડશે. જરૂર મુક્ત થઈ શકાય. વિતરાગ પ્રરૂપિત ધર્મને મન મૂકી કરવા લાગી જવું જોઈએ. ધર્મ વિના ત્રણ જગતમાં કોઈ મુક્ત કરી શકે નહીં. કર્મો બંધનનું કારણ છે તો ધર્મ આત્માની મુક્તિનું કારણ છે. આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે ધર્મ એ જ મુક્તિનો રાજમાર્ગ છે.

**से जहावि अणगारे उज्जुकडे, णियागपडिवण्णे अमायं कुव्वमाणे वियाहिए।**

જે જીવ ગુણી, સરળ હૃદયી હોય છે તે જ અણગાર છે. પ્રભુ એ બે ધર્મ બતાવ્યા છે. એક છે અણગાર માર્ગ, બીજો છે આગાર માર્ગ. શ્રાવક અને શ્રમણધર્મ એ મોક્ષમાં પહોંચાડનારો સર્વોત્તમ ધર્મ છે. આ ધર્મને આરાધે તે અરિહંત બની શકે. પરંતુ ધર્મ કોણ કરી શકે ? ધર્મને કોણ હૃદયે સ્થાપી શકે ? તો જ્ઞાની ભગવંતો કહે છે જે આત્મા હૃદયનો ઋજુ, સરળ હોય. સરળતા – નમ્રતા એ સાધના જીવનના મહત્ત્વપૂર્ણ ગુણો છે. પાપોની આલોચના, પાપોની કબૂલાત કોણ કરી શકે ? જેનું હૃદય સરળ-નિખાલસ બન્યું હોય. અને હા, સરળ બનવા માટે માયાના ખેલનું બલિદાન કરવું પડે. હૃદય કપટી હોય ત્યાં સુધી હૃદય ઘરમાં ધર્મનો પ્રવેશ ક્યારેય થતો નથી. માટે ભગવાન આચારાંગ સૂત્રમાં ભાર

દઈને જણાવે છે કે સાધુ હોય તે હૈયાના સરળ હોય અને સરળ હોય તે જ સાધુ. જ્ઞાન હોય પણ હૈયું સરળ ન હોય તો જ્ઞાન શોભતું નથી. તપશ્ચર્યાની આરાધના પૂર બહારમાં હોય, પણ માયા કપટના દાવ ખેલવાનું ચાલું હોય તો તપશ્ચર્યા સંસારથી પેલે પાર લઈ જવામાં સમર્થ કેવી રીતે બને ? બધા ગુણો સારા છે. પરંતુ બધા ગુણોમાં સરળતાનો ગુણ ભળી જાય તો શીરામાં સાકર ભળે તેવી મીઠાશ થઈ જાય. જેનું હૈયું સરળ તેનો મોક્ષ થાય સરળ. સરળ વ્યક્તિ અસત્યના પાપથી બચી જાય છે. હા, સરળ સ્વભાવના થવામાં એક વાત છે કે બધા તમારો લાભ ઉઠાવી જાય. પરંતુ એથી ગભરાઈ જવાની જરૂર નથી. ભોળાનું ભલે કોઈ ન થાય પણ ભોળાના ભગવાન તો હોય જ છે. કપટ કરીને કલ્યાણ અટકાવવા કરતાં, સરળ બનીને કર્મબંધન અટકાવવા એ વધુ શ્રેષ્ઠ બાબત છે. યાદ રાખજો,

**ફૂલને પાણી કોઈ કાળે ડૂબાડી શકે નહીં, પથ્થરને પાણી ક્યારેય તારી શકે નહીં. નમ્રતાવાનને કોઈ નિમિત્ત ડૂબાડી ન શકે, અભિમાનીને કોઈ નિમિત્ત તારી ન શકે.**

બસ, કપટ હૃદયમાં ધર્મ રહે નહીં અને સરળ હૃદયમાંથી ધર્મ દૂર થાય નહીં. ગૌતમસ્વામી તરી ગયા જ્યારે ગોશાલક સંસારમાં ડૂબી ગયા હતા.

સરળ વ્યક્તિનું જ્ઞાન દીપે છે, તપ તેજસ્વી લાગે છે. ધ્યાન શોભાસ્પદ બને છે તો સાધના પ્રશંસનીય બને છે. અને હા.... એક વાતનો ખ્યાલ રાખજો કે કપટ કરીને, તમને લાગતું હશે કે તમે ફાવી ગયા, પરંતુ એ તમારી ભ્રમણા છે. તમે ફાવ્યા છો તેની પાછળ તમારી કપટબાજીની પ્રધાનતા નથી, પરંતુ તેમાં તમારા પુણ્યની પ્રધાનતા છે. સરળ વ્યક્તિએ એમ ન વિચારવું કે હું સરળ છું એટલે બધા મારો લાભ ઉઠાવે છે, પરંતુ તમારા કર્મમાં છે, તેથી બધા તમારો લાભ લઈ રહ્યા છે. જો કપટથી સફળતા મળતી હોય તો આખું જગત અસત્યના માર્ગે ચાલવા માંડે. પુણ્યના સ્વરૂપને નહીં જાણનાર જ માયા કપટના ખેલ ખેલે છે. શાસ્ત્રમાં પ્રભુએ કપટને (માયાને) સલ્ય (કાંટા)ની ઉપમા આપી છે. કાંટો પગમાં વાગે તો માણસને પ્રતિક્ષણ વેદના ભોગવવી પડે છે. પછી ભલે તે ક્યાંય પણ હોય, અને કંઈ પણ કરતો હોય. એ જ પ્રમાણે બસ, માયાનું સલ્ય હૃદયમાં વાગ્યું એટલે સમજી લેવાનું કે એ તમારા આત્માને પ્રતિક્ષણ દુઃખી કરશે. કારણકે, માયા થઈ ગયા બાદ પણ તમે તો જાણો છો કે તમે સામેની વ્યક્તિ માટે માયાનાખેલ ખેલ્યા છો.

મહાબલ પ્રમુખ છ મિત્રો સાથે રમતા, સાથે ફરતા, જીગરજાન મિત્રો. મોટા

થઈને વૈરાગ્ય રંગે રંગાઈ ગયા. દીક્ષા લેવાનું નક્કી કર્યું. અસાર અને દુઃખ ભર્યા સંસારને અલવિદા કરવા છ એ મિત્રો તત્પર બન્યા. બધાએ એક બીજાને વચન આપ્યા કે છ એ જણાએ સાથે દીક્ષા લીધા બાદ જે કોઈ આરાધના કરીએ તે સાથે જ કરવાની અને સરખી જ કરવાની, જેથી આપણે આવતા ભવમાં પણ સાથે જ રહીએ, જુદા ન પડીએ.

દીક્ષા થઈ ગઈ, સાધના ચાલુ થઈ. ઘણાં વરસો સુધી વચન પ્રમાણે સરખી અને સમાન સાધના ચાલી રહી છે. પરંતુ સૌથી મોટા મિત્રના મનમાં એક વિચાર ઝબકયો કે આ ભવમાં તો સાથે રહીને સરખી તપશ્ચર્યા કરીએ છીએ. અત્યારે હું સૌથી મોટો છું, પરંતુ આવતા ભવમાં છએમાં હું મોટો રહીશ કે નહીં ? તેથી આ બધા કરતાં મારે વધારે તપશ્ચર્યા કરવી જોઈએ. બસ, આ વિચારે સર્જાયો સાધના જીવનમાં માયા-કપટનો ખેલ. બધાએ સાથે છટ્ઠ તપ કર્યું. પારણાનો દિવસ આવ્યો. ચાલો ગુરુદેવ, પારણું કરવા પધારો. ત્યાં ગુરુદેવે પ્રકાશ પાડ્યો કે મેં અટ્ઠમ કર્યો છે. આમ તપશ્ચર્યામાં બે-ત્રણ વાર માયાકપટનું સેવન કર્યું. અને પરિણામ.... માયાના ફળ સ્વરૂપે સ્ત્રી નામકર્મ બાંધ્યું. અને આપ જાણો છો કે અનંત કાળે અચ્છેરૂ થયું કે માયાના બંધન બાંધીને આવેલો આત્મા, ચોવિસ તીર્થંકરોમાં ૧૯મા મલ્લિનાથ સ્ત્રી બન્યા. હાય....! આટલી નાની માયા પણ આવું ગોઝારું પરિણામ લાવે તો હું અને તમે રોજ કેટલા કપટના દાવ-પેચ ખેલીએ છીએ. સાવધાન..... આજે જ પાછા વળો આ માયાકપટના ખેલથી. કારણ, માયા તમારી બંધાયેલી મિત્રતાનો નાશ કરે છે અને શત્રુતાનો જન્મ કરે છે. માટે પ્રભુ કહે છે કે મોક્ષ ધર્મને તમારા હૃદયે સ્થાપવાની તમારી ઝંખના હોય તો પહેલા હૃદયને સરળ અને સ્વચ્છ બનાવો. શુદ્ધ ધર્મ સરળ અને ઋજુ હૃદયમાં રહે છે, ટકે છે. સંસારનું ક્ષેત્ર તો માયાપ્રપંચનું કેન્દ્ર છે. પરંતુ ધર્મના ક્ષેત્રે, ધર્મ માટે ધર્મીઓ સાથે તો માયા ખેલવાનું આજે જ બંધ કરો. ભગવંત ફરમાવે છે,

**माया मित्ताणी नासई ।**

માયા મિત્રતાનો નાશ કરે છે.

બાળક જેવા સરળ બનો. ફોન આવ્યો.... બાબાએ ઉઠાવ્યો.... 'હલ્લો..હલ્લો.. કોનું કામ છે ?' તારા પપ્પા છે ?' બાળકે કહ્યું ઊભા રહો. બાળક દોડી ગયો પપ્પા પાસે. 'પપ્પા ફોન છે.' 'બેટા કોનો ફોન છે ?' 'પપ્પા, મફતભાઈનો ફોન છે.' અચ્છા, રૂપિયા લેવા માટેનો ફોન લાગે છે. 'બેટા કહી દે, પપ્પા બહારગામ ગયા છે.' બાબાએ ફોન ઉપાડી રોકડો જવાબ આપી દીધો. 'હલ્લો.., મારા પપ્પા સોફા પર બેઠા બેઠા કહે છે

કે મારા પપ્પા બહારગામ ગયા છે, પછી ફોન કરજો..'

**કેવું હતું એ બાળપણ , કેવું હતું એ ભોળપણ,**
**આ આવ્યું શાણપણ, ગયું મારૂં બાળપણ,**
**લાવ ઢોળી દઉં મારૂં શાણપણ, પાછું શોધી લઉં મારૂં બાળપણ.**

આ છે બાળક હૃદયની સરળતા. ગમે તેટલા શ્રીમંત હો કે ગમે તેટલા સાધક. પરંતુ પ્રભુ અને ગુરુના ચરણોમાં તો બાળક જેવા હૃદયવાળા બનવું જોઈએ.

અને હા ! સરળતા સાથે ભગવાને દર્શાવેલ ત્રિતત્વ અને ત્રિરત્નપર અતૂટ અને અજોડ શ્રદ્ધા જમાવી સાધનામા આગળ વધવાનું છે. શ્રધ્ધા વિનાની સાધના જીવનું ક્યારેય કલ્યાણ કરતી નથી. સત્ય ન્યાય માર્ગને છોડી કેટલા જીવો ભોળા હોવાથી શ્રદ્ધામાંથી ભ્રષ્ટ પણ થઈ જતા હોય છે જુઓ પ્રભુ બતાવે છે કે

**आहच्च सवणं लध्दुं सध्दा परमदुल्लहा ।**
**सोच्चा नेआउयं मग्गं, बहवे परिभस्सई ।।**

મોક્ષમાર્ગના પ્રરૂપક પરમાત્મા મહાવીર દેવે આત્માને પામવાનો, આત્મ સ્વરૂપને અનુભવવાનો શાશ્વત માર્ગ બતાવ્યો છે. માર્ગ મળવો એ પુણ્યોદય છે. જ્યારે મોક્ષ માર્ગે ચાલવામાં ભાવોદયની જરૂર પડે છે. માર્ગ સુધી તો હું અને તમે અનેક વાર પહોંચી ગયા હતા. પરંતુ મોક્ષમંઝિલ સુધી આપણે હજી પહોંચ્યા નથી. જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપી મોક્ષમાર્ગ મળ્યો, પરંતુ એ માર્ગે અંતરયાત્રાળુ બની પગ ઉપાડ્યા નહીં. જેને લીધે અનેક ગતિની યાત્રા કરી આજે આપણે માનવભવમાં આવ્યા છીએ. હવે, આ ભવમાં પૂર્વભવોમાં કરેલી પ્રવૃત્તિનું પુનરાવર્તન કરવું છે કે પરિવર્તન ? પુનરાવર્તન એ સંસારનો માર્ગ છે અને પરિવર્તન એ સાધનાનો માર્ગ છે. અનેક ભવોથી પુનરાવર્તન કરીને જ ઉત્તમ ભવો પ્રાપ્ત થવા છતાં નિષ્ફળ બન્યા છે. હવે આત્મ પરિણામોને વિશુધ્ધ કરવા પરિવર્તન કરો. સવાલ એ છે કે ચાલવાનું ચાલુ ક્યાંથી કરવું ? આજે જે માર્ગે ચાલી રહ્યા છીએ ત્યાં જ ચાલવાનું ચાલુ રાખશો તો મોક્ષમાર્ગ વધુ વેગળો થતો જશે. ચાલવાનું ચાલુ કરતાં પહેલા જે દિશામાં આપણે ચાલી રહ્યા છીએ તે દિશાથી મૂખ ફેરવી લો. એટલે કે સંસારના માર્ગથી વિમુખ બની, સંયમ ત્યાગના માર્ગ સન્મુખ બની, પછી મોક્ષનું લક્ષ કરી આગળ ચાલવાનું શરૂ કરશે.

આચારાંગજી સૂત્રના ભાવો પ્રવચનમાં ચાલી રહ્યા છે. આજે મોક્ષમાર્ગના મૂળભૂત તત્ત્વની વાત કરવી છે. આ વાત જિનેશ્વર દેવે પ્રત્યેક સાધકની સાધનાને પ્રાણ પૂરવા

સમાન રજૂ કરી છે. આજનું સૂત્ર છે.

**जाए सद्धाए णिक्खंतो, तमेव अणुपालिया विजहित्तु विसोत्तियं !**

પ્રભુ મહાવીરસ્વામી ખૂબ જ અગત્યની અને મહત્વની બાબત ફરમાવી રહ્યા છે. હે સાધક ! તું તારી શ્રદ્ધાને જીવંત રાખજે.

**પ્રાણના બળે જીવન જીવી શકાય તો શ્રદ્ધાના બળે સાધના સાધી શકાય.** મકાન ગમે તેટલું મજબૂત હોય, પણ જો તેના પાયા હચમચી ગયા તો મકાનને નીચે આવતા વાર નથી લાગતી. વૃક્ષ ચાહે વિશાળ કેમ ન હોય, પરંતુ મૂળ ઉખડી ગયા-એટલે વૃક્ષ ખલાસ. બસ, આ જ પ્રમાણે સાધકની સાધના ગમે તેટલી સર્વોત્તમ કેમ ન હોય, ક્રિયા - અનુષ્ઠાન ગમે તેટલા નિયમિત અને ઉત્કૃષ્ટ કક્ષાના કેમ ન હોય, પરંતુ શ્રધ્ધાના પાયા ખંડિત થયા એટલે તમામ સાધના ઝીરો પર આવી ઊભી રહી જાય. હાય...! અનંતની યાત્રામાં જીવે તપ-જપ-ત્યાગ કર્યા, અને નવ ગ્રૈવેયકના અનેક ચક્કર લગાવી દીધા, છતાં મોક્ષ મંઝિલ કેમ ન મળી ? શું તપ-જપ ઓછા હતા ? શું ચારિત્રનું પાલન નહોતું કર્યું ? શું જ્ઞાન ભણવામાં ઉણપ હતી ? ના, બધુંય બરાબર હતુ, પરંતુ આત્માનું દર્શન વિશુદ્ધ ન હતું. એટલે કે શ્રદ્ધામાં ગડબડ હતી. શીરો બનાવી દીધો પણ સાકર નાખવાની રહી ગઈ હતી. સાધના તમામ કરી લીધી પણ શ્રદ્ધાની મીઠાશ ભળી ન હતી. જેને કારણે, જીવ જ્યાં ગયો ત્યાં તેણે પરસુખને પોતાનું માન્યું. પદાર્થોમાં સુખ શોધ્યું, દેહસુખમાં પાગલ બન્યો. દેવલોકના સુખને સુખ માન્યું અને નરકના દુઃખને દુઃખ માન્યું. હાય...! કેટલી ભયંકર દુર્દશા આ અજ્ઞ જીવની. દર્શનનો અભાવ એ જ દુઃખ અને દર્શનનો સદ્દભાવ એ જ સુખ. આ વાતને ભૂલી સાતા-અસાતાને સુખ-દુઃખ સાથે જોડી દીધું. સાતા-અસાતા કર્મ પરથી નજર હટાવી મોહનીયકર્મ પર નજર કરો. મોક્ષનો અવરોધક મોહ છે. મોહ નાશની સાધના જ સર્વે શ્રેષ્ઠ સાધના છે. દેવાધિદેવ અરિહંત દેવ પ્રત્યે શ્રદ્ધા. અરિહંત પ્રભુના સિધ્ધાંત પ્રત્યે શ્રધ્ધા થાય ત્યારે સાધનાની શરૂઆત થાય છે. બુધ્ધિને તત્ત્વ સમજવામાં લગાડવી પરંતુ શ્રદ્ધા માટે તો હૃદયનો જ ઉપયોગ કરવો પડશે. જ્ઞાન ઓછું-વત્તુ ચાલે. ચારિત્ર થોડું ઓછું ચલાવી લેવાય, પરંતુ દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યેની શ્રદ્ધા તો ઓછી ન જ ચલાવી લેવાય. ચોથા ગુણસ્થાનકના માલિક બન્યા વિના મોક્ષના માલિક બનાતું નથી. પ્રભુ મહાવીરસ્વામીએ નયસારના ભવમાં દર્શન પ્રાપ્ત કર્યું તો ઋષભદેવ પ્રભુએ ધન્ના સાર્થવાહના ભવમાં દર્શનની પ્રાપ્તિ કરી અને ત્યારથી મોક્ષમાર્ગની યાત્રાની શરૂઆત થઈ ગઈ.

સાધનાની શરૂઆત છે સાધના પરના પૂર્ણ વિશ્વાસથી. તત્ત્વની શ્રદ્ધા થયા વિના તત્ત્વ યાત્રાની શુભ શરૂઆત થતી નથી. શ્રદ્ધાના પાયા મજબૂત થયા બાદ જગત સુખ ઈચ્છાનો નાશ થઈ જાય છે. આત્મ તત્વ જ સુખનો ભંડાર છે. આ સિવાય જગતમાં ક્યાંય સુખ નથી એવી દઢતા જીવાત્માને આવી જાય ત્યારે શ્રધ્ધા જામી ગઈ કહેવાય. પ્રભુ મહાવીર જણાવે છે કે ઈચ્છાની તૃપ્તિ થવાની નથી, કરવી હોય તો ઈચ્છાની સમાપ્તિ કરો. તેમાં તમે સ્વતંત્ર છો. ઈચ્છાની પૂર્તિના પ્રયત્નોનો ત્યાગ કરી ઈચ્છાની પૂર્ણાહુતિ તરફનો પુરુષાર્થ ચાલુ કરો. ઇચ્છા પૂર્તિમાં કોઈ સફળ બન્યું નથી તો ઈચ્છાની પૂર્ણાહુતિમાં કોઈ નિષ્ફળ બન્યું નથી. પરંતુ જીવને જીવ પર શ્રદ્ધા, વિશ્વાસ જાગે ત્યારે જ મોહ નાશની સાધનામાં જીવ સફળતા પ્રાપ્ત કરી શકે, અન્યથા નહીં. અને હા.... ! સાધનાના ક્ષેત્રે અગત્યની વાત એ છે કે સાધના જે શ્રદ્ધાથી આરંભી છે તે શ્રધ્ધા જીવનના અંતિમ શ્વાસ સુધી અખંડ રહેવી જોઈએ. શ્રદ્ધાનો દીપ અંતર મંદિરમાં અખંડ રહેવો જોઈએ. જીવન ચાલે શ્વાસોશ્વાસ પર, શ્વાસ ખતમ જીવન ખતમ, બસ, સાધના ચાલે વિશ્વાસ પર. સાધના ક્ષેત્રે વિશ્વાસ ખતમ એટલે સાધના તરત ખતમ. શ્રદ્ધા વિનાની સાધના એટલે સાકર વગરનો શીરો, તે શીરામાં સ્વાદ ન મળે. તે સાધનામાં રસ જાગૃત ન થાય અને સાધનામાં રસ ન પ્રગટે તો નિર્જરા ક્યાંથી સંભવે ? હે પ્રભુ, આજના દિવસે હું પ્રાર્થના કરું છું કે તારા પ્રત્યેનો વિશ્વાસ, તારા સિદ્ધાંત પ્રત્યેની શ્રદ્ધા, તારા જયવંતા જૈનશાસન પ્રત્યેની અતૂટ આસ્થા અને મહાવ્રત ધારી નિર્ગ્રંથો પ્રત્યે પૂર્ણ વિશ્વાસ ટકી રહે. ચાહે સંસારમાં ઉપાધિ આવે કે ચાહે શરીરમાં રોગ પ્રવેશે. પરંતુ મારો સમ્યક્દર્શનનો દીવડો કદી ન બુઝાય, એટલી મારા અંતરની આરઝૂ છે.

**માનવભવ જો દુર્લભ છે**
**તો શ્રધ્ધા પરમ દુર્લભ છે.**

વર્તમાને શ્રાવકો શ્રદ્ધાના ક્ષેત્રે ઢીલા બનતા જાય છે. એટલે જ ભગવંતે શ્રાવકોને ધજા સાથે સરખાવ્યા હશે. જે તરફનો પવન તે તરફ ઊડવા લાગે. બસ, જે તરફથી હવા આવે તે તરફ ખેંચાય જાય. મહાવીરસ્વામીના સિદ્ધાંતને મુખ્ય બનાવીને બનેલા **મતો**-પંથોની ચર્ચા, જાહોજલાલી કે વધુ જનસમુહ જોઈ સત્ય ધર્મ છોડી અન્ય પંથમાં મોહી જાય છે. અંતે સત્ય ધર્મને છોડી શ્રદ્ધાથી ભ્રષ્ટ બની રંગરાગથી યુક્ત ધર્મને અપનાવી લે છે. એટલે પ્રભુએ આચારાંગ સૂત્રમા **जाए श्रध्धाए निक्खंतो**......

**આંખો મેં અગર મુસ્કાન હૈ તો ઈન્સાન તુમસે દૂર નહીં.**
**પાંખો મેં અગર ઉડન હૈ, તો આસમાન તુમસે દૂર નહીં.**
**શિખર પર બૈઠ કે વિહંગને યહીં ગીત ગાયા હૈ કે,**
**શ્રધ્ધામેં અગર જાન હૈ, તો ભગવાન તુમસે દુર નહીં.**

શ્રદ્ધાથી વિચલિત થઈશ નહીં, જ્યાં-ત્યાં દોડીશ નહી. ધર્મને અધર્મ ગણી, અધર્મને ધર્મ ગણી, વગર વિચારે આચરીશ નહીં. સાધનાના ક્ષેત્રે સૌથી મોટી મૂડી છે શ્રદ્ધા.

ખબર હશે તમને ગૌતમની દઢ શ્રદ્ધાનો અને ગોશાલકની શ્રદ્ધામાં શિથિલતાનો. શ્રદ્ધા હોય તો ભગવાનની વાણી માત્રથી ભગવંત થઈ જવાય. શ્રદ્ધા ન હોય તો સાક્ષાત્ ભગવંત મળે તો પણ ગોશાલકની જેમ સંસારમાં રખડી જવાય. અરે, તમે લોકોએ સંસારમાં કેટલા લોકો ઉપર વિશ્વાસ મૂક્યો છે. અને વિશ્વાસ મૂકયા વગર તમારો સંસાર આગળ ચાલે પણ નહીં. બસ, ટ્રેન કે વિમાનના ડ્રાયવર પર વિશ્વાસ મૂકી આરામથી સૂઈ જાવ છો. હજામ પર વિશ્વાસ રાખી આરામથી ઠંડે કલેજે હજામત કરાવો છો. અરે, ઘરને તાળું મારી નિરાંતે બહારગામ જાવ છો. તો મારે તમોને કહેવું છે કે ? આ બધા ઉપર વિશ્વાસ છે એટલો તારક પર છે કે નહીં ? જગત પર મૂકેલો વિશ્વાસ, કદાચ વિશ્વાસઘાતમાં ફરી શકે છે. પરંતુ તારક પ્રભુ પર મૂકેલો વિશ્વાસ ક્યારેય નિષ્ફળ જતો નથી.

સુલસાની કેવી દઢ શ્રધ્ધા હતી ! ખંધક સંન્યાસીએ નગરીના ચાર દરવાજે અલગ-અલગ દેવ-દેવીના રૂપ લઈને આખા ગામને ભેગું કર્યું પરંતુ સુલસા ન આવી તે ન જ આવી. અંતે સંન્યાસીએ પ્રભુ મહાવીરસ્વામીનું રૂપ ધારણ કર્યું. આખુંય નગર ગયું પરંતુ સુલસા ન ગઈ. કારણકે સુલસાને દઢ વિશ્વાસ હતો કે પ્રભુ ચોમાસામાં અત્રે આવે જ નહીં. કેટલી દઢતા...! અને હમણાં ચાર-પાંચ વર્ષ પહેલાં ગણપતિએ દૂધ પીધું, એમાં તો કેટલા ટોળાના ટોળા ઊતરી પડ્યા ! શ્રધ્ધામાં કાચા ન બનો. ચમત્કાર ત્યાં ન કરો નમસ્કાર. જૈનધર્મ કહે છે કે નમસ્કાર હોય ત્યાં ચમત્કાર થયા વિના રહે નહીં.

પ્રભુના ધર્મમાં શંકા-કંખા ન કરવી. પ્રભુ કહે છે કે શંકા અને વિવાદનો ત્યાગ કરી શ્રદ્ધાવાન બનો. બુદ્ધિને પેલે પાર શરૂ થાય છે શ્રધ્ધા. સૂર્યની ગરમી માપવા માટે થર્મોમીટર ચાલે ખરૂં ? સાગરને માપવા વળી ફૂટપટ્ટી કામ આવે ખરી ? બસ, ચંદ્ર જેવા નિર્મળ, સૂર્ય જેવા તેજસ્વી, સાગર જેવા ગંભીર, તારક તીર્થંકર શ્રી મહાવીરસ્વામીના

પ્રરૂપેલા, વિશાળ ધર્મને પામવા કે સમજવા, ફૂટપટ્ટીથી પણ નાની એવી આપણી બુદ્ધિનું શું ગજું કે પ્રભુના રહસ્યોને આંબી શકે.... છતાં બુદ્ધિથી સમજવાના પ્રયત્નો કરવા જોઈએ. ન સમજાય ત્યાં શંકા નહીં, જીજ્ઞાસા ઊભી કરી ગુરુ પાસે સમાધાન કરવું અને ન જ થાય તો અંતે કેવળી ગમ્ય 'ત્વમેવ સચ્ચં નિશંકં' ના સૂત્રનેં અમલી બનાવી, શ્રદ્ધાને અખંડ રાખવી પણ શંકાના વાદળો ઊભાં ન કરવાં. જુઓ, અગિયાર અંગના સ્વામીને.... ૫૦૦ શિષ્યના ગુરુદેવ હતા, પ્રભુ મહાવીરસ્વામીનું પાવન અને સર્વોત્તમ સાનિધ્ય હતું. અને મહા વૈરાગી હતા. શાસ્ત્રકાર જણાવે છે કે જ્યારે જ્યારે વૈરાગ્યની સરખામણી કરવામાં આવે ત્યારે ત્યારે જમાલીના વૈરાગ્ય સાથે કરવામાં આવે. સુબાહુ-કુમારનો વૈરાગ્ય કેવો હતો ? તો 'जहा जमालि' જમાલી જેવો વૈરાગ્ય હતો. વાહ....! જેનાં વૈરાગ્યનાં ગાણાં ખુદ પ્રભુ એ ગાયાં હતાં. એવા જ્ઞાની, તપસ્વી, વૈરાગી જમાલી મુનિએ જ્યારે ૫૦૦ શિષ્ય સાથે વિહાર કરવાની પ્રભુ પાસે અનુજ્ઞા માંગી ત્યારે પ્રભુ મૌન રહ્યા હતા. પ્રભુના મૌનને હકારાત્મક ગણી ૫૦૦ શિષ્યને લઈને વિહાર કર્યો. હવે, ઘટના એવી બની કે અંતિમ અવસ્થાને લીધે, રોગ અવસ્થા આવવાથી, શિષ્યોને આજ્ઞા કરી કે જલ્દી પથારી કરો, મારે આરામ કરવો છે. તુરંત પથારી કરવાનું ચાલુ કર્યું. ધીરજ ન રહેતા ફરી કહ્યું, પથારી થઈ ગઈ.... ? 'ગુરુદેવ પથારી થઈ રહી છે.' બસ, શિષ્યની આ વાત સાંભળી ગુરુ જમાલી મુનિના મનમાં શંકાના તરંગો ઊઠ્યા. પ્રભુ તો કહેતા હતા કે જે કામ ચાલુ કર્યું એ થઈ ગયુ. તો હજી મારી પથારી કેમ નથી થઈ ? મહાવીરનો સિદ્ધાંત બરાબર નથી. બસ, જમાલીમુનિએ શ્રદ્ધાના દીપકને બુઝાવી દીધો. અને આલોચના કર્યા વગર કાળના સમયે કાળ કરી કિલ્વીષીના ભયંકરપણાને પ્રાપ્ત કરી મૂલ્યવાન સાધુપણું હારી ગયા. આટલા મહાન અગિયાર અંગના જ્ઞાની, ૫૦૦ શિષ્યના સ્વામી, પ્રભુ મહાવીરના જમાઈ, માત્ર આટલી શંકા માત્રથી ઉચ્ચ ગુણસ્થાનેથી પડવાઈ થઈ જાય તો વિચારો આપણી દશાને....! ક્યાં છે શ્રદ્ધાની દઢતા. એ.સી. અને પંખાની નીચે ધ્યાન ધરીને મોક્ષે જવું છે. માત્ર આત્માની વાત સાંભળવાના રસીયા થઈ, પ્રભુએ બનાવેલા ધર્મ અનુષ્ઠાનોનો ઉચ્છેદ કરવો છે અને ધર્મ ક્રિયા કરનારને મિથ્યાત્વી ગણી, પોતાને જ સત્ય માનનારા આત્માઓનો ક્યાંથી મોક્ષ થશે ? જો બધી સુવિધાનો ત્યાગ કર્યા વિના પણ મોક્ષ મળી જતો હોય તો પ્રભુને સાડાબાર વર્ષ અને એક પખવાડિયા સુધી શા માટે સાધના કરવી પડે..? કષ્ટોની વણઝાર સહવાની શું જરૂર હતી ? કષ્ટો સહીને કેવળજ્ઞાન મેળવનાર પ્રભુનો આત્મા એમ કહે... કે તમે છકાય જીવોની પરવા કર્યા વિના આત્મામાં

લીન બની જાવ, આત્મા પામી જશો.... ? હાય.. પ્રભુનો માર્ગ ભૂલેલા જીવોની દશા શું થશે ?

**માર્ગ ભૂલેલા જીવનપથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું**
**કરે ઉપેક્ષા એ મારગની, તો યે સમતા ચિત્ત ધરું.**

માર્ગ ભૂલેલાને સત્ય માર્ગ બતાવવો, પરંતુ એ ઉપેક્ષા કરે તો ચિત્તમાં સમતા રાખી આપણે આપણી સાધનામાં મગ્ન બની જવું. પરંતુ ખોટા માર્ગથી અંજાઈ જવું નહીં. આજે રંગરાગવાળા ધર્મમાં લોકો ભાગી રહ્યા છે. – સભામાંથી : સાહેબ, સ્થાનકવાસી જ બધે ભાગે છે અને બધા એમ કહે છે કે સ્થાનકવાસી ધર્મ લૂખ્ખો છે. – અરે હા, ધર્મ લૂખો છે એટલે છોડીને રંગરાગયુક્ત ચોપડેલો ધર્મ સ્વીકારી લો. પરંતુ મારે તમને પૂછવું છે કે ૫૦૦ રૂપિયાની નોટ તમે મોંઢામાં મૂકી ચાવો, કેવો સ્વાદ આવે છે ? તીખો... તુરો... ખાટો... કે મીઠો... બોલો, કેમ મૌન થઈ ગયા ? સાહેબ, સ્વાદ ન આવે.

અચ્છા, જો ૫૦૦ રૂપિયાની નોટમાં કોઈ સ્વાદ જ ન હોય તો શા માટે નોટો ભેગી કરો છો ? નાખી દો નોટોને. શા માટે તિજોરીમાં સંગ્રહી રાખી છે ? ભાઈ, નોટ લુખી છે પણ તેના માધ્યમે અનેક સ્વાદ મેળવી શકાય છે. તેમ નીરસ અને લુખ્ખા જણાતા ધર્મ પાસેથી આત્મા અને મોક્ષનો સ્વાદ પ્રાપ્ત કરી શકાય છે. શાસન ઉદ્ધારક લોકાશાહ અને શાસન સમ્રાટ ધર્મસિંહજીસ્વામીએ અહિંસા, તપ, સંયમ ધર્મનો પ્રચાર કર્યો. આરંભ-સમારંભના કામમાં ધર્મ માનનાર સામે પડકાર કર્યો હતો. તમે એના વારસદાર બની ચારે બાજુ દોડાદોડ કરી મહાન પુરુષોના દર્શાવિલ માર્ગને મૂકી અન્યની વાણી અને સાહિત્યમાં ગાંડા ન બનશો. શાસ્ત્રોમાં બધું જ છે. તમે ચિંતન મનન કરો, જરૂર જે તમને જોઈએ છે તે મળી રહેશે. અન્ય ધર્મ ખોટા છે એમ નહીં પણ આપણે આપણા સ્થાને સાચા છીએ, એટલું વિચારી આપણને આપણા દાદા-પિતા આદિનો ધર્મનો વારસો મળ્યો છે તેને સાચવી રાખીએ. તે માટે શ્રદ્ધાના પાયા મજબૂત રાખશો. મિથ્યાત્વીની વાણી કાને ધરી પીશો નહીં. એટલે જ કહેવામાં આવ્યું છે

**પ્રભુ નથી આકાશમાં, પ્રભુ નથી પાતાળમાં**
**મોહ પડદો હટતાં, પ્રભુ તુજ પાસમાં ॥**

તું તારૂં સમ્યક્-દર્શન પ્રગટાવ, મોહ તિમિરને ગાયબ થયે જ છૂટકો. બીજા ભાવ અવસરે.....

## ૮

# કરામત

लाभालाभे सुहे दुक्खे, जीविए मरणे तहा ।
समो निन्दापसंसासु, तहा माणावमाणओ ॥

લાભ કે અલાભમાં, સુખ કે દુઃખમાં જીવન હો યા મરણ,
નિંદા મળે કે પ્રસંશા બન્ને પરિસ્થિતિમાં સમભાવ રાખવો
તે જ ધર્મનું શ્રેષ્ઠ ફળ છે,

મનનો વિચિત્ર સ્વભાવ છે કે તમારી પાસે જે છે તે જોવા રાજી નથી અને જે પોતાની પાસે નથી તેને જોયા વિના ચેન પડતું નથી, તેથી આપણું મન હંમેશાં અભાવમાં જ રહે. પારકા ભાણામાં લાડવો મોટો લાગે. પારકાના કાંડાની ઘડિયાળ હંમેશાં સારી લાગે. ગાડી બીજાની જ ગમે. મનનો સ્વભાવ જ વિચિત્ર છે. અને અભાવની પૂર્તિ થાય એવું અત્યારે આપણી પાસે પુણ્ય નથી.

બુદ્ધિનું પ્રદર્શન બંધ કરી દો, તે પ્રદર્શનથી તો આત્માની અશુધ્ધિ વધે છે. ગાડીના ડબ્બામાં યુવાને કોઈને કાનમાં કહી દીધું કે ડબ્બામાં સાપ છે, ધીમે ધીમે આખાયે ડબ્બામાં વાત ફેલાઈ ગઈ. બધાં ઊતરવા માંડ્યાં. બધાંયને સૌથી વ્હાલા પ્રાણ હોય છે. ઘડી ઘડી વિચાર બદલાય છે. આ સારું, પેલું સારું, વિકલ્પો કરવામાં માણસ સમય, શક્તિ અને આયુષ્ય ત્રણેય ખર્ચી નાંખે છે. બાળપણ રમકડામાં, યુવાની વિદ્યા ભણવામાં, આગળ વધીને સત્તા ને સંપત્તિમાં ને છેલ્લે ઉપાશ્રયમાં સુખ માને છે. સુખ સ્વાધીન હોય, નિર્ભય હોય, ત્રણે ય કાળમાં એક જ હોય. સિદ્ધાંત ન બદલાય.

ઘડીકમાં સારૂ ખાઓ, ફરવા જાઓ, આરામ કરો. સ્વાદિષ્ટ ખાઓ, કોઈ સારી આઈટમ લાવો તો સુખ લાગે છે. બધામાં સુખ માનો છો ? ડાહ્યા થઈને પાછા વળો. શું કામ નકામી ઉપાધિ કરો છો. વ્યવહાર પૂરતું કામ કરી લો પછી આત્માની સાધનામાં લાગી જાઓ. એકમાંથી નિવૃત્તિ લઈને પછી સાધનામાં પ્રવૃત થાઓ. ઘરમાં નોકર, વોશિંગ મશીન, ટી.વી, ઘરઘંટી બધું જ આવી ગયું. હવે મન તમારા ઘરમાં છે કે ઘરની બહાર છે.

મન વર્તમાનમાં રહેવા ટેવાયું નથી જેને લીધે ભૂતકાળને વાગોળે છે અને ભવિષ્યકાળની ચિંતા કર્યા કરે છે. આથી મન માણસને સાચા રસ્તે લઈ જઈ શકતું નથી. સંતોને કોઈ ચિંતા નહીં ને સંતોને કોઈ ટેન્શન નહીં કારણ વર્તમાનમાં રહેવા ટેવાયા છે. તમે અમને સાતા પૂછો છો પણ અમને તમારી દયા આવે છે. અમે તો નવકારશી આવી ને પાતરા લઈને પહોંચી ગયા. ઈસ્ત્રી નહીં, મીસ્ત્રી નહીં, વાળંદની જરૂર નહીં, દરજી નહીં, નોકર નહીં, કોઈની પણ જરૂર નહીં, કપડાં જાતે ધોયાં, કામ પત્યું. સાધુ

એટલે ચક્રવર્તીનો ચક્રવર્તી ને ઈન્દ્રનો પણ ઈન્દ્ર. સ્વાધીન તે સાધુ, પરાધીન તે સંસારી.

જેનાં બ્રહ્મચર્યની સાધનાને ઈન્દ્ર પણ નમી જાય. શીલ, સદાચારથી સૃષ્ટિનું સૌંદર્ય પણ જળવાઈ રહે. કળિયુગ આવતાં બધાં બગડી જશે ? ના, કોઈ નહીં બગડે. બગડે તો સુધારનાર મળી રહેશે અને મહાવિદેહની વિજયમાં આર્ય ભાગ છે અને અનાર્ય ભાગ પણ છે. કેટલાક જીવો નરકમાં પણ જશે ને થોડા મોક્ષમાં પણ જશે. તું તો સુધર. જગત ભલે બગડેલું રહે. તું તારી જાતને પ્રથમ સુધારવાનો પ્રયત્ન કર. ભીતરના નયન ખોલી ને તું તારાં દર્શન કરીલે. अप्पाणं तारइसाम्मि તું તારા આત્માને તારવાનાં કામ કર.

## કાળની કરામત :

બુદ્ધિમાં જો મલીનતા આવે તો શું થાય ? સાધનાને વેગ ન મળે. જાતને સંભાળી લો. શરીર, સ્વજન, ધંધો બધાની રીતે થયા જ કરે છે. પદાર્થોને નવા ને જૂના બનાવી દે છે. સુંદર વસ્તુને ભંગાર બનાવી દે. નવાં સરસ મજાનાં વસ્ત્રો ચીંથરેહાલ થઈ જાય. સરસ મઝાનું દૂધ વિકૃત બની જાય. સુંદર મજાનાં ભોજનો ૨-૩ દિવસ પછી વિકૃત થઈ જાય છે, તો સુંદર મજાની ગાડી પણ ભંગાર થઈ જાય છે. આ બધું કોણ કરે છે ? એક જ દ્રવ્ય છે અને એનું નામ કાળ છે. કાળ બધી જ પર્યાયોમાં પરિવર્તન લાવી દે છે. મકાન બનાવ્યું હોય તો ખંડેર થઈ જાય છે. ૫૦૦૦ ની સાડી અકબંધ રાખી મૂકો, ૧૦ વર્ષ પછી તે જૂની થઈ જશે. દૂધ ૨-૩ દિવસ રાખો તો ફાટી જશે. આ બધું કરે છે કોણ? કાળ. જન્મે ત્યારે બાળક હોય, સમય જતાં યુવાન પછી વૃદ્ધ થાય ને મોત પણ આવી જાય છે. શું ખરેખર મોત આવશે ? સ્વભાવ સ્થિર રહે છે ને વિભાવ બદલાયા કરે છે. મોતને આંખ સામે રાખો તો મતિ ક્યારેય બગડશે નહીં. સમય બધું બદલી નાંખે છે. ભગવાનનો ઉપકાર માનો કે રોજ નવો સમય મળે છે, તો ઉત્તમ કાર્ય કર્યા વગર રહેશો નહીં. ભગવાન મહાવીરે ગૌતમને કહ્યું કે 'સમયં ગોયમં મા પમાયએ.' આમ આ વાક્ય એકવાર નહીં, અનેકવાર કહી ગૌતમને જાગૃત રાખ્યા હતા.

જેને કોઈ ન સુધારી શકે, ગુરુ પણ સુધારી ન શકે તેવા જીવોને એના જીવનમાં સમય અને સંજોગ સુધારી દેશે. અને હા, સમય જ માનવીના જીવનમાં વાસ્તવિકતાનાં દર્શન કરાવે છે. મારા કોણ છે ? અને મારા કોણ નથી ? એ સમયે અને સંજોગે ખ્યાલ આવે છે. સંબંધો સાચા હતા, સ્વાર્થના હતા કે પરમાર્થના હતા એ તો સમય જ બતાવે છે. એટલે જ કહ્યું છે,

**સારા દિવસોમાં સહુ સલામ કરી ઝૂકી જાય છે**
**માઠા દિવસોમાં બધાયે સામે થૂંકી જાય છે.**
**સહુ કહે છે છાંયડો સાથ છોડે નહિ કદી**
**અંધારે મુજ પડછાયો પણ સાથ મૂકી જાય છે.**

કોઈના સમય સરખા જતા નથી. નથી રહી રાવણની લંકા, નથી રહી રામની અયોધ્યા ને નથી રહી, મહાવીરની રાજગૃહી. જુઓ આજે કઈ હાલતમાં છે રાજગૃહી? સમય બધું બદલે છે. વિકૃતિને સંસ્કૃતિમાં સ્થાપી દે. જગતના તમામ પદાર્થોને વિકૃત ને સંસ્કૃત કરવાનું કામ કાળતત્ત્વ કરે છે. તો તમારા હાથમાં રહ્યું શું ? જીવનમાં ચિંતનાત્મક ચિત્ત બનાવો. કાળના સકંજામાંથી કોઈ પણ પદાર્થ બાકાત રહ્યો નથી. આજે બધું સુંદર ને કાલે ખરાબ બને છે. બંગલો ખંડેરમાં ટ્રાન્સફર કરવાનું કામ કોનું ? પદાર્થોને બગાડવાની તાકાત કાળ તત્વ પાસે છે. એટલે એ વાત હંમેશને માટે યાદ રાખજો કે જડ જગત એ તમારા હાથની વાત નથી. કાળ સ્વતંત્ર દ્રવ્ય છે. આપણે માથું મારી કર્મબંધન કરવાની બાલીશતા ન કરવી જોઈએ. કાળના હાથની બાજી છે. નવું-જૂનું, સારું-ખરાબ, શ્રેષ્ઠ-અશ્રેષ્ઠ બધું કાળ કરે છે. પ્રભુએ સાધકોને જણાવ્યું છે કે ભલે કાળ પોતાની કરામતથી જગત ઉપર પ્રભાવ પાડે, પરંતુ આ કાળનો સદ્ઉપયોગ કરવા માટે પ્રભુ બતાવે છે.

'**काले कालं समायरे** ।' કાળને ઓળખીને ધર્મ આચરણ કરી કલ્યાણની દિશા તરફ આપણે ચાલવાનું છે. કાળ તો સાધકો માટે સહાયક છે. અજ્ઞાની માટે બાધક છે. જ્ઞાની સમયનો સદ્ઉપયોગ કરી સાચા અર્થમાં પંડિત બને છે. ભલે કાળ જગત પર પરિવર્તન કરે, પરંતુ આપણે આપણામાં પરિવર્તન કરવાનું સર્વોત્તમ કાર્ય કરી લઈએ.

જડ જગત જો કાળતત્વ ને આધીન છે, એ વાત સહજ સમજાઈ જાય તેવી છે તો જીવનની પરિસ્થિતિમાં ફેરફાર સારું-નરસું, ઊંચું-નીચું, દેવ-નરક, સુખી-દુઃખી, કોઈ રોગી કોઈ તંદુરસ્ત આ બધું કોના હાથમાં છે ! શું એ આપણા હાથમાં ખરું ? બહુ જ અગત્યની વાત છે કે આપણા જીવનનું ગાડું કોણ હંકારે છે ? આ સવાલના જવાબમાં કર્મના સિધ્ધાંતને સમજવો જ રહ્યો, કારણ જડજગત જો કાળદ્રવ્યના હાથમાં છે તો જીવન જગત કર્મના હાથમાં છે

**કર્મની કરામત :**

રામ સિંહાસન પર બેસવાના હતા. કર્મ કહે "ઊભા રહો. અયોધ્યાના રાજા બનો તે પહેલાં મારું કામ પતાવું." કોણે મોકલ્યા ? દશરથે, તેની માતાએ. પરિસ્થિતિનું

નિર્માણ કરવાનું કામ કર્મરાજાનું છે. પદાર્થોમાં અને કર્મની બાબતમાં તમે પરતંત્ર છો. આજે સૂરજ હતો તો કાલે વાદળ કેમ ? આજે વસંત હતી તો કાલે પાનખર કેમ ? આજે સુખ હતું તો હવે દુઃખ કેમ ? ન પૂછશો સૂરજને, વાદળને, ન પૂછશો ઋતુને, ન પૂછશો જગતને. પૂછજો માત્ર તમારી જાતને. રામ સમજતા હતા કે દોષ મારો છે. જગતને સુધારવા નીકળેલો જાત પરના દોષને જોઈ શકતો નથી. કાનમાં ખીલા ઠોકાયા, નિજનો દોષ ગણ્યો. તેજોલેશ્યા છોડી પણ કોઈનો દોષ જોયો નહીં.. પૂર્વકૃત દોષો પોતાના જ છે. નિમિત્તને ધિક્કારો નહીં. ઉપાદાનને નજર સામે રાખો. દુઃખ આપનારને ભેટી પડો. ભેટી જશો તો દુઃખ ભાગી જશે. મહેમાનોનો સ્વીકાર કરો છો તેમ મુશ્કેલીનો સ્વીકાર કરો તો દુઃખ દૂર થશે.

**'હર શામકો સૂરજ ઢલ જાતા હૈ, હર પતઝડ વસંતમેં બદલ જાતી હૈ,**
**મેરે મન મુસીબતમેં હિંમત ન હાર, સમય કૈસા ભી હો ગુજર જાતા હૈ.'**

રામને મગજમાં હતું કે મને કોઈ નુકશાન નથી. હું જ મારા કર્મનો કર્તા, ભોક્તા ને સંહારક છું. કર્મ બાંધું પણ હું જ ને ભોગવું પણ હું જ. તું જ તારો કર્તા, ભોક્તા છે. ભગવાન તો જ્ઞાતા દૃષ્ટા છે. બધું જ તમારા હાથમાં છે. પણ ખુદ પોતે જ, તમારી જાત તમારા હાથમાં નથી. સત્યવાદી હરિશ્ચંદ્રને સ્મશાનમાં સર્વિસે જવું પડ્યું હતું. કૃષ્ણને અને પાંડવોને કૌરવોએ દુઃખની વણઝાર આપી હતી. ઈસુ ખ્રિસ્તને ક્રોસ પર ચડવું પડ્યું હતું.

અગ્નિ સુવર્ણને ચળકતું બનાવે છે, તેમ કર્મના ઉદયમાં આવતાં દુઃખો પણ માનવીને સિદ્ધિના શિખર પર ચડાવી દે છે. જીવનનું ગણિત કર્મો પ્રમાણે જ ચાલે છે. જે ધારે છે તે બનતું નથી પણ જે બને છે તેને ધારેલુ ગણીને સ્વીકારી લો. ઘડપણ આવે, નુકશાની આવે, તેને સ્વીકારી લો. ધિક્કાર દૃષ્ટિ નહીં, સ્વીકાર દૃષ્ટિ કેળવો. પરિસ્થિતિનો સ્વીકાર કરવો એનું નામ જ 'સમજણ' છે. સંજોગોના સહર્ષ સ્વીકારમાંજ સાચો ધર્મ સમાયેલો છે !

**कत्तारमेव अणुज्जाइ कम्मं.....** કર્મો કર્તાને જ અનુસરે છે. એટલે જે કર્મો કરે છે, તેને જ એ કર્મો ઉદયરૂપે આવે છે. અન્ય કોઈનાં નહીં, મારા જ કર્મોનાં ફળ મારી સામે આવ્યાં છે. હવે શા માટે હાય-વોય કરી દુઃખી થવું. એના કરતાં તેને સહજરૂપે, સમજણ ભેર સ્વીકારી, સહી લઉં. કર્મ ભલે એનો પ્રભાવ મારા જીવનમાં બતાવે પરંતુ ધર્મના માધ્યમે હું પણ કર્મોને પ્રભાવ બતાવી દઉં કે ધર્મની શી તાકાત છે. કર્મો રોગ

આપે તો ધર્મ વૈરાગ્ય આપે. કર્મો દુઃખ આપે તો ધર્મ સમાધિ આપે, સુખનો અનુભવ કરાવે. બસ, આ જ વિચારને અપનાવી લો તો. કામ થઈ જશે....

આ મારું છે ને મારે ભોગવવાનું છે. સુખ ભોગવતાં આવડે છે પણ દુઃખ ભોગવવું ગમતું નથી. તંદુરસ્તી ગમે છે પણ રોગ ગમતો નથી. ધંધામાં નફો થાય એ ગમે છે પણ નુકશાન ગમતું નથી. મીઠા શબ્દો પસંદ છે પણ કડવા શબ્દો ઝેર જેવા લાગે છે. **મીરાંબાઈ ઝેરના કડવા ઘૂંટડા પણ હસતાં હસતાં પી ગયાં અને આજે આપણે દૂધ પણ હસતાં હસતાં પી શકતાં નથી.** આ સાધના જીવનમાં અમને જે રહસ્ય મળ્યું છે તે તમને આપું છું. છેલ્લે દીક્ષા ન લો તો કંઈક તો આપવું જોઈએ ને. એક ચીજ આપું છું જે નિજાનંદમાં લઈ જાય, નિજનો વૈભવ દેખાડે, રોગો વચ્ચે સમાધિ આપે એવો રસ્તો બતાવું છું. પદાર્થોને ભલે કાળરાજા બગાડી નાંખે કે સુધારી દે, સુખ-દુઃખ, સગવડતા કે સલામતી મળે એ માટે ભલે કર્મ કામ કરે. આપણે હવે એક કામ કરવાનું છે. કરશો ને? અને એ કામ છે આત્માના પરિણામની સ્થિરતા... !

કાળ ફેરવવામાં કોઈ સફળ બન્યું નથી, તો પરિસ્થિતિને ફેરવવામાં કોઈ શક્તિમાન નથી. પ્રત્યેક બાબતે આપણો આત્મા પરાધીન છે. પરંતુ એક વાત એવી છે જે સ્વતંત્ર છે અને તે પણ આપણા જ હાથની વાત છે. અને તે છે આપણા આત્માનાં માધ્યસ્થ પરિણામો.

### પરિણામની કરામત :

બહુ જ મહત્ત્વની બાબત છે પરિણામની કરામત. ભલેને હોયે કાળના હાથમાં જગત-પરિવર્તન, ભલેને રાખે કર્મો જીવન પર સંચાલન. પરંતુ આપણા હાથમાં મહત્ત્વની બાબત છે આત્માનાં પરિણામ. ન રાગ-ન દ્વેષ. કારણ આપણા હાથમાં જડનું સંચાલન છે જ નહીં. તો જીવનમાં ભલેને આવે સુખ-દુઃખ, ચડતી-પડતી. એ તો કર્મોની કરામતના ખેલ છે. આપણે રહેવાનું બન્નેની વચ્ચે માધ્યસ્થ, અને તે રખાવે છે ધર્મ. ધર્મ છે ત્યાં પરિણામ વિશુદ્ધ રહે છે, અને વિશુદ્ધ પરિણામ છે તે જ સાચો ધર્મ છે. જગતનું પરિવર્તન કાળના હાથમાં છે. પરિસ્થિતિ બદલવાનું કર્મના હાથમાં છે. આત્માના પરિણામ વિરાધનામાં ન જાય એ માટે જાતમાં ટકવાનું કામ આત્માના હાથમાં છે. ઘાણીમાં પીલાયા છતાં વિષમ પરિસ્થિતિમાં પણ પરિણામ સુધાર્યા. ગજસુકુમારના માથે ખેરના અંગારા મૂકાયા પણ પરિણામમાં, આત્મભાવમાં સ્થિરતા હતી તેથી સિદ્ધ અવસ્થાને પામ્યા.

સંસાર છે, સમસ્યા આવવાની છે. પરિસ્થિતિ નિર્માણ થવાની જ છે એમાં રાગ-દ્વેષ તરફ ન કર. વિષય ને કષાયોમાં ન ફસાઓ. શરીરમાં આત્મા છે તો આત્મામાં પરમાત્મા છે. પરિણામ બગાડવાનું કામ પદાર્થોનું કે પરિસ્થિતિનું નથી. અજ્ઞાનતા પરિણામ બગાડે છે. સ્વભાવમાં બેસી જોયા કરો. પરિણામને સુધારો તો રાગના સ્થાને વૈરાગ્ય પ્રગટશે. નુકશાનને સ્થાને લાભને નિહાળો ને ક્રોધના સ્થાને ક્ષમાને અપનાવો.

ભગવાનની, દેવલોકના દેવો સ્તુતિ કરે કે નિંદા કરે, કોઈ સન્માન આપે કે અપમાન કરે, કષ્ટો આપે કે સગવડતા આપે પણ ભગવાન કહે છે આમાં મારું કંઈ નથી બગડતું કે નથી સુધરતું. જ્ઞાની કહે છે '**लाभालाभे सुहे दु:खे ।**' લાભ થાય કે અલાભ, સુખ મળે કે દુઃખ, સગવડતા હોય કે અગવડતા, અનુકૂળતા જણાય કે પ્રતિકૂળતા. જ્ઞાનીને કર્મોજનિત તમામ પરિસ્થિતિમાં સમભાવ વર્તે છે. કારણ, તેઓ જ્ઞાનના માધ્યમે માધ્યસ્થ ગુણના સ્વામી બન્યા હોય છે. તેઓ તમામ પરિસ્થિતિને હસતા મુખે સ્વીકારી સહે છે, માટે તેઓ હર હાલતમાં પ્રસન્ન હોય છે. તમે શાકભાજી લેવા જાઓ તો નમાવીને થોડું શાક વધારે લો છો. હવે જ્યારે સોનું ખરીદવા જાવત્યારે સોનીને કહેજો થોડું નમાવીને આપે. મારો શાકવાળો તો નમાવીને આપે છે, તો તમે પણ સોનું નમાવીને આપો. આપશે ? જેના કાંટા અસ્થિર તેની સાધના પણ અસ્થિર હોય છે. તે સાધનામાં સ્થિર રહી શકતો નથી. જેનાં પરિણામ સ્થિર તે સાધક અને જેનાં પરિણામ અસ્થિર તે સંસારી. અહીં બેઠાં છો ત્યારે તો સ્થિર લાગો છો ને ઉપાશ્રયની બહાર જશો તો પાછાં અસ્થિર થઈ જશો. પરિણામને સ્થિર રાખતાં શીખો.

**'કોઈ કહે છે ધરતીનું સદન બદલો, કોઈ કહે છે જર્જરિત ગગન બદલો.**
**અમર વ્યર્થ છે આ અદલાબદલીની વાતો, બદલવો હોય તો 'સ્વભાવ' બદલો.'**

જો બદલવો હોય તો આત્માનો સંસારી સ્વભાવ બદલો. જેટલાં સ્થિર એટલાં યોગી લાગો છો, જેટલાં અસ્થિર એટલાં ભોગી લાગો છો. મનુષ્યનું આયુષ્ય આંખના એક પલકારામાં વહી જશે. મોત આવી જશે તો અવસર ચૂકાઈ જશે. આંખ મીંચાયા પછી હાથમાંથી બાજી ચાલી જશે. શરીર સારું છે ત્યાં સુધી સાધના કરી લો. આત્માને તમે સંભાળી લો. જાત ભૂલીને જીવવા જેવું બીજું કોઈ અજ્ઞાન નથી. જીવ પોતાની જાતને જાણતો નથી એ જ મોટું દુઃખ છે.

દરિયામાં નાવડી લઈને ૧૦ માણસો ગયા. નાવડી ડૂબી ગઈ. પણ ૧૦ માણસો હતા તે બચી ગયા. બધા કહે ગણી લઈએ. પાછા ઘરે પહોંચશું ને કોઈ ડૂબી ગયો હશે તો

મુસીબત થશે. ૧,૨,૩... એમ ૯ થયા, પણ પોતાને ગણવાનું બાકી રહ્યું ને રડવા લાગ્યા, એક ડૂબી ગયો. કોઈ વડીલે રડતા જોયા, પૂછ્યું શું થયું ? તો કહે અમારા એક ભાઈ દરિયામાં ડૂબી ગયા. અચ્છા ! તમે કેટલા હતા. ૧૦ જણ લાઈનમાં ઊભા રહી જાવ. ગણ્યા તો ૧૦ જણા જ હતા. કારણ જે ગણે તે બધાં પોતાને બાકાત કરીને ગણતા. આજે આપણી દશા કેવી છે ? જાતને બાકાત રાખીને જીવવાની. અત્યાર સુધી દુનિયાના પદાર્થો ને ગણિતને ગણ્યાં છે, પણ પોતાની જાત સાથે ક્યારેય વાત કરી નથી. બધા સંયોગોમાં સમભાવ ને જ્ઞાતા-દૃષ્ટા ભાવ રાખવાનો છે. તું તારી જાતને વૈરાગ્યયુક્ત બનાવ. કોઈપણ પ્રસંગ ઉપસ્થિત થાય તો એમાં જાતને જ દોષિત ગણજો. બીજાને દોષિત ન ગણતા. કારણ ઉપાદાન પોતાનું જ છે. આમ પોતાની જાતને દોષિત ગણી લેવામાં પરિણામ અશુદ્ધ કે મલીન થતા નથી. બસ ત્યારે, આજનું પ્રવચન સાંભળી કાળતત્વ, કર્મતત્વનો સમ્યક્ વિચાર કરી આત્માના પરિણામને વિશુદ્ધ કરી સિદ્ધ અવસ્થાને પામો તે જ મંગલ મનોકામના....

- *ચીજની માવજત જરૂરી પણ મમત્વ બીનજરૂરી.*

- *તૃષ્ણા બને ઉગ્ર તો માણસ બને વ્યગ્ર.*

- *તમે ક્યાં બેઠા છો એ મહત્વનું નથી પણ તમારામાં કોણ બેઠું છે એ મહત્વનું છે.*

- *મા-બાપને છોડો, પણ ક્યારેય તરછોડશો નહીં.*

- *સાધુનાં વસ્ત્રો વૈરાગ્યની વાડ છે, જેમાં કષાયની ધાડ ક્યારેય પડે નહીં.*

- *જૈન દુઃખથી નહીં દોષથી ડરે. જૈન તનથી જ નહીં, સંસ્કારથી બનાય.*

- *આત્માને સિદ્ધ બનાવવા, આહારને શુદ્ધ, મનને વિશુદ્ધ રાખો.*

(૯)

# વીરતાનો નાદ

जयं चरे जयं चिट्ठे, जयं मासे जयं सए ।
जयं भुज्जन्तो भासंतो, पावकम्मं न बन्धई ।

જતના અને અપ્રમતપણું એ વીરતાનાં લક્ષણો છે.
જતના પૂર્વક ચાલે, જતના પૂર્વક ઊભા રહે,
જતનાથી બેસે, સૂવે, જતના પૂર્વક ભોજન કરે અને
ભાષા વદે, તે સાધક પાપકર્મ બાંધતો નથી.

કરુણાસાગર, જગત જીવોના હિતચિંતક પ્રભુએ જીવોના સુખ અર્થે મોક્ષમાર્ગ બતાવ્યો છે. આ રાહના રાહી જે બને છે તેઓ અવશ્યમેવ મુક્તિના શાશ્વત સુખના સ્વામી બને છે. આ મોક્ષમાર્ગે કોણ ચાલી શકે ? શું જેનું શરીર બળવાન હોય તે જ મોક્ષમાર્ગે ચાલી શકે ? શું જેની બુધ્ધિ તેજસ્વી હોય તે જ મોક્ષમાર્ગ પર ચાલી શકે ? શું જેનો પરિવાર બહોળો હોય તે જ મોક્ષમાર્ગે ચાલવા લાયક ગણાય ? તમારી પાસે કયો ગુણ હોય તો તમે મોક્ષમાર્ગે ચાલી શકો ? આચારાંગ સૂત્રમાં પ્રભુ મહાવીર ફરમાવી રહ્યા છે.

**वीरेहिं एयं अभिभूय दिट्ठं, संजेतेहिं सया जतेहिं सया अप्पमत्तेहिं ।**

જે જીવ જતનાવાન હોય અને અપ્રમાદી હોય તે સંયમી છે અને એવા સંયમી આત્માઓ જ આ મોક્ષમાર્ગે ચાલી શકે છે. સંયમ એ જ મોક્ષમાર્ગની પાત્રતા છે. માર્ગ મળે પરંતુ સંયમની પાત્રતા ન હોય તો માર્ગ પર આગળ ચાલી ન શકાય. હવે, સવાલ એ છે કે સંયમી કોણ બની શકે ? તો એનો ઉત્તર એ છે કે જેનામાં વીરપણું હોય તે જ સંયમી બની શકે છે. વીર કોણ બની શકે ? તેનું સમાધાન છે કે જે પરિષહોને જીતી લે, પરિષહોને આમંત્રણ આપી બોલાવે અને પરિષહો પર જીત મેળવી લે તે જ સાચો વીર છે. તમારી પાસે તંદુરસ્તી હોય, સમય હોય, શક્તિ હોય, બુધ્ધિ પણ તેજસ્વી મળી હોય, પરિવાર પણ બહોળો મળ્યો હોય, ઉચ્ચ કુળ હોય અને પરિપૂર્ણ ઇન્દ્રિયો પણ મળી હોય. અરે, ગુરુદેવનો ભેટો પણ થયો હોય પરંતુ તમારામાં મોક્ષમાર્ગ પર ચાલવાની વીરતા જ ન હોય તો... ? શું તમે શરીર દ્વારા સાધના કરી શકશો ? મન દ્વારા ભોગનો માર્ગ ત્યજી દેવાનો વિચાર કરી શકશો ? અરે, ઉપવાસનો વિચાર થયો હોય પણ વીરતાનો અભાવ હોય તો ઉપવાસનો વિચાર એકાસણે આવીને ઉભો રહેશે. પરંતુ જો તમારામાં મોક્ષ માર્ગની વીરતા આવી ગઈ હશે તો એકાસણામાંથી ઉપવાસની છલાંગ લગાવવાની ભાવના જાગૃત થશે.

વીરતાની નિશાની છે, નીચેથી વધુ ઊંચે લઈ જવાની. કાયરતાની નિશાની છે, નીચેથી વધુ નીચે લઈ જવાની. બસ, હવે આપણે જ આપણા જીવનને તપાસી લઈએ કે વીરતા પ્રવેશી છે કે હજી કાયરતામાં જ જીવીએ છીએ. પ્રભુનું નામ હતું વર્ધમાન.

સાધનામાં અનેક કષ્ટોને હસતા મુખે સહન કર્યા, પ્રસન્નતા ટકાવી રાખી, અને તમામ પરિષહોને જીતવામાં પ્રભુ વીર બન્યા ત્યારે દેવોએ નામ આપ્યું 'મહાવીર'. વીર નહિ પરંતુ મહાવીર. આપણી વાત ચાલી રહી છે, દેવાધિદેવ પ્રત્યે વિશ્વાસ રાખો, ગુરુદેવને સમર્પિત બનો. ગૌતમસ્વામી પ્રભુને કેવાં સમર્પિત થઈ ગયાં હતાં... ! તો, ચંદનબાળાને મૃગાવૃતીજી કેવા સર્મર્પિત થયા હતા. રામને પૂર્ણ સમર્પિત થનાર હનુમાનજી કેવા મસ્ત જીવ્યા હતા... ! અરે, ધર્મસિંહજી સ્વામીના શિષ્ય સુંદરજી મુનિ, આ કાળમાં પણ ચોથા આરાના શિષ્યની જેમ સમર્પિત બન્યા હતા. આપણે પણ આપણું જીવન ગુરુને સમર્પણ કરી દઈએ.

**હવે ધર્મ કેવી રીતે કરીશું...**

ધર્મ કરવા માટે વીર બનો. રડતાં-રડતાં ધર્મ કરશો તો ધર્મ ફળશે નહીં. ખુમારીથી કરો. ધર્મ જ મારો પ્રાણ છે અને ધર્મ માટે જો પ્રાણ પણ આપવા પડે તો હું તૈયાર છું. સહેવા તૈયાર, સુખ ત્યજવા તૈયાર. સગવડતા ત્યાગવા તૈયાર. અરે, તડકો-તાપ, રાત-દિવસને ગૌણ બનાવીને જેઓ માત્ર ધર્મને જ મુખ્ય બનાવી જીવન જીવવા તૈયાર છે તેવા ધર્મ પ્રેમી આત્માને ધર્મવીર કહેવાય છે. આવા ધર્મવીર હતા મહાવીર. યાદ રાખજો, કાયરો ક્યારે ય મોક્ષમાં ગયા નથી અને જવાના પણ નથી. કારણ, મોક્ષમાર્ગમાં આવતાં કષ્ટો સાંભળીને જ કાયર આત્માઓ કંપી જાય છે. જ્યારે શૂરવીરો તો સામે ચડીને કષ્ટોને આમંત્રણ આપે છે. અભિગ્રહ ધારીને કષ્ટોને બોલાવે છે. આતાપના લઈ કર્મોના ઉદયને પડકારે છે. અરે, ત્યાં સુધી કે કોઈ ચામડી ઉતારે તો મુનિ કહે, ઉભો રહે, તને અગવડતા ન પડે તે રીતે હું ઉભો રહું. માથે અંગારા મૂક્યા તો પણ વીર ગજસુમુનિએ પ્રસન્નતાભેર સહન કરી લીધું. અરે, ઘાણીમાં પીલાવવામાં પણ ખચકાટ નહિ. આવા જૈનશાસનના વીર સંતોને લાખ-લાખ અભિનંદન.... અભિવંદન... ! પોતે પોતાની જાત પર વિજય પ્રાપ્ત ન કરે તેને વીર કઈ રીતે કહેવો ?

**જલતી આગ બુઝા ન પાયે, વહી નીર હી ક્યા ?**
**અપને લક્ષકો ભેદ ન પાયે, વહી તીર હી ક્યા ?**
**સંગ્રામમેં લાખ્ખોં પર વિજય પ્રાપ્ત કરને વાલે,**
**અપને આપ પર વિજય ન પાયેં, વહી વીર હી ક્યા ?**

'જહાજ સમુદ્રમાં ડુબાડીને તમોને સમુદ્રના તળિયા ભેગા કરી દઈશ. બોલો, તમારો વિતરાગનો ધર્મ ખોટો....' 'અરે, તમારી શક્તિ હોય તે કરી શકો છો પણ ધર્મ સત્ય છે, તેને અસત્ય કહેવા હું સમર્થ નથી...' આવો પડકાર કરનાર વીર શ્રાવક અર્હન્નકને

હો લાખ અભિનંદન.

સુલસા જેવી નારી પણ શ્રધ્ધામાં કેવી દ્દઢ હતી. કસોટી વ્હાલી કરી પણ દ્દઢતામાં તસુ માત્ર પણ ઢીલી ન બની. આવી વીર શ્રાવિકાને વીરાંગના કહેવામાં આવે છે. આવી સેંકડો વાતો અને મહાત્માઓના ઇતિહાસ શાસ્ત્રોમાં વર્ણવામાં આવ્યાં છે. ટૂંકમાં, વીરતા વગર ક્યારેય મોક્ષમાં નહીં જઈ શકાય, આ વાત સો ટકા સત્ય છે. દેશ માટે લડવા વીરતા જોઈએ તો આત્મ પ્રદેશોમાં અડ્ડો જમાવીને બેઠેલા કર્મોને ભગાડવા માટે કાયરતા શેં ચાલશે ?

અગત્યની વાત તો એ છે કે ધર્મ માર્ગે વીર બની જશો તો ૫૦ ટકા દુઃખ તો તમારી વીરતાના ગુણને લીધે તમારી પાસે આવવા તૈયાર નહિ થાય. અને જે વધશે તે દુઃખ તમને દુઃખરૂપ નહિ લાગે. જ્યારે કાયર માનવીને નાનાં દુઃખો પણ મોટાં દુઃખો લાગતાં હોય છે. આવો, આપણે મોક્ષમાર્ગને પામ્યા છીએ તો હવે વીરતા જગાવીને મોક્ષમાર્ગ પર આગળ ચાલવાની શરૂઆત કરી દઈએ. મુનિને અભય કહેવામાં આવ્યા. મુનિ નિર્ભય છે, કારણ તેઓ વીરતાધારી છે. લોચ કરવામાં વીર, ધ્યાન ધરવામાં વીર. તડકો ઠંડી બધું હસતા મુખે સહી લે. અરે, આજીવન સ્નાનનો ત્યાગ હોવા છતાં સદાય તાજા ને તાજા. આજીવન બ્રહ્મચર્યની સર્વોત્તમ સાધના. આજીવન રાત્રી ભોજન-પાણી નો ત્યાગ અને નિષ્પરિગ્રહી. આવા સેંકડો ગુણોના સ્વામી મુનિરાજ એટલે આજના વિલાસી યુગમાં આશ્ચર્યકારી જીવન પધ્ધતિથી વીર બનીને જીવન જીવનાર જૈન સંત. પરિષહથી જય બનીને, મસ્તીથી મુનિભાવમાં વિચરતા મુનિવરોના જીવનમાંથી વીરતાના ગુણની પ્રેરણા લો. નાના-નાના પ્રસંગે શા માટે ઉકળી જાવ છો ? અપમાનમાં શા માટે અકળાઈ જાવ છો ?

હા, આપ બધા શૂરવીર જરૂર છો. પરંતુ સંસાર વધારવા માટે, ધન કમાવવાના ક્ષેત્રે, પરિવાર બઢાવવાના ક્ષેત્રે, કાવા-દાવા ખેલવાના ક્ષેત્રે, આરંભ-સમારંભ અને પરિગ્રહના ક્ષેત્રે તમે બધા શૂરવીર છો. પરંતુ આ તમામ વીરતા, માત્ર આત્માને દુર્ગતિના ખાડામાં ધકેલવા માટે પૂરવાર થશે. સંસાર ભોગવવો એ વીરતા નથી, પણ સંસાર ત્યાગવો એ વીરતાનું લક્ષણ છે. બહારના ક્ષેત્રમાં યુદ્ધ કરી વિજય મેળવવો એ વીરતા નથી, પણ અધ્યાત્મ ક્ષેત્રે યુધ્ધ કરી વિજયી બનવું તે સાચો વિજય છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવાને ફરમાવ્યુ છે. **'अप्पाणं मेव जुज्जेहीं'**

તું તારા આત્મા સાથે યુધ્ધ લડી લે. બાહ્ય યુદ્ધમાં મેળવેલો વિજય પણ પરાજય છે. પ્રભુ મહાવીર વીરતા ગુણના માધ્યમે કષ્ટો સહી શુધ્ધ બન્યા. પ્રભુ ધીરતાના માધ્યમે

સાડાબાર વર્ષ અને એક પખવાડિયા સુધી સાધના કરી સર્વજ્ઞ બન્યા. પ્રભુ ગંભીરતાના ગુણને લીધે સંપૂર્ણ ગુણકારી બન્યા. આવા વીરતા-ધીરતા-ગંભીરતાના ગુણોથી સુશોભિત પ્રભુ મહાવીરસ્વામી આચારાંગ સૂત્રમાં ફરમાવે છે કે સંયમી તે છે જે જતના રાખે છે અને અપ્રમત રહે છે. વીરતા પ્રાપ્ત કરવાના મુખ્ય બે ગુણો, જતના અને અપ્રમત્તતા, જતના એટલે સ્વ અને પર જીવોના પ્રાણની રક્ષા. સ્વદયા અને પરદયા. તમામ પ્રવૃતિમાં જતના એ જ વીરતાની નિશાની. હિંસા એ કાયરના કામ અને અહિંસા એ વીરોની શ્રેષ્ઠ સાધના. સહીને પણ બીજાને જીવાડે તે અહિંસા, અને અહિંસા જ જેનો જીવન મંત્ર બને તે ખરો વીર બને. અહિંસા આરાધવાનો મુખ્ય ગુણ છે જાગૃતિ. જાગૃતિ એટલે કે અપ્રમાદ, પ્રમાદ એ કાયરોનો મુખ્ય અવગુણ છે. જ્યારે વીરતાવંત સદા સાવધાન અને જાગૃત હોય છે. ચાલો, પ્રભુના શાસનને પામી, કાયરતાને ખંખેરી, વીર બની, ધર્મના ક્ષેત્રે સાવધાન બની, જીવન જીવવાનું શરૂ કરીએ. અરિહંત પ્રત્યે શ્રધ્ધા, ગુરુદેવ પ્રત્યે સમર્પણ અને અંતમાં ધર્મ પ્રત્યે વીરતા કેળવી જીવન સફળ બનાવવાનું છે. જીવન આવું ફરી ફરી મળવું દુર્લભ છે. અને એમાં પણ આ જીવન ક્ષણિક છે. ક્યારે જીવનદીપ બુઝાઈ જશે તે કાંઈ ભરોશોં નથી. માટે ધર્મરૂપી દ્વિપને સહારે... શરણે રહેવું, તેમાં આ જીવનુ હિત રહેલું છે, પ્રભુ ફરમાવે છે કે. **जहा ओसए बिन्दुअे**

જીવન ઝાકળબિંદુ સમાન છે. પીળા થયેલા પર્ણ જેવું છે. પાણીના પરપોટા જેવું છે. ન જાણે ક્યારે સમાપ્ત થઈ જાય. ન જાણે જીવનયાત્રા ક્યાં થંભી જાય ? તે કંઈ જ કહેવાય નહીં. 'જીવન કા ક્યા ભરોસા ?' આવું અનેક મહાન પુરુષોનું કથન છે. જીવનનો ભરોસો રાખી જીવો અને ક્યારે અત્રેથી જવું પડશે તે નક્કી નથી. સમયનો પ્રવાહ વણથંભ્યો અવિરત વહી રહ્યો છે. તો પ્રતિપલ ક્ષયના માર્ગે આગળ વધી રહ્યો છે, અને ક્યારે જીવનદીપ બુઝાય તે કહેવાય નહીં, આવું જાણીને અંતર આત્માને જગાડો. બાહ્ય જગતની દોટ પર બ્રેક મારી, જાત તરફ દોટ લગાડવાનું શરૂ કરો. અનાદિથી બાહ્યક્ષેત્રે દોડતા જ આવ્યા છીએ. ન તો સુખ મળ્યું, ન તો શાંતિ મળી. ક્ષણવાર વિચારી આત્માને પૂછો, આ માનવભવ મેળવી હવે તારે શું કરવું છે ? સમયની મૂડીને વેડફી નાખવી છે કે સમયની મૂડીને સાધના માર્ગે જોડી દઈને તેનો સદુપયોગ કરવો છે. અમૂલ્ય શક્તિના ખજાનાને વિષય-કષાયના માર્ગે ખર્ચી નાખવો છે કે ક્ષમા શાંતિના મોક્ષમાર્ગે લગાવી અક્ષય શક્તિના સ્વામી બનવું છે ? ત્યાગ માર્ગે જવાનું પસંદ છે કે ભોગમાર્ગે જીવન વીતાવવું પસંદ છે ?

અનેક આત્માઓ પરમાત્મા બન્યા છે, આ માનવીના અવતારને પ્રાપ્ત કરીને. હવે

આપણે જ નક્કી કરવાનું છે કે ઉચ્ચ અવતારને પ્રાપ્ત કરીને પરમાત્માના માર્ગે આગળ વધવાની તમન્ના છે કે પછી નાશવંત પદાર્થોના સુખ પાછળ પાગલ બની જીવનને પૂરું કરી નાખવું છે ? આપણે જ આપણું નિરીક્ષણ કરીએ. સમય અખૂટ મળ્યો છે આજે, અને ભૂતકાળમાં પણ મળ્યો હતો. શક્તિઓ ખૂબ મળી છે આજે, અને ભૂતકાળમાં પણ ઘણા ભવોમાં આપણે શક્તિશાળી બન્યા હતા. શક્તિશાળી બનવું એ મહત્વની બાબત નથી, સત્ત્વશાળી બનવું એ મહત્વની અને અગત્યની વાત છે. તમને થશે કે શક્તિ અને સત્ત્વમાં અંતર શું ? શક્તિ અને સત્વ બંને એક જ નથી. યાદ રહે ગોશાલક પાસે સોળ દેશ બાળી નાખવાની શક્તિ હતી. પરંતુ સત્ત્વના અભાવને લઈને ગોશાલકનો ઇતિહાસ કલંકિત લખાયો. જ્યારે ગૌતમસ્વામી શક્તિના ભંડાર તો હતા જ, પરંતુ સત્ત્વનાં પણ સ્વામી હતા. જેને કારણે ગણધર હોવા છતાં શ્રાવકને ખમાવવા પણ હર્ષથી તૈયાર થયા હતા. શક્તિઓ પુણ્યના ઘરમાંથી મળે છે એટલે શક્તિઓ ક્ષીણ થવાવાળી છે. જ્યારે સત્ત્વ તો આત્મ ઘરની શાશ્વતી અક્ષય મૂડી છે, જે ક્યારેય ખાલી થવાવાળી નથી.

આંખોની શક્તિના કારણે તમે દૂરનું જોઈ શકો છો. પરંતુ સત્ત્વની હાજરીમાં આંખો જ્યાં જુએ, જેને જુએ, તેમાં નિર્વિકાર અવસ્થામાં ટકી રહે. સાંભળવાની શક્તિમાં સત્ત્વ મળે તો જીવ નિંદા સાંભળવાની બાબતથી દૂર રહે, અને ગુણકીર્તન સાંભળવાનું પસંદ કરે. ટૂંકમાં ભોગ માર્ગે જવા કોઈ સત્ત્વની જરૂર નથી. ભોગમાર્ગ ત્યાગવા માટે જ સત્ત્વની જરૂર પડે છે. પાપના સેવનમાં શક્તિ મુખ્ય જોઈએ, જ્યારે પાપ સેવનનો પરિત્યાગ કરવા તો સત્ત્વનું અસ્તિત્વ જ આવશ્યક બને છે.

કૃષ્ણના મસ્તક પાસે બેસનાર અર્જુનને કૃષ્ણરૂપી સત્ત્વ પ્રાપ્ત થયું. જ્યારે કૃષ્ણના પગ પાસે બેસનાર દુર્યોધનને કૃષ્ણની સેનારૂપી શક્તિ પ્રાપ્ત થઈ, અને યુદ્ધમાં વિજય સત્ત્વનો થયો. અને હા... સત્વને પ્રગટ કરવા માટેનો રાજ માર્ગ છે ધર્મ પ્રત્યે અહોભાગ્ય અને અનુમોદના.

શાંતિનો રાજમાર્ગ છે જ્ઞાન, દર્શન અને ચારિત્ર. આ માર્ગ દર્શાવનાર પ્રભુ મહાવીર સ્વામીએ ફરમાવ્યું છે. શાંતિ સંસારના માર્ગે નહીં મળે અને જ્યારે પણ સુખ શાંતિ મળશે ત્યારે આ મોક્ષના માર્ગે જ મળશે. આ રાજમાર્ગે ચાલનારો આત્મા શુધ્ધ, વિશુધ્ધ અને અંતે સિધ્ધ બને છે. આ માર્ગે આરાધના કરવામાં અમૂલ્ય લાભ છે તો અન્ય જીવોને આરાધના કરાવવાની પ્રેરણાબળ આપવામાં પણ ઉત્કૃષ્ટ લાભ છે. અરે, આરાધના કરનારને જોઈને રાજી થાઓ, આનંદિત બનો એમાં ય અનેરો લાભ છે. પ્રભુ મહાવીરસ્વામીએ તેમના ઉપદેશમાં ફરમાવ્યું છે કે પાપ કરવામાં કર્મબંધ છે, પાપ

કરવાની પ્રેરણા કરવામાં કર્મોના બંધ છે અને જો પાપ કરનારને જોઈને ખુશ થઈએ તો એમાં ય કર્મોની વણઝાર આત્મામાં પ્રવેશે છે. તો ધર્મના ક્ષેત્રે પણ આ ત્રણેયનો સમ્યક્ રીતે વિચારી કરીએ તો આત્મા બંધનથી મુક્ત થાય છે તે સહજ ગળે ઉતરી જાય તેવી સરળ વાત છે.

ધર્મ કરો તો લાભ, ધર્મ કરાવો તો લાભ અને ધર્મ કરનારની અનુમોદના કરો તો પણ લાભ. આ ત્રણેય તબક્કે આત્માને લાભ જ થાય છે. હવે અગત્યની વાત એ છે કે તપ, ત્યાગ, જ્ઞાન અને સેવા આદિ ધર્મકરણી કરવા માટે શરીરનું બળ જોઈએ. આવી જ રીતે ધર્મ આરાધના કરાવવા માટે સાધનો, ધન આદિની જરૂર પડે. તમે તપ ત્યાગ કરો, તમારી જરૂરિયાત હું પૂરી પાડીશ. ત્યારે અનુમોદના કરવા માટે શું જોઈએ ? બહુ જ મોટો સવાલ છે આજે તમારી સામે. અનુમોદના કરવી, કદાચ તમને ભલે બહુ સરળ લાગતી હોય, પરંતુ અનુમોદના બહુ જ કઠિન સાધના છે. અનુમોદના કરવાથી જો તીર્થંકર નામ ગોત્ર ઉપાર્જન થતું હોય તો શું એ અનુમોદનાની સાધના સરળ અને સહજ હોય ?

સાધના કરવી સહેલી, સાધના ધનના કે સાધનોના માધ્યમે બીજાને કરાવવી સહેલી. પરંતુ અનુમોદના કરવી બહુ જ કઠિન છે. કારણ જાણવું છે ? જો તમારા હૈયામાં ગુણો પ્રત્યે અહોભાવ જાગ્યો હોય, તો જ ગુણી પ્રત્યે હૈયામાં અનુમોદનાનો ભાવ જાગશે. ગુણ જગાડ્યા વિના ગુણીજનોની અનુમોદના, એ દેખાવ માત્ર જ છે. નિર્જરા નહીં, માત્ર પુણ્ય ઉપાર્જન થાય. બધા સામાયિક કરો, હું તમારી અનુમોદના કરું છું. પરંતુ સામાયિક કરવી આપણને ન ફાવે, સામાયિક કરવાનો સમય આપણી પાસે નથી. સામાયિક પર શ્રધ્ધા જ ન હોય અને સામાયિક ધર્મની અનુમોદના કરવા નીકળી પડે, તે ક્યાંથી લાભકર્તા બની શકે. પહેલાં સામાયિક ધર્મ પર અહોભાવ કેળવવો પડે પછી જ સામાયિક કરનાર ગુણી પ્રત્યે અનુમોદના કરો તો વ્યાજબી ગણાય.

ધર્મ કરવા માટે શરીરનું બળ જોઈએ. ધર્મ કરાવવા માટે સાધનો આદિનું બળ જોઈએ તો અનુમોદનાની સાધના માટે ધર્મ પ્રત્યે અહોભાવનું બળ તમારી પાસે અવશ્યમેવ જોઈએ જ. એમ ને એમ કાંઈ તીર્થંકર નામ ગોત્ર ઉપાર્જન ન થાય. તેના માટે ભારોભાર હૈયામાં ધર્મ પ્રત્યે અહોભાવ ઉછાળા મારતો હોય અને ધર્મીને જોઈને હૈયું આનંદવિભોર બની જતું હોય. હું તમને પૂછું છું. તમને ધન ગમે છે ! હા સાહેબ, બધાને ગમે. તો તમને ધનવાન લોકો ગમે છે ? આમાં વિચારવું પડે ? અચ્છા, તમને ગાડી ગમે છે ? સાહેબ, કોને ન ગમે ? તો તમારાથી બીજા પાસે વધુ સારી ગાડી છે તેવા માણસો ગમે છે? સાહેબ, કેવું પૂછો છો, શું જવાબ આપીએ ? ટૂંકમાં તમારી પાસે જે છે તે તમને ગમે છે,

પરંતુ તમારા કરતાં વધુ અને તમારાથી વધુ સારું જેની પાસે હોય તેને તમારે ગમાડવા મુશ્કેલ છે, એ વાત દીવા જેવી સ્પષ્ટ થઈ ગઈ. એટલે તમારાથી જેની પાસે વધારે છે તેની ઈર્ષ્યા કરીને તમે દુઃખી થવાના એ વાત પણ ચોક્કસ થઈ ગઈ. હવે સાંભળો, ધર્મ ગમે, તપ ગમે, જ્ઞાન ગમે, સાધના ગમે. તમે કહો છો કે આવું બધું અમને ગમે છે, એટલે તમને જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણ પ્રત્યે હૈયામાં અહોભાવ છે. બરાબર ને?!

હવે હૈયા ઉપર હાથ રાખી જવાબ આપજો કે તમારા કરતાં જે ધર્મનું વધુ કાર્ય કરે અને એ ધર્મના કાર્યને લીધે, એની બધે બોલબાલા થાય, તેનાં સન્માન થાય અને તમે ધર્મ કરવા છતાં તમારું કોઈ નામ ન લે, તમારું કોઈ સન્માન ન કરે તો ? હવે, સાચું કહેજો કે તમારી સામે સન્માનિત થતી વ્યક્તિની અનુમોદનાના ભાવ જાગે કે અંતરમાં ઈર્ષ્યાની આગ પ્રગટે ? આપણે આપણી જાતને તપાસીએ કે અનુમોદનામાં આનંદિત બનીએ છીએ કે ઈર્ષ્યાનો ભોગ બની જીવનમાં પ્રાપ્ત કરેલા ગુણોને ખાખ કરીએ છીએ ! ગુણ ગમાડવા હજી સહેલા છે, ગુણ મેળવવા પણ સહેલા છે, પરંતુ ગુણીજનોની ખરા અંતરથી અનુમોદના કરી પ્રશંસાના બે શબ્દ બોલવા કઠિન છે. અને હા, અનુમોદનાની સાધના કર્યા વિના આરાધના કરવામાં અને કરાવવાની સફળતા પ્રાપ્ત કરવામાં જીવ પ્રાયઃ ક્યારેય ફાવતો નથી. એટલે જ ધર્મક્ષેત્રે પ્રવેશ પામેલા સાધકો પાસે બે મહાગુણ હોવા જોઈએ. એક છે ગુણો પ્રત્યેનો અહોભાવ અને બીજો ગુણીજનોની ભરપેટ અનુમોદના. જેણે ગુણો પ્રત્યે અહોભાવ કેળવ્યો નથી તે ગુણો મેળવવામાં પ્રમાદી બનશે. ગુણપ્રાપ્તિમાં ઉદ્યમ કરવાની ભાવના થવી મુશ્કેલ છે. જ્યારે, ગુણીજનોની અનુમોદના કરવાની કળા મેળવી નહિ હોય તો યાદ રાખજો કે જીવે મેળવેલા ગુણો ટકાવવા મુશ્કેલ બનશે. કારણ કે ઈર્ષ્યા જ તમોને તમારા સ્થાનથી ગબડાવી દેવામાં વિલંબ નહી કરે.

જો તમને સામાયિકની સાધના પ્રત્યે અહોભાવ જાગશે તો સામાયિક કરવામાં તમને પ્રમાદ નહીં આવે, સામાયિક કરવામાં આનંદ આવશે. અને સામાયિક કરનાર પ્રત્યે અનુમોદના કરવાની ચાલુ કરી એટલે તમે સામાયિક કરીને મેળવેલી સમતાની મૂડી અવશ્યમેવ સચવાઈ રહેવાની. ધન ગમાડનારને ધનવાન ગમે કે ન પણ ગમે તેવું બની શકે છે. પરંતુ જેઓને જ્ઞાન ગમ્યું એટલે તેઓને જ્ઞાની આત્મા પણ ખૂબ જ ગમવાના તેમા લેશ માત્ર શંકાને સ્થાન નથી.

એટલે જ ગાવામાં આવ્યું છે.

**ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે,**
**એ સંતોના ચરણકમળમાં મુજ જીવનનું અર્ધ્ય રહે.**

કૃષ્ણ મહારાજા, બહુ જ રિદ્ધિ, સિદ્ધિ અને સમૃદ્ધિના સ્વામી હતા. પ્રબળ પુણ્યના સ્વામી કૃષ્ણ મહારાજાને સમાચાર પ્રાપ્ત થયા કે તેમની દ્વારિકા નગરીમાં અરિષ્ટનેમિ પ્રભુ પધાર્યા છે. બસ, આ સમાચાર સાંભળી કૃષ્ણના રોમે રોમે આનંદ ઊભરાયો. હૈયું નાચી ઉઠ્યું. કૃષ્ણને પ્રભુ બહુ જ પ્રિય હતા, વ્હાલા હતા, અહોભાવ હતો. અનુમોદનાનો ગુણ જેમનો સર્વોચ્ચ શિખરે પહોંચ્યો હતો એવા કૃષ્ણ, અરિષ્ટનેમિ પ્રભુને વંદન કરવા, વાણી શ્રવણ માટે તમામ કાર્યો ગૌણ બનાવી પહોંચી ગયા. બસ, આ વાત જ એમ કહેવા માગે છે કે જે તમને ગમે છે ત્યાં તમે સહજ ખેંચાઈ જાવ છો. સંસાર ગમે છે તો સંસારમાં વરસો વીતી જાય છે પણ ખ્યાલ આવે છે ? બસ તો જેને સંયમ ગમે છે તેઓને પણ સંયમોમાં કેટલાં વર્ષો ક્યાં વીતી ગયાં તેનો ખ્યાલ આવતો નથી.

થાવર્ચ્યા પુત્રની દીક્ષાની અનુમોદના કરવા તત્પર બનેલા કૃષ્ણ મહારાજે પોતાની જાતને ધિક્કારી હતી. પોતાના અંતરાય પર પશ્ચાત્તાપ કરતા હતા. હે પ્રભુ ! મને દીક્ષા ક્યારે મળશે ? મારો સંસાર ક્યારે છૂટશે ? આ પાપથી મને ક્યારે મુક્તિ મળશે ? આવા અનેક વિચારો દ્વારા પોતાના આત્માને પશ્ચાત્તાપનાં આંસુ વડે સ્નાન કરાવતા હતા. કૃષ્ણને મધ કરતાં પણ દીક્ષા વધુ મીઠી લાગતી હતી. અને એટલે દીક્ષિત જીવન ન મળવાથી પશ્ચાત્તાપ કરી રહ્યા હતા. પહેલાં દીક્ષા પ્રાણપ્યારી બની ત્યાર બાદ જ થાવર્ચ્યા પુત્રની દીક્ષાની અનુમોદના કરવા કૃષ્ણ તૈયાર થયા. અહો ! દીક્ષા પ્રત્યે ગજબનો અહોભાવ તો હતો જ, પરંતુ ભવ્યાત્માને દીક્ષા અપાવવામાં ભારોભાર સર્વોત્તમ રસે અનુમોદના પણ ગજબની હતી. 'મારા તમામ ભંડારો દીક્ષાની અનુમોદનામાં વાપરીશ, જેને પણ દીક્ષા લેવી હોય તે તૈયાર થઈ જાવ.' આવો ઢંઢેરો સારીયે નગરીમાં આ કૃષ્ણ મહારાજાએ પિટાવ્યો હતો. અને.. આવા ઉત્કૃષ્ટ અહોભાવ અને અનુમોદનાની આરાધનાએ તો કૃષ્ણ મહારાજાએ તીર્થંકર નામ ગોત્રકર્મ ઉપાર્જન કર્યું હતું. અને હવે આવતી ચોવીસીમાં બારમા 'અમમ' નામના તીર્થંકર બનશે.

આજે આપણે આપણું જીવન તપાસીએ. ધંધા પર પહોંચવાની, પાર્ટીમાં જવાની અને લગ્ન મહોત્સવમાં હાજરી આપવાની વેળાએ તમે આનંદિત બનો છો કે ઉપાશ્રય પહોંચતી વેળાએ ? સામાયિક બાંધતી વેળાએ ? આયંબિલ કરતી વેળાએ કે દાન કરવાના સમયે ? સંતોનાં દર્શન કરતી વેળાએ હૈયું આનંદ વિભોર બને છે ? મિત્રને મળવામાં ખુશી કે ધર્મી આત્માને મળવાના સમયે ખુશી અનુભવો છો ? જવાબ, તમે જ તમારા આત્માને આપો. સમ્યક્દર્શનીનું લક્ષણ છે, ગુણ તરફ જવામાં આનંદી બને અને ગુણીજનને મળવામાં ખુશી અનુભવે.

પ્રભુ મહાવીરસ્વામીનું જયવંતુ શાસન પ્રાપ્ત થયું છે, તો હવે આ ઉત્તમ અવસર અને સમય પ્રાપ્ત કરી જીવનમાં ગુણ પ્રત્યે અહોભાવને કેળવીને રહીએ અને ગુણીજનોની ભૂરી ભૂરી અનુમોદના કરી ઉત્તમ ભવને સફળ બનાવીએ તે જ મંગલ મનોકામના......

- જીવનમાં કામ લાગે તે પૈસો, પરલોકમાં કામ લાગે તે પુણ્ય,
  પરલોકમાં સાથે આવે તે ધર્મ.

- સર્જન કરવું એ સંસ્કૃતિ, સંહાર કરવો તે વિકૃતિ છે.

- પશુંપંખી ચણ લેવા જ બહાર જાય છે
  જ્યારે માણસ ચણ લેવા જ ઘરમાં આવે છે.

- અધિકાર વખતે ધિક્કાર મળે ત્યારે સમતા રહે
  તો સમજવું કે જિનશાસન ફળ્યું છે.

- સુધરવાની રીત, કહેવાની પદ્ધતિ શીખો.
  ખામી કહેતાં પહેલાં ચાર ખૂબી તો કહો.

- દૂધનું તત્વ મલાઈ છે જ્યારે જીવનનું તત્વ ભલાઈ છે.

- લક્ષ્ય વગરની દોટ તે ગતિ અને લક્ષ્ય સહિતની દોટ તે પ્રગતિ.

- દષ્ટિનો ઉઘાડ આત્માનો ઉદ્ધાર કરે છે,
  દષ્ટિનો બગાડ આત્માને બરબાદ કરે છે.

- સુખ માત્ર મને જ મળે તે ઈચ્છા, સર્વે જીવોને મળે તે ભાવના.

- અવનીમાં શોધે તે વિજ્ઞાની, અંતરમાં શોધે તે જ્ઞાની.

(૧૦)

# રક્ષા એ જ ધર્મ

सव्व-भूयप्प-भूयस्स, सम्मं भूयाइ पासओ ।
पिहिआसवस्स दन्तस्स, पावकम्मं न बन्धइ ॥

**સર્વ પ્રાણીમાત્રને નિજ આત્મ સમાન જોનાર તથા પ્રાણીમાત્ર ઉપર સમદષ્ટિથી જોનાર, આશ્રવોને રોકે છે, ઇન્દ્રિયોને દમે છે અને તે પાપકર્મ બાંધતો નથી.**

મોક્ષમાર્ગના પ્રરૂપક ત્રિભુવનપતિ મહાવીરસ્વામીના ઉપદેશનો રણકાર છે કે હે જીવો ! મા હણો... મા હણો... કોઈ જીવને હણશો નહિ, છેદશો નહિ, ભેદશો નહિ. કારણકે આ જગતમાં બધા જીવોને સૌથી વહાલું છે તેમનું જીવન. જીવોના જીવનનો નાશ કરવાનો અધિકાર કોઈને નથી. રક્ષા થાય તો રક્ષા કરો, પરંતુ વિષય-કષાયને વશ બની જીવોના પ્રાણ લેવાની પ્રવૃત્તિ તો હરગીઝ કરશો નહીં. આ જીવરક્ષાનો સંદેશ-ઉપદેશ ભગવાન મહાવીરનો છે. જીવની રક્ષા એ જૈનધર્મનો પ્રાણ છે. અને હા, અન્ય જીવોની રક્ષા કોણ કરી શકે ? જે સૃષ્ટિના તમામ જીવોને પોતાની સમાન સમજે. બધાને પોતાના બનાવી દીધા બાદ હિંસા કરવાનો પ્રશ્ન જ રહેતો નથી. એટલે જીવો સાથે મૈત્રી બાંધો, પછી જીવોની રક્ષાનું કાર્ય સહજ થઈ જશે. કારણ, મૈત્રી વિના અહિંસા પાલન થવું અશક્ય છે. હવે સવાલ એ છે કે જીવો સાથે મૈત્રી કોણ કરી શકે ? જેણે પોતાની દૃષ્ટિને સમતાવાળી, માધ્યસ્થ ભાવવાળી બનાવી છે. બધા જીવો મારા આત્મા સમાન છે. જેમ મને સુખ ગમે છે તેમ બધાંને સુખ ગમે છે. આવું જ્ઞાન જેને હોય, તેઓ ઇન્દ્રિયોનું દમન કરી આશ્રવને રોકી દે છે. અને 'पाव कम्मं न बंधई ।' ક્યારેય પાપ બાંધતા નથી. હાય... ! આજના જમાનામાં જીવોને ધન સાથે મૈત્રી છે એટલે ધન ચોરાઈ જાય કે લૂંટાઈ જાય તો રડવા બેસે છે. મકાન સાથે મૈત્રી છે, એટલે મકાનના નુકશાન વખતે ઉદાસ બની જાય છે. અલંકાર સાથે મૈત્રી છે માટે અલંકાર ખોવાઈ જતાં મગજ ખોરવાઈ જાય છે. ટૂંકમાં, જીવોને જડ પદાર્થો સાથે મૈત્રી છે. પરંતુ જીવો સાથે મૈત્રી જામતી નથી.

**જડ પદાર્થની દુનિયામાં મૈત્રી એટલે સંસાર.**
**ચૈતન્ય સૃષ્ટિ સાથે મૈત્રી એટલે સંયમ.**
**જડની રક્ષા એટલે સંસાર વૃધ્ધિ.**
**જીવની રક્ષા એટલે સંયમ શુદ્ધિ.**

જડ જગતનો પરિત્યાગ કરવો હોય, અને મૈત્રી તોડવી હોય તો મમતા ઘટાડો. જીવ જગતનો અનુરાગ કરવો હોય તો સમતાભાવમાં વધારો કરો. જરૂર, જીવન સફળ

બન્યા વિના નહિ રહે. પરંતુ સર્વોત્તમ જીવન પામી, માનવી આજે જ્ઞાનરક્ષા કરવાનું છોડી ધનરક્ષા પાછળ શક્તિ અને સમય વેડફી રહ્યો છે. ગુણરક્ષા કરવાનું ત્યાગી મિલ્કત રક્ષણ પાછળ ચોકી ગોઠવી રહ્યો છે. એ વાતને ભૂલી જાય છે કે ધન, મિલ્કત, દેહ અને પરિવાર આદિનું રક્ષણ કરવા છતાં સુરક્ષિત કે સલામત નથી રહેવાનું. ધન ચોરાઈ જશે, મિલ્કત ચાલી જશે, દેહમાં અચાનક રોગ ફૂટી નીકળશે, પરિવારમાં ખટરાગ પેદા થશે. કારણ, આ તમામની રક્ષા એ માત્ર ભ્રમણા જ છે. બાહ્યરક્ષામાં પરતંત્ર છીએ આપણે. હા, પ્રયત્ન ભલે હોય, પરંતુ બધું જ છે કર્મોને આધીન. અશાતાના ઉદયે શરીરને ગમે તેટલું સાચવો, પરંતુ રોગ તેનું કાર્ય ચાલું કરી જ દે છે ને ? બસ, બાહ્ય જગતની રક્ષા એ બહુ મોટી ભ્રમણા છે. રક્ષા જ કરવાની તમારી તમન્ના છે તો બતાવું તમને રક્ષા કરવાનો માર્ગ...

## જીવનરક્ષા

તમને મળેલું સર્વોત્તમ માનવનું જીવન. આ જીવનને પામીને સૌ પ્રથમ કર્તવ્ય બને છે, તમે તમારા જીવનની રક્ષા કરો. નવાઈ લાગશે, જીવનની રક્ષા આપણે કઈ રીતે કરી શકીએ ! આ જીવન તો કર્મો પ્રમાણે ચાલે છે, ખરું ને ? તમે એ વાત જાણતા નહીં હો કે કર્મો પરાધીન છે, તમે સ્વયં સ્વાધીન છો. તમે જીવન પામો છો કર્મોથી, પણ તમારી ભાવનાથી તમે જીવન જીવવા ચાહતા હો તો તમે જીવી શકો છો. જીવનરક્ષા એટલે જીવનને કુસંસ્કારો, કુનિમિત્તો, કુમિત્રોના સકંજામાંથી બચાવી લેવું. દુઃખોથી બચવાની વાત એ જીવનરક્ષા નહીં, પરંતુ આપણી જાતને પાપોથી બચાવી લેવી તે છે જીવનરક્ષા. કેટલાક જીવો ધનરક્ષામાં બહુ જ ચતુર હોય છે, પરંતુ જીવનરક્ષામાં સાવ અભણ હોય છે. જીવનને ઉપવન સમું પણ બનાવી શકાય અને વેરાન રણ સમું પણ બનાવી શકાય. પસંદગી તમારે કરવાની છે કે સંસ્કારોથી સભર જીવન જીવી ઉપવન સર્જવું છે કે દુર્ગુણો અને દુરાચારનો ભોગ બની જીવનને વેરાન રણ બનાવવું છે. જોઈ લો સિકંદરને, જીવન મળવા છતાં કેવું જીવન જીવ્યા, અને જોઈ લો વિવેકાનંદને, જીવન ઉપવન સર્જીને જીવી ગયા. એકના જીવનમાંથી આસક્તિની દુર્ગંધ છે તો એકના જીવનમાં પ્રેરણાનો પરિમલ છે. તમારું જીવન એવું હોવું જોઇએ કે જેમાંથી અન્ય માનવોને પ્રેરણા મળે કે જીવન કેવું જીવવું જોઇએ. જો તમારા ખુદમાં જ ઉણપ હશે તો અનેક જીવો અવળા રસ્તે જીવન ગાડી ધકેલી દેશે. કોઇની જિંદગી બગડે તેવું વર્તન આપણે શા માટે કરવું જોઇએ ?

**તારા જીવનથી કોઈનું જીવન બની જશે**
**તારા સૂચનથી કોઈનું સર્જન થઈ જશે**
**અરે ઉણપ હશે એ માનવી જો તારા જીવનમાં**
**તો કાંટા તો શું, ફૂલ પણ દુશ્મન બની જશે.**

માનવનુ જીવન ઘણા ભવો બાદ પ્રાપ્ત થાય છે. અને આ જીવન જો લાપરવાહ બનીને જીવ્યા તો જીવનરક્ષા કરવામાં આપણે નિષ્ફળ રહેવાના. પ્રભુએ ઉત્તરાધ્યયન સૂત્રમાં જીવન વિષે દર્શાવતાં જણાવ્યું છે કે માનવીનું જીવન કેવું છે ? '**जहा ओसए बिंदुअे** 'ઝાકળના બિંદુ જેવું. હવાનો એક ઝપાટો આવે અને બિંદુનું જીવન સમાપ્ત થઈ જતાં વાર ન લાગે. તેમ માનવીનું જીવન આયુષ્યનો એક ઝપાટો વાગતાં સમાપ્ત થઈ જાય છે. માટે જ પ્રભુએ જીવનને ગુણોથી સભર બનાવી જીવવાની વાત વારંવાર બતાવી છે. ભલે, જીવનનો ભરોસો નથી. જીવનનું રક્ષણ આપણા હાથની વાત નથી. પરંતુ જીવનના સંસ્કારોની રક્ષા તો આપણા ખુદના જ હાથની વાત છે.

**ગુણરક્ષા :**

જીવનરક્ષા કરીને પ્રાપ્ત કરેલા ગુણોનું રક્ષણ કરવું એ બહુ જ મહત્વની અને અગત્યની વાત છે. ગુણો મેળવવામાં વરસોની મહેનત અને સાધના કરવી પડે છે, જ્યારે પ્રાપ્ત થયેલા ગુણો તો ક્ષણમાત્રમાં નાશ થઈ જાય છે. યાદ રહે, માનવનો જન્મ ગુણ પ્રાપ્તિ અને દોષોની સમાપ્તિ માટે મળ્યો છે. પુણ્યવાન મનુષ્ય જન્મ પામે છે. પરંતુ ગુણવાન મનુષ્ય જ ભગવાન સ્વરૂપને પામી શકે છે. આ મનુષ્ય ભવમાં કોઈ ડૉક્ટર બન્યા, કોઈ વકીલ બન્યા, કોઈ એન્જીનિયર બન્યા. પરંતુ યાદ રાખજો કે જો ગુણવાન બનવાનું ભૂલી ગયા તો કિંમતી જીવન પામીને હારી જશો જેમાં લેશ માત્ર શંકાને સ્થાન નથી. ગુણ પ્રાપ્તિની મહેનત કરવી એ આ જીવનનું અને જન્મનું સૌથી મહત્વનું કર્તવ્ય બને છે અને ગુણ પ્રાપ્ત કર્યા બાદ તેની રક્ષા કરવી એ બીજા નંબરનું કર્તવ્ય છે.

જેમ ધન મેળવવું અને ધનની રક્ષા કરવી એ જરૂરી છે, તેમ ગુણ મેળવવા અને ગુણની રક્ષા કરવી એ પણ અત્યંત જરૂરી છે. પ્રાણીઓના પ્રાણની રક્ષા એ દ્રવ્યદયા છે, જ્યારે આત્માના ગુણોની રક્ષા એ ભાવદયા છે, જે જીવને સમાધિ પમાડે છે. જો સાતાનો ઉદય હશે તો ગમે તે ખાવ અને ગમે તેવા વાતાવરણમાં રહેશો તો પણ શરીરમાં બિમારી નહિ પ્રવેશે. કારણ સાતાનો પ્રભાવ છે. બસ, તે જ પ્રમાણે જો ભાવદયા પાળી હશે, તો ગમે તેવા પ્રતિકૂળ સંજોગોમાં પણ સમાધિભાવ ટકી રહેશે. વિયોગનાં વમળ સર્જાશે તો

પણ, તે હાલતમાં પણ તમને સમાધિભાવ આપશે. ગુણરૂપી ભાવરક્ષા એ ધર્મની ફલશ્રુતિ છે જ્યારે ગુણ પ્રાપ્તિ એ ગુણોની ફલશ્રુતિ છે, આત્મસમાધિ એ વાત ભૂલવા જેવી નથી. જીવનમાં ગુણો મેળવવા સહેલા છે, પરંતુ તે ગુણોની રક્ષા કરવાનું કામ તેથી પણ વધુ કઠિન કામ છે.

ખેડૂત ચાર મહિનાની મહેનતને અંતે ગાંસડીઓ ભરીને કપાસ ઘરે લાવે ત્યારે રાજીનો રેડ હોય છે. ખેડૂતના દીકરાનો દીકરો રમતાં રમતાં ચૂલામાંથી સળગતું લાકડું કપાસની ગાંસડીમાં નાખી દે, અને જોત-જોતામાં આગ લાગી જાય, અને એ ભયંકર આગમાં ગાંસડીઓ બળીને રાખ થઈ જાય અને તે ખેડૂતની ચાર મહિનાની મહેનત અલ્પ સમયમાં જ ખાખ થઈ જાય ત્યારે એ ખેડૂતના શા હાલ થાય.... ?

આખી જિંદગી દોડધામ કરીને કરેલી કમાણી, અને એ કમાણી બંગલો બનાવવામાં લગાડી દીધી. સુંદર-આલિશાન બંગલો તૈયાર થઈ ગયો. હજી રહેવા જવાની તૈયારી ચાલતી હતી ત્યાં તો ધરતીકંપના એક આંચકાએ બંગલો જમીનદોસ્ત કરી નાખ્યો. આખી જિંદગીની મહેનત ભોંય ભેગી થઈ ગઈ. હવે, આ સમયે બંગલાના માલિકની શી દશા થાય... ?

અનુભવી જ્ઞાનીઓ જણાવે છે કે તપ, ત્યાગ અને સાધના કરીને ક્ષમા આદિના ગુણો પ્રાપ્ત કરનાર સાધક, એકવાર કષાયની અગ્નિમાં સળગે ત્યારે અહંકારનો ધરતીકંપ અંતર જગતમાં સર્જાય અને ત્યારે સાધકે વરસોની સાધના બાદ મેળવેલા ગુણો બળીને ક્ષણભરમાં ખાખ થઈ જાય છે. ત્યારે એ સાધકની દશા કેવી થાય ? ગુણોની રક્ષા કરવી બહુ જ મુશ્કેલ છે. સંતો-મહંતો જણાવે છે કે ગુણરક્ષા માટે સદૈવ સાવધાન રહો. કારણકે, ગુણ પ્રાપ્ત કરવાનો અવસર વારંવાર પ્રાપ્ત થતો નથી.

**जहेह सीहो व मियं गहाय, मच्चू नरंणेई हु अंतकाले ।**
**णतस्स माया व पिया व भाया, कालम्मितंमि सहरा भवंति ॥**

જે પ્રમાણે સિંહ હરણને લઈને ચાલ્યો જાય છે. તે જ પ્રમાણે અંતકાલે મૃત્યુ તરફ મનુષ્યને લઈ જાય છે. તે સમયે માતા, પિતા કે ભાઈ વગેરે મદદરૂપ થતાં નથી.

**જીવનની ઉચ્ચ કક્ષા કેળવો**

જીવનની રક્ષા કરવા ચાહતા હો તો તમારે ગુણરક્ષા કરવી પડે અને ગુણરક્ષા કરવા ચાહતા હો તો જીવનની ઉચ્ચ કક્ષા કેળવવી પડે. એટલે ગમે તેવા નિમિત્ત મળવા છતાં તમે ક્રોધનો ભોગ બનો નહીં. રાગ-દ્વેષના નિમિત્તો મળવા છતાં તમારી કક્ષા એટલી હદે

ઉચ્ચ બની હોય કે તે નિમિત્તો તમારા માટે સાધનામાં સહાયક બને તેને ઉચ્ચ કક્ષા કેળવી ગણાય. જુઓ, ઘાણીનું નિમિત્ત મુનિઓના ગુણોને તો ન લૂંટી શક્યું, પરંતુ કેવળજ્ઞાનમાં સહાયક બન્યું.

વાતાવરણથી તમારા ગુણો ક્ષય થઈ જતા હોય તો કોઈ ને ય પૂછવાની જરૂર નથી કે જીવની કક્ષા કેવી છે ? ચાહ મોડી મળે અને ચિત્ત વિહ્વળ બની જાય. તમારી આજ્ઞાનું કોઈ પાલન ન કરે અને તમે ઉગ્ર બની જતા હો. તમને જે ન બોલાવે તે વ્યક્તિ પ્રત્યે તમને ઘૃણા થઈ આવતી હોય. સન્માનના હારતોરા પહેરતાં દિલમાં ગલગલિયાં થતાં હોય. તમારી વાહ વાહ કરનારની તમે દોસ્તી રાખતા હો તો લખી રાખો કે હજી કક્ષામાં કચાશ છે. ઉચ્ચ કક્ષા વિના ગુણોની રક્ષા અસંભવ છે. નિમિત્ત મળતાં ગુણો બળીને ખાખ થઈ જતાં વાર નહીં લાગે. પ્રભુ મહાવીરને એક જ રાતમાં સંગમે વીસ-વીસ ઉપસર્ગો આપ્યા, ચંડકોશિયાએ ડંખ માર્યા, ગોશાલકે તેજોલેશ્યા છોડી. અનાર્ય દેશના વિચરણની કથા લખતા કલમ ધ્રૂજી જાય. આ દરેક પરિસ્થિતિમાં ભગવાન મહાવીર સ્વામીનો ક્ષમા ગુણ ક્ષણમાત્ર માટે પણ વિચલિત થયો ન હતો. કારણ પ્રભુના જીવનની કક્ષા સર્વોચ્ચ શિખર સર કરી ચૂકી હતી. આવો, આપણે પણ આપણા જીવની કક્ષા ઉંચી અને મજબૂત બનાવી દઈએ, જેથી મહેનત કરીને મેળવેલા ગુણોની મૂડી સુરક્ષિત રહી શકે. હવે, સવાલ એ ઊભો થાય છે કે ઉચ્ચ કક્ષા આવે કઈ રીતે ?

## ગુરુ શિક્ષાના અનુરાગી બનો

વૃક્ષમાં ફળ લાગે છે. વૃક્ષનું થડ મજબૂત હોય છે અને તેથી તે વાવાઝોડામાં પણ અડીખમ રહે છે. તેની પાછળનું કારણ છે કે થડ નિત્ય પાણી ખેંચી આખા વૃક્ષને પહોંચાડવાનું કામ કરે છે. પ્રસન્નતાનાં ફળો, શ્રધ્ધાનું બળ ત્યારે મજબૂત રહે, જ્યારે ગુરુ શિક્ષાનું નીર નિત્ય સીંચાતું રહે. ગુણોની પ્રાપ્તિ માટે ગુરુશિક્ષા, તો ગુણોની રક્ષા માટે પણ ગુરુશિક્ષા અને જીવનની ઉચ્ચ કક્ષા માટે પણ ગુરુ શિક્ષા. આ તમામ તબક્કે મહત્વનો ફાળો છે ગુરુદેવની હિતશિક્ષાનો. જે સાધકને શિક્ષાનું પાણી ન મળે તેનું સાધનાનું વૃક્ષ સુકાવા લાગે. ક્ષમા આદિ ગુણો ક્ષય થવા લાગે. શિક્ષા વિના ઉચ્ચ કક્ષા ક્યારેય આવે નહીં, અને ઉચ્ચ કક્ષાના અભાવમાં ગુણરક્ષા થવી અશક્ય બને અને ગુણ પ્રાપ્તિ તો થવી જ અસંભવ.

હાથીના ભવમાં સસલાની દયા પાળી, મેઘકુમારના અવતારમાં મુનિ બન્યા. પરંતુ મુનિપણામાં પ્રથમ રાત્રિએ જ ઊંઘમાં ખલેલ પહોંચતાં, ઘર યાદ આવ્યું અને સવારે

ઉઠીને પ્રભુને ઉપકરણો પાછાં આપવા ગયા. ત્યારે પ્રભુએ પૂર્વભવને યાદ કરવાની હિતશિક્ષા આપીને મેઘમુનિને સ્થિર કર્યા.

હાય... ! સમવસરણમાં પ્રભુની હાજરીમાં સાધ્વીજીએ નિયાણાં કર્યાં કે અમને પણ શ્રેણિક જેવા પતિની પ્રાપ્તિ થાય. પ્રભુએ હિતશિક્ષા આપી નિયાણાં ફોક કરાવ્યાં અને ઉગારી લીધાં.

ચંડકોશિયાને પ્રભુ એ હિતશિક્ષા આપી દેવલોકના-સુખનો સ્વામી બનાવ્યો હતો, તો રોહીણીયાને સંભળાઈ ગયેલ વાણીએ જ ઉચ્ચ કક્ષાનો સ્વામી બનાવ્યો હતો.

તો આવો, આ ભવમાં ગુરુની હિત-શિક્ષાને પ્રેમથી સાંભળી જીવનમાં અવધારી ગુણવાન બનવાના પુરુષાર્થી બની પરમ પદની યાત્રામાં આપણે સર્વે આગળ વધી જીવનને ધન્ય બનાવીએ તે જ મંગલ મનોકામના....

## ઓ ગુરુરાજ

સુખ પરમાં નથી, એવું કહે જિનરાય
આતમા જગાડો મારા ઓ ગુરુરાજ !

પ્રભુ તારી વાણીને રોજ હું તો સાંભળું
સાંભળું છતાં મારું જીવન ના બદલું
આળસમાં અવસર ગુમાવું પ્રભુ આજ...આતમા...

પ્રભુ મારા મનને સતાવે આ વિચારો
દુનિયામાં જીવું હું બનીને બિચારો
વિચારોના વમળથી ઉગારો મારા નાથ...આતમા...

મારું મારું કરી પ્રભુ ! સંસારમાં તણાતો
અંતરના ઓરડામાં નજર ના નાખતો
સમકિતનો દીવડો પ્રગટાવો જિનરાજ...આતમા...

સત્તા સંપત્તિના લોભમાં તણાયો
રાગ અને દ્વેષના બંધને બંધાયો
તારો હવે તારો પ્રભુ ! આવ્યો તારી પાસ...આતમા.

• પ્રેમની ગેરહાજરી હોય ત્યાં જ ખુલાસા કરવા પડે અને માફી માંગવી પડે.

• રોટલો કેમ રળવો તે નહીં,
પણ કોળિયો કેમ મીઠો બનાવવો તે શિક્ષણ સાચું કહેવાય.

• મોટા ભાગના માનવીઓ બુદ્ધિ ધરાવે છે, પણ શાણપણ નહીં.

• માણસોએ પ્રાણીઓ માટે કતલખાનાં અને
પોતાને માટે હોસ્પીટલ બંધાવી છે.

• ચીજ બગડે તે પાલવે પણ ચિત્ત બગડે તે ન પાલવે.

• પ્રેમમાં શરત નહીં, પણ સમર્પણ હોય છે.

• જે શીખવા માંગે છે, તેને બધું જ આવડે છે.

• કિંમતી સમય વીતે છે, જે જાગે છે તે જીતે છે.

• કાયા બદલવી સહેલી પણ માયા બદલવી મુશ્કેલ છે.

• સમસ્યાને ખતમ કરવાનું કામ પુણ્ય કરે છે,
સમસ્યા પેદા જ ન થવા દેવાનું કામ ધર્મ કરે છે.

• આઈ અને માય-આ બંને મોહના મંત્રો છે.

• જયાં વળતરની અપેક્ષા હશે ત્યાં નડતર જરૂર થશે.

• મરે તો ય સ્ત્રી અલંકાર છોડવા તૈયાર નહીં અને
પુરુષ અહંકાર છોડવા તૈયાર નહીં.

૧૧

# કામને પેલે પાર

आयावयाहि चय सोगमल्लं, कामे कमाही कमियं खु दुक्खं ।
छिन्दाहि दोसं विणएज्ज रागं, एवं सुही होहिसि सम्पराए ॥

હે આત્મા !
તું સુકુમારપણું છોડ અને બાહ્યાભ્યંતર તપ કરી
કામ વાસનાને ઓળંગી જા તો તને દુઃખ સ્પર્શશે નહીં,
દ્વેષને છેદ અને રાગને દૂર કર તો સંસારમાં સુખી થઈશ.

દીવો લઈ કુવે પડ્યો ધિક્કાર છે મુજને ખરે...

રત્નાકર મુનિ સ્વયં આત્મ નિરીક્ષણ કરીને પ્રાયશ્ચિત કરી રહ્યા છે, કે હે પ્રભુ, હું જાણું છું કે પદાર્થ એ સુખનું કારણ નથી. હું એ વાતથી અજાણ નથી કે સંસારમાં સુખ નથી, હું બરાબર જાણું છુ. છતાં પાછો એ જ વિષયોનો રાગી બની સંસાર ચક્ર વધારી રહ્યો છું. આપણે બધા જાણકારીના ક્ષેત્રે આગળ છીએ. આપણે બધા જાણીએ છીએ અને અનુભવીએ પણ છીએ કે સંસારમાં સુખ નથી, છતાં પાછા નિમિત્તો મળતાં સંસારમાં મગ્ન બની જઈએ છીએ. હાય... ! આ વિષય સુખની લાલસાએ આત્માની કેવી દશા કરી છે. સ્વાધીન સુખનો સ્વામી એવો આત્મા પરાધીન સંસારના સુખમાં ફસાઈ ગયો છે. ઈન્દ્રિયાતિત ગુણવાળો ઇન્દ્રિયજન્ય સુખમાં લપટાઈ ગયો છે. નિજને ભૂલીને જગતની ચીજોમાં અટવાઈ ગયો છે. આચારાંગ સૂત્રમાં પ્રભુ ફરમાવે છે.

जे गुणे से आवट्टे, जे आवट्टे से गुणे ।

જે કામ ગુણો એટલે કે પાંચે ઇન્દ્રિયોના વિષયો છે તે જ સંસાર છે અને સંસાર એ જ વિષયો છે. પ્રભુ સુંદર હિત શીખામણ આપે છે કે હે સાધક, જ્યાં ઇન્દ્રિય વિષય સુખ છે ત્યાં જ સંસાર છે અને જ્યાં સંસાર છે ત્યાં જ વિષય સુખો છે.

અનાદિ કાળથી આત્મા, પરમાત્મા અવસ્થાને નથી મેળવી શક્યો, તેની પાછળનું સચોટ કારણ પ્રભુ દર્શાવી રહ્યા છે કે સંસાર સુખની લાલસા અને વિષયસુખની અભિલાષા. એ વાત ધ્યાનમાં લેવા જેવી છે કે વિષયો ઘીનું કામ કરે છે. ક્રોધાદિ કષાય અગ્નિને પ્રજ્જ્વલિત કરવામાં ઘી હોમવાનું બંધ કરો. અગ્નિ ત્યાં જ સહજ ઠરી જશે. બાહ્ય જગતના વિષયોનું આકર્ષણ ઘટાડો, જેથી નિમિત્તમાં આવેશ, ઉદ્વેગો જન્મવાનો પ્રશ્ન જ નહીં રહે. વિષયોની પુષ્ટિ કરાવે તેને સાધના કે ધર્મ કઈ રીતે કહી શકાય. સાધના તો વિષયોથી વિરામ પમાડે. ઇન્દ્રિય નિગ્રહ અને મનો-નિગ્રહ ઘીનું કામ કરે છે. સાધના તો પાણી છાંટવાનું કામ કરે. કષાયોની અગ્નિને ઠરે જ છૂટકો. પરંતુ અફસોસ તો એ વાતનો છે કે આજે વિષયોની પુષ્ટિમાં જ ધર્મક્ષેત્ર પણ અટવાયું છે. માન-સન્માન અને હાર-તોરામાં ધર્મકેન્દ્ર અટવાયું છે. આવો, આપણે આપણી જાતને ધર્મક્ષેત્રે વિષયોથી બચાવીએ. કષાય અગ્નિને ઠારવાનું પરમ અને શ્રેષ્ઠ કાર્ય આજથી જ આરંભીએ. જ્યાં

વિષય છે ત્યાં સંસાર છે તેવું પ્રભુનું હિત વચન છે. તો પછી જ્યાં વિષય છે ત્યાં ધર્મ ક્યાંથી સંભવે ?

જંગલમાં હરણિયું સંગીતના સૂરો સાંભળી સૂરાવલિમાં મગ્ન બને છે. પરિણામની ખબર હોય તો શું હરણિયું મગ્ન બને ખરું ? બસ, વિષયોના પરિણામની જીવને ખબર પડે, પછી જીવ શું વિષયોનો રાગી બની પાપ બાંધવાની તૈયારી બતાવે ખરો ? પરિણામનો ખ્યાલ એનું જ નામ જ્ઞાન. પરિણામની ભયંકરતા સમજાય તેને જ વિષયોની ભયંકરતા સમજાય.

આગમાં કોણ પડવા તૈયાર થાય ? સાપ પાસે જવા કોણ તૈયારી બતાવે ? ઝેરનો ફાકડો મારવા કોણ તૈયાર થાય ? બસ, વિષયોના પરિણામ સ્વરૂપે જઘન્ય દશ હજાર વર્ષની નરકની મહાયાતના મારે ભોગવવી પડશે તેવો ખ્યાલ આવી જાય પછી કોણ આ સંસારના વિષયસુખના ગુલામ બનવા તૈયાર થાય ? સંગીતના સૂર સાંભળીને હરણિયું મુગ્ધ બન્યુ અને છ...ન..ન..ન...ન... કરતું તીર શિકારીએ છોડ્યું. હરણિયાના પ્રાણ પલકમાં ઉડી ગયા. હાય.. ! કાનના શબ્દ વિષયમાં મુગ્ધ બનેલા હરણિયાની આ દશા!? હે સાધક, સારા જ શબ્દ, સારા જ સૂર સાંભળવાની વિષય લાલચ તારા આત્માના ભાવગુણને ક્ષણમાં ખાખ કરી નાખશે. કાનના વિષયમાં મુગ્ધ બનવાનું શેં પસંદ કરાય?

પતંગિયાને પણ માત્ર જ્યોતિનું આકર્ષણ હોય છે. અને રૂપમાં મુગ્ધ પતંગિયું જ્યોતિમાં ઝંપલાવે છે અને ખાખ થઈને કોડિયામાં પડે છે. રૂપના વિષયમાં આસક્તિ કરનાર પતંગિયાની આ દુર્દશા થતી હોય તો હે આત્મન ! તારી દશાનો વિચાર કર. સારું રૂપ દેખાયું નથી ને તેં તાકી-તાકીને નીહાળ્યું નથી. સારાં દશ્યો આવ્યાં નથી અને તું જોવા બેઠો નથી. ટી.વી. આવ્યા પછી તો સમાજમાં વિષયોના પાપમાં વેગ પકડાયો છે. પતંગિયાની દુર્દશા ખ્યાલમાં રાખી રૂપાદિ વિષયોથી જાતને બચાવી લે તે જ સાચું ધર્મ કર્તવ્ય છે.

**પતંગા એ નહીં સમજે, અગર સમજે તો કહી દેજો,**
**દીપકમાં દાઝવા કરતાં, મજા છે દૂર રહેવામાં.**

ભમરો પણ ભૂલો પડે છે કમળની સુરભિમાં અને મોતને પણ ભૂલી જાય છે. સુગંધના શોખીન બનીને જીવો કેટલાં કર્મો બાંધે છે. માછલી અળસિયાં ખાવાની લાલસાએ, માછીમારે ભરાવેલા કાંટામાં ફસાઈ જાય છે અને મરણને શરણ થાય છે. અને હા, હાથણીના સ્પર્શની પ્રિય ઝંખનાએ અંધ બનીને હાથી ખાડામાં પડી પકડાઈ જાય છે. વિષયો એ જ સંસાર, પ્રભુએ બહુ સચોટ દર્શાવ્યું છે. અ ર...ર....ર... એક

ઇન્દ્રિયમાં મુગ્ધ બનેલા જીવોની જો આવી દુર્દશા સર્જાય તો ઓ માનવ ! પાંચે ઇન્દ્રિયોના સુખમાં રાત-દિવસ સતત મુગ્ધ બનીને જીવન જીવીશ તો તારી કેવી દશા થશે... ! ? જેની માત્ર કલ્પના કરવાથી હૈયું ધ્રૂજી જાય છે. પ્રભુ કહે છે, જો વિષયો ઉપર વિજય મેળવવા ચાહતા હો તો તમારી શરીરની કોમળતાનો ત્યાગ કરો. અને આમ કરવા માટે આતાપના લેવાનું ચાલું કરો. જેથી વિષયોની વિકૃત વાસના ઉપશાંત થશે અને બહુ જ અગત્યની વાત પ્રભુ સમજાવે છે કે વિષયોને બંધ કરવા હોય તો ઇચ્છાઓ જ બંધ કરો અને હા, ઇચ્છા પર કંટ્રોલ આવ્યો એટલે તમારાં દુઃખોને ઓછાં થયે જ છૂટકો.

'कामे कमाहि कमियं खु दुक्खं ।'

કામના ઓછી કરો, દુઃખો ઓછાં થઈ જશે. પછી રાગનો ત્યાગ કરો. દોષને છેદી નાખો, એટલે તમે આત્મિક સુખના સ્વામી બની જશો. જેઓ વિષયો પર, ઇચ્છા પર વિજય નથી પ્રાપ્ત કરતા તેઓ સાધના જીવન પ્રાપ્ત થવા પર પણ હારી જાય છે.

## વિષયનાં તોફાન

મહાવિદેહ ક્ષેત્રમાં બનેલો આ પ્રસંગ છે. સ્થવિર ભગવંતો પુંડરગીરી નગરીમાં પધાર્યા હતા. ઘણા ભાવિકો વાણીનો લાભ લેવા સ્થવીર ભગવંતો પાસે પહોંચી ગયા. તેમાં બે ભાઈઓ હતા. મોટો ભાઈ રાજા હતો અને નાનો ભાઈ યુવરાજ હતો. બંને સ્થવીરની વાણીમાં મુગ્ધ બન્યા હતા. સ્થવીર ભગવંતોનો સત્સંગ પૂર્ણ થતાં રાજાએ બાર વ્રત અંગીકાર કર્યાં. જ્યારે યુવરાજે મોટા ભાઈને કહ્યું કે મારે સંસાર છોડી દીક્ષા લેવાની ભાવના છે, અનુજ્ઞા આપો. ત્યારે મોટાભાઈએ જણાવ્યું કે અત્યારે આપ રાજમહેલમાં આવો, પછી વિચારીને દીક્ષા માટે અનુજ્ઞા આપીશ. બંને રાજમહેલમાં પહોંચ્યા. મોટાભાઈએ કહ્યું. ભાઈ, તું દીક્ષા લેવાની ભાવના રાખે છે, પણ મારે તને રાજ્ય સોંપવું છે. માટે તું પહેલાં રાજ્ય પદ સ્વીકાર અને ત્યારબાદ તું દીક્ષા સ્વીકારજે.

આ વાતને યુવરાજે જરાપણ મહત્ત્વ ન આપ્યું. મારે રાજ્ય નથી જોઈતું. હું તો આત્માનું રાજ લેવા સંયમ માર્ગે જવા તૈયાર થયો છું. બસ, વૈરાગી યુવરાજનો વિજય થયો ને દીક્ષા અંગીકાર કરી. દીક્ષા લઈને ૧૧ અંગનો અભ્યાસ કર્યો. તપ-ત્યાગના ક્ષેત્રે અગ્રેસર બન્યા. ઘણાં વર્ષો બાદ શરીરમાં રોગે પ્રવેશ કર્યો. સહન શક્તિ મંદ પડી. વિહાર કરી મુનિગણ સાથે પુંડરગીરીમાં પધાર્યા. મોટાભાઈનું રાજ હતું. ઔષધાદિ બરાબર મળવા લાગ્યાં તેથી સમય જતાં રોગ શાંત થવા છતાં મુનિને વિહાર કરવાની ઇચ્છા થતી નથી. મોટાભાઈએ વિહાર કરવાની વિજ્ઞપ્તિ કરી અને ના છૂટકે છેવટે વિહાર કરવો પડ્યો. ગુરુવર આદિ સાથે વિહાર કરી બાજુના ગામમાં ગયા. પરંતુ ગુરુવર આદિને ખબર

ન પડે તે રીતે પાછા પુંડરગીરીમાં આવી ગયા. રાજાને સમાચાર મળ્યા. રાજાને ખ્યાલ આવી ગયો કે ભાઈ–મહારાજને સુખ–સગવડ વ્હાલી લાગે છે.

મુનિ પાસે જઈને કહ્યું, ભાઈ સંસાર સુખમાં શું તમારું મન લાગ્યું છે ? રાજા બનવું છે ? તમારે સંસારમાં આવવું છે ? પરંતુ બધા જ પ્રશ્નોમાં મુનિ મૌન રહ્યા. એટલે રાજા મુનિને રાજદરબારમાં લઈ ગયા અને રાજ્યાભિષેક કરાવ્યો, અને મુનિનો વેશ રાજાએ અંગીકાર કર્યો. રાજાએ મુનિનો વેશ ધારણ કરી સંકલ્પ કર્યો કે જ્યાં સુધી ગુરુ પાસે ન પહોંચું, ત્યાં સુધી ચારે આહારનાં પચ્ચકખાણ. આ બાજુ સંયમ ધર્મથી ભ્રષ્ટ થયેલા મુનિ રાજ્યપદે બેસી વિષયોના સુખમાં મશગુલ બન્યા. તીવ્ર પરિણામે સંસારના વિષયોમાં મુગ્ધ બન્યા. ત્રણ દિવસ સંસાર સુખ ભોગવ્યાં અને મોત લેવા આવી ગયું. મૃત્યુ પામી ૩૩ સાગરોપમ સુધીની સાતમી નરકની મહાવેદના, મહાયાતના ભોગવવા નરક ભેગા થઈ ગયા. જ્યારે રાજામાંથી મુનિ વેશ ધારણ કરનાર મુનિવરે છટ્ઠ તપનું પારણું કર્યા બાદ કાળ કરી ગયા અને અનુત્તર વિમાનના સ્વામી બની ગયા. આ બીજા કોઈ જીવો નથી, પણ પુંડરીક અને કુંડરીક. પુંડરીક અનુત્તર વિમાનમાં ગયા અને કુંડરીકનો આત્મા વિષય મુગ્ધ બની ૭મી નરકમાં ગયો. હાય.... ! વિષય ભોગનાં આવાં ગોઝારાં પરિણામ ! ? શેં ભોગવાય આ વિષયો ? અને વિષયના પરિત્યાગનાં કેવા સુંદર પરિણામ, કેમ વિષયો ત્યાગવાનું મન ન થાય ? પરંતુ મોહાન્ધ બનેલા અજ્ઞ આત્માને વળી હિત–ઉપદેશની શી અસર થાય ? **'जे गुणे से आवट्टे आवट्टे से गुणे।'**

પ્રભુએ પ્રરુપેલું નાનકડું સૂત્ર, સારીયે સૃષ્ટિના પરિભ્રમણનું રહસ્ય દર્શાવતું આ સૂત્ર છે. સંસાર અલગ ન સમજો. વિષય એ જ સંસાર છે. સંસાર છૂટ્યો ત્યારે કહેવાય જ્યારે વિષયો છૂટે, વિષયો પ્રત્યેનો રાગ છૂટે. સાધુ થઈ જવાથી મોક્ષમાં જવાતું નથી. સાધુ જીવન મળ્યા પછી વિષયોનું સ્મરણ, વિસ્મરણ થવું જોઈએ. જુઓ કુંડરીકની દશા– સંયમ લીધા બાદ પણ કેવી થઈ ? કોણે કરી ? વિષયોના જાગેલા અનુરાગે જ ને?

યાદ રાખવા જેવું સૂચન તમને કરું છું. વિષયોનો રાગ ક્ષેત્ર બદલવાથી કે વસ્ત્રો પરિવર્તનથી કે જંગલમાં જવાથી છૂટતો નથી. અહીંથી ભવ બદલીને બીજી ગતિમાં જઈએ છીએ, છતાં વિષયોની આસક્તિ ક્યાં છૂટે છે ? બધું જ બદલાવ્યા બાદ પણ વિષયોના રસ છૂટતા નથી. તેના માટે અનુભવીઓનો અનુભવ કહે છે કે તમે તમારા આત્મ–સુખ તરફ જવાની સાધના કરો. જરૂર બાહ્ય– વિષયો સહજ છૂટી જશે. આભ્યંતર લક્ષ થયા વિના ક્યારેય બાહ્ય વિષયોની જાળમાંથી છૂટી શકાતું નથી. વિષયો છોડવા છે, છોડવા છે એટલા માત્રથી વિષયો નહીં છૂટે. તેને માટે અંતર જગતના માર્ગને પકડવો જ પડશે. જ્ઞાનીઓના અનુભવનો આ માર્ગ છે.

# ઐસા ભી હોતા હૈ

અમારા દરિયાપુરી સંપ્રદાયમાં વર્ષો પહેલાં બનેલો એક પ્રસંગ છે. છઠ્ઠના પારણે છઠ્ઠ કરનારા મુનિવર હતા. પારણાના દિવસે એક શ્રાવકના ઘરે ગોચરી માટે ગયા. રસોડામાં શેઠાણી ભાવપૂર્વક વહોરાવી રહ્યાં હતાં. ચૂરમાના લાડવા બનાવ્યા હતા. સંત પધાર્યા તેથી વધુ આનંદ હતો. બે-ત્રણ લાડવા પાત્રામાં મૂકવાનો આગ્રહ કરી રહ્યા હતા, પરંતુ મુનિ કહે છે કે બહેન, લાડવાનો ખપ નથી. પરંતુ શેઠાણી ખૂબ જ આગ્રહ રાખતા હતાં કે લાડવા તો વહોરવા જ પડશે. આ દશ્ય મકાનનાં નળિયાં ગોઠવવાનું કામ કરતો મજૂર જોઈ ગયો. મજૂરના મનમાં વિચાર આવ્યો કે મને ભૂખ લાગી છે અને મને લાડવો આપતાં નથી અને આ મહારાજને જરૂર નથી તો પણ આગ્રહ કરે છે. બસ, અનેક વિચારો બાદ નિર્ણય કર્યો કે જૈન સાધુ બની જવામાં જ મજા છે. ઉપાશ્રયે જઈને સંતની પાસે ભાવના પ્રદર્શિત કરી. મારે તમારા જેવું બનવું છે. સંત બોલ્યા, ભાઈ જૈનના સંત બનવું એ કાંઈ ખાવાના ખેલ નથી. ત્યાં જ ભોળિયો મજૂર બોલ્યો, મહારાજ, હું જાણું છું કે જૈનના સંત બનવામાં ખાવાના ખેલ જ છે. અંતે અનેક ભાવુકો ને સંઘની અનુજ્ઞા લઈ થોડા વખત બાદ દીક્ષા લઈ લીધી. ગામડામાં વિહાર ચાલુ કર્યા. આહારમાં રોટલા, કઢી અને મરચાં આવ્યાં. નવદીક્ષીત સાધુ ગોચરી કરવા બેઠા. જોયું, તો આ શું ? ગુરુદેવ આવું ખાવા મેં દીક્ષા નથી લીધી. આ તો મારા ઘરે પણ મળે છે. હવે, જો અહીંયાં પણ આવું જ ખાવાનું મળવાનું હોય તો હું મારા ઘરે જઉ છું. ગુરુ બહુ જ સમજુ અને દીર્ઘ દષ્ટિવાળા હતા. તેમણે કહ્યું, જુઓ મુનિ, આપણે ચાતુર્માસ કડી ગામમાં કરવાનું છે. ત્યાં બધા ભાવસાર જૈન છે અને કંદોઈની દુકાનો પણ છે. તમારે જે ખાવું હશે તે ત્યાં મળશે. હમણાં ચલાવી લો. 'અચ્છા, તો ચાલશે.' સરળ સ્વભાવના સંત હતા, સમજી ગયા. ચાતુર્માસમાં રોજ કંદોઈની દુકાને ગોચરી લેવા જાય અને આનંદ કરે. સાથે-સાથે મહત્ત્વની વાત એ હતી કે રોજ ગુરુદેવ પાસે વાંચણીમાં બેસતા. ઉત્તરાધ્યંન સૂત્રના ૧ ૭ મા અધ્યયનની વાંચણીમાં આવ્યું કે દૂધ, દહીં આદિ વિગય આરોગે અને તપશ્ચર્યા ન કરે તો પાપશ્રમણ કહેવાય. 'તો શું ગુરુદેવ, હું પાપી કહેવાઉ ? હું દરરોજ મીઠાઈ આદિ ખાઉં છું. આજે જ મને છ યે વિગયનો આજીવન ત્યાગ કરાવો.' વાહ, કેવું પરિવર્તન ! છઠ્ઠના પારણે છઠ્ઠ શરૂ કર્યા અને જીવન પર્યંત કર્યા. તે સંથારો કરી અવધિજ્ઞાની બની કાળધર્મ પામ્યા.

ટૂંકમાં, અંતર યાત્રા ચાલુ થયા બાદ બાહ્ય જગતના વિષયો છૂટતાં વાર લાગતી નથી. આત્મા જાગી ગયા પછી વિષયો અને વિષયોનું વાતાવરણ કંઈ જ કરવા સમર્થ નથી. બસ, ભગવાનનું સૂચન છે કે સંસાર છોડો, સંસારના વિષય છોડી આત્મભાવમાં મુગ્ધ બની ભવ સફળ કરો......

૧૨

# દૃષ્ટિની દિવ્યતા

धम्मो मंगल मुक्किट्ठं, अहिंसा संजमो तवो ।
देवावि तं नमंसन्ति, जस्स धम्मे सया मणो ॥

**ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે,**
**અહિંસા, સંયમ અને તપ રૂપ ધર્મમાં**
**જે સાધકનું મન સદા અનુરક્ત્ત છે**
**તેને દેવો પણ નમસ્કાર કરે છે.**

સુખ, શાંતિ અને સમાધિનો સુંદર, સચોટ અને શાશ્વત માર્ગ પ્રભુ મહાવીર સ્વામીએ બતાવ્યો છે. પ્રભુના માર્ગના જે માર્ગી બને, પંથના પથિક બને તે અવશ્ય સુખ-શાંતિના સ્વામી બને છે. આ સુખના માર્ગે ચાલવા માટે બે આધાર છે. એક છે સંતો અને બીજા છે સિદ્ધાંતો. સંતોના સત્સંગમાં પામવાનું અને સિધ્ધાંતના માધ્યમે સ્વ-સંશોધન કરવાનું. આપણી દૃષ્ટિમાં સાર તત્વ જણાશે, દેખાશે, એટલે અસાર છોડવું નહીં પડે, સહજ છૂટી જશે. તમને ભૂખ લાગી હોય, હાથમાં રોટલો હોય, પરંતુ આંખ સામે મીઠાઈ દેખાઈ જાય તો ? તો તો સાહેબ, રોટલો તરત જ છૂટી જાય. અગવડતાવાળા મકાનમાં રહેતા હો અને કોઈ સગવડતાવાળું મકાન ભેટ આપે તો ? અરે, અગવડતાવાળું મકાન છોડી સારું મકાન સ્વીકારી લઈએ. આ વાત પરથી આધ્યાત્મિક વાતને સમજીએ. સંસાર અસાર છે, પદાર્થો નાશવંત છે, સંબંધોમાં સ્વાર્થ છે, છતાં આપણે તે કેમ નથી છોડી શકતા ? જાણવા છતાં એમાં જ કેમ ફસાઈ જઈએ છીએ ? એનું કારણ દીવા જેવું સ્પષ્ટ છે કે તમારી સામે સંસાર અસાર છે એટલું જ આવ્યું છે. સંયમ સારો છે એ એટલું દૃઢતાપૂર્વક સામે દેખાયું નથી, નહિતર આવો સંસાર છૂટતાં શેં વાર લાગે ? પદાર્થો નાશવંત છે એ વાત તમારા મગજમાં બેસી ગઈ છે પરંતુ મોક્ષ શાશ્વત છે એ વાત મગજમાં સચોટ બેસાડી નથી. સંબંધ સ્વાર્થી છે તેવું બધાય બોલે છે, પરંતુ નવા સંબંધો બાંધવાનું ક્યારેય બંધ થયું નથી. કારણકે, જગતમાં પરમાર્થ સંબંધ આંખ સામે દેખાયો નથી.

આચારાંગ સૂત્રમાં ભગવાન ફરમાવે છે.

**जे अज्झत्थं जाणइ, से बहिया जाणइ ।**
**जे बहिया जाणई, से अज्झत्थं जाणइ ॥**

જે આધ્યાત્મિકને જાણે છે, તે બાહ્યને જાણે છે. જે બાહ્ય જગતને જાણે છે તે આધ્યાત્મિક જગતને જાણે છે. જાણવું અને સમ્યક્ રીતે જોવું એ જ સાધના જીવનનો મહત્વનો મંત્ર છે. અંતર જગતને નિરંતર જાણો, જુઓ. બાહ્ય જગત સહજ જણાઈ જશે. એટલું જ નહીં, બાહ્ય જગતનો મોહ છૂટી જશે. ભૂખ લાગી હોય, હાથમાં રોટલો હોય અને મીઠાઈ દેખાય જાય તો સાચું બોલજો કે રોટલો છોડવો પડે કે છૂટી જાય..? મીઠાઈ લેવી પડે કે લેવાઈ જાય.... ? ઉદ્યાન આંખ સામે દેખાય એટલે ઉકરડો છૂટ્યો જ

સમજો. ભેટમાં સારું મકાન મળે એટલે ઝૂપડું છૂટ્યું જ સમજો. ભગવાન મહાવીર સ્વામી આ સૂત્રમાં ગજબનું રહસ્ય દર્શાવે છે. અંતર જગત જાણ્યું એટલે બાહ્ય જગત સહજ જણાય અને સહજ છૂટી જાય. જ્ઞાની બન્યા વિના ત્યાગી બનાતું નથી. જ્ઞાનના અભાવમાં થયેલો ત્યાગ એ બાલ-ત્યાગ છે. પુણ્ય બંધાવે, કર્મ-નિર્જરા ન કરાવે. જૈનધર્મનો સિદ્ધાંત, ત્યાગી ને મેળવવા કરતાં, કંઈક મેળવીને ત્યાગવાનો છે. સંસાર છોડી દો એટલે સંયમ મળી જાય એમ નહીં, સંયમ મળી જાય એટલે સંસાર છૂટી જાય. બોલો, અંધકાર જાય ત્યારે સૂર્ય આવે કે સૂર્ય આવે એટલે અંધકાર ગાયબ થઈ જાય ? સૂર્ય આવે એટલે અંધકાર જાય. બસ, આધ્યાત્મિક જગત જણાય એટલે અનુભવાય, તેમાં ટકી રહેવાય, અને એટલે બાહ્ય જગતનો મોહ છૂટે જ છૂટકો. મોહ છોડવો છે પણ છૂટતો નથી આવી ફરિયાદો કરનારા ઘણા ધર્મીઓ આવે છે, પણ તેઓની યાત્રા બહારથી અંદર જવાની હોવાથી અટવાયા કરે છે. જ્યારે જ્ઞાનીની યાત્રા અંદરથી બહારની છે. આત્માના સ્વભાવને પમાય, આત્માને ઓળખાય, નિશ્ચયને અનુભવાય ત્યારે મોહ છૂટે છે.

ઘણા કહે છે કે અમે આધ્યાત્મિક છીએ. અમને આત્માની વાત હોય ત્યાં જ ગમે, બાકી નહીં. ભાઈ, તમે આધ્યાત્મિક છો તો મારે તમને પૂછવું છે કે મોહ છૂટ્યો ? મોહવર્ધક સાધનો, ક્ષેત્રો, સગવડતા, સંબંધો છૂટ્યા ? બધું ભોગવતા રહેવું છે અને માત્ર હું આધ્યાત્મિક છું એ વાત તમારી કોણ સ્વીકારશે ? માત્ર બાલ અજ્ઞાની જીવો જ તમારા પંથમાં ફસાય, બાકી સાચો ધર્મી, તમારી સુખી આત્માની વાતમાં ક્યારેય ફસાતો નથી. જો તમે આત્માને જાણો છો તો હવે જડના સંગ્રહની તમારે શું જરૂર છે ? જો તમે આધ્યાત્મિક છો તો તમારે ભૌતિક દુનિયામાં સંતોષ કેળવી લેવો જોઈએ. આત્માને સગવડ આપવાની કોઈ જરૂર નથી. એ.સી.માં ફરવું, સ્વાદિષ્ટ જમવું, અપ ટુ ડેટ પહેરવું અને માત્ર હું આધ્યાત્મિક છું એટલો ગર્વ લઈને જ્યાં જાય ત્યાં કહેવું એ તો નર્યો દંભ જ છે. આ દંભ તમારો અનંત સંસાર વધારી દેશે. માટે તો જૈનધર્મમાં દર્શાવ્યું છે કે એકાન્ત એ મિથ્યાત્વ છે અને મિથ્યાત્વ એ આ જગતનું મોટામાં મોટું પાપ છે. માર્ગે ચાલવા માટે બે પગ જોઈએ અને ત્યારે જ તમે ગંતવ્ય સ્થાને પહોંચી શકો. એક પગે પંથ ન કપાય. મોક્ષ માર્ગે ચાલવા માટે જ્ઞાન અને ક્રિયાના બે પગ જોઈએ. એકાન્ત જ્ઞાન અને એકાન્ત ક્રિયા બંને જીવને મોક્ષમાં લઈ જવા અસમર્થ છે, પરંતુ બંનેનો સમન્વય એ જ મોક્ષ માર્ગ છે.

આકાશમાં ઊડવા માટે પક્ષીને બે પાંખ હોય છે. પણ જો એક પાંખ ન હોય તો ? ન ઊડી શકે. બસ, મોક્ષમાં જવા માટે પણ બે પાંખ જોઈએ. એક છે આધ્યાત્મિક જગત

અને બીજું છે વ્યાવહારિક જગત. નિશ્ચય અને વ્યવહાર બંનેનું ધ્યાન રાખી સાધના કરે તેને સમકિતી કહેવાય, ધર્મી કહેવાય, સાધક કહેવાય. આત્માને જાણી વ્યવહારની ઉપેક્ષા ન કરાય અને માત્ર વ્યવહારમાં જ ધર્મ ગણી આત્મ જગતની ઉપેક્ષા ન કરાય. બંને જ્યાં જ્યાં જે ઉચિત હોય તે પ્રમાણે કરવું તે જ ધર્મ વિવેક છે. અને હા, વ્યવહાર ધર્મ કરતાં નિશ્ચય ધર્મનું લક્ષ હોવું જોઈએ અને તે અત્યંત મહત્વનું છે. નિશ્ચય લક્ષ વિના કરેલો વ્યવહારધર્મ પુણ્યબંધનું કારણ બને જ્યારે નિશ્ચય લક્ષે કરી વ્યવહાર ધર્મ કરવામાં આવે તો કર્મ નિર્જરાનું કાર્ય બને. જેની પાછળ કર્મનિર્જરા હોય તે જ સાચો ધર્મ કહેવાય.

## ધર્મ, ધર્મ તો લોકો બહુંયે કરે, પણ ધર્મનો મર્મ તો જાણે નહીં

એક બહેને શીરો બનાવ્યો. ખૂબ જ સુંદર બનાવ્યો. જેમાં ચોખ્ખું ઘી આદિ નાખવામાં આવ્યું હતું. મહેમાનોને જમવામાં શીરો પીરસવામાં આવ્યો. મહેમાનોએ શીરો મોંઢામાં મૂક્યો, પણ બધાનું મોઢું બગડી ગયું. કારણ.... બહેન શીરામાં ખાંડ નાંખવાનું જ ભૂલી ગયા હતા... બસ, વાત એમ જ છે. ધર્મનો વ્યવહાર, ધર્મના અનુષ્ઠાન ધર્મ ક્રિયા બધું જ સુંદર કર્યું પણ ભાવ ન ભળે તો જેમ ખાંડ વિનાના શીરામાં સ્વાદ ન આવે, તેમ ભાવ વિનાના ધર્મમાં સુખ, આનંદ કે સમાધિ ન આવે, એ સત્ય વાત છે. હા, તમને એક બીજી વાત જણાવું. ધનના લક્ષ વિના કોઈ ધંધો કરે છે ખરા ? ધનનું લક્ષ પહેલું બનાવવું પડે, પછી ધંધો થાય અને બીજી રીતે કહું તો માત્ર લક્ષ રાખે અને ધંધો ન કરે તો ધન મળતું નથી. હવે તો સમજાય છે કે નહીં ? લક્ષ અને પક્ષ બંનેની આવશ્યકતા છે. ભગવંત કહે છે કે આધ્યાત્મિકને જાણે છે તે બાહ્યને પણ જાણે છે. એટલે કે બંનેના સ્વભાવને જાણે છે તે જ્ઞાની છે. જીવનો સ્વભાવ જાણે તે જીવને પામે. જગતનો સ્વભાવ જાણે તે જગતને ત્યાગે. વિભાવને જાણવાનો હેતુ છે વિભાવથી વિમુખ બનાય અને સ્વભાવને જાણવાની પાછળનો હેતુ છે સ્વભાવને પામી શકાય. પછી ધર્મના ક્ષેત્રે ધર્મક્રિયા કેમ છોડી દેવાય ? ક્યારેય ધર્મક્રિયા છોડીને માત્ર આત્મા-આત્મા કરવા ન બેસશો. પરંતુ આત્માને કેન્દ્રમાં રાખી ધર્મક્રિયાનુષ્ઠાન કરવા જોઈએ. જેણે ક્રિયાધર્મનો છેદ કર્યો છે કે ઉપેક્ષા કરી છે તેઓએ આ મહાવીરના શાસનનો દ્રોહ કર્યો છે.

દેશનો દ્રોહી દેશ બહાર, રાજ્યનો દ્રોહી રાજ્ય બહાર, સમાજનો દ્રોહી સમાજ બહાર, કુટુંબનો દ્રોહી કુટુંબ બહાર તો શાસનનો દ્રોહી શાસન બહાર... યાદ કરો જમાલી મુનિવરને. પ્રભુના એક જ સિધ્ધાંતનો અસ્વીકાર કર્યો અને પોતાનો સિધ્ધાંત સત્ય બનાવ્યો. પરિણામ... જૈનશાસનની બહાર ફેંકાઈ ગયા અને સદ્ગતિ પર પણ ચોકડી લાગી ગઈ. જેઓ મહાવીરસ્વામીના અહિંસા ધર્મને, હિંસામાં ધર્મ દર્શાવે તો શું હાલત

થશે તે જીવોની ? સુધર્માસ્વામીની પાટ પર બેસીને ઉત્સૂત્ર પ્રરૂપણ થાય તો અનંત સંસાર વધી જાય અને યથાર્થ પ્રરૂપણા થાય તો અનંતા કર્મોની નિર્જરા થાય. તમારે એટલું યાદ રાખવાનું કે તીર્થ ત્યાં ધર્મ. કારણ કે તીર્થંકરનું શાસન હોય ત્યાં જ અહિંસા, સંયમ અને તપનું પાલન થતું જણાશે. જ્યાં તીર્થ નથી ત્યાં જૈનશાસન ક્યાંથી હોય ?

ઘણાના મુખેથી સાંભળ્યું છે કે મહારાજ સાહેબ, જેનું મન કાચું હોય તેને જ પ્રતિજ્ઞા લેવાની જરૂર પડે, પરંતુ જેનું મન મક્કમ અને મજબૂત હોય તેને પ્રતિજ્ઞાની શું જરૂર ? પ્રતિજ્ઞાના વ્યવહાર ધર્મને ઉડાવી દેવાનો આ તર્ક છે. એની સામે એક જ પ્રશ્ન મૂકવાનો કે ભાઈ પ્રભુ મહાવીરસ્વામીએ કરેમિભંતેનો પાઠ બોલી દીક્ષાની પ્રતિજ્ઞા કરી હતી ? હા કરી હતી... તો ત્રણ જ્ઞાનવાળા પ્રભુને પણ પ્રતિજ્ઞા કરવી પડે અને પ્રતિજ્ઞા કરે ત્યારે મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થાય. તો આ કાળમાં ત્રણ જ્ઞાન કોની પાસે છે ? તીર્થંકરના આત્મા જેવું મજબૂત મન કોનું છે ? અને આવા મક્કમ અને દૃઢ મનોબળવાળાને પણ પ્રતિજ્ઞાની આવશ્યકતા છે. તો શું પ્રતિજ્ઞા વિના આ ભૌતિક જગતની હવામાં તમે ટકી શકશો? સાધુ મુનિરાજ પણ પ્રતિજ્ઞાના માધ્યમે અનેક અનર્થોથી આજે પણ સલામત બનીને વિચરી રહ્યા છે.

અધ્યાત્મ જગતનું જ્ઞાન થયું, બસ.. જગતના પાપને શક્તિ પ્રમાણે પ્રતિજ્ઞા કરી તે પાપને છોડી દે છે. જાણ્યું તેને કહેવાય કે જે પાપના માર્ગથી બચાવે અને ધર્મના માર્ગે આગળ વધારે. હું આત્મા છું, હું આધ્યાત્મિક છું. મારો નિરંજન, નિરાકાર, નિર્વિકલ્પ સ્વભાવ છે. માત્ર આવું રટણ કર્યા કરવાથી મોક્ષ નથી મળતો. તે પ્રમાણેનું જીવન બનાવવું પડે છે. ઉચિત વ્યવહાર આદરવો પડે છે. પ્રભુએ દર્શાવેલા અનુષ્ઠાનો કરવા પડે છે. ઉપવાસ, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, દાન, શિયળ, તપ અને ભાવધર્મને આચરવો પડે છે અને ત્યારે જ કર્મની નિર્જરા સંભવિત બને છે.

એક ભાઈ રોજ સત્સંગમાં જતા. જે સત્સંગ કરે તે ઘરમાં આવી પોતાની પત્નીને સંભળાવે. અને દરેક પ્રસંગમાં હું આત્મા છું ની વાત સંભળાવે. આત્માનો સ્વભાવ જુદો છે. દેહાત્મભિન્નતાની એટલી તો ઊંચી વાતો કરે પણ જીવન ક્ષેત્રે આચરણમાં ઝીરો, જૈસે થે, કોઈ જ ફેરફાર નહીં. બસ, આત્માના જ ગાણાં ગાવાના પણ તપ-ત્યાગના ક્ષેત્રે પાછળ. ઘણા તો ક્રિયા ધર્મનો છેદ જ કરે છે. ધર્મ સ્વભાવમાં છે, ક્રિયા કરવાની કોઈ જરૂર નથી. તો શું પ્રભુ મહાવીરે સાધુ-શ્રાવકો માટે શાસ્ત્રમાં દર્શાવેલ તપ-ત્યાગના જે કઠીનમાં કઠીન અનુષ્ઠાનો બતાવ્યા તે શું હંબક હશે ? હરગીજ નહીં. સર્વજ્ઞના સિદ્ધાંતમાં પૂર્ણ સત્ય હોય. ખેતરમાં પાકનું રક્ષણ ત્યારે જ થાય જ્યારે વાડ મજબૂત

હોય. દૂધનું સત્ત્વ ત્યારે જ રહે જ્યારે વાસણ ચોખ્ખું હોય. બસ, ભાવ ધર્મ, સ્વભાવ ધર્મ કે નિશ્ચયધર્મનું રક્ષણ ત્યારે જ થાય જ્યારે અનુષ્ઠાન રૂપી વાડ મજબૂત હોય. વાડ મજબૂત તો પાક સલામત. ભાઈ રોજ પત્નીને કહેતા, શરીર મારું નથી, હું શરીરથી પર છું. રોજની એ વાત સાંભળીને પત્નીને એક દિવસ વિચાર આવ્યો કે આજે તેમના પગ ધોવા છે. સત્સંગ કરીને ભાઈ ઘરે આવ્યા, પત્નીએ કહ્યું કે ત્યાં જ ઊભા રહો, હું પાણી લઈને આવું છું, મારે તમારા પગ ધોવા છે. ભાઈ ત્યાં જ ઊભા રહ્યા અને પત્ની સાણસીથી પકડીને ગરમ-ગરમ પાણીની તપેલી લઈને આવ્યા ને પતિદેવને કહ્યું, અહીંયાં ઊભા રહો, તમારા પગ ધોઈ નાખું. ત્યાં પતિદેવ બોલી ઊઠ્યા, અરે ! આટલા ગરમ પાણીથી પગ ધોવાતા હશે ! મારા પગ દાઝી જશે. પત્નીએ કહ્યું, તમે તો કહેતા હતા ને કે હું શરીરથી ભિન્ન છું. આ પગ તમારો ક્યાં છે ? તમે તો આત્મા છો.... શું બોલે પતિદેવ. ટૂંકમાં માત્ર આત્માની વાતો પણ અધર્મ છે અને માત્ર ક્રિયાની વાતો તે પણ મિથ્યાત્વ છે. બંનેનો સમન્વય એ જ ધર્મ છે. અને આવા ધર્મને પામીને કેટલાય આત્મા મોક્ષના સુખને પામી ગયા છે. આત્મ લક્ષ સાથેનો વ્યવહાર કરવો તે બહુ જ મહત્વની વાત છે. **આજે વ્યાવહારિક ધર્મ વધ્યો હોય તેવું જણાય છે. પરંતુ આત્મ લક્ષે ધર્મ આરાધનામાં ગાબડું પડ્યું હોય તેવું લાગી રહ્યું છે. નહિતર ધર્મના ક્ષેત્રે વળી ચૂંટણી શાની ? ધર્મના ક્ષેત્રે ધનને મુખ્ય સ્થાન ક્યાંથી હોય ? દેખાવ અને જાહેરાતોની શી જરૂર હોય ? આડંબરની નીચે આજે ધર્મ ઢંકાઈ ગયો છે.** મહાવીર પ્રભુના શાસનને જયવંતુ રાખવા ધર્મને બહાર લાવવો જ પડશે. આધ્યાત્મ અને વ્યાવહારાત્મક પ્રરૂપણા, જ્ઞાન સમજણ સમાજને આપવી જ પડશે. આત્માની વાત જાણી લેવા માત્રથી વ્યવહાર ધર્મ છોડવો ન જોઈએ.

હા, એક વાત જણાવું છું. ધર્મનો વ્યવહાર ન કરવા ચાહતા હો તો, ધર્મમાં તપ-ત્યાગની આવશ્યકતા ન ગણતા હો તો, પ્રતિક્રમણ સામાયિકની શું જરૂર એવી તમારી માન્યતા બની હોય તો મારી તમને હિત સલાહ છે કે તમે તમારા સંસારના વ્યવહાર ક્યારેય કરશો નહીં. લગ્ન-પ્રસંગાદિમાં જવાની શું જરૂર ! તમે તો આધ્યાત્મિક છો. સંસારની ક્રિયા તો કરાય જ નહીં. પહેલા સંસારનો વ્યવહાર છોડો પછી ધર્મના વ્યવહારની વાત કરજો. સંસારની તમામ ક્રિયામાં ઊભું રહેવાનું, વ્યવહાર અને તહેવાર કરવાના અને ધર્મના વ્યવહારની ઉપેક્ષા કરવી છે, તે ક્યાંથી ચલાવી લેવાય. તમે તમારા અંતર આત્માને પૂછીને નિશ્ચય અને વ્યવહાર ધર્મના ક્ષેત્રે આગળ વધો. બે પગ, બે પાંખ ને બે ધર્મ. નિશ્ચય અને વ્યવહાર. બંનેને વિશુદ્ધ બનાવી મોક્ષમાર્ગના માર્ગી બની મોક્ષ મંઝિલને મેળવો તે જ મંગલ મનોકામના.......

## ૧૩

# સમકિતીની દૃઢતા

जहा गेहे पलित्तम्मि, तस्स गेहस्स जो पहू ।
सार भण्डाणि णीणेइ, असारं अवउज्झइ ॥

જ્યારે ઘરમાં આગ લાગે ત્યારે ઘરનો
માલિક કીંમતી વસ્તુઓ, નોટો, દાગીના
વગેરે કાઢી લે છે અને અસાર
વસ્તુઓની પરવા કરતો નથી.

અનંત તીર્થંકર પરમાત્મા જગત જીવોને સદ્બોધ આપે છે. કરુણાની વર્ષા વરસાવે છે અને હિતોપદેશમાં જણાવે છે કે હે આત્મન્! અમલ બની નિર્મળ બન. કર્મમલને દૂર કરવામાં નહીં આવે ત્યાં સુધી આત્માની નિર્મળ અવસ્થા પ્રાપ્ત થવી દુર્લભ છે. અને નિર્મળ બનવા માટેની પૂર્વભૂમિકા છે નિર્લેપતા. સંસારના કાદવમાં આત્મા કમળરૂપ નહીં ધારણ કરે ત્યાં સુધી અમલતાના ગુણને પ્રાપ્ત કરવો મુશ્કેલ છે.

પહેલી વાત તો સંસારમાં રહેવાય નહીં. બીજી વાત, તમારે સંસારમાં રહેવું જ પડે તેમ છે તો સંસારના ભાવમાં રમાય નહીં અને રાચ-રચીલામાં રાચી-માચીને રહેવાય નહીં. રહેવું અને રમવું આ બંને વચ્ચે ધરતી અને આકાશનું અંતર છે. પ્રભુના પરમ ભક્ત શ્રેણિકને સંસારનું ચિત્ર સ્વરૂપ વાસ્તવિક જણાઈ ગયું ત્યારે સંસારમાં રહ્યા ખરા પણ રમ્યા નહીં. કારણ, પ્રભુ મહાવીરના સત્સંગમાં શ્રેણિકરાજા સમ્યક્દર્શનના સ્વામી બન્યા હતા. કર્મના સ્વરૂપને, શરીરના સ્વભાવને, જગતની યથાર્થતાને, આત્માની પરમ અવસ્થાને અને ધર્મના મૂળ તત્વને જાણતા હતા. ઉપરોક્ત બાબત એમની રગેરગમાં વણાઈ ગઈ હતી, જેને લઈને તેઓ સંસારના કાદવમાં કમળની જેમ નિર્લેપ રહ્યા હતા. અને આ નિર્લેપતાનું નામ છે સમકિત.

સમકિતી ઘરમાં રહે પરંતુ એના હૈયામાં ઘર ન રહે. સમકિતી પાળે પોષે કુટુંબને પરંતુ અંતરમાં અકર્તા છું તેવા શ્રેષ્ઠ ભાવને કેન્દ્રમાં રાખીને. ટૂંકમાં સમકિત ગુણી આત્માનું હૈયું આસ્થા અને અનુકંપાની ચરમ સીમાએ ઝૂલતું હોય. એનું દિલ-દિમાગ એક જ ચિંતન ધારામાં રમણ કરતું હોય કે ક્યારે છૂટું આ સંસારથી, ક્યારે છોડું આભ્યંતર ક્રોધ, માનાદિ સંસારને. સતત નિર્લેપ રહેવાની કળા જેના હાથમાં આવી ગઈ તે સમકિતી જીવો અમલની યાત્રા તરફ આગળ વધી રહ્યા છે. રત્નાકર મુનિએ પણ પ્રભુ પાસે છેલ્લી ગાથામાં માંગ્યું હતું કે, હે પ્રભુ, 'આપો સમ્યક્ રત્ન શ્યામ જીવને તો તૃપ્તિ થાયે ઘણી.' આવો, આપણે પણ દેવ, ગુરુ અને ધર્મ તત્ત્વ પર શ્રદધા જમાવીએ. જૈનશાસન, જૈન સંતો, જૈન ધર્મ પ્રાપ્ત કર્યા બાદ જો સમકિતની પ્રાપ્તિ ન કરી, તો રત્નની ખાણમાંથી ખાલી હાથે, અત્રેથી જવાનો વારો આવશે. સંસારમાં લેપાયા વિના, સંસારના કાવા-

દાવાથી અલિપ્ત રહેવા અને વિષયો કષાયોથી ઉપર ઊઠવાનો શ્રેષ્ઠ ઉપાય એટલે અંતર ઘરમાં સમકિતનો દીવડો પ્રગટાવવો. આ દીવડો તમે પ્રગટાવ્યો એટલે એટલો તો ખ્યાલ આવી જશે કે મારું શું છે અને પરાયું શું છે ? સુખ ક્યાં છે, સુખ કેવું છે ? હું કોણ છું, હું કેવો છું અને હું ક્યાં છું નું જ્ઞાન થઈ જશે અને પછી સત્વ દર્શન થતાં જીવ અસત્ત્વથી સહજ છૂટી જશે, અને સત્વને સહજ પ્રાપ્ત કરી લેશે તેમાં લેશમાત્ર શંકાને સ્થાન નથી.

સમકિત ગુણ પ્રાપ્ત થયા બાદ જીવને સંસાર સુખ ફિક્કું લાગે છે. સંયમ સુખ સાચું લાગશે. સાધનો નહીં એને સાધના પ્રાણ પ્યારી બનશે. એ પરિવારની જંજાળમાં નહીં પણ આત્માની જ્યોતિમાં મસ્ત બની જીવશે. એને ધન કરતાં જ્ઞાનગુણ વધુ વ્હાલા લાગશે. દોલત કરતાં સમ્યક્દર્શન એને દિવ્ય લાગશે. ભેગું કરવામાં એનો જીવ નહીં હોય પરંતુ ભેગું કરેલું ક્યારે છૂટે તે જ વિચારોમાં સતત વિહરતો રહેશે. વાહ, આવા પરમ સ્વભાવને પ્રાપ્ત કરાવનાર સમકિતનો મહિમા ન્યારો છે. એટલે સમકિત પ્રાપ્ત થયા બાદ, અર્ધ પુદ્ગલ પરાવર્તનમાં જીવનો મોક્ષ અવશ્ય થાય છે. જીવની આ સિદ્ધિ કંઈ ઓછી છે ?

જુઓ, તમે ભાડાના ઘરમાં રહેતા હો, તો ભલે તમારી રહેણી કરણી મકાનમાલિક જેવી હોય પરંતુ અંતરમાં તો એ વાતનો ભેદ સતત વર્તતો રહેતો હોય કે ઘર ભાડાનું છે મારૂં નથી. પાડોશીના બાળકને રમાડતી મા, બાળકને ખૂબ લાડ કરે. ખવરાવે, રમાડે. જોનારને એમ જ થાય કે આ બાળકની માતા જ છે. પરંતુ રમાડનાર સ્ત્રીને ખબર હોય છે કે આ પાડોશીનું બાળક છે, મારું નહીં, અને આ ભેદ તો નિરંતર ઊભો જ હોય છે.

લગ્ન પ્રસંગે માંગીને બીજાના દાગીના પહેરીને પ્રસંગમાં મસ્તીથી મહાલતા હો પણ તમારું મન તો ભેદ બતાવતું જ હોય છે કે આ દાગીના મારા નથી, બીજાના છે. ભલે જોનારને આ વાતનો ખ્યાલ ન આવે પણ પહેરનારને જરૂર હોય છે. બસ, **ભેદજ્ઞાન પ્રગટ થાય તે સમકિત અને ભેદભાવ ઊભો કરે તે મિથ્યાત્વ. શરીર એ હું નથી, હું આત્મા છું. આ ભેદજ્ઞાન સતત કરાવે. હું આત્મા છું, શરીર નથી એવું જ્ઞાન દર્શન નિરંતર વર્તી રહે તો જીવ નિર્લેપ રહી શકે. નિર્લેપ બન્યા વિના ધર્મની શરૂઆત થતી નથી.**

ખારા સમુદ્રમાં મોતીને રહેવું નથી પણ રહેવું પડે છે. ખારા સંસારમાં સમકિતીને રહેવું નથી પરંતુ રહેવું પડે છે. કૃષ્ણ મહારાજા પણ સંસારમાં રહ્યા હતા, પરંતુ તેમનું મન સંયમમાં હતું. સંયમ મળે તો મારા ત્રણ ખંડને ક્ષણમાં છોડી દઉં. પરંતુ નિયાણું કરીને

આવ્યા હોવાને કારણે સંયમ ન ગ્રહી શક્યા. સંસારના કાદવમાં જન્મ્યા પણ સંસારના કાદવથી અલિપ્ત રહ્યા. આપણે પણ સંસારના કર્તવ્ય કરીએ પણ અ કર્તાપણાના ભાવો કરી, કર્મોના બંધનથી દૂર રહી સાચા સમકિતી બનીને આજથી જીવવાનું ચાલુ કરી દઈએ.

અમલ બની નિર્મલ બનવા માટે નિર્લેપ રહેવું તે જેટલું મહત્ત્વનું સાધના જીવનનું અંગ છે એથી પણ વધુ આવશ્યક અને મહત્ત્વનું અંગ છે, નિર્દોષ જીવન જીવવાની પધ્ધતિ. નિર્લેપ રહેવા સમકિત જોઈએ તો નિર્દોષ જીવન જીવવા માટે જીવ પાસે સંયમ-ધર્મ જોઈએ. સમકિત સત્ય દર્શાવે છે જ્યારે સંયમ સત્યને પામે છે. સત્યદર્શન વિના સત્ત્વ પામવું ઘણું મુશ્કેલ છે. પરંતુ સત્યદર્શન થયા બાદ. **संजमम्मि य वीरियं** સંયમ ધર્મમા સમ્યક્ પરાક્રમ ફોરવવું.

જે સત્ય છે, જે શાશ્વત છે તે તરફ પુરુષાર્થ કરવો કઠીન તો છે. મોક્ષ છે, આત્મા છે, આત્મામાં સુખ છે નો ખ્યાલ આવી ગયા બાદ તેની પ્રાપ્તિ કરવી દુર્લભ તો છે. કાદવમાં ફસાયેલા હાથીને પાણી તો દેખાય છે પણ પાણીને ક્યાં પામી શકે છે ? આંબાના વૃક્ષને બાંધેલા વાંદરાને કેરી તો દેખાય છે પણ ક્યાં ખાય શકે છે ? એમ સમકિતવંતા આત્માને જણાય છે કે સત્ય આ જ છે. મોક્ષમાં જવા જેવું છે, સંયમમાં જીવવા જેવું છે અને સંસાર છોડવા જેવો છે. પરંતુ ક્યાં એમ સંસાર છૂટી જાય છે કે ક્યાં એમ મોક્ષ મળી જાય છે ? જુઓ મહાવીરસ્વામીએ કેટલી ઝહેમત ઉઠાવી, કઠીનમાં કઠીન સાધના કરી, નિષ્પાપ-નિર્દોષ જીવન જીવ્યા ત્યારે કેવળજ્ઞાન કેવળદર્શન પ્રાપ્ત થયું. **સમકિતી તેને કહેવાય જે સંસાર છોડવાની રીત શોધતો હોય. સંયમ મેળવવા મથામણ કરતો હોય. મોક્ષ મેળવવાની જેનામાં તીવ્ર તમન્ના જાગૃત થયેલ હોય.** પૂછો તમારા આત્માને, આ ત્રણ બાબત તમારા હૈયામાં છે. ધન માટે મહેનત વધારે કે જ્ઞાન માટે મહેનત વધારે? સંસાર સુખ માટેની દોડા-દોડ છે કે સંયમ લેવા માટેની દોડાદોડ છે ? પીકનીકમાં મજા આવે છે કે સંતદર્શન-યાત્રામાં મજા આવે છે ? પરિવારમાં સુખ લાગે છે કે પછી સત્સંગમાં બેસવામાં સુખ લાગે છે ? તમે જ તમારા શિક્ષક બનો, તમે જ તમારા નિરીક્ષક બનો, તમે જ તમારા ન્યાયાધીશ અને માધ્યસ્થ બની વિચારો તો જરૂર ખ્યાલ આવશે કે તમને સમકિત છે કે નહીં ? જો સમકિત હશે તો મોક્ષ વહાલો લાગશે, એટલું જ નહીં, મોક્ષમાં જવામાં સહાયક સંયમ વહાલો લાગશે. સંયમ લેવાનું મન થશે. સમકિતી એટલે કેવો જીવ ખબર છે ? બહેનો પાપડ શેકે ત્યારે એવી રીતે શેકે કે

સગડીમા હાથ દાઝે નહીં અને પાપડ શેકાય જાય. બસ, આજ રીતે સમકિતી જીવો સંસારના ક્ષેત્રે ચારિત્રમોહના ઉદયના કારણે સંસારી પ્રવૃતિમાં જોડાય, પરંતુ વૃત્તિથી ન્યારો રહે છે. માટે જ તો સમકિતી માટે આગમ જણાવે છે **समत्तदंसी न करेई पावं** સમ્યક્ દર્શનધારી આત્મા પાપ બાંધતો નથી. અંતરાયના કારણે કદાચ સર્વવિરતી ધર્મ ન લઈ શકો તેમ હો તો સાચા શ્રાવક બનવા દેશવિરતી ધર્મ સ્વીકારવા તૈયાર બની જાવ.

**જૈનશાસનના સિદ્ધાંતોને સમજવા જોઇએ.**
**ભાવ હૈયાના પરસ્પરના બદલવા જોઇએ.**
**રાગ અને દ્વેષને ચાહો અગર જો જીતવા**
**દોષ બીજાના નહીં ખુદના નીરખવા જોઈએ.**

યાદ રાખજો, નિર્લેપ બનવાનું છે સમકિત મેળવીને. જ્યારે નિર્દોષ બનવાનું છે સંયમ ધર્મ સ્વીકારીને. સંયમ જીવન જ એક એવું જીવન છે જે જીવન નિષ્પાપ - નિર્દોષ જીવન. દોષોનો નાશ કરી ગુણોની વિશુધ્ધિને પ્રાપ્ત કરવાનો સર્વોત્તમ માર્ગ એટલે સંયમ જીવન - દીક્ષા જીવન. અરે, આ સંયમને તો પેલા દેવલોકના દેવો ઝંખે છે. સમકિતી દેવ વિચારે છે કે માનવનો અવતાર મળે એટલે પહેલું કામ કરવું છે સંયમ જીવન સ્વીકારવાનું. કારણ કે મોક્ષમાં જવાનો રાજમાર્ગ છે સંયમ. દુઃખો સ્વીકારવા તૈયાર, કષ્ટો સહેવા તૈયાર, લોચ કરવા તૈયાર. બધું સહેવા, બધું મૂકવા તૈયાર છે, જો સંયમ જીવન મળતું હોય તો. ધન-પ્રેમીને ધન મેળવવા કેટલું સહેવું પડે છે અને પ્રેમથી સહેજ છે ને ! બસ, મોક્ષપ્રેમી સંયમી મોક્ષ માટે સંયમ જીવનમાં આવતા પરિષહોને સહેવા તૈયાર બની જાય છે. માનવ અવતારમાં આ બે જ મહત્ત્વનાં કાર્યો કરવા આપણે આવ્યા છીએ. સમકિત મેળવી સંયમ ધર્મનું પાલન કરવું. સમકિત જીવને નિર્લેપ બનાવે છે અને સંયમ જીવને નિર્દોષ બનાવે છે. ચાલો, આપણે સમકિતના સ્વામી બનીએ અને સંયમ ધર્મના પાલનહાર બની માનવ અવતારને સફળ બનાવીને જ રહીએ.

**'પરિણામ'**

મંગલકારી, પાવનકારી આ જૈનશાસનમાં ભગવાન મહાવીર સ્વામીએ, સાધકને કેન્દ્રમાં રાખીને જગતના જીવોને ઉપદેશ આપ્યો છે. જગતની વાતને છોડી દે, જાતની વાતને સ્વીકારી લે, શરીરની મમતાને છોડી દે, સ્વના અનુભવને મેળવી લે, પદાર્થોની મમતાને છોડી દે, આત્માની વિશુધ્ધિને મેળવી લે. નાશવંતનો નશો છોડી દે અને શાશ્વતનું શરણું સ્વીકારી લે. ભીતર વીતરાગતાનો સ્વાદ માણી લે. બહારના કવચ કોથળાને છોડી દે ને ભીતરની કલ્યાણની કેડીને મેળવી લે. આ જગતમાં શરીર છે, શરીરમાં

આત્મા છે અને આત્મામાં પરમાત્મા છે. દુનિયાના લોકોને શરીરમાં આત્માની ખબર છે પણ આત્મામાં પરમાત્મા છે તેની ખબર નથી. ભગવાન મહાવીરસ્વામીનો સંદેશ છે કે જગતના દરેક જીવોમાં પરમાત્માનું દર્શન કરો.

**પ્રભુ નથી આકાશમાં, પ્રભુ નથી પાતાળમાં,**
**પાપ પડદો તૂટતાં, છે પ્રભુ તુજ પાસમાં.**

ભગવાન ચર્મચક્ષુથી દેખાય નહીં. ભગવાનની કૃતિ નથી, ચિન્હ નથી, આકાર નથી. આત્મા અરૂપી છે, ભગવાન પણ અરૂપી છે. તું તને સંભાળ, બાકી બધી વાત બાજુમાં મૂકી દે. અત્યાર સુધી આત્માએ પોતાની જાતને છોડી જગતના કામો કર્યા છે. સંપત્તિ, સત્તા, શરીર, સન્માનને કેન્દ્રમાં રાખ્યું છે. હવે કેન્દ્રને બદલી, આત્મતત્ત્વને કેન્દ્ર બનાવી લે. જે આત્માને કેન્દ્ર બનાવે છે તે જગતને જીતી જાય છે. સ્વજનો ખાતર જિંદગી નિચોવી નાખી. શરીરને ખાતર અનંત ભવો નકામા ગયા. અનેક ભવો બધા માટે કર્યા, હવે એક ભવ તો જાત માટે કાઢો. જગતની ઘણી મુલાકાત લીધી, હવે આત્મ સંશોધન કરો. બાહ્ય જગતનો વૈભવ ઘણો મેળવ્યો, હવે અંતરનો ખજાનો મેળવો. **निधिं स्वसन्निधावेव स्थिरता दृश्य य इस्यति** તારો ખજાનો તારામાં છે, તે તરફ દોડવાનું ચાલુ કરો. જરૂર તમારી શાશ્વત સુખની ભાવના સફળ બનશે. બહારની ઘણી ચેતનાને જોઈ લીધી, હવે અંતર ચેતનાને પ્રગટાવો. ભગવાન અંતર ભાવમાં સ્થિર હતા. ભગવાન મહાવીરસ્વામીએ સાડા બાર વર્ષ અને એક પખવાડીયા સુધી શરીરના કષ્ટોને ગણકાર્યા નહીં. ખાવા ન મળ્યું, છતાં આત્મામાં લીન રહ્યા. સગવડતા ન મળી તો પણ સમાધિભાવમાં રહ્યા. સલામતીની ઈચ્છા ન હતી. સાધના દ્વારા આત્માનું સુખ મેળવવાની દૃષ્ટિ હતી તો આત્મિક સુખને પામી ગયા.

આપણી દૃષ્ટિ સગવડતા અને સલામતી તરફ છે, માટે સુખ નથી. ખરેખર સુખ જોઈતું નથી. જેણે માત્ર શરીરને કેન્દ્ર બનાવ્યું છે તેને સગવડતાની ઈચ્છા છે. જેણે સંપત્તિને કેન્દ્ર બનાવ્યું છે તેને સલામતીની ઈચ્છા છે. અને જેણે આત્માને કેન્દ્ર બનાવ્યું છે તેને ખરેખર સુખી બનવું છે. સગવડતા અને સલામતી એ સંસારીની નિશાની છે.

લાખ રૂપિયા સાથે લઈને ગયા હો તો ટ્રેનમાં ઊંઘ આવે નહીં, પણ સામાયિકની થેલી સાથે લઈને ગયા હો તો ઊંઘ આવી જાય. મારા શરીરને, સંપત્તિને અને સત્તાને કાંઈ થવું ન જોઈએ. જમવામાં પહેલો, બસમાં પહેલો, ટિકીટમાં પહેલો, પિક્ચરમાં પહેલો પણ એમ બોલોને દીક્ષા પહેલી મારી થવી જોઈએ.

સગવડતા આપવાનું કામ લક્ષ્મી પાસે છે. ગરમી લાગે છે ? સ્વીચ દબાવી દો, એ.સી. ચાલુ થઈ જશે. ઠંડી લાગે છે ? સ્વીચ દબાવી દો, હીટર ચાલુ થઈ જશે. ભૂખ લાગી હોય તો નોટ કાઢો, ભોજન મળી જશે. કામ અટક્યું હોય તો પૈસાનું વજન મૂકો, તમારું કામ થઈ જશે. પૈસો સગવડતા ઊભી કરી દેશે પણ પૈસો સલામતી નહીં આપે. કારણકે, પૈસો પોતે જ સલામત નથી. સલામતી આપવાનું કામ પુણ્યનું છે. પુણ્ય હોય તો સલામતી છેલ્લા શ્વાસ સુધી રહેશે.

આંખ બગડી જાય તો ડોક્ટર સુધારી આપશે. પણ આંખમાં વિકૃતિ ન જાગે તે કામ પુણ્યનું અને પુણ્ય નહીં હોય તૌ પૈસા કામ નહીં આવે. પૈસાની મર્યાદા સગવડતા આપી શકે છે. પુણ્યની મર્યાદા સલામતી આપી શકે છે. પુણ્યના ઉદયે ખોટું કામ કરનાર પણ બચી જાય છે અને પાપના ઉદયે નિર્દોષ પણ પકડાય જાય છે. આ પુણ્ય અને પાપના ખેલ છે.

આંખ બગડવા જ ન દેવી તે પુણ્યનું કામ છે. આંખમાં વિકાર, વાસના અને વિકૃતિ જન્મવા જ ન દેવી તેનું નામ ધર્મ છે. સગવડતા, સલામતી અને સુખ, ત્રણમાંથી તમારે શું જોઈએ છે ? સુખ. પસંદગીમાં તો તમે ક્યાંય થાપ ખાઓ તેમ નથી. સુખ જોઈતું હોય તો ધર્મ કરો. હું અને મારી જાત. આ સિવાય કોઈ જ નહીં. તપ કરીએ તો લક્ષ અણહારક પદનું જ હોય. સંયમ લઈએ તો લક્ષ પરિપૂર્ણતાનું જ હોય. દાન કરું તો પણ અકર્તાભાવ જ રાખું.

જગતને ભૂલી જાતને સંભાળો. પદાર્થને છોડી પરિણામ જુઓ. વૈભવને છોડીને વૈરાગ્ય દીપ પ્રગટાવો. ભગવાનને સાધનાના ફળ રૂપે કેવળજ્ઞાન અને કેવળદર્શન મળ્યું. તમે તમારી જોડે વાત કરતા શીખો. રાગદ્વેષને મંદ કરો. કષાયોનો કકળાટ ઓછો કરો. બહાર દ્રવ્યસંસાર છે, અંતરમાં ભાવસંસાર છે. એક ગતિમાંથી બીજી ગતિમાં જવાનું કારણ ભાવસંસાર છે. વિકૃતિ વિભાવ ગયો તો માત્ર સ્વભાવ જ રહે છે. તમે ઓરીજીનલ કોણ છો ? શરીર છો ? તમારું જે હોય તે સાથે રહે, સાથે આવે, સાથ ન છોડે.

૨૦-૨૫ સંન્યાસી નદીના કિનારે ગયા. રાતનો સમય હતો. નદીના તટે સૂવાનો વિચાર કર્યો. બધા સૂઈ ગયા. એક સંન્યાસી રાતના બે વાગે ઊઠ્યા. શરીરનું કારણ હતું. બહાર જવાનું હતું. બધાના લોટા અને લાકડી એક સાથે રાખ્યા હતા. મારો લોટો કયો ? પૂછ્યા વિના લોટો લેવાય નહીં. પીડા વધતી ચાલી. હવે શું કરવું ? સંન્યાસી બહુ બુધ્ધિશાળી હતા. તટની આજુબાજુ નજર લગાવી. એક પથ્થર હાથમાં લીધો અને

બોલ્યા, મૈં મેરી ફોડતા હૂઁ, આપ આપકી સંભાલો. બધા જાગી ગયા. બધાને થયું, આને ગાંડપણ ચડ્યું લાગે છે. બધાએ પોતપોતાનો લોટો લઈ લીધો. જે લોટો બચ્યો તે લઈ ચાલવા લાગ્યા.

તમે તમારું પોતાનું લઈ લો. શરીર, સંબંધો, સંપત્તિ, સત્તા, સાતા એ બધું પુણ્યનું કામ છે. શરીરની અસાતા, મોહ, વેદના એ પાપનું કામ છે. બધા કામ કર્મ સત્તાને વહેંચી આપ્યા છે. નકામા શા માટે વચમાં પડો છો ? ગમે તેટલી બૂમ પાડશો, વેદનીય કર્મ સાંભળે છે ? ગમે તેટલું સાચવો પણ શરીર તમારું કહ્યું કરે છે ? ગમે ત્યારે માંદુ અને ખરાબ થઈ જાય છે. મોત અને ઘડપણ કોને ગમે છે ? બધા તત્ત્વોએ પોતપોતાના કામ કરવાના છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, કાળ બધા પોતાનું કામ પોતાના ભાગ પ્રમાણે કરે જ છે. માધ્યસ્થ બનો. જ્ઞાતા અને દૃષ્ટા ભાવ રાખો. નદીનો પ્રવાહ છે તેને જોયા કરો. પ્રભુ જોવાનું બળ આપજો. સમય પસાર થઈ જશે. સમય, સ્થિતિ થંભતા નથી. એમાં પરિવર્તન થયા કરે છે. તું તારામાં સ્થિર થઈ જા. આત્માના પરિણામ બગડવા દેવા ન જોઈએ. આત્મા પોતાનું સંભાળી લે, પછી એને ક્યાંય અસલામતીનું કારણ રહે જ નહીં.

કાનમાં ખીલા ઠોક્યા તો ય પ્રભુ આત્મામાં સ્થિર રહ્યા હતા. ગોશાલકે તેજોલેશ્યા છોડી તો પણ એ જ સમભાવ. પગમાં ખીર રાંધી તો પણ પ્રભુ આત્માના પરિણામમાં મસ્ત હતા. દુઃખ જગત આપે છે તો સુખ હું ઊભું કરી લઉં. પરિણતીને બદલાવી દઉં, પણ પરિસ્થિતિને ન બદલાવી શકાય. આત્મ જગત તો મારા હાથમાં જ છે.

ધાર્યું તો ધણીનું જ થતું હોય છે, આપણે કાંઈ જ કરી શકતા નથી. છતાં હું છું તો જ બધું ચાલે છે એમ આપણે માનીએ છીએ. હે જીવ, વિભાવથી પાછો ફર અને સ્વભાવમાં સ્થિર થા. આત્મા ક્ષમાવંત, ક્ષમાનો સાગર છે. તું તારામાં સ્થિર થઈ જા. આખું જગત ભૂલી જા. બધાની ઓળખાણ કરી, હવે તું તારી ઓળખાણ કરી લે. ટ્રેનમાં જગ્યા ન હોય અને બેનને પોતાના દીકરાનો ભાર લાગતો હોય તો કોઈ ભાઈને કહે, લે તારા મામાના ખોળામાં બેસી જા. બીજા સાથે ઓળખાણ, સંબંધ બાંધવામાં બુધ્ધિ બહુ છે. પરંતુ આપણે, આપણને જ ન ઓળખી શક્યા તે આપણી કચાશ છે. જે બુધ્ધિ સમૃધ્ધિ સંસારના સુખમાં અભિમાન કરાવે તે સાચી બુધ્ધિ નથી.

૪-૫ મિત્રો ટ્રેનમાં મુસાફરી કરવા આવ્યા. ગાડી આખી ભરેલી હતી. એક મિત્રે

કહ્યું, તમે ચિંતા ન કરો, હું જગ્યા કરી આપીશ. માંડ માંડ ચડવા તો મળ્યું પણ હવે જગ્યા કેવી રીતે થશે ! તમે શાંતિ રાખો. ગાડી ઉપડે તે પહેલાં હું જગ્યા કરી આપીશ. હળવેથી એક ભાઈના કાનમાં ફૂંક મારી કે ડબ્બામાં સાપ છે. થોડીવારમાં તો આખા ડબ્બામાં સાપ છે, સાપ છે ની બૂમરાણ થઈ ગઈ અને જોતજોતામાં આખો ડબ્બો ખાલી થઈ ગયો. બધા મિત્રો ખાલી ડબ્બામાં શાંતિથી સૂઈ ગયા. થોડી વાર બાદ એક મિત્રની ઊંઘ ઊડી, અને જોયું તો પોતે એ જ સ્ટેશન પર હતા. બીજા મિત્રોને ઉઠાડ્યા. તપાસ કરી તો ખબર પડી કે આ ડબ્બામાં સાપ હતો અને એટલે આ ડબ્બાને કાપી અને ટ્રેન રવાના થઈ ગઈ.

મકાન નાનું ચાલશે પણ મન ટૂંકુ ન રાખશો. વૈભવ ઓછો ચાલશે પણ હૃદયની સંકુચિતતા ન રાખશો. બહારનું ઓછું હશે તો ચાલી જશે પણ ભીતરનો ભગવાન વિશાળ હોવો જોઈએ. બહારની સત્તા ભલે ન હોય પણ ભીતરની ધર્મસત્તાને જરૂર પ્રગટાવજો. ઘરમાં ભલે જગ્યા ન હોય પણ દિલમાં એટલી જગ્યા તો રાખજો જ કે એમાં અનંત જીવો સમાય જાય. ભગવાનનું હૃદય કરુણાસભર અને કોમળ હતું. જેમાં વિશ્વના તમામ જીવો સમાય ગયા હતા.

દુશ્મનને પણ પ્રેમ આપો. કાનમાં ખીલા ઠોકાયા તો પણ ભગવાનને સમભાવ હતો. મુશ્કેલી સહન કરીને મોક્ષ મેળવ્યો. અને આપણે એમના અનુયાયી, બીજાને સુખ આપીએ છીએ કે દુ:ખ આપીએ છીએ ? ! શાંતિ આપીએ છીએ કે અશાંતિ, ઉપાધિ આપીએ છીએ કે સમાધિ, સલામતી આપીએ છીએ કે અસલામતી. બીજા જીવને મુશ્કેલી આવે તેવો વિચાર અને વર્તન આપણું ન હોવું જોઈએ.

આજે માણસની દૃષ્ટિ અભાવ પર છે, નહીં કે આત્માના સ્વભાવ પર. અભાવની દૃષ્ટિ એ દુ:ખના દાવાનળનું કારણ છે. માટે સ્વભાવ તરફ લઈ જાય તેવી દૃષ્ટિ પ્રાપ્ત કરો. આત્માની દિવ્યતાને પ્રાપ્ત કરી પરમાત્માની દિશા તરફ આગળ વધીએ તેવી મંગલ મનોકામના...

• તનને ધોવે તે પાણી, મનને ધોવે તે વાણી.

• ક્રોધ કાયર ઉપર જ કરવામાં આવતો હોય છે,
ક્ષમા પ્રત્યેક પર કરવામાં આવે છે.

• શ્રદ્ધા જ મારી લઈ ગઈ મંઝીલ પર મને, રસ્તો ભૂલી ગયો હતો,
પણ દિશાઓ ફરી ગઈ.

• જેઓ લંબાણથી બોલે છે, તેઓ ઉંડાણથી બોલી શકતા નથી.

• આ સંસારમાં બે ચીજ સસ્તી છે સલાહ અને સૂચન.

• દિલ હોય તેને ફીલ થાય.
પેલા રોડ પર ઊભેલા સ્ટેચ્યુને કાંઈ ન થાય ?

• પ્રભુ સિવાયની કથા, જીવનમાં વ્યથા વધારશે.

• તક સામે છે, તાકાત ભરપૂર છે.
હવે તકદીર અજમાવો. મંઝીલ આસાન છે.

• નમસ્કાર એ જ દુનિયાનો સૌથી મોટો ચમત્કાર છે.

• ક્રોધ એ શક્તિનું પરાક્રમ છે તો ક્ષમા એ સત્વનું સમ્યક્ પરાક્રમ છે.

• રાગીને સંસાર વહાલો લાગે, વૈરાગીને સંયમ વહાલો લાગે.

• સ્વભાવને બદલે તે જ્ઞાન, સ્વભાવને સુધારે તે સંત.

• સંત પાસે રહી સંત બનો, નહીંતર સંતોષી તો બનો.

૧૪

# ભીતર યાત્રા

अप्पाचेव दमेयव्वो, अप्पा हु खलु दुद्दमो
अप्पा दन्तो सुही होई, अंस्सि लोए परत्थ य ॥

**આત્માનું અને મન ઇન્દ્રિયોનું દમન કરવું જોઈએ.**
**ખરેખર, દમન ઘણું કઠીન છે.**
**દમન કરનારો આ લોકમાં અને પરલોકમાં સુખી થાય છે.**

આચારાંગ સૂત્રમા પ્રભુએ જણાવ્યુ કે तं से अहियाए तंसे अलोहिए હિંસા - અસત્યાદિ પાપાચરણથી જીવ પોતાનું જ અહિત કરી અબોધિપણું યાને એકેન્દ્રિયાદિ દુર્ગતિનુ ઉપાર્જન કરી ભાવીને દુ:ખમય બનાવવાની અધર્મ પ્રવૃત્તિ કરી રહ્યો છે સાધનાનો અનુરાગી બની જીવ અનેકના સુખને દુ:ખમાં ફેરવી નાખે છે.

જીવન જીવવાની કળા પ્રભુએ આગમમાં બતાવી છે. વ્યક્તિ પાસે બધી કળા હોય પણ જો જીવન જીવવાની કળા ન હોય તો બધી કળા એના માટે નિષ્ફળતાનું કારણ બને છે. આજના વૈજ્ઞાનિક યુગમાં પ્રત્યેક કળા પાછળ માણસે દોટ લગાવી પણ અફસોસની બાબત એ છે એને જ્ઞાનીએ બતાવેલ જીવન જીવવાની કળા હસ્તગત કરવામાં ઉપેક્ષા કરી જેને લઈ માનવી બાહ્યક્ષેત્રમાં પ્રગતિશીલ જરૂર બન્યો છે. પરંતુ આધ્યાત્મ ક્ષેત્રે પછાત રહ્યો છે જેને લઈ આત્મા પાપાચારણ કરી સ્વયં પોતાની અધોગતિનો રસ્તો બનાવી રહ્યો છે.

જોઈએ છે માનવીને સુખ, પણ સાધનોના માધ્યમે જોઈએ છે. માનવીને શાન્તિ જોઈએ છે, પણ સત્તાના આધારે જોઈએ છે. માનવીને સમાધિ જોઈએ છે, પરંતુ પરિવારના માધ્યમે. શેં મેળ ખાય આ માનવીનો. જેમાં જે નથી અથવા જેના વડે મળી શકે તેમ નથી તે શેં મળે ? ખ્યાલ હશે તમોને કે ૬૦ વરસના માજી લાઈટના થાંભલા નીચે કંઈક શોધી રહ્યાં હતાં. મોટી ઉંમર અને આંખોની ઝાંખપ, ચીજ કંઈક ખોવાઇ છે જે મળે તેવી આશા છે. ત્યાંથી એક યુવાન પસાર થયાં તેની નજરમાં વૃધ્ધ માજી દેખાયાં નજીક જઈને પૂછ્યું, મા શું શોધો છો ? બેટા ! હું ક્યારની મારી સોય શોધી રહી છું. ઘણી શોધી પણ મને મળતી નથી. યુવાને આ વાત સાંભળી મા ને કહ્યું મા તમે બેસો હું હમણાં જ તમારી સોય શોધી આપુ છું, અને યુવાન સોય શોધવાનાં કામ માં લાગી ગયો ચારે બાજુ ફેંદી વળ્યો પણ કેમેય સોય મળતી નથી. મા પાસે જઈને યુવાને કહ્યું, મા તમારી સોય અહિંયા જ ખોવાઈ છે. એ તમોને બરાબર ખબર છે ને ? હા બેટા મને બરાબર ખબર છે કે મારી સોય ખોવાઈ છે અને તે મારા ઘરમાં ખોવાઈ છે.... ઓ મા, તમે પહેલા બોલ્યાં હોત તો હું તમારી સોય ઘરમાંથી જ શોધી આપત ને ? હા બેટા તારી વાત સાચી છે, પરંતુ

ઘરમાં અંધારું છે તું કેવી રીતે શોધી શકે એટલે આ લાઈટમાં શોધવાનું કહ્યું. બસ, આ વાત પરથી સમજવાનું છે કે જ્યાં જે નથી ત્યાં તે ન શોધાય, જ્યાં જે છે ત્યાં જ અખંડ પુરુષાર્થ આદરાય. શરીરમાં સુખ શોધનાર, સંપત્તિને જ કેન્દ્રમાં રાખીને જીવનાર, સત્તા જ જેમનું જીવન નિશાન બનાવી ડોશી જેવી મુર્ખતા કરી રહ્યાં છે. હવે જ્યાં છે જ નહીં ત્યાં ક્યાંથી મળવાનું છે ? આકાશમાં ફૂલ ઉગાડવાની મહેનત કરનાર ક્યારેય સફળ બનતો નથી અને ગધેડાને માથે શિંગડાં ઉગાડવાના પ્રયત્ન કરનાર ક્યારેય સફળ બનતો નથી. તેમ સંસાર ક્ષેત્ર શોધવાનાં ફાંફાં મારનાર ક્યારેય ફાવતો નથી. જ્ઞાની ભગવંતે તો સ્પષ્ટ જણાવ્યું છે કે **अधुवे असासयम्मिसंसारम्मि दुःक्ख पउराओ,** દુઃખથી પ્રચુર એવો સંસાર અધ્રુ અને અશાશ્વત છે. જેમાં ચક્રવર્તી જેવા નથી ફાવ્યા તો તમે શું ફાવવાના છો. અનુભવીઓના અનુભવ કહે છે કે પાણી વલોવીને માખણ મેળવાની તમન્ના જેવી હાલત આ માનવીની છે. સંસારમાંથી નવનીત શોધવું છે. ''ન ભૂતો ન ભવિષ્યતિ'' ભૂતકાળમાં અનંત જીવોને સંસારમાં નવનીત મળ્યું નથી અને ભવિષ્યમાં મળવાનું પણ નથી. હાય ! છતાં જીવની કેવી કારમી વાસના કે ત્યાંથી પાછો વળી શકતો નથી. મધુબિન્દુની માત્ર ઈચ્છા અને સેંકડો માખીઓના ડંખ ખાવા તૈયાર માનવી કરતાય ભૂંડી હાલત છે આજના માનવીની. એક સુખ પાછળ પાગલ બનીને અનેક દુઃખો વિટંબણાને સામે ચડી આમંત્રણ આપે છે !

આ ઉત્તમ ભવને પ્રાપ્ત કરી અંતર દષ્ટીને ઉઘાડી દેવી એ જ સર્વોત્તમ કાર્ય છે. મહાવીર સ્વામીએ તેઓના ઉપદેશમાં ભાર દઈને જણાવ્યું છે **कामे कमाहि कमियं खु दुःखम्** સંસાર જગતની ઈચ્છા જ ઓછી કરી દો પછી દુઃખો પણ આપમેળે ઓછા થઈ જશે. બહું જ મહત્ત્વની બાબત પ્રભુએ વર્ણવી છે. પરંતુ સવાલ મોટો એ ઊઠે છે કે ઈચ્છા ઘટાડવી કઈ રીતે ? આપણે જ આપણા અંતર જગતને જાણવાનું, જોવાનું, સમજવાનું ચાલુ કરવું પડશે. તમે તમોને જાણી લીધા એટલે જગતની બહુ મોટી સિધ્ધિ હાંસલ કરી લીધી એમ સમજવું. તમે તમારામાં ગયા નથી માટે તમે બહારમાં જતા રહો છો એટલે તમારી બહિર્યાત્રાને બંધ કરવાની ભાવના હોય તો તમે આજથી જ અંતર યાત્રા ચાલુ કરી દો. અંતર યાત્રાળું બન્યા વિના બાહ્ય જગતનો મોહ, તૃષ્ણા ઈચ્છા, વાસના, આદિ તમામ તોફાન બંધ થવા મુશ્કેલ છે, અશક્ય છે.

બાહ્ય શત્રુ પર લડાઈ તેનું નામ સંસાર યાત્રા. બાહ્ય જગતની લુબ્ધતા એનુ નામ બહિર્યાત્રા. ધન - વૈભવ ની આશક્તિ તે સંસાર યાત્રા.. જોકે સંસારી જીવોને સંસાર

યાત્રા કરે છે તેમ કહેવું પણ ઉચચિત જણાતું નથી. કારણ ''યાત્રા'' શબ્દ બહુજ પવિત્ર અને શ્રેષ્ઠ શબ્દ છે, યાત્રા શબ્દ ત્યાં લગાડવામાં આવે જ્યાં શુધ્ધ ભાવના સાથે આગળ ચાલવામાં આવે. જ્ઞાન-દર્શન અને ચારિત્ર આ ત્રણ ત્રિકને આંતરિક જગત સાથે જોડીને જે જીવન જીવે તેને મોક્ષનો યાત્રિક કહેવાય. બાકી સંસારીને તો સંસારની ભ્રમણામાં ફસાઈને સંસારના ક્ષેત્રે ભ્રમણ કરનારો સંસારી કહેવાય એથી વિશેષ કાંઈ જ નહીં. તો આપણે મોક્ષ માર્ગ ઉપર યાત્રા આરંભીએ. સાચા યાત્રિક બની અંતર જગતમાં રહેલા સુખને પામીએ એ જ પરમ કર્તવ્ય છે. તો અંતર યાત્રાની શરૂઆત પહેલા મહાવીર સ્વામીએ ચીંધેલા મોક્ષ માર્ગની યાત્રા વિશે હજી થોડો વિચાર કરી લઈએ.

## અંતરયાત્રા

જગતપતિ ભગવાન મહાવીરસ્વામીએ જગતના જીવોને સુખ શાન્તિનો રાહ ઉપદેશમાં બતાવ્યો છે. જે અંતર યાત્રામાં સફળ બને છે તે વ્યક્તિ લોક અને પરલોકને, પરમ પદને પ્રાપ્ત કરે છે. ભગવાન મહાવીરસ્વામીએ ભવોની યાત્રાથી પૂર્ણ વિરામ મૂકીને આત્મભાવની યાત્રા ચાલુ કરી. બહિર્જગતની યાત્રામાં કર્મોનો સહારો લેવો પડે છે, જ્યારે ભીતરની યાત્રામાં શ્રધ્ધા અને સાહસનો સહારો લેવો પડે છે. બહારની યાત્રામાં યોગનો આધાર લેવો પડે છે. જ્યારે ભીતરની યાત્રામાં ઉપયોગની શક્તિનો આધાર લેવો પડે છે.

શિખર ઉપર ચડતા થાક લાગે ને આરામ કરી લઈએ તો પછી ઊઠવાનું ક્યાંથી હોય ? સૂઈ ગયા ત્યાંથી કે પહેલેથી ? જ્યાંથી વિરામ થયો છે ત્યાંથી આગળ પ્રસ્થાન કરવાનું હોય છે. આભ્યંતર જગતમાં યાત્રામાં ગતિ કરીને સાધનાના ક્ષેત્રે સૂઈ ગયા તો યાત્રાની શરૂઆત પહેલેથી કરવી પડતી હોય છે. બાહ્યજગતમાં યાત્રામાં વિલંબ અને વિરામ થાય તો વાંધો નહીં પણ અંતર યાત્રામાં તો અવિરામ જ ચાલવાનું હોય છે. ત્યાં આરામ નથી લેવાનો.

સંસારના કામ કર્યા પછી વિરામ, આરામ ને વિશ્રામની જરૂર હોય છે. યોગ હંમેશા થાકે છે, ઉપયોગ સતત ઉપયોગી બની શકે છે. શરીરથી, મનથી, બુધ્ધિથી કરેલી મહેનતમાં થાક લાગે છે. જ્યાં થાક લાગે ત્યાં દુઃખ હોય છે. ભગવાન મહાવીર સ્વામી સાડા બાર વર્ષની અવિરત સાધના કરી, ક્યાંય થાક્યા જ નહીં એટલે ભગવાનને ભોજન ને પાણીની બહુ જરૂર ન પડી.

સંગમે આપેલા કષ્ટો અને યાતના જોઈને ઈન્દ્રને થયું, લાવ હું ભગવાનને મદદ કરું. અનહદ આરાધના કરે તેને મદદ પણ ઘણા લોકો કરે. અનહદ વિરાધના કરે તેને કોઈ મદદ કરતું નથી. તેની મદદે કોઈ પણ ન આવે. કષ્ટોએ જ્યારે હદ વટાવી ત્યારે મદદ માટે ઈન્દ્ર તીર્છાલોકની દુર્ગંધમાં પણ પ્રવેશ કરે છે. સેવાભાવે શક્રેન્દ્ર આવ્યાં. પ્રભુ, આપનાં કષ્ટોને જોઈને અમને દુઃખ થાય છે. તમને કષ્ટો, દુઃખો ન આવે એ માટે હજારો દેવો સેવામાં હાજર કરીશ. એક્વાર તમે હા પાડો તો સેવા કરું.

'શક્કા નો અટ્ઠે સમટ્ઠે' મારે કોઈની જરૂર નથી. જેને જરૂર ન હોય એની પાસે ઘણા આવે છે. જેને જરૂર હોય છે, એની પાસે કોઈ ફરકતું નથી.

ભગવાને સંયમ સાધનામાં કાંટા-કાંકરા કાંઈ જ જોયું નથી. અવિરત પુરુષાર્થ ચાલુ જ રાખ્યો છે. જેને જરૂરિયાત ઓછી છે તેને ઝંઝટ ઓછી છે. બાહ્ય જગતની યાત્રામાં ભોજન - પદાર્થો - સંબંધો - વ્યક્તિની જરૂર પડે છે. જ્યારે અંતર યાત્રામાં કોઈની જરૂર પડતી નથી. એરોડ્રામ પર બોર્ડ લગાવેલું હોય છે. **Light weight.** વજનથી હળવાં થઈ પ્લેનનો પ્રવાસ કરો. વજન ઓછું હોય તે ઉપર ઊડી શકે છે. જેને ઊંચે જવું છે, ઉંચે ઉડવું છે તેને નીચેનું બધું જ છોડવું પડે છે. પરિગ્રહનો ભાર છોડવો પડે. જેને ઊંડાણનો અભ્યાસ કરવો છે. તેને આજુબાજુનું બધું જ છોડી દેવું પડે છે. મહાવીરને લોકાગ્રે પહોંચવું હતું, તેથી લોકના આગ્રહને, લોકના પરિગ્રહને છોડી દીધા. જેને આગ્રહ અને પરિગ્રહ છે તે લોકાગ્રે પહોંચી શકતા નથી. લોકના આગ્રહને માન નહીં પણ ત્યાગ કરવો પડે. સમુદ્રમાં રહેલું પાણી લોખંડને ડૂબાડી દે છે જ્યારે લાકડાને પાણી તારી દે છે. સમુદ્ર તો માધ્યસ્થ છે. લોખંડનો ડૂબવાનો સ્વભાવ છે ને લાકડાનો તરવાનો સ્વભાવ છે એમાં પાણીનો શો દોષ ? સંસારમાં ડૂબવાનું ને તરવાનું તમારે જ છે.

આપણે બધા નિમિત્તોને જ દોષ આપીએ છીએ. ઉપાદાનની ગણના કરતાં નથી. આણે મને આમ કહ્યું એટલે મને ગુસ્સો આવ્યો. બાકી હું તો ક્ષમાનો અવતાર છું. જેને લોકની અને લોકોની અસર ન થાય તે જ આત્મા સંસાર તરી શકે છે. લોકોના કડવા શબ્દો ને સારા શબ્દો જેને અસર ન કરે, લોકના સારા ને ખરાબ તત્ત્વની અસર ન થાય એ જ આત્મા મહાન બની શકે છે, ભગવાન બની શકે છે. સંસારીને સારા પદાર્થો મળ્યા તરત આનંદ, ખરાબ રૂપ મળ્યું તરત વિષાદ. સારું ભોજન મળ્યું, તરત મન લલચાઈ જાય છે. સારા ભોગ મળ્યા, તરત મન આકર્ષાય છે, સારા શબ્દો મળ્યા મન ખુશ, ખરાબ શબ્દો મળ્યા મન બેચેન.

**સિતારા હોય છે; તેને ગ્રહણ નથી નડતું,**
**ફૂલોને બાગ મળે છે, રણ નથી મળતું,**
**આ એક સુખ જોયું કુદરતના ન્યાયમાં કે,**
**ગજા ઉપરાંતનું દુઃખ ક્યાંય નથી મળતું.**

સુખ-દુઃખ બન્નેમાં સમભાવ આવે તો મુનિપણાનો આસ્વાદ માણવા મળે.

મુનિઓને આવી અસર ઓછી હોય છે. તેથી મુનિને મોક્ષના પથિક કહ્યા છે. માન-અપમાન-સારી ખરાબ વ્યવસ્થા, ગમે તે પદાર્થો મળે. આહાર મળે કે પ્રહાર મળે દરેક પરિસ્થિતિમાં મુનિને સમભાવ જ હોય છે. **पुठवि-समे मुणि हविज्जा** મુનિ પૃથ્વી સમાન છે.

પૃથ્વીમાંથી હીરા, સોનું જેવી ધાતુ મળે છે. ખનિજ મળે છે, સમુદ્રને છાતી પર રાખે છે. પુષ્પો પણ ઊગે ને ઉકરડો પણ નાંખે, કૂવા, તળાવ ખોદી નાંખે તો પણ પૃથ્વી બધું જ સહન કરે છે. પૃથ્વીના લક્ષણો એ જ મુનિના લક્ષણો. પૃથ્વી સ્થિર, મુનિ સ્થિર. પૃથ્વી સહે તેમ મુનિ સહન કરે, પૃથ્વી જગતને આપે તેમ મુનિ જગતને ઘણું આપે છે. લોકો શું કહેશે, લોકનું શું થશે એ ન વિચારે. એક તો પરમ પદ મેળવવાની જ ભાવના વાળા લક્ષણો મુનિના હોય છે.

મારે તારા રક્ષણની જરૂર નથી. હું સ્વાધીન છું. સાધક હંમેશા સ્વાધીન હોય અને સંસારી હંમેશા પરાધીન હોય છે. આગ્રહ, પરિગ્રહ બધું છોડી મહાવીર લોકાગ્રની લાઈનમાં બેસી ગયા. લોકની વસ્તુઓ, લોકોની વાર્તા, વલણો ને સ્વભાવ અપનાવે છે તે દુઃખી થાય છે. લોકને છોડે ને લોકની વાતને પણ છોડે તો સુખી થઈ શકાશે. આગ્રહ-પરિગ્રહ છોડ. **अप्पादंतो सुहि होइ** । આત્મદમન એ માણસને સુખી કરે છે. ખરેખર એ બહુ દુષ્કર કાર્ય છે. વ્યક્તિ વ્યક્તિનું દમન કરી શકે છે, પણ વાસના ને વિકાર ઊઠે છે, તેનું દમન કરી શકતો નથી. ભગવાન કષ્ટોને કલ્યાણનું કેન્દ્ર બનાવી કલ્યાણ સાધી ગયા. બહારની યાત્રામાં કંટકો નડે છે, તો ભીતરની યાત્રામાં સંકટો નડે છે. બહારની યાત્રામાં પથ્થરો નડે છે ને અંતર યાત્રામાં હઠા ગ્રહો નડે છે. બહારની યાત્રામાં સુરક્ષિત બનવાનું હોય છે. જ્યારે ભીતરની યાત્રામાં સલામત રહેવાનું છે એ બહુ મુશ્કેલ છે.

મુનિનો વિહાર કેવો હોય ? સૂતા-જાગતા-ચાલતા બેઠા હોય તો મુનિ વિહારમાં હોય. **अप्पाणं भावे माणे विहरई** આત્મભાવમાં વિહાર કરે તે મુનિ. હજારો માઈલોનો

વિહાર કરે, પણ આત્મભાવમાં ન હોય તો એ યાત્રા થઈ જાય, પણ અંતર યાત્રા ન કહેવાય. પગથી વિહાર કરે તેને પદ્‌વિહાર પણ કહેવાય છે. પાદ એટલે પગ, જેના પગ પરમ પદ તરફ ઉપડ્યા છે તે પાદવિહારી. અમારા વિહારમાં આવતા કષ્ટોને પરિષહો કહેવામાં આવ્યા, દુઃખો કહેવામાં આવ્યા નથી. દુઃખો તો સંસારીને હોય છે.

ઉત્તરાધ્યયન સૂત્રના પ્રથમ અધ્યયનમાં અંતરયાત્રામાં જવા માટેનો શ્રેષ્ઠ માર્ગ બતાવ્યો છે....

### આત્મદમન

**अप्पा चेव दमेयव्वो** આત્માનું દમન કરો, આત્મ દમનનો અર્થ છે આત્માને પાપના કેન્દ્રોથી હટાવી લો. આત્માને પાપના નિમિત્તોથી ઉગારી લો. આત્માને વિષયોની ગુલામીથી બચાવી લો, ખરાબ વાતાવરણથી આત્માને વેગળો રાખો. જ્યાં આત્મા પાપથી ખરડાઈ જશે તેવું જણાય ત્યાંથી પાછા વળી જાવ. પ્રતિક્રમણ કરો યાને પતન કરાવનાર સંયોગોથી પાછા વળો. બહુ જ મહત્વની બાબત છે પાપથી પાછા હઠવું અને પાછા વળવું.

ભગવંત ફરમાવે છે, આત્મદમન ખરેખર દુષ્કર છે. દુઃખે કરી દમી શકાય તેવું છે. પરંતુ એ વાત પણ એટલી જ સત્ય છે કે દમ્યા વિના વધુ દુઃખ જન્મે છે... આત્મ-દમન કર્યા વિના અંતરયાત્રામાં ગમન કરવું કઠીન છે. બાહ્ય બાબતથી અલિપ્ત બન્યા વિના આત્મદમન થઈ શકે નહીં; માટે આત્મદમન કરવા માટે સર્વ શ્રેષ્ઠ માર્ગ બતાવ્યો પ્રતિજ્ઞા ! તમે વસ્તુની, વ્યક્તિની કે ક્ષેત્રની પ્રતિજ્ઞા કરી લો પછી તમારો આત્મા સહજ દમાય જશે, પછી મન ત્યાં નહીં જાય. જુઓ તમે કંદમૂળ નહીં ખાવાની પ્રતિજ્ઞા કરી લીધી, પછી કંદમૂળ સામે હોવા છતાં તમને ખાવાની ઇચ્છા નહીં જન્મે. કારણ પ્રતિજ્ઞા છે. તો આમ ઈચ્છાને જન્મ જ ન આપવો હોય તો શ્રેષ્ઠ રસ્તો છે પ્રતિજ્ઞા. શાસ્ત્રમાં બતાવવામાં આવ્યું છે કે પ્રતિજ્ઞાથી જાણે અને પ્રત્યાખ્યાન પ્રતિજ્ઞાથી પચ્ચખાણ કરે. જાણ્યું તેને કહેવાય જે પ્રતિજ્ઞાના ક્ષેત્રે આગળ વધે. અંતરયાત્રામાં સફળ બનવાનો પ્રથમ માર્ગ છે, આત્મદમન કરો. અને એ માટેની શરત છે તમારા આત્માને મલિન બનાવે તેવી બાબતોની પ્રતિજ્ઞા કરી આત્માને નિર્લેપ બનાવો. યાદ રહે આત્માને દમવો કઠીન છે પરંતુ અશક્ય તો નથી જ. અનેક મહાત્માઓએ આત્માનું દમન કર્યું છે, અને આજે પણ અનેક ભવ્યાત્મા કરી રહ્યા છે. અને ભવિષ્યમાં અનેક ભાગ્યશાળી આત્માઓ આત્માનું દમન કરી મુક્તિમાં ગમન કરશે તેમાં લેશમાત્ર શંકાને સ્થાન નથી.

આ ભવે અંતરયાત્રા ચાલુ કરી આત્માને પરમાત્મા બનાવી દો. તે માટે વિષયો - કષાયોથી આત્માને ઉગારી લેવો જાઈએ અને તેમ કરવા માટે વિષય-કષાયને જન્માવે તેવા ક્ષેત્રથી આત્માને બચાવી લઈ, આત્મદમનથી સાધનામાં અપ્રમત રહેવું જોઈએ, જરૂર આપણે સફળ બનીશું. હજી પણ અંતરયાત્રામાં આગળ વધવાના પ્રભુએ કેવા ભાવ દર્શાવ્યા છે તે અવસરે.

- મર્યાદા વ્યક્તિને મહાન બનાવે છે.

- પ્રાપ્તિના આનંદ કરતાં પ્રતીક્ષામાં આનંદ વધારે હોય છે.

- હસવું, હસાવવું અને હસી કાઢવું એ સુખી જીવનનો કીમિયો છે.

- કોઈનો પ્રેમ ઓછો નથી હોતો, આપણી અપેક્ષાઓ વધુ હોય છે.

- જે દાન આપી શકે છે તે જ ધનનો સાચો માલિક છે.
બાકી તો બધા સંપત્તિના વોચમેન છે.

- ખુશામતની ખીર કરતાં, ખુમારીની ખીચડી સારી.

- પુણ્યે પુણ્યની ફરજ બજાવી દીધી,
માનવભવ....પંચેન્દ્રિયપણું... જૈનકુળ, સંત સમાગમ...
જૈન શાસન બધું સરસ મળ્યું હવે..!
વાત જાય છે તમારા પુરુષાર્થ પર
અકષાયી-નિર્વિકારી બનવાની ફરજ તમારી પોતાની છે.

- પહેલાં ટકટક થાય છે પછી થોડી કચકચ થાય છે. તેમાંથી રકઝક શરૂ થાય છે. બસ અહીં થોભી જાવ. નહિતર ઝપાઝપ થતાં વાર નહિ લાગે.

૧૫

# મેધાવી બનો...

जरामरणवेगेणं, बुज्झमाणाण पाणिणं ।
धम्मो दीवा पइट्ठाय, गई सरण मुत्तमं ॥

**જન્મ મરણના વેગમાં તણાતા ડૂબતા જીવોને માટે ધર્મ એ દ્વીપ સમાન છે કે જેનાથી જન્મ ઘટી જાય છે, તેથી ધર્મ ઉત્તમ શરણ છે.**

સુખ ક્યાં છે ? સુખ કેવું છે ? સુખ કેટલું છે ? બહુ જ અગત્યના સવાલ તમારી સામે મૂકવામાં આવ્યાં છે. સુખ માટેની દોડધામ કરનારે પ્રથમ એ જાણવું જોઈએ કે સુખ ક્યાં છે? ઊર્ધ્વમાં, અધોમાં કે તિર્છામાં ? કઈ દિશામાં સુખ છે ? કયા સ્થળમાં સુખ છે ? કયા કાળમાં સુખ છે ? કયા દ્રવ્યમાં સુખ છે ? કયા સાધનોમાં સુખ છે ? જાણ્યા વિના સુખ દોટ લગાડનારા જીવો મૃગજળ જેવી દિશાને પામ્યા છે. અનંત તીર્થંકરોનો અખંડ અનુભવ છે કે સુખ મુક્તદશામાં છે. સુખ સ્વમાં છે. સુખ આત્મ ગુણોમાં છે. સુખ સ્વ સમાધિમાં છે. વિચારો, વિકલ્પો, સંકલ્પો કે કલ્પોમાં સુખ નથી. સુખ નિર્વિકલ્પમાં છે અને આ સુખ અનુમાનથી નહીં, અનુભવથી જીવને જણાય છે. આ સુખને એક નહીં અનંત આત્માઓ પામી ગયા છે. અને એ જીવોનો અનુભવ અંશ જગતના જીવોને બતાવી ગયા છે. સુખ તમારામાં છે. પરંતુ એને મેળવવા તમામ સંયોગો – વિયોગોની ઘટનાથી મુક્ત થતા શીખવું પડે. તમામ પરિસ્થિતિમાં પ્રસન્ન રહેવાની કળા હસ્તગત કરવી પડે. જીવનમાં આવતી ચડતી, ક્યારેક સર્જાતી પડતીમાં આત્માને સ્થિર બનાવવો પડે. સ્વ પરની ભેદરેખાને ભેદજ્ઞાન વડે સમજી અને ટકવામાં પ્રયત્ન કરવા પડે. આમ અનેક રીતે તમે તમારી જાતને સજાગ રાખો તો જ તમોને તમારું સાચું સુખ અનુભવાય.

સુખ કેવું છે ? જ્ઞાની કહે છે અવ્યાબાધ. જે સુખમાં કોઈ પણ પ્રકારની બાધા – પીડા ન હોય તેવું સુખ છે. જેમાં પદાર્થો, વ્યક્તિ, શરીર, યોગ અને કર્મોદયથી પેલે પાર કોઈ પણ માધ્યમ વિના મળે તે સુખ સ્વાધીન છે. આત્મ સુખ માટે કોઈપણ ચીજની જ્યાં આવશ્યકતા નથી તેવું સુખ છે, તે સાચું સુખ છે. સારા – ખરાબ સંયોગોથી મુક્ત થવા દ્વારા જ્યાં સુખ છે ત્યાં પહોંચી શકાય, અને તમામ માધ્યમોથી ઊઠી જવાની યાને તમામ રીતે, તમામથી મુક્ત બનવાથી સાચું સુખ અનુભવી શકાય. ત્રીજો સવાલ છે સુખ કેટલું છે ? ભલા સુખ એટલે સુખ વળી એનું માપ હોતું હશે ! તેના માટે તો એમ જ કહેવાય ''અમાપ'' ''ઉપમા રહિત'' શબ્દાતીત, દેહાતીત, જે સુખનો ક્યારેય અંત ન આવે તે સાચું શાશ્વત સુખ. પ્રભુ મહાવીરસ્વામીએ કેવળજ્ઞાન, અને કેવળ દર્શન પ્રાપ્ત કરીને જગતના જીવોને સુખ બાબતનું વર્ણન કરતાં જણાવ્યું કે આત્માનું સાચું સુખ

આત્મદશામાં વિચરવામાં છે. સાચું સુખ અવ્યાબાધતામાં છે. સાચુ સુખ શાશ્વત છે. આવા સુખના સ્વામી સાધકદશા, સિધ્ધદશા, શુધ્ધદશાવાળા ગણાય. સવાલ હવે મોટો એ થઈ રહ્યો છે, આવું સુખ મેળવવા શું કરવું જોઈએ ? કઈ દિશામાં ચાલવું જોઈએ ? કઈ દશામાં રમવું જોઈએ ? જેથી આવા પરમ શાશ્વત સુખનો આનંદ માણી શકીએ....!

સુ-સંસ્કાર સમસ્યાનું સમાધાન કરાવે છે. ઉચ્ચતમ સુખના સ્વામી બનવાની ભાવનાને સફળ બનાવવાનો માર્ગ છે જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપની શુધ્ધ અખંડ સાધના. આ સાધનાની સફળતા એટલે મોક્ષ....! અને મોક્ષ પ્રાપ્તિ એટલે આત્મદશાનું પૂર્ણ સુખ, પૂર્ણાનંદ, પરમાનંદ, નિજાનંદ. જ્યાં કોઈ બાધા નહીં, અંતરાય નહીં, કોઈ વિઘ્ન નહીં. અને હા ત્યાંથી હવે ક્યારેય પાછા આવવાનું નહીં. શાશ્વત સુખને માણવા ત્યાં જ રહેવાનું. આવો મોક્ષ મેળવવા આપણે સર્વે સાધના કરી રહ્યા છીએ. માનવભવ સિવાય ક્યારેય પણ આ જીવને મોક્ષ મળી શકે તેમ નથી. આપણે સર્વે સદ્ભાગી છીએ કે સાધના કરવાનો ઉત્તમ ભવ, ઉત્તમ અવસર પ્રાપ્ત થયો છે. છતાં આ સાધના ક્ષેત્રે ક્યારેક જીવ પાછો પડે છે, આળસુ બને છે, સંયોગો-વિયોગોમાં અટવાઈ જાય છે, માન-સન્માનના ચક્રમાં ફસાઈ જાય છે, મોહ-માયામાં ગબડી જાય છે. તો મારા-તારાના ભેદભાવ કરી સાધના શિખરેથી ગબડી જાય છે. માટે જ આચારાંગસૂત્રમાં ભાર દઇને સાધકોને જણાવે છે કે... **अरइं आउट्टे से...**

સાધનાના ક્ષેત્રે સાધના પ્રત્યે અરતિ પેદા થાય ત્યારે મેધાવી એટલે બુધ્ધિશાળી જ્ઞાન-દર્શનને જાગૃત કરી ક્ષણમાં અરતિના ભાવમાંથી મુક્ત થઈ જાય છે. અને મુક્ત થાય છે તે જ સાચો પંડિત તત્વજ્ઞ છે. સાધનામાં અરુચિ - અરતિ આદિના વિભાવો આત્મામાં ઊઠે છે, જે આત્માને સાધનાથી પતન કરવા માટે આવે છે. ઉદયજન્ય અરતિ અને પ્રમાદજન્ય અરતિ અને અજ્ઞાનજન્ય અરતિ પ્રગટે ત્યારે જ્ઞાન-દર્શનના માધ્યમે પૂનઃ સાધનામાં - ધર્મમાં લાગી જવું જોઈએ નહિતર....

અરતિનું સાતત્ય જળવાય ગયું તો સમજી લેવું કે તમારી ગાડી ધર્મના પાટા પરથી ઊતરી જતા વાર નહીં લાગે. સાધના પ્રત્યેની અરતિ એટલે સાધના કરવામાં અણગમો, અરુચિ, દઢતામાં ધરતીકંપ સર્જાય છે. જેને લઈ જીવ આરાધના ત્યજી વિરાધના કરવામાં રસવંતો બની જાય છે. દાન-શીયળ-તપ અને ભાવરૂપ ધર્મમાં નીરસતા આવે છે. અને આ નીરસતામાં જીવ પોતાનો વર્તમાન અને ભાવી જોખમમાં મૂકે છે. ધર્મમાં નીરસતા આવ્યા બાદ સમય - શક્તિ અને સદ્ગુરુનો યોગ હોવા છતાં ઉપયોગ કરવામાં ધરાર

નિષ્ફળ જશે. માટે પ્રભુ કહે છે બુધ્ધિમાન જ્ઞાનાદિ ભાવમાં પ્રગટેલી અરતિ ને અણગમાને ક્ષણમાં છોડી અને અહોભાવ કેળવી લે...!

## બુધ્ધિની શુધ્ધિ

જૈન સિધ્ધાંતમાં બુધ્ધિવાન માટે શબ્દ છે **મેહાવી–મેધાવી** એટલે બુધ્ધિવાન એ વાત અત્રે સમજવાની છે કે જૈનતત્ત્વને સમજવા માટે બુધ્ધિ આવશ્યક છે. હિતાહિતનો, લાભાલાભનો ખ્યાલ આ બુધ્ધિ દ્વારા થઈ શકે છે. પરંતુ બુધ્ધિ માત્રથી આ કાર્ય નહીં થાય તેના માટે બુધ્ધિને શુધ્ધ, સાત્વિક અને તાત્વિક બનાવી પડશે. નહિતર બુધ્ધિની વૃધ્ધિ માત્રથી આત્માનું કલ્યાણ થતું નથી પરંતુ બુધ્ધિની શુધ્ધિ વડે કલ્યાણ શક્ય બને છે.

જોઈ લો, આજના યુગને, શુધ્ધિ પ્રધાન છે કે બુધ્ધિ પ્રધાન છે ? માત્ર બુધ્ધિનો વિકાસ કરાવતો આપણો ભારત દેશ, વિકાસી નહિ વિલાસી બનતો જાય છે. ઉત્થાનના નામે પતનની ખાઈમાં ગબડી રહ્યો છે. વિદ્યાના નામે નોલેજ મેળવી રહ્યો છે. તમને એ ખ્યાલ નહીં હોય કે ભારતમાં જ્ઞાન મેળવીએ છીએ એવું સાંભળવા મળશે જ્યારે પરદેશમાં બોલાય છે નોલેજ ! બસ માત્ર નોલેજ મેળવવાની વાત હોય ત્યાં માત્ર બુધ્ધિનું જ કાર્ય છે. પરંતુ જ્યાં જ્ઞાન મેળવવાની પણ મહત્તા છે, તે બુધ્ધિમાં શુધ્ધિ પણ ભળેલી છે. જેને લઈ જ્ઞાન ઉપાર્જન થઈ શકે અને બુધ્ધિની શુધ્ધિના માધ્યમે જ્ઞાન મળે અને જ્ઞાનના માધ્યમે અંતરમાં જ્ઞાન પ્રગટે અને અરતિને ક્ષણમાં મુક્ત કરી શકાય અને અરતિ દૂર એટલે ધર્મક્ષેત્ર પ્રસન્નતા પ્રગટ્યા વિના રહે જ નહીં.

હાય ! અફસોસ ને દુઃખજનક બાબત તો એ છે, જે ભારત દેશમાં જ્ઞાન પ્રાપ્તિની વાતો હતી, જ્ઞાની બનવાની સાધના હતી, તેનામાં જ્યાં પંડિત બનવાની પ્રેરણા હતી, તેને બદલે નાનપણથી તેને જ્ઞાનથી વંચિત રાખી નોલેજના રવાડે ચડાવી દેવામાં આવ્યો. જ્ઞાનીનું જ્ઞાન સમજાવવાને બદલે વિજ્ઞાની શોધ સમજાવીને વિજ્ઞાની એ જ મહાન તે તેના મગજમાં નાંખવામાં આવ્યું. આવા લોકોની બુધ્ધિને, ભ્રષ્ટ બુધ્ધિવાળા ભારતના દેશદ્રોહી સિવાય બીજું શું કહેવું ! જ્ઞાનના પાયા હચમચી ગયા અને નોલેજના પાયા ઊંડા થતા જાય છે. જ્યાં જ્ઞાની વિદાય લઈ રહ્યા ને વિજ્ઞાનીના ટોળા ઊતરી રહ્યા છે. જ્યાં માત્ર ડીગ્રી પૂરતું જ નોલેજ લેવાનું ધોરણ બન્યું છે. અને પરમપદ લેવાની વાત સાવ વિસરાતી જાય છે. તો શું આ દેશને નોલેજ બચાવશે, વિજ્ઞાનીઓ બચાવશે કે ભારતીય સંસ્કૃતિમાં ચાલતી જ્ઞાન – જ્ઞાનીની વ્યવસ્થા બચાવી શકશે ! એ આપણે જ ઊંડાણથી

વિચાર કરવા જેવી બાબત છે.

**વિદ્વાનોંકી નહિ કર્મવાનો કી કમી હૈ,**
**સંધીવાનોં કી નહિ નિષ્ઠાવાનો કી કમી હૈ,**
**યહ જમાના બડા અટપટા આ ગયા હૈ,**
**વિજ્ઞાનીઓ કી નહિ, જ્ઞાનીઓંકી કમી હૈ.**

ઋષભદેવે સ્થાપેલી અહિંસા, સત્ય પ્રધાન સંસ્કૃતિનો આ બુધ્ધિ પ્રધાન લોકો ભાંગીને ભૂક્કો કરી રહ્યા છે અને આપણે સર્વે તેમાં સહાયક બન્યા છીએ. બુધ્ધિ તાત્વિક હોવી જોઈએ. બુધ્ધિ સાત્વિક હોવી જોઈએ અને શુધ્ધિ પ્રધાન હોવી જોઈએ તો જ ધર્મ – અધર્મનો વિવેક પ્રગટે અને પ્રગટેલો વિવેક ધર્મ પ્રત્યે અરતિ ભાવ જાગવા ન દે અને કદાચ મોહવશાત અંતરમાં અરતિ પેદા થાય તો ક્ષણમાંજ મેધાવી મુક્ત થઈ જાય છે.

મેઘમુનિવરને પ્રથમ રાત્રિએ સંયમ પ્રત્યે અરતિ પેદા થઈ. સવાર પડે ને પ્રભુને ઉપકરણ આપી ઘરે ચાલ્યો જઈશ, અત્રે તો કાંઈ જ સુખ જણાતું નથી, શાન્તિથી જ્યાં સુવા ન મળે ત્યાં શેં રહેવાય. આ અરતિની ખાઈમાં મેઘમુનિ ગબડતા જ ગયા અને સવાર પડતાં જ પ્રભુ પાસે પહોંચ્યા. ત્યાંજ પ્રભુએ રાત્રિની ઘટના વર્ણવી ને પૂર્વભવને યાદ કરવા સૂચન કર્યું ને મેઘમુનિની બુધ્ધિમાં વિચારણા આગળ વધી, અંતરના અરિસામાં પૂર્વભવમાં સસલાની દયા ખાતર ત્રણ દિવસ ભૂખ–તરસ સહી ત્રણ પગે ઊભા રહ્યાનું દૃશ્ય નજરમાં આવ્યું ને પ્રભુના ચરણે સમર્પિત બની સંયમ જીવનમાં પુનઃ લાગી ગયા. આ થઈ સુબુધ્ધિ, જેમાં પવિત્રતા પ્રગટે, નિર્મલતા પ્રગટે. એટલે જ પ્રભુ એ જણાવ્યું છે મેધાવી બનો, બુધ્ધિવાન બનો, પરંતુ એ વાત ભૂલશો નહિ બુધ્ધિની શુધ્ધિ વિના આત્મ શુધ્ધિ સુધી પહોંચવું મુશ્કેલ છે. પહેલાના જમાના કરતાં આજના જમાનામાં લોકોની બુધ્ધિ વધી છે, તેવું બોલનારને ખાસ કહેવાનું મન થાય છે કે ભાઈ આજે બુધ્ધિવાળા છે, પરંતુ બુધ્ધિની પવિત્રતા અને શુધ્ધિવાળા લોકો બહુ જ ઓછા થતા જાય છે. પહેલાંના લોકોની બુધ્ધિમાં હતું મારું અને સર્વેનું સારું થાય. આજે બુધ્ધિવાળા વિચારે છે મારું–સારું થાય. જેને લઈ દેશ–દેશ વચ્ચે યુદ્ધ નહિ, મહાયુધ્ધના નિર્માણ થયાં.

બુધ્ધિ પ્રધાનોની ચાલ વડે સારીએ ભારતની જનતા વિકાસના નામે વિનાશની તરફ ગબડી રહી છે. બુધ્ધિવાદીઓએ યંત્રવાદ વિકસાવ્યો. યંત્રવાદે હિંસાવાદને ઉત્તેજન આપ્યું. હાય ! માનવે માનવને ખતમ કરવા અણુબોમ્બ, લેઝર ગન આવા તો એક નહિ અનેક શસ્ત્રો આજે બુધ્ધિશાળીએ વિજ્ઞાનયુગમાં શોધીને સારાએ જગતમાં ભયનું

વાતાવરણ સર્જી દીધું છે, શું આને બુધ્ધિશાળી કહેવાય કે કુબુધ્ધિના ભંડાર કહેવાય ? આ લોકોને વિકાસ કરનાર સમજવા કે વિનાશક ગણવા ? ભારતની સંસ્કૃતિને જડમૂળથી ઊખેડીને હિંસાના મૂળિયા ભોળી પ્રજામાં નાખનાર દુર્જન કહેવા? કતલ કરવાના યંત્રો શોધીને શું ચમત્કાર કર્યો છે કે હાહાકાર કર્યો છે. નિર્દોષ નિષ્પાપ જીવોને મારી નાખવા એ બુધ્ધિ કે કુબુધ્ધિ ? વિકાસ કે વિનાશ. ઉત્થાન કે પતન. આજે બુધ્ધિનો જમાનો છે. બાળકોને બુધ્ધિશાળી બનાવવા ઈંગ્લીશ મીડિયમ, યુવાનોને બુધ્ધિશાળી બનાવવા કોમ્પ્યુટર આદિ આધુનિક ટેક્નીક શીખવી ઝડપથી રૂપિયાવાળો બનાવી દેવાની લોભામણી માયાજાળ. જેને લઈ ન તો યુવાપેઢી શક્તિવાન બને કે ન ભક્તિવંત બને. ન તો સજ્જન બને, ન તો સંત બને, બસ બનશે તો ધનવાન અને બુધ્ધિવાન.

બસ, કુબુધ્ધિવંતોના હાથમાં ધન આવ્યું એટલે દેશની સંસ્કૃતિના અને ધર્મ સંસ્કારના મૂળીયા જડ મૂળથી ઊખડ્યા જ સમજો. કદાચ ઊખડશે નહીં તો હચમચી તો જવાના જ ! ચાલો, બુધ્ધિનો ઉપયોગ, ધર્મને સમજીને કરવાનું આજથી જ ચાલુ કરીએ. માટે જ ભગવંતે મેધાવી બુધ્ધિને મૂલ્યવાન બતાવી છે જે મેધાવી છે તે તત્વજ્ઞ છે. અને જે તત્વજ્ઞ છે તેવો ધર્મ પ્રત્યે આરાધના પ્રત્યે, અંતરમાં અરતિ ભાવ અણગમા જે જન્મે છે તેનાથી ક્ષણમાં છુટી જાય છે, અને અરતિથી મુક્ત થવા, મેધાવી બનવું ભૂલશો નહીં. સંસારની પૂરબહારની સાહ્યબી, તિજોરી, ભરપૂર ધન, લાંબો પરિવાર, વિસ્તૃત સંબંધો ભલે તેજસ્વી બુધ્ધિને આભારી હશે. પરંતુ સંસારની ઉપાધિ વચ્ચે, ધર્મમાં આવતી તકલીફમાં રોગની ગંભીર સ્થિતિમાં, પરિવાર તરફથી મળતા જાકારામાં અને હર હાલતમાં જો કોઈ સાચો સહાયક હોય તો તાત્ત્વિક – સાત્ત્વિક અને શુધ્ધિસભર બુધ્ધિ જ છે. તમારે અરતિથી છૂટવાનો સરળ સર્વોત્તમ માર્ગ છે, તેજસ્વી બુધ્ધિ કરતાં બુધ્ધિમાં જન્મેલી શુધ્ધિ. આ ભવે આપણે મેધાવી બની અહિંસા – સંયમ અને તપના ક્ષેત્રે આગળ વધીએ તે જ સર્વોત્તમ સાધના છે.

**જિસકે ભીતરમેં તેલ નહિ, વહ દીપ જલેગા કૈસે ?**
**જિસકે મૂલમેં રસ નહિ, વહ ફૂલ ખીલેગા કૈસે ?**
**દયા ધર્મકા મૂલ હૈ, વેસે સભી કહતે હૈ લેકિન–**
**જિસકી બુધ્ધિમેં નિર્મળતા નહિ તો ધર્મ ચલેગા કેસે ?**

## મનની શુધ્ધિ

હવે આપણને થશે કે બુધ્ધિ હોય તો બધે સફળતા મળે છે. પરંતુ એ વાત ભૂલશો

નહીં કે બુધ્ધિ સાથે નિર્મલ, શુધ્ધ અને પવિત્ર મનનો પણ એટલો જ ફાળો છે. તમારું મન અશુધ્ધ હશે તો બુધ્ધિ ગમે એટલી સારી હશે તેનાથી શું વળવાનું છે. માટે મનને પણ શુધ્ધ બનાવવું પડશે. આજે કપડાં શુધ્ધ રાખવા ગમે છે. કપડા મેલાં થાય તો ધોઈ નાખવાની કળા જાણો છે. મકાન શુધ્ધ ચોખ્ખું રાખો છો. પરંતુ અત્યંત દુઃખની વાત છે. માનવી પોતાનું મન શુધ્ધ રાખવામાં થાપ ખાઈ જાય છે. જે ચોવીસે કલાક વપરાય છે છતાં મનને શુધ્ધ બનાવવાની બાબતમાં પ્રમાદ કરી રહ્યા છીએ. જુઓ પ્રસન્નચંદ્ર રાજશ્રીને ! મલીન થયેલું મન કેવું ઘડીકવાર માં ધોઈ નાખી શુધ્ધ બની ગયા. જુઓ અર્જુનમાળીના મનની દશા. તેણે ભગવાનના સાનિધ્યમાં કેવી મનની ધોલાઈ કરી અને શુધ્ધ બની ગયા ? એટલે જ ગાવામાં આવ્યું.

**જીવનની શુધ્ધિ વિના કરે જે ધરમ**
**કહો તેનો ધરમ તેને પાર શું કરે ?**

શાસ્ત્રકારે મનને વશ રાખવા માટે, મનને એકાગ્ર બનાવવા માટે, મનને નિર્મલ બનાવવા માટેના વિધ-વિધ ઉપાયો દર્શાવ્યા છે. એક પણ ઉપાય જો અજમાવ્યો તો બધી માનસિક ઉપાધિઓ ખતમ થયા વિના નહિ રહે. ધર્મ ક્રિયાનું ફળ શું ? મનની શુધ્ધિ અને મનની પવિત્રતા વધવી જોઈએ, મન શુધ્ધિ વિના મુક્તિ પ્રાપ્ત થવી અસંભવ છે. મનને અમલ નિર્મલ બનાવ્યા વિના સાધના ક્ષેત્રે આનંદ – પ્રસન્નતાનો અનુભવ થતો નથી. આજના યુગનો પ્રત્યેક માનવી મનનો સતત ઉપયોગ કરી રહ્યો છે, અને એ પણ સંસાર અર્થે, દાન અર્થે અને પરિવાર અર્થે. ચિંતાગ્રસ્ત બનેલું મન, માણસને દુઃખનું કારણ બને છે. ટેન્સન યુગ ચાલે છે. અનેક રીતે સુખી માણસો પણ આ મનની અશુધ્ધિને લઈને અશાન્ત છે. અરે તેઓને રાત્રે નિંદ્રા પણ આવતી નથી, તેઓ પર્યાપ્ત ભોજન લઈ શકતા નથી. અને લે તો પચી શકતું નથી. આમ માનસિક જગતમાં અનેક પીડા ભોગવતો યુગ વર્તમાને ચાલી રહ્યો છે. કોઈ ઈર્ષાની આગથી દુઃખી છે, તો કોઈ ભોગ વિલાસની લાલસામાં તણાય છે. તો કોઈ નિરર્થક ચિંતા કરી દુઃખ ઊભા કરી ઉદ્‌વેગ અનુભવે છે. આ બધાથી બચવાનો શ્રેષ્ઠ સર્વોત્તમ માર્ગ એટલે મનને વિશુધ્ધ બનાવવું. અને મનને વિશુધ્ધ બનાવવાનો સર્વોત્તમ રાહ એટલે મનને તત્ત્વસભર, સત્વ સભર બનાવી દેવું અને તે માટે સંત સમાગમ અને સદ્‌વાંચન વિના એક દિવસ પણ વિતાવવો ન જોઈએ. જુઓ પછી મન શુધ્ધ બન્યા વિના નહિ રહે.

કેશીસ્વામી અને ગૌતમસ્વામીનો પરિસંવાદ થયો હતો. ત્યારે કેશીસ્વામીએ મનન

વિષયમાં પ્રશ્ન કર્યો હતો કે ચંચલ અને તોફાની મનના ઘોડાને વશ કઈ રીતે કરી શકાય ? ત્યારે ગૌતમસ્વામીએ ઉત્તર આપ્યો હતો કે

**मणो साहसीओ भीमो, दुट्ठस्सो परिधावई ।**
**तं सम्मं तु निगिण्हामि, धम्मसिक्खाइ कन्थगं ।।**

સાહસિક અને દુષ્ટ મનરૂપી ઘોડાને ધર્મરૂપી શિક્ષા લગામથી વશ કરવામાં આવ્યો છે.

## ગુણથી સમૃધ્ધ બનો

બુધ્ધિની શુધ્ધિ અને મનની વિશુધ્ધિ પાછળનો પરમ હેતુ છે, આત્મા ગુણથી સમૃધ્ધ બનવો જોઈએ. ધનની સમૃધ્ધિવંતને જો શ્રીમંત કહેવાય તો ગુણથી સમૃધ્ધ વંતોને સાધક કહેવાય. માનવ જન્મને સફળ બનાવવાનો શ્રેષ્ઠ માર્ગ છે ગુણથી સમૃધ્ધ બનો. કારણ ગુણો તમારી સાથે આવવાના છે. ગુણોની સમૃધ્ધિ તમારા સુખનું કારણ છે. માણસ ઘણી રીતે સમૃધ્ધ બન્યો છે. અને બનવા માટે રાત-દિવસ એક કરી રહ્યો છે. પરંતુ ગુણથી સમૃધ્ધ બનવામાં આત્મા પ્રમાદની પથારી કરી સૂતો છે. ક્ષમાનો ગુણ પ્રાપ્ત કરવામાં મહેનત નથી, માત્ર ક્રોધની ફરિયાદ કરવામાં જ બધા અગ્રેસર બન્યા છે. ધંધાની સફળતા જો ધન છે, તો ધર્મની સફળતા આત્મ ગુણો છે. ગુણ પ્રાપ્તિ એ જ શ્રેષ્ઠ સાધના છે. અવગુણ લાવવાની મહેનત કરવી ન પડે, પરંતુ ગુણો પ્રાપ્ત કરવામાં સતત સાતત્ય સાથે પુરુષાર્થ ઉપાડવો પડે. આજે ભલે સંસાર ક્ષેત્રે ધનવાનો પૂજાતા હોય અને પુછાતા હોય પરંતુ આધ્યાત્મિક ક્ષેત્રમાં તો ગુણવાનોની પૂજા થાય છે. પ્રત્યેક ભવમાં અવગુણોની જ આ આત્માએ કમાણી કરી છે. આ ભવે આપણે ગુણોની કમાણી કરવાનો સંકલ્પ કરવાનો છે. આત્માને આ જગતથી વિદાય લેવાનો સમય થાય ત્યારે પસ્તાવો ન થાય પરંતુ સમાધિ ને સાતા રહે કે હું જગતને મૂકીને જાઉં છું પરંતુ જાતને સમૃધ્ધ કરીને જાઉં છું. માનવ ભવમાં ગુણોથી સમૃધ્ધ થઈને જાઉં છું. ગુણ સમૃધ્ધિ વિના કોઇ લોકમાં આત્મસુખ નહીં મળે જ. પાંચ નવકારમંત્ર ગુણસભર છે. તેથી પંચ પરમેષ્ઠીનું સ્મરણ આત્મા માટે હિતકર બને છે !

ચાલો, આ ભવમાં બુધ્ધિના સાત્ત્વિક અને તાત્ત્વિક બની બુધ્ધિને શુધ્ધ બનાવીએ. મનને ધર્મના માધ્યમે વિશુધ્ધ બનાવીએ અને આ બન્નેના માધ્યમે આત્માને ગુણ સમૃધ્ધ બનાવીએ તે જ મંગલ મનોકામના.....

૧૬

# જાગો, જાગવાની વેળા આવી

असंखयं जीविय मा पमायए, जरोवणीअस्स हु नत्थि ताणं ।
एवं वियाणाहि जणे पमत्ते, किण्णु-विहिंसा अजया गहिंति ।।

**જીવન અસંસ્કૃત છે જે પુરું થયે સંધાય નહી**
**વૃદ્ધાવસ્થા કોઈ શરણભૂત નથી. માટે વિચાર કરો**
**હિંસા અને પ્રમાદ કરનાર મૃત્યુ સમયે કોના શરણે જશે ?**

**જાગોને ઓ આતમા, સૂવાનું ક્યાં સુધી ?**
**જગાડે સદ્ગુરુ, સુણાવે જિનવાણી.**

આગને ઠારે તે પાણી, અંતર આગને ઠારે તે વાણી. આ વાણીના પ્રભાવે અનેક આત્મા પ્રભાવિત બની આત્માને ભાવિત કરતા કરતા ભગવંત દશાને પ્રાપ્ત કરી ગયા છે. બાહ્ય આગને ઠારનારા ઘણા મળે પણ અંતર-આગને વિતરાગની વાણી સિવાય બીજું કોણ ઠારી શકે ?

**ઈર્ષાની આગને બુઝાવે તે વાણી**
**ક્રોધાગ્નિને બુઝાવે તે સંતોની વાણી,**
**રાગ-દ્વેષની આગને ઠારે તે વાણી**
**વિષયોની જ્વાળાને શાંત કરે તે વાણી.**

આ વાણીના પ્રભાવે સ્વભાવની સાધના થઈ શકે છે. વાણી સાંભળતા સંસાર પ્રત્યેથી વૈરાગ્ય પ્રગટ થાય અને અંતે આત્મામાં વિતરાગતા પ્રગટ થાય. કેવા સદ્ભાગી છો આપ સર્વે કે આવી અમૂલ્ય અને અલભ્ય વાણી સાંભળવાની સુંદર તક તમને મળી છે. આ વાણી ફરમાવે તે વક્તા કહેવાય. શ્રોતા જ્યારે વાણી જીવનમાં વણી લે ત્યારે તેને સાધક કહેવામાં આવે છે. આપણે વક્તા કે શ્રોતા તરીકે જ રહેવાનું નથી. આપણે તો સાધક-દશા સુધી પહોંચવાનું છે. જે સાધક બન્યા છે તેઓ તો વાણીને પ્રાણથી પણ પ્યારી માને છે. અને વાણી જગતમાં ધન કરતા પણ વધારે વ્હાલી લાગે છે.

હું તમને પૂછી લઉં કે તમને જગતમાં સૌથી વ્હાલું શું લાગે છે ? તમે પ્રાણથી પણ પ્યારું કોને માનો છો ? પરમેશ્વરને કે પૈસાને ? મને ખ્યાલ છે કે સંસારના જીવોને પૈસો એ જ પરમેશ્વર છે. પરંતુ યાદ રાખજો, આચારાંગજી સૂત્ર ફરમાવે છે કે રાત-દિવસ, ઉજાગરા કરીને મેળવેલી લક્ષ્મી ચોર ચોરીને લઈ જશે. આગ લાગતા અગ્નિમાં લક્ષ્મી ખાખ થઈ જતાં વાર નહીં લાગે. અરે હા.... આવું કદાચ ન બને તો તમારો પરિવાર તેના ભાગ પાડી પડાવી લેશે. અને માનો કે કદાચ એવું પણ ન થાય તો પણ મૃત્યુ થતા બધી લક્ષ્મી અત્રે છોડીને રવાના થવું પડશે. લખી રાખજો કે જે વ્હાલું હોય તે તમારી સાથે જ રહે.

તમારી સાથે જ આવે, તમારો પીછો ન છોડે. તમે કહો છો કે લક્ષ્મી વ્હાલી છે પણ લક્ષ્મી તો તમને છોડીને ચાલી પણ જાય અને તમે પણ લક્ષ્મીને છોડીને ચાલ્યા જાવ. ક્યાં રહી તમારી સાચી ગણતરી. ચાલો, તમે કહો છો ને કે લક્ષ્મી તમને વ્હાલી છે. હું તમને બતાવી દઉં કે લક્ષ્મી તમને વ્હાલી નથી.

'समाययन्ती अमइं गहायं'

**ભગવાન જણાવે છે કે લોભીને મન, ધન અમૃત છે.**

અચાનક પુત્રની તબિયત બગડી, હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો. ડોક્ટરે તપાસ કરી, મોટું ઓપરેશન કરવું પડશે, રૂ. બે લાખનો ખર્ચો થશે. બોલો, એ સમયે તમે શું કરો? રૂ. બે લાખનો ખર્ચો કરો ખરા ? હા સાહેબ, કરવો જ પડે ને ! પુત્ર તો અમને પ્રાણ પ્યારો છે. જુઓ, તમે બધાએ ગણિત બદલી નાખ્યું. હવે પૈસા કરતા પુત્ર વધુ વ્હાલો લાગે છે ખરું ને ? પુત્ર છે તો બધું છે. પુત્ર માટે તો કેટલા અરમાનો ઊભા કર્યા છે. એને ડોક્ટર બનાવીશું. મોટો થશે એટલે અમને સુખ શાંતિ આપશે, સેવા કરશે. ખરું ને ? આવા અનેક અરમાનો સાથે માતા-પિતા પુત્રને ભણાવે - ગણાવે અને પછી રચેલા અરમાનોના મિનારા જ્યારે તૂટી પડે છે ત્યારે માતા-પિતાની દશા જે થાય છે તે કલ્પના બહારની છે. કલ્પના કલ્પાંતમાં ફેરવાય જાય છે. અરમાનો બધા આગ જેવું સ્વરૂપ ધારણ કરે છે. ન તો સહી શકે ન તો રડી શકે. જોઈ લો શ્રેણિકની દશા કોણિકે શું કરી હતી ? ચાલો, તમે કહો છો ને કે અમને પુત્ર બહુ વ્હાલો છે. હવે તો જરાય ફરશો નહીં ને ? બરાબર મક્કમતાથી કહો છો ને કે અમને પુત્ર વધુ વ્હાલો લાગે છે. ચાલો, હું તમને એ પણ બતાવી આપું કે તમને પુત્ર વ્હાલો નથી. તમારી પત્ની પુત્રને જન્મ આપવાની છે. ઘડી પછી જ્યાં પુત્ર જન્મશેની ઊંચી ભાવનામાં હોસ્પિટલની લોબીમાં આંટા મારતા હતા ત્યાં રૂમમાંથી બહાર આવીને ડોક્ટરે સમાચાર આપ્યા કે કાં તો મા બચશે અને કાં તો બાળક, તમે કહો તેમ કરીએ.

બોલો, આવા સંજોગોમાં તમે શું નિર્ણય લેશો ? તમને પુત્ર વ્હાલો છે તે વાત ભૂલતા નહીં. જલ્દી બોલો, કેમ મૌન ધારણ કરી લીધું? તમે સાચું બોલજો, આવા સમયે તમે શું કરો ? સાહેબ, પત્નીને જ બચાવવાનું કહેવું પડે ને ! તો સાબિત થઈ ગયું કે તમને પુત્ર કરતાં પત્ની વધુ વ્હાલી છે. જુઓ, તમે કેટલા ફરી જાવ છો. યાદ રાખજો, જેનું ગણિત ક્યારેય ન બદલાય તે સંત. જેનું ગણિત બદલાયા વિનાનું ન રહે તે સંસારી. પ્રસંગે રંગ બદલે તે સંસારી અને પ્રસંગે વૈરાગ રંગ ચડે તે સંયમી. હવે, પૂછો આપણી

જાતને કે આપણે ક્યાં છીએ ?

ચાલો, તમે કહો છો કે પત્ની વ્હાલી છે, તો એ પણ બતાવી આપું કે તમે તેમાં પણ હજી પાક્કા નથી. રાત્રિના બાર વાગ્યાની આસપાસ ગુંડા લોકો ઘરમાં ઘૂસી જાય, લક્ષ્મી–ઝવેરાત લૂંટી લે, અને કહે કે તમારા બેમાંથી કોઈ એકના પ્રાણ મારે લેવા છે. બોલો, હવે તમારી દશા કેવી હશે ? ત્યારે કહેશો કે મને જીવવા દો, કારણ કે મને મારો જીવ વ્હાલો છે. જ્ઞાની ભગવંતો એ જ જણાવવા માગે છે કે જીવને સૌથી વ્હાલો પોતાનો જીવ હોય છે. પરંતુ મોહદશાને લઈને તે પૈસાને વ્હાલો બનાવે છે. પુત્રને વ્હાલો માને છે. પત્નીને પોતાની માને છે. પરંતુ મોહનો નશો ઊતરતાં વાસ્તવિક દશાનું દર્શન કરીને પોતાનો જીવ જ વ્હાલો બનાવે છે. જીવ વ્હાલો બનાવનાર જીવની રક્ષા કરશે તેમાં બે મત નથી. પરંતુ જીવને વ્હાલો બનાવ્યો નથી અને જડ જ વ્હાલું લાગે છે.

જડ તરફની દૃષ્ટિ રાખીને જાગે તે ઉજાગરો અને જે આત્મ દૃષ્ટિ રાખીને જીવે તેનું જાગરણ. જાગતા રહેવું તે સાધના છે. આત્માને કેન્દ્રમાં રાખી જાગવું. જડ જગતનું વિસ્મરણ કરીને સ્વ–સ્મરણમાં મગ્ન બનવું. ધર્મી જાગે તો સર્વેને લાભ કરતા અને અધર્મી ઉંઘે તો સર્વે જીવોને લાભ થાય.

સમોસરણ મધ્યે પ્રભુ મન મૂકીને વરસવાના હતા. નગરજનો તમામ કાર્યને ગૌણ બનાવી, સમોસરણની દિશામાં આગળ વધી રહ્યા હતા. જ્યાં જ્યાં પ્રભુનાં પગલાં થતાં ત્યાં ત્યાં ભક્તજનોનાં આવાગમન સહજ થતાં હતાં. કોઈ પ્રભુને નિહાળવા જતા તો કોઈ પ્રભુને વાંદવા માટે જતા. કોઈ તો બધા જાય છે એટલે આપણે પણ ચાલો જઈએ એવા વિચારને મુખ્ય બનાવીને જતા તો કોઈક તો વળી સમોસરણની રચના જોવા માટે જતા હતા. તો કોઈ પ્રભુના રૂપને, કોઈ રચનાને, તો કોઈ કર્તવ્ય ગણીને, કોઈ અંતરના ભક્તિ–ભાવથી ભાવિત બનીને સમોસરણની દિશામાં જઈ રહ્યા હતા. અનંત પુણ્યના સ્વામી પ્રભુ જ્યાં બિરાજી રહ્યા હોય ત્યાં શું કચાશ કે કમી હોય ? અગત્યની વાત એ છે કે સમોસરણમાં જવાના એંગલ જુદા હોય પરંતુ પ્રભુની દેશના સાંભળીને કેટલાય જીવો સંસારની તમામ માયાને છોડી મુનિપણાનો સ્વીકાર કરી લે, તો કોઈ જીવ ગયા હોય અશોકવૃક્ષને જોવાને, પરંતુ દેશના સાંભળી અંતરના શોક – સંતાપનો ત્યાગ કરી શાંત સ્વભાવના બની જાય છે. તો કોઈ મર્યાદા યુક્ત જીવન જીવવાની પસંદગી કરીને શ્રાવકવ્રતને હૈયાના હર્ષથી સ્વીકારી લેતા હતા.

હા... ઈન્દ્રભૂતિ પ્રભુ વીરની પાસે ગર્વ લઈને જ ગયા હતા ને ? કંઈક બતાવી

દેવા જ પ્રભુની સામે ગયા હતા ને ? પરંતુ પ્રભુના સાનિધ્યથી શીતલતાની અનુભૂતિ કરતાં જ શાંત બની ગયા અને જીવન આખુંયે સમર્પણ કરી, પ્રભુના પ્રથમ ગણધર બન્યા હતા. પ્રભુનું સાનિધ્ય, ઉપદેશ નિષ્ફળ જતાં નથી. જીવને કંઈક તો લાભ થાય જ છે. ભલે ને સંતોની વાણી સાંભળવા છતાં ન સમજાય, પણ તમે અંતરના અહોભાવથી અને શ્રદ્ધાથી સાંભળો, એક દિવસ જરૂર સમજાશે. સાંભળેલું નિરર્થક જતું નથી. આત્મામાં સંસ્કાર પડે છે અને પડેલા સંસ્કાર જીવને ક્યારેક તો જાગૃત કરે જ છે. તત્ત્વાર્થ સૂત્રમાં પ્રભુ ફરમાવે છે કે ચાર અવસ્થા જીવમાં થાય છે. તેમાં ચોથા નંબરે ધારણા થાય છે. જીવ જે જુએ છે, જે સાંભળે છે, જે વાતાવરણમાં રહે છે એની નોંધણી આપણો આત્મા ધારણા રૂપે કરી લે છે. અને એ વરસો સુધી કે ભવો સુધી ધારણારૂપે રહી શકે છે. તો, વ્યાખ્યાનમાં આવો – સાંભળો, જરૂર તમારા આત્મામાં ધારણારૂપે સંસ્કાર ગર્ભિત રહેશે જે વખતે સંજોગે કોઈ સમયે તમને ઉપયોગી નીવડશે.

શ્રી ગૌતમસ્વામીએ પ્રભુને પ્રશ્ન પૂછ્યો કે "હે પ્રભુ, ગર્ભમાં રહેલ જીવ મૃત્યુ પામે તો શું નરકમાં જઈ શકે ? પ્રભુ વદ્યા, "હા ગૌતમ, જઈ શકે." "હે પ્રભુ, શા કારણે તે જીવ નરકમાં જઈ શકે ?" "ગર્ભમાં રહેલો જીવ જો યુદ્ધના ક્ષેત્રમાં હોય અથવા તેની માતા યુદ્ધના વિચારોમાં હોય, જે યુદ્ધના પરિણામ કરે, આત્મ પ્રદેશોને બહાર લઈ જઈ યુદ્ધ કરવા જાય અને તે સમયે જો આયુષ્યનો બંધ પડે તો ગર્ભનો જીવ મૃત્યુ પામીને નરકમાં જાય છે." પ્રભુના ઉત્તરે ગૌતમ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. આ વાત એ બતાવે છે કે આત્મામાં સૂક્ષ્મ ચેતના નિરંતર ચાલુ જ છે. જે જેવા વાતાવરણમાં રહે તે પ્રમાણે પરિણામોની ધારા ચાલુ જ હોય છે. વ્યાખ્યાનમાં આવવાથી મોટો લાભ થાય છે કે જીવના પરિણામ વિશુદ્ધ બને છે જેને લઈને મતિ સન્મતિ અને ગતિ સદ્ગતિ થાય છે.

સમોસરણમાંથી સૌ પોતાના ઘરની દિશા તરફ ચાલવા લાગ્યા. પ્રભુની દેશના સાંભળીને હૈયાં હર્ષઘેલાં બન્યાં હતાં. જીવન ધન્ય બન્યાનો આનંદ સર્વેના દિલમાં હતો. પ્રભુ મહાવીરની દેશનાની પાવન ગંગામાં સ્નાન કરી જયંતિબાઈ શ્રાવિકા પણ આનંદિત બની. પ્રભુની સમીપમાં જઈ પ્રભુને પ્રશ્ન કર્યો કે "હે પ્રભુ, જગતના જીવો જાગતા ભલા કે સૂતા ભલા ?" ત્યારે પ્રભુએ જણાવ્યું કે "હે જયંતિબાઈ, જીવો જાગતા પણ ભલા અને સૂતા પણ ભલા." "અરે પ્રભુ, જીવો જાગતા અને સૂતા કેવી રીતે ભલા?" ત્યારે પ્રભુએ ખુલાસો કર્યો કે "જે જીવો આરંભ સમારંભની પ્રવૃત્તિ કરવાવાળા છે તે જીવો સૂતા ભલા અને જે જીવો ત્યાગ, વૈરાગ્ય, સ્વાધ્યાય, સંવર, સામાયિક આદિ

ધર્મધ્યાન કરવાવાળા છે તે જીવો જાગતા ભલા.'' આમ પ્રભુ મહાવીરે પ્રશ્નનું સમાધાન કર્યું.

**જે જાગ્યા તે જીત્યા, જે સૂતા તે હાર્યા,**
**સૂવે છે તે સંસારી, જાગે છે તે સંયમી.**
**આપણે જ આપણી જાતને પૂછી લઈએ કે જીવ્યા છો કે જાગ્યા છો ?**
**જાગ્યા છો કે જીત્યા પણ છો ?**

આ વાતમાંથી સંદેશ એ લેવાનો છે કે ધર્મ કરે છે તે જાગતા સારા અને અધર્મ કરે છે તે ઊંઘતા સારા. કાવાદાવાના કીચડમાં ફસાયેલા જીવો, મારું-તારું કરીને પરિગ્રહમાં ગરકાવ થવાવાળા જીવો, ચાર કષાયોનું સેવન અને વિષયોનું ભરચક પાન કરવાવાળા જીવો સૂતા સારા છે. તો હું તમને પૂછું છું કે તમે જાગતા છો કે સૂતા ? મહારાજ સાહેબ, થોડા જાગતા અને થોડા સૂતેલા છીએ... સંસારનાં કાર્ય માટે તમે જાગતા છો. રાત્રે મોડે સુધી ટી.વી. આદિના કાર્યક્રમો માટે જાગો છો, કોઈ પાર્ટીમાં તમે જાગો છો, રોગ આવે ત્યારે જાગો છો, ધંધા માટે જાગતા રહો છો તો આને જાગ્યા ન કહેવાય, ઉજાગરા કહેવાય. સંસારને કેન્દ્રમાં રાખી જાગતા જીવો ઉજાગરો કરે છે. સંયમ ધર્મને કેન્દ્રમાં કરી જે જીવો જાગે છે તેને જાગરણ કહેવાય. ઉજાગરો અને જાગરણ બંનેમાં અંતર છે. એકમાં થાક લાગશે, એકમાં આરામ મળશે. એક સંસારવૃદ્ધિ કરશે, એક આત્મશુદ્ધિ કરશે. ઉજાગરો બેચેન બનાવે, જ્યારે જાગરણ પ્રફુલ્લિત બનાવશે. ઉજાગરા કરવામાં કાંઈ બાકી નથી રાખ્યું, હવે જાગરણ કરો. એટલે તો શાસ્ત્રમાં ધર્મના જાગરણને ધર્મ જાગ્રિકા કહેવામાં આવી છે. ચાલો, હવે પ્રમાદને પરિહરીને આત્મભાવમાં જાગતા રહીએ. જાગવાની વેળા આવી, હવે ક્યાં સુધી સુતા રહેવાનું ?

**જો સોવત હૈ વો ખોવત હૈ, જો જાગત હૈ વો પાવત હૈ.**

આત્મલક્ષ રાખી જે સાધના કરે છે તે જાગતા જીવો છે. જ્યારે સંસાર લક્ષે જાગતા જીવો સર્વે ઊંઘતા છે. આ માનવની જિંદગી જાગવા મળી છે ક્યાં સુધી મોહની નિંદ્રામાં જીવન વિતાવવું છે ?

વ્યાખ્યાનમાં આગળ જ બેઠેલા એક ભાઈ ઝોકાં ખાતા હતા. અચાનક પ્રવચન કરનાર સંતની નજર ઝોકાં ખાતા શ્રોતા પર પડી ગઈ. સંતે વ્યાખ્યાનમાં જ પ્રશ્ન કર્યો, ''ઓ મફતભાઈ, સૂતા છો કે જાગો છો ?'' ''ના ના સાહેબ, આંખો બંધ કરી આપનું પ્રવચન સાંભળી રહ્યો છું.'' મફતભાઈએ જવાબ આપ્યો. થોડીવાર બાદ સંતે મફતભાઈને

ફરીથી ઊંઘતા ઝડપ્યા. શું મફતભાઈ હવે તો બોલો તમે સૂતા છો કે જાગો છો ? ના ના સાહેબ, આપની વાણી સત્ય છે તેવું મસ્તક ઝુકાવીને કહી રહ્યો છું. મફતભાઈએ પ્રકાશ્યું... સંતને બે વાર આવું થયું છતાં સંત કોઈ લાંબું કર્યા વગર પ્રવચન આપવા લાગ્યા. થોડો વખત થયો અને મફતભાઈ ફરીથી ઝોકે ચડી ગયા. અને તાલ જોઈને સંત જોરથી બોલ્યા, મફત શેઠ જીવો છો કે નહીં ? "ના.. ના.. કોણે કહ્યું ?" આ વાત સાંભળતાં જ આખી સભા ખડખડાટ હસી ઊઠી ત્યારે મફતભાઈની ઊંઘ ઊડી કે કાંઈક બફાઈ ગયું લાગે છે. પ્રભુ કહે છે કે જીવોની કેવી દશા છે, જાગવાના કેન્દ્રે પણ ઊંઘ ખેંચી લે છે. ઉત્તમ અવતારને પ્રાપ્ત કરી આપણે સર્વે ધર્મક્ષેત્રે જાગતા રહીએ અને જાગીને જિનેશ્વર બનીને જ રહીએ.

પ્રભુ મહાવીરે બહુ જ મહત્ત્વનો ગુણ જીવનમાં પ્રાપ્ત કરવાનો ઉપદેશ આપ્યો છે કે હે જીવ, તું તારૂં દર્શન કર. જગત દર્શન કરે ત્યારે વાસ્તવિકતાનું ચિંતન કરજે, અને તું તારું દર્શન કરે ત્યારે સમ્યક્ ચક્ષુ વડે જોજો, સ્વયંથી સ્વયંનું દર્શન એટલે સમ્યક્ દર્શન. અને હા, સમ્યક્ દર્શન વિના જીવની દશા-દિશા સમ્યક્ બનતી નથી. અસ્તિત્વનો બોધ, અસ્તિત્વનો અનુભવ, અસ્તિત્વનો સ્વીકાર. આજે સમ્યક્દર્શનની અવસ્થા પ્રભુ જણાવે છે કે તમે જ તમારા અસ્તિત્વની શ્રદ્ધા કરો અને એક વાર આસ્થા જામી ગયા બાદ સ્વર્ગમાં ગયેલા આત્માને સ્વર્ગીય સુખ લલચાવી નહીં શકે. નરકના દુઃખ ડગાવી નહીં શકે. તિર્યંચની પરાધીનતા પીડાનું કારણ નહીં બને. પ્રત્યેક ક્ષેત્રે સમાધિ બક્ષવાનું કામ છે સમ્યક્દર્શનનું. આવું દર્શન જીવને એકવાર થઈ જાય એટલે અર્ધપુદ્ગલ પરાવર્તનમાં જીવનો મોક્ષ અવશ્ય થવાનો. વાહ.... કેવો ગજબનો લાભ ! અર્ધ પુદ્ગલ પરાવર્તન એટલે એક કરોડ રૂપિયાનું દેવું હતું, બધું દેવું ચૂકવાઈ ગયું અને હવે માત્ર એક રૂપિયાનું દેવું બાકી રહ્યું. બસ, આખોય સંસારકાળ પૂરો થયો, હવે એક રૂપિયા જેટલો કાળ બાકી રહ્યો મોક્ષમાં જવા માટે.... તેનું નામ છે અર્ધ પુદ્ગલ પરાવર્તન.

મોક્ષ તત્ત્વ છે, હતું અને રહેશે. આત્મા છે, નિત્ય છે, કર્મોનો કર્તા છે. મોક્ષ છે, મોક્ષનો માર્ગ છે, મોક્ષમાં જવાના ઉપાયો છે. આમ તત્ત્વ પ્રત્યેની તીવ્ર દઢતા જીવને એકવાર થઈ જાય તો જીવનું કામ થયા વિના ન રહે. જીવ સૃષ્ટિમાં બહું જ આશ્ચર્યની બાબત તો એ છે કે અભવી જીવોને મોક્ષ અને આત્મા ઉપર વિશ્વાસ - શ્રદ્ધા જામતી નથી. એ જીવ અનેક જીવોને આત્માનો ઉપદેશ આપે. મોક્ષમાં જવાનો માર્ગ બતાવે, ઉપદેશ આપી વૈરાગ્ય પમાડે અને અભવી જીવના અવલંબને અનેક ભવી જીવો મોક્ષ

પ્રાપ્ત કરી લે છે. પરંતુ અભવી જીવે. સંયમ સ્વીકારી સાધના પણ કરે. ઉગ્ર તપશ્ચર્યા પણ આદરે. બધું કરે. પરંતુ બધું કરવાની પાછળ એનું લક્ષ હોય છે સ્વર્ગીય સુખ મેળવવાનું. અભવી જીવ સંયમ મેળવી સકામ નિર્જરા નથી કરતા. પરંતુ ઢગલાબંધ શુભ પ્રવૃત્તિને લઈને અઢળક પુણ્ય ઉપાર્જે છે. આ પુણ્યના બળે નવ ગ્રૈવેયકના સુખોને પ્રાપ્ત કરે છે. પરંતુ જે સાધના ભવિને મોક્ષમાં લઈ જવામાં સમર્થ બને એ જ સાધના અભવી માટે માત્ર સ્વર્ગના સુખોનું જ કારણ બને છે. ભવી અને અભવીની સાધના એક, માર્ગ એક, પરંતુ શ્રદ્ધામાં અંતર. એકને સ્વર્ગમાં શ્રદ્ધા હોય, એકને મોક્ષ આત્મ તત્ત્વ પર શ્રદ્ધા હોય.

એક યુવાને મને પૂછ્યુ, મહારાજ સાહેબ, મોક્ષમાં શું છે ? મેં કહ્યું, સુખ છે. યુવાને પૂછ્યું, કેવું સુખ છે ? મેં કહ્યું, હું મોક્ષમાં જઈને અનુભવીને આવું પછી કહું.... યુવાન હસવા લાગ્યો. મેં કહ્યું, ભલા મોક્ષનું સુખ શબ્દમાં ન આવી શકે. મોક્ષસુખનો અનુભવ છે. મેં યુવાનને કહ્યું, મોક્ષ સુખ કેવું છે તે બતાવું. પરંતુ તું મને એ કહે કે ગોળ કેવો ? યુવાન કહે, 'ગળ્યો'. 'અચ્છા, ગળ્યો, પરંતુ કેટલો ગળ્યો ?' મેં પૂછ્યું. યુવાન કહે, 'ગળ્યો એટલે ગળ્યો, એમાં કેટલો ગળ્યો તે કેવી રીતે બોલાય... ?!' અચ્છા, હવે હું તને પૂછું કે ઘીનો સ્વાદ કેવો ? યુવાન વિસ્મય પામીને મારી સામે જ જોવા લાગ્યો.. બોલ ભાઈ ઘીનો સ્વાદ બોલ, મારી સામે શું જુએ છે ? બસ, યુવાન બોલી જ ન શક્યો. ઘી જડ છે અને જડનો ગુણધર્મ અનુભવવા છતાં જીભથી શબ્દમાં લાવી શકાતું નથી. તો ભલા, મોક્ષ તો ચૈતન્યનો ગુણધર્મ છે, અરૂપી છે, એવા મોક્ષતત્ત્વને શબ્દમાં કઈ રીતે લાવી શકાય ? અરે, પ્રભુએ મોક્ષને જગતના કોઈ તત્ત્વ સાથે સરખાવ્યો નથી. કારણ, 'ઉવમાનત્થિ' મોક્ષ સુખ માટે જગતમાં કોઈ ઉપમા જ નથી. ઉપમાને પેલે પાર જેનું સુખ છે, એવા મોક્ષ ઉપરની શ્રદ્ધા એ જ શ્રેષ્ઠ ઉપાય છે.

અવિશ્વાસના કેન્દ્ર પર પણ તમે કેટલો વિશ્વાસ જમાવી જીવન જીવો છો, તો જે વિશ્વાસનું કેન્દ્ર છે તેમા શંકા શા માટે ? જૈનધર્મ શ્રદ્ધા પ્રધાન ધર્મ છે, ત્યારબાદ પુરુષાર્થ પ્રધાન. તમને તમારા પરિવાર પર વિશ્વાસ છે. તમને તમારી લક્ષ્મીનો ભરોસો છે. મને તો કાંઈ જ થવાનું નથી. મોત બીજાને આવ્યું, મને વાર છે. રોગ બીજાને થયો છે, મને નહીં થાય. આવા અંધ વિશ્વાસ પર આપ જીવો છો તો **तिन्नाणं तारयाण्णं** એવા તીર્થંકરો પ્રત્યે, તેઓના જયવંતા જૈનશાસન પ્રત્યે, શાસ્ત્ર પર, સંતો પર અને તમે જે કરો છો તે સાધના પર કેટલો વિશ્વાસ ?

યાદ રાખજો,

**શ્રદ્ધા વગરની સાધના, જીવને તારતી નથી,**
**શ્રદ્ધા સહિતની સાધના, જીવને ડૂબાડતી નથી.**

કંદમૂળમાં અનંત જીવો છે, ભલે પ્રયોગમાં સિદ્ધ થાય કે નહીં, પરંતુ પ્રભુના ઉપયોગમાં સિદ્ધ થયેલ બાબત છે કે કંદમૂળમાં અનંત જીવો છે. વિજ્ઞાને હજી હમણાં જીવ સૃષ્ટિની શોધ કરી, જગતને બતાવી રહ્યું છે કે પાણીમાં જીવ છે, પૃથ્વીમાં જીવ છે, વનસ્પતિમાં જીવ છે. પરંતુ મારા મહાવીર પ્રભુએ તો ૨૫૨૬ વર્ષ પહેલાં જ બતાવ્યું છે કે છકાયમાં જીવોનું અસ્તિત્વ છે. શંકા ન કરો, શ્રદ્ધા કરો. કારણ **'शंकाअे समत्त नासइ'**. શંકા કરવાથી સમકિતનો નાશ થાય છે. જુઓ, જમાલીની દશાનો વિચાર કરો. જ્યારે ગૌતમસ્વામીની શ્રદ્ધાએ સર્વજ્ઞ બનાવ્યા હતા. બસ, તમે તમારી શંકાથી જ ડૂબો છો અને તમે તમારી શ્રદ્ધાથી જ ભવ પાર તરો છો. પસંદગી તમારા હાથમાં.

આજના ધર્મી આત્માની દશા એવી સર્જાઈ રહી છે. કોઈ માત્ર આત્માની ફિલોસોફીમાં જ ધર્મ માની ક્રિયાની ઘોર ઉપેક્ષા કરે છે. સામાયિક ત્યાગી, માત્ર ધ્યાન જ મોક્ષ પ્રાપ્તિનો ઉપાય છે, એવા એકાંતવાદ તરફ ઢળી જઈ, મહાવીરના માર્ગની શ્રદ્ધાથી ભ્રષ્ટ બની જાય છે. પ્રભુએ શાસ્ત્રમાં જણાવ્યું છે.

એકાંત વ્યવહાર ત્યાગવા યોગ્ય છે. એકાંત નિશ્ચય પણ વર્જ્ય છે. બંનેનું સમન્વય એ જ મોક્ષ માર્ગ છે. શ્રદ્ધાથી વિચલિત તે જ બને છે જેને પ્રભુના અનેકાંત દર્શનનું યથાર્થ જ્ઞાન નથી. તમામની વાત સાંભળીને જે ગમે તે સાચું તેવું વિચારવું નહીં, પરંતુ જે સાચું હોય તે ગમાડવું જોઈએ. મોક્ષમાર્ગ અનેકવાર જીવને પ્રાપ્ત થયેલ છે, પરંતુ કલ્યાણ કેમ ન થયું ? તેનું મૂળ કારણ છે, શ્રદ્ધાના ક્ષેત્રે જ આપણે ગુંચવાયા હતા. જુદી પ્રરૂપણા, જુદી-જુદી વિચારણા. અનેક પંથો, અનેક મતો, અનેક માન્યતાઓ, અનેક ક્રિયામાં ભિન્નતાઓ. ક્યાંય એકતા જણાય નહીં, કોની પર શ્રદ્ધા મૂકવી. જ્ઞાની ભગવંતોની ધર્મ માટે પરમ સત્ય વાત એ છે, જ્યાં અહિંસાનું પાલન હોય, જ્યાં સંયમનું આચરણ હોય અને તપશ્ચર્યાની જ્યોત જ્યાં જલતી હોય તેવા વિતરાગ પ્રરૂપિત ધર્મ ઉપર વિશ્વાસ મૂકવો.

શંકા-કંખાના વાદળોને વિખેરી નાખી, દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે અતૂટ શ્રદ્ધા કેળવી કલ્યાણ તરફ આગળ વધીએ તે જ મંગલ મનોકામના.....

• સંપ-મૈત્રી અને સહકાર હોય તો નાના મકાનમાં
ચૌદ સભ્યો સાથે રહી શકે
પણ.. વેર અને વ્હેમ હોય તો વિશાળ બંગલામાં
ય ચાર સભ્યોનો સમાવેશ થવો મુશ્કેલ છે.

• બીજાના દોષોનો પ્રચાર ન કરો પણ દોષોને પચાવી જાણો.
તમારા દોષો પતાવી જાણો. ગુણોને પચાવી જાણો.

• અંધકાર ખરાબ, એકાન્ત ખરાબ,
પણ સાથે અજ્ઞાન ભળે તો, મહાખરાબ.

• સંસારી ભોગ અને ભાગમાં જ જીવન સમાપ્ત કરે છે.
જ્યારે સંયમી સેવા, સ્વાધ્યાય અને સંવિભાગમાં કર્મને સમાપ્ત કરે છે.

• આપ્યા પછી ભૂલી જવું તેનું નામ દાન
આપ્યા પછી લેવાની આશા રાખે તે નાદાન.

• વાડ વગરનું ખેતર નકામું, તેમ નિયમ વગરનું જીવન નકામું.

• સાધના માર્ગે જુવાની નહિ, જોમ જોઈએ.
ખોરાક જ નહિ, ખુમારી જોઈએ.
શક્તિ જ નહિ, સત્ત્વ જોઈએ.
જોમ - ખુમારી - સત્ત્વ ત્રિવેણી ભેગી થાય તો
દુનિયાની અશક્યને દુર્લભ બાબત પર સુલભ બની જાય.

• પહેલાંના રાજાઓ પ્રજાના હૃદય સિંહાસન પર રાજ્ય કરતા હતા.
આજના પ્રધાનો દિલ્હીના સિંહાસન પર પણ
વ્યવસ્થિત રાજ્ય કરી શકતા નથી.

## ૧૭

# મદ કરે રદ

निम्ममो निरहंकारो, निस्संगो चत्तगारवो ।
समो य सव्वभूएसु, तसेसु थावरेसु य ॥

મમત્વ, અહંકાર અને આસક્તિ ભાવ તજીને,
ત્રસ ને સ્થાવર જીવો પ્રત્યે સમભાવ રાખવા લાગો.

અણમોલ અને અનુપમ માનવભવના અવસરને પ્રાપ્ત કરીને મહત્વના અને અગત્યના કાર્ય કરવાના અને નહીં કરવા જેવાં કાર્યોથી આપણી જાતને બચાવી લેવાની. દિવ્ય ભવ્ય અને હિતકર ઉપદેશ પ્રભુ મહાવીરસ્વામીએ જગત જીવોને આપ્યો છે. ઉપદેશ અનુસાર આચરણ કરનાર જીવો સ્વયં આત્મપ્રદેશને વિશુધ્ધ બનાવી સાધ્યને મેળવી શકે છે. જીવને મળેલું જીવન બહુ જ મૂલ્યવાન છે. આ જીવનમાં શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ, તેનો વિચાર સ્વયંએ સ્વયંની સાક્ષીએ કરવો જોઈએ !!

જીવનમાં સર્વે રીતે સર્વ ક્ષેત્રે કંઈક ને કંઈક પ્રસંગો-પરિસ્થિતિઓ સર્જાતી હોય છે, જે સહજ ઘટના છે. કર્મજનિત યોગ છે. અજ્ઞાનનું ફળ છે, જેનો જીવે માધ્યસ્થતાથી સ્વીકાર કરવો રહ્યો. ક્યારેક આત્માને ઉચ્ચસ્થાનોમાં જન્મ પ્રાપ્ત થયો હતો તો ક્યારેક નરકાદિ દુર્ગતિમાં પણ જન્મવું પડ્યું હતું. તો પશુયોનિની અપાર પીડામાં પીડાવું પડ્યું હતું, તો નિગોદની યાતનામાં સબડવું પડ્યું હતું. સ્વર્ગીય સુખ પણ પ્રાપ્ત થયા હતાં. આમ અનેકવાર અનેક ઊંચ-નીચ સ્થાનોમાં, ઊંચા-નીચા કુળમાં જીવને જન્મો ધારણ કરવા પડ્યાં હતા. આજે આપણે ઉચ્ચકુળમાં, જૈનશાસનમાં અને શ્રીમંતતાને વર્યા છીએ એ પુણ્યની નિશાની છે. આવા ઉચ્ચસ્થાન, કુળ અને સુવિધા વચ્ચે જીવને મદ પછાડે નહીં, અહં આળસ મરડીને બેઠો ન થાય. રૂઆબમાં ને રૂઆબમાં કર્મોના થોકડા જીવ બાંધી ન બેસે અને પુનઃ પતનની ખાણમાં પડી ન જાય, તે માટે ભગવંતે આચારાંગજી સૂત્રમાં સાધકને જાગૃત રાખવા ફરમાવ્યું છે કે

**से असइं उच्चागोए, असइं णीयागोए,**
**णो हीणो, णो अइरत्ते, णो पीहए,**

હે સાધક ! યાદ કર તારા ભૂતકાળની ભયાનક ભ્રમણાને અને ભ્રમણને. શ્રમણ બનવા છતાં ભ્રમણ નહીં અટકવાનું તું તારી કરેલી ભૂલને યાદ કરી સુધારી લે. સુધરવાના સુઅવસરે પણ કેટલી બગડેલ વૃત્તિથી જીવન પૂરાં કર્યા હતા. અરે, તીર્થંકરના સાનિધ્યમાં પણ તેં તારી ભૂલ ચાલુ જ રાખી છે. હવે વીરવાણીના માધ્યમે આત્માને સજાગ-સાવધાન કરવાની તારે જરૂર છે. જેથી ભૂતકાળની ભૂલોનું પુનરાવર્તન ન થાય.

પ્રભુ કહે છે કોઈ જ ઇચ્છા ન કરો. અને તમે ઇચ્છો કે મને ઉચ્ચ સ્થાન કે ઉચ્ચ પદ મળી જાય અને તમે એમ પણ ઇચ્છો કે મને ઉચ્ચ ગોત્ર મળી જાય તો સારું. પરંતુ પ્રભુ ફરમાવે છે કે કોઈપણ સ્થાન, પદ કે કુળમાં આત્મા જાય કે પહોંચે એથી આત્માના સ્વરૂપમાં પરિવર્તન આવતું નથી. હા, પર્યાયમાં પરિવર્તન પ્રતિક્ષણે આવે છે એ વાત તદ્દન જુદી છે. પરંતુ ઉચ્ચ કુળમાં જવાથી આત્મા મોટો થઈ જાય અને નીચ કુળમા જન્મવાથી આત્મા નાનો અને નીચો બની જાય તેવું ક્યારેય બનતું નથી. માટે પ્રભુ ફરમાવે છે કોઈ પણ ગોત્રની ઇચ્છા ન કરો અને ઇચ્છાની આદતથી મજબૂર હો તો ઇચ્છાને ભાવનામાં ટ્રાન્સફર કરી દેવાનું સાહસભર્યું શ્રેષ્ઠ કાર્ય આજથી જ ચાલુ કરી દો. ઇચ્છા અને ભાવનામાં બહુ જ અંતર છે. ઇચ્છા મોહનું સ્વરૂપ છે, ભાવના ધર્મનું સ્વરૂપ છે. માટે જ માંગલિક બાદ સર્વે બોલો છો.

**ભાવે ભાવના ભાવીએ, ભાવે દીજે દાન**

**ભાવે ધર્મ આરાધીએ; ભાવે કેવળજ્ઞાન...!**

ભાવના ભવનાશીની છે. ભાવ સ્વભાવ તરફ સહાયક છે. ઇચ્છા સ્વભાવ માટે બાધક બને છે. એટલે આ સૂત્રમાં બહુ જ મહત્વની વાત સાધક માટે દર્શાવી છે **णो पिहए** કોઈ પણ ગોત્રની ઇચ્છા ન કરે. કારણ કે ઉચ્ચ હોય કે નિચ ગોત્ર હોય, પણ બન્ને અઘાતી કર્મને આધીન છે, અને સંસારની જ વૃદ્ધિ છે, નવા જન્મની જ ઇચ્છા છે... જ્યારે સંયમ, જીવનની શુદ્ધિ માટે ભાવના છે, ઇચ્છા મોહનું સ્વરૂપ છે, જ્યારે ભાવના એ ધર્મ સ્વરૂપ છે. અણમોલ ઉત્તમ જીવનને મેળવી ઇચ્છાનો નાશ અને ભાવનાનો હૈયામાં વાસ કરાવી ધર્મક્ષેત્રે પ્રવાસ આદરવો એજ જીવન જીવવાની કલા છે.

**હોય કળા જો જીવવાની તો જિંદગી એક ફૂલ છે**

**પામે કૃપા તે સર્વની જે સ્વ માં મશગુલ છે**

**ભાખી ગયા જે ભગવંતો તેમાં જરાયે ભૂલ નથી**

**ભાવના સાકાર કર, જીવન આ અણમોલ છે.**

મનમાં થોડો સંશય રહે છે સાહેબ, ઉચ્ચ ગોત્રના તો પ્રભુએ પણ વખાણ કર્યા છે તો તેની ઇચ્છા કેમ ન કરાય ? હા, વાત વ્યાજબી લાગે છે. પરંતુ આજ સૂત્રમાં પ્રભુએ આનું સમાધાન કરાવ્યું છે. ઉચ્ચ ગોત્રની ઇચ્છા પણ ન કરો કારણ આ જીવ અસંખ્યાતી વાર ઉચ્ચ ગોત્રમાં જન્મી આવ્યો છે. અને હા, એ વાત પણ જાણવા જેવી છે કે ઇચ્છા ન હોવા છતાં આ જીવ અસંખ્યાતી વાર નીચ ગોત્રમાં જન્મ લઈ આવ્યો છે. આ ઊંચ–

નીચના ચક્કરમાં ન તો આત્મા પરમાત્મા બન્યો કે ન તો આત્માનો કોઈ રીતે ઉધ્ધાર થયો. માટે હે જીવ, તારું સ્વરૂપ સમજ. ગોત્રને પેલે પાર તારો સ્વભાવ છે. તું તો ગુણોથી શોભે છે, નહિ કે ગોત્રથી. તારુ સુખ તારા ગુણોમાં છે; નહીં કર્મોજનિત મળેલા ગોત્રમાં. ગોત્ર તો ઉદય છે અને ઉદયમાં રાજીપો, નારાજીપો એ તો નવા કર્મોને આમંત્રણ પત્રિકા છે. દેહના ગોત્ર અને કુળના ગોત્ર આત્માને વળગેલી બલા છે. અરે આ બલામાં ભલભલા ફસાઈ ગયા છે અને સ્વ સ્વરૂપને છોડી, આ બલાના બલિ બની, પ્રાપ્ત ભવને હારી ગયા છે. હવે આ ભૂલ કરવી શેં ખપે ? ના, કોઈ પણ હાલતે આ બલાની બોલબાલામાંથી વહેલી તકે બહાર નીકળી અલબેલા આત્મ સ્વરૂપને પામવું છે. ગોત્ર કલ્યાણ કરી આપતું નથી. ગુણો જ કલ્યાણમાં સહાયક બને છે. ગોત્ર વાડ બની શકે પણ વાડને જ સર્વસ્વ માનીને બેસી ન રહેવાય.

ઘણા એમ જ માને છે, અમે જૈન છીએ પણ જૈનના ગુણો લક્ષણોથી અનેક ફૂટ દૂર હોય. પછી અમે જૈન છીએ એટલા માત્રથી સફળ નથી બનાતું. તેના માટે ગોત્ર પ્રમાણે ગુણો વિકસાવવા જોઈએ. આ જગતમાં કેટલાક ઉચ્ચ કુળમાં જન્મીને નીચ કુળને પણ ન શોભે તેવા અધમ કૃત્ય કરે છે. તો કેટલાક નીચ કુળમાં જન્મીને ઉચ્ચકુળને પણ ઓળંગી જાય તેવા ઉત્તમ કાર્ય કરે છે. માટે કુળની ઇચ્છા કરતાં ગુણાદિની ઇચ્છા કરવી વધુ હિતવહ જણાય છે.

## કરશો મદ તો થાશો રદ

મદ, શબ્દ કાનો માત્ર મિંડી વિનાનો છે. પરંતુ સારાએ જગતના માનવીને નાચ નચાવે. મદ જેની સાથે લાગ્યો એટલે ત્યાં જ સફળતા રદ થવા લાગી જાય. અરે, આધ્યાત્મિક ક્ષેત્રે જ નહીં, સંસાર ક્ષેત્રે પણ ઘણું ઘણું રદ થઈ જવા પામે છે. માટે સાધકો મદથી તો દૂર રહે છે, પરંતુ મદનો પડછાયો લેવાય રાજી નથી હોતા. રાવણ પાસે એટલી શક્તિઓ હતી કે જે અન્ય પાસે મળવી મુશ્કેલ હતી. પરંતુ રાવણ થાપ ખાઈ ગયા હતા, મદના પાપે જ. જ્યારે રામ સર્વે જનોથી પૂજાયા, મદની અલિપ્તતાને કારણે યાને નમ્રતાવંત હતા.

મદ શબ્દને ઊંધેથી વાંચો તો ! દમ શબ્દ બને છે. વાહ ! કેવો ગર્ભિત સંદેશ જીવને મદ શબ્દ આપે છે . તું મને દમી દે નહીં તો હું તને, તારા સુખને, તારી ગુણ ગરીમાને દાબી દઈશ. માણસનો મદ જ માણસના સુખને રદ કરી નાંખે છે અને અનહદ દુઃખ લમણે ઝીંકી દે છે. છતાં મદનો આસ્વાદ લેતો માનવી મદના નશામાંથી છૂટવા કેમેય તૈયારી બતાવતો નથી. અરે મદ ઘવાય ત્યારે જાણે બધા પ્રાણ ઘવાય એટલો રીબાય છે. જે મદના ચક્કરમાં ફસાયો પછી એ ધરતીથી ઉપર ચાલે, છાતી કાઢીને ચાલે

અને એને એમ જ લાગ્યા કરે કે હું કંઈક છું. પરંતુ કવિએ કાવ્યમાં જણાવ્યું છે...

**ઓ ફૂલ ખીલેલા ગર્વ ન કર, તારી દશા કરમાઈ જશે**
**કરમાઈ જશે, ચીમળાઈ જશે, ચૂંથાઈ જશે...**

ગૌરવ વધારવા આવેલો માનવી, ગર્વ વધારી જીવનમાં અનેક ગણું ગુમાવે છે. એ યાદ રાખવા જેવી વાત છે કે લંકાધીશ રાવણે ય અહંકારના પનારે પડીને જીવન બરબાદ કર્યું હતું. તો બાહુબલીની કઈ દશા કરી આ અહંકારે. ''હું મારા નાના ભાઈને ના નમું'' આટલો નાનો અહંકાર અહમ્ દશાના મહામૂલ્ય લાભથી વંચિત કરી દે, ગજબ છે આ અહંકારની તાકાત... એટલે જ કહ્યું છે કે ''અહં રે અહં તું મરી, બાકી રહેશે તે હરી'' અહંની વિદાય એટલે અર્હંનુ આગમન. અહં એટલે મોહનું સ્વરૂપ. અર્હં એટલે આત્મ સ્વરૂપ. જેઓએ ખરેખર આત્માને પામવો છે, સમજવો છે, અને ઓળખવો છે તેઓએ કોઈપણ ક્ષેત્રમાં કોઈ પણ પદાર્થનો, કોઈપણ કુળનો, કોઈપણ ગોત્રાદિ પુણ્ય કે પાપથી મળેલાનો અંતરમાં મદ-અહંકાર કરવાનો ત્યાગ કરવો જોઈએ. કારણ, સંસારના ક્ષેત્રે કરેલા અહંકારનું પાપ ધર્મના ક્ષેત્રે ધોઈ શકાય છે. પરંતુ ધર્મના ક્ષેત્રે કરેલા અહંકારનાં પાપો ક્યાં જઈને ધોશો ? યાદ રાખો ! **असइं उच्च गोय ।**

અસંખ્યાતિ વાર ઉચ્ચ ગોત્ર ને નીચ ગોત્રને આત્મા પામ્યો છે. તો સંસારની એક નહીં અનેક બાબત અનેકવાર પામ્યો છે. આગમના સૂત્રને આત્મસાત્ કરી લેવું ભૂલશો નહી. વિશેષ ગૌત્ર, વિશેષ પદાર્થો કે વિશેષ ગતિ પ્રાપ્ત થવાથી, આત્મા વિશેષ બની જતો નથી. અને અવિશેષ સ્થાન ગતિ જવાથી ખરાબ થઈ નથી જતો. આત્મા તો આત્મા જ રહે છે. એ તો કર્મ વળગણ ઉદયાધીન છે. પરંતુ આત્મ સ્વભાવ ઉદયાધીન નથી. આત્માનો જ્ઞાન-દર્શન ગુણ સ્વભાવ સહજ છે. માટે વમળમાં ફસાવું નહીં. અને અહમ્ કરવો નહીં. અને વળગણમાં જ અટવાયો તો જન્મ-મરણનું ચક્ર ચાલુ જ રહેવાનું તેમાં બે મત નથી.

## જુઓ મરીચિ

સમવસરણ રચાયું છે. બારે પ્રકારની પરિષદા ઉપસ્થિત છે. પ્રભુ ઋષભદેવ દિવ્ય દેશના આપી રહ્યા છે. આ સમોસરણની શરૂઆત ભરતક્ષેત્રમાં પ્રભુ ઋષભદેવથી શરૂ થઈ. ભવ્યાત્મા સમોસરણમાં જગ ભૂલી જિનેશ્વર દેવની વાણીનું શ્રવણ કરી જાતનું સ્મરણ કરી રહે છે. સમવસરણમાં ઉપદેશને વિરામ અપાયો. પરિષદ સૌ સૌના સ્થાનેથી ગંતવ્ય સ્થાન તરફ આનંદવિભોર બની જવા લાગી. પરંતુ ભરત ચક્રવર્તીને મનમાં એક સવાલ ઊઠ્યો હતો અને એ સવાલનો જવાબ પ્રભુ પાસે મેળવવો હતો, તેથી તેઓ

અંજલિ કરીને પ્રભુને પ્રશ્ન પૂછે છે. પ્રભુ ! આપની આ સભામાં કોઈ તીર્થંકરનો આત્મા છે ? ત્યારે પ્રભુએ પ્રસન્ન ચિત્તે ઉત્તર આપ્યો કે હે ભરત, છે પણ તે આ સમોસરણમાં નહીં, પરંતુ સમોસરણના દરવાજે તમારો જ પુત્ર મરિચી આ જ ભરતક્ષેત્રના ચોવીશમાં તીર્થંકર બનવાનો છે. અરે ! ભરત ચક્રવર્તીના આનંદનો કોઈ પાર ન રહ્યો અને તરત જ સમવસરણના દરવાજે રહેલા મરિચી પાસે જઈ ભરત ચક્રવર્તી એક ત્રિદંડી મરિચીને ભાવપૂર્વક નત મસ્તકે વંદન કર્યા અને આનંદ વ્યક્ત કર્યો કે મરિચી હું તમારા આ ત્રિદંડીપણાને વંદન કરતો નથી. પરંતુ તમારો આત્મા ભાવિના ૨૪ મા તીર્થંકર બનવાનો છે માટે વંદન કરું છું....

બસ મરિચીના કર્ણપટ પર આ વાત પડી, ત્યાં તો ઔર નાચી ઉઠ્યો. વાહ ! અમારું કેટલું ઉંચું ગોત્ર ? મારા દાદા પ્રથમ તીર્થંકર, મારા પિતા પ્રથમ ચક્રવર્તી અને હું ભાવિનો તીર્થંકર. બસ પોતાના કુળ ગોત્રનો રસ રેડીને મદ કર્યો અને પરિણામે ભવોભવ પ્રભુના આત્મા માટે ઉચ્ચકુળમાં જન્મ મળવાનું રદ થઈ ગયું. આ વાત એ કહેવા માંગે છે કે મળેલાનો મદ કરશો નહી. નહિતર બીજા ભવમાં બધુંય રદ થઈ જશે.

તમે અનેક ભવમાં અનેક વાર બધું મેળવી ચૂક્યા છો. હવે આ ભવમાં જે તમે મેળવ્યું છે તે તમારા માટે નવું નથી. તે તો પુનરાવર્તન જ ચાલે છે. માટે અભિમાન ન કરો અને ઉચ્ચકુળ કે ઉંચા સાધનોની ઇચ્છા ન કરો. અને ઇચ્છા કરવી જ હોય તો કોઈ ગોત્ર જ ન જોઈએ એની ઇચ્છા કરો. કારણ આત્માને કોઈ ગોત્ર નથી અને ગોત્રનો ત્યાગ એટલે જનમવાનું સદંતર બંધ, અને જનમ લેવાનું જ બંધ થઈ જાય તો આપણે સહજ મોક્ષમાં સ્થિર થઈ જઈએ.

પંડિત કોને ગણવો ? તો આચારાંગ સૂત્ર માં જણાવ્યું છે કે ઉચ્ચ ગોત્ર મળે કે નીચ ગોત્ર મળે, રોગ કે તંદુરસ્તી, સારું કે ખરાબ, સગવડતા કે અગવડતા, સન્માન કે અપમાન આમાંનું આવું કંઈ પણ કર્મોદયે જીવનમાં આવે ત્યારે **तम्हा पांडअे** બન્ને પરિસ્થિતિમાં જે હર્ષ પણ નથી કરતા અને શોક પણ નથી કરતા તે પંડિત છે. અથવા જે પંડિત છે તે પ્રત્યેક પ્રસંગમાં ન તો આનંદિત બને ન તો ખેદીત બને. બન્નેમાં સમભાવ રાખે તે પંડિત છે. તમે તમારી જાતને જો પંડિત માનતા હો તો તપાસો. તમારી જાતને, આવા પ્રસંગોમાં સમભાવ રહે છે ? ચિત્તમાં ઉદ્‌વેગ થાય છે કે ઉપશાન્તિ ? આજનું પ્રવચન સાંભળી દૃઢ સંકલ્પ કરજો. ઊંચ-નીચ કોઈપણ બાબતની ઇચ્છાનો ત્યાગ કરીશું અને મળેલા સંયોગમાં મદનો પરિત્યાગ કરી અહંકારને હણીશું. અને તે માટે સાચા અર્થમાં પંડિત બની બધી સ્થિતિમાં સમભાવ કેળવી આત્માના સ્વભાવમાં ઠરીશુ. ચાલો, અર્હંની દશા તરફ. બીજા ભાવ અવસરે.

## ૧૮

# ભક્ત હોય વિરક્ત

दुम पत्तए पंडुयए जहा, निवडइ राइ गणाण अच्चए ।
एवं मणुयाण जीवियं, समयं गोयम ! मा पमायए ॥

જેવી રીતે રાત્રી અને દિવસોના
વીતી જવા પર વૃક્ષનાં પાંદડાં
પીળાં થઈને જાતે પડી જાય છે. આ રીતે મનુષ્યોનું જીવન છે.
હે ગૌતમ ! સમય માત્ર પણ પ્રમાદ આળસ કરીશ નહીં.

માનવ જન્મને ધારણ કરી સર્વોત્તમ સાધના કરવાની રીતો, પ્રક્રિયાઓ અને માર્ગદર્શન આગમમાં પૂરું પાડવામાં આવ્યું છે. જે માર્ગદર્શનથી જીવનું દર્શન વિશુધ્ધ બને, દર્શન પ્રગટ બને. માનવ જન્મને પ્રાપ્ત કરવાની સફળતા પુણ્યના આધાર ઉપર આપ સર્વેએ મેળવી લીધી. હવે અગત્યની બાબત છે કે માનવ જન્મમાં અજન્મા બનવાની....

અજન્મા બનવા માટે માનવ જન્મ મળેલ છે. નહિ કે પાપ ઉપાર્જન કરી જન્મો જન્મ આ સંસારચક્રને વધારવા માટે. માનવ જન્મ મળવાનું કારણ શાસ્ત્રકાર ફરમાવે છે, પ્રબળ પુણ્યોદય. પરંતુ શાસ્ત્રકાર ભાર દઈને એ વાત પણ જણાવે છે કે માનવી પુણ્યોદયે જન્મે છે; પરંતુ ગુણોના માધ્યમે મહાન બને છે. આ અવસર મોટા થઈને ફરવા માટે નહીં પરંતુ દૃષ્ટિને ફેરવી મહાન બનવા માટે મળ્યો છે. આ ઉત્તમ નર દેહને પ્રાપ્ત કરી દેહાતીત દશાને પ્રાપ્ત કરવાની છે. હાય ! આ દેહને સજાવનારા, શણગારનારા, એનો તોટો નથી. માત્ર દેહદૃષ્ટિ જ જીવનનું ધ્યેય બનાવી, ઉત્તમ નરદેહને ધરી, નારાયણ બનાવવાને બદલે નરથી પણ નીચે ઉતરી વાનર વૃત્તિ બનાવી, ઉત્તમ જીવનને અધમ બનાવી સદ્ગતિના દ્વારે તાળુ મારવાનું કાર્ય કરે છે. તેવા માનવભવને કરવાનો પણ શું ? જે ભવમાં માત્ર બાહ્યજગત ખાતર જ જીવન ખતમ કરવાનું હોય !

**દેહની અંતે ભભૂતિ થવાની,**
**જાગ્યા નહીં તો જિંદગી આમ જ જવાની,**
**તમને ખબર તો છે કે દેહની ભભૂતિ થવાની,**
**તો ભલા ! જીવને વિભૂતિ બનાવ અને જિંદગી જીવી લે**
**પછી દુનિયામાં રહેશે અમર કહાની.**

આવો, આ ભવમાં ઉજળાં કાર્યો કરી ઉજળા ઈતિહાસનું સર્જન કરી અનેકને પ્રેરણા મળે તેવું જીવન જીવી લઈએ. જો સીંગતેલના ડબ્બામાં એરંડીયું દીવેલ ભરો તો ડબ્બાની કિંમત કેટલી ? બસ માનવના ખોળીયામાં પશુવૃત્તિ જીવંત રાખી જીવીએ, તો માનવીના ભવની કિંમત કેટલી ? બસ, આજે જ જીવનને સુધારવાનો, સમજવાનો અને

બદલવાનો દૃઢ સંકલ્પ કરી જીવનને મહાન પુરુષોના પંથે જોડી દઈએ. જુઓ, માનવીના ખોળિયામાં ખુવારીના કાર્ય કરનાર અર્જુનમાળી ખૂની તરીકે પંકાયો. પરંતુ એ જ અર્જુન મહાવીરે ચીંધેલા રાહે ચાલ્યો ત્યારે અર્જુન મુનિ બની ગયા. અને માનવભવના ખોળિયાને અનેક ગુણોથી શણગારી, અલગારી બની અવ્યાબાધ સુખના સ્વામી બની ગયા.....

જુઓ અંગુલીમલ ! માનવના ખોળિયાને કલંકોથી ખરડી નાખ્યું, પાપોના કુંડમાં ઝબોળી નાંખ્યુ. અરે, અન્યની આંગળી ગળામાં હાર બનાવી, આનંદ માણનારા એ અંગુલીમલને બુધ્ધ નો ભેટો થયો અને અનેક આંગળિયો કાપનારે, પોતાના પાપનો એકરાર કરી લાગેલા પાપના દાગ ધોઈ નાખ્યા ને બુધ્ધનો શિષ્ય બની પંકાઈ ગયો. જુઓ પરદેશી, જુઓ શ્રેણિક, જુઓ અર્જુન, જુઓ રોહિણયો. અરે આવા એક નહીં અનેક પાત્રોના જીવન આગમનાં પાનાં પર અંકિત થયા છે, કે જેઓએ માનવીના મનખાને પાપો અને અપરાધોના દુર્ગુણોની બદબૂથી ભરી દીધા. અને સંત પુરુષોનો યોગ મળતા, જીવનને ટર્નિંગ પોઈન્ટ મળતાં જ, સજ્જન બન્યા છે, તો કોઈ સંત બન્યા છે, કોઈ મહંતની કોટિને પામ્યા છે.

બસ, આજે આપણને પણ માનવનું કિંમતી ખોળિયું સંપ્રાપ્ત થયેલ છે. બોલો, આ ખોળિયામાં રહીને ખુવારી કરી રહ્યા છીએ કે ખુબિઓથી જીવન હર્યું ભર્યું બનાવી મહાનતાના માર્ગે આગળ વધી રહ્યા છીએ. માત્ર પૈસા ભેગા કરવામાં જ આ ખોળિયાને કામે લગાડ્યું છે કે પછી પરમેશ્વરની સેવા સ્મરણમાં પણ લગાડ્યું છે. મોહમાયાના ક્ષેત્રે દેહને કાર્યરત કર્યું છે કે મોક્ષસુખ પાછળ પણ દેહનો ઉપયોગ કરી રહ્યા છીએ. પૂછી લો તમે જ તમારા આત્માને, આ કાયા દ્વારા માયા વૃધ્ધિવંત બની છે કે આત્માની શુધ્ધિમાં વૃધ્ધિ થઈ રહી છે. હાય ! આવ્યા હતા આ ભવમાં ભગવાન બનવા, ત્યાગી બનવા, જ્ઞાની બનવા, સંત બનવા, સજ્જન બનવા અને બની બેઠા કંઈ જુદું જ. કોઈ સત્તાવાન બન્યા, કોઈ શ્રીમંત બન્યા, કોઈ પુણ્યના બળે ડોક્ટર – વકીલ – એન્જિનિયર વિગેરે... વિગેરે... ઘણું બની ગયા. પણ માનવીના ખોળિયે માનવ બનવાનું સજ્જન બનવાનું અને સાચા સંત બનવાનું ભૂલી ગયા ખરું ને ? આવો, જીવન મળ્યા પછી જીવનને કેવું બનાવવું જોઈએ તેનો માર્ગ આજે હું તમને બતાવું છું.

**ભગવાનના ભક્ત બનો,**

જીવનમાં ધર્મક્ષેત્રે પ્રવેશતા સૌ પ્રથમ બનવાનું છે ભગવાનના ભક્ત. ભક્ત બન્યા વિના ધર્મક્ષેત્રે કોઈ ક્યારેય સફળ બન્યું નથી. ભક્ત હૃદયવાળાને સૌથી મોટી સફળતા જો કોઈ મળતી હોય તો તે છે તેના અહંકારના ચૂરેચૂરા થઈ જાય છે. અહમ્

ઓગળી જાય છે. સમર્પણ સહજ બને છે. હૃદય ભક્તનું બને ત્યારે ધર્મની શુભ શરૂઆત થાય છે. ભક્ત બન્યા વિના જેઓ પંડિત બન્યા છે, ભક્ત ગુણનો વિકાસ કર્યા વિના જેઓ સમાજક્ષેત્રે આગળ વધ્યા છે અને ભક્તપણું પ્રાપ્ત કર્યા વિના જેઓ જૈનશાસનના કાર્ય કરવા લાગી ગયા છે, તેઓને પ્રાયઃ અહંકારનો અજગર ગળી જાય છે. બસ પછી એ ભલે પોતાની જાતને સેવા કરીને સેવક માને. ભલેને તે દાન કરીને સમાજમાં દાનેશ્વરી તરીકે પંકાય. અરે શ્રાવક સાધના વ્રત પણ કેમ ન સ્વીકારે, પરંતુ અંતે ભક્ત હૃદય વિના તે તમામ તેના માટે અહંકારનું કેન્દ્ર બની જાય છે. ભક્તિની શક્તિ અમાપ અને અસીમ છે. માટે જ કહેવામાં આવ્યું છે,

**ભક્તિ ભવસિંધુ તરાતી હૈ, ભક્તિ ભવતાપ મીટાતી હૈ,**
**ભગવાન ભક્તમેં ફરક નહિ, ભક્તિ ભગવાન બના દેતી હૈ.**

અહંકારને ઓગાળી નાખવા માટે ભક્ત બની ભગવાનની ભક્તિમાં જાતને ઓગાળી નાખવાની અને ગુરુની સેવા કરી, જાતને અર્પણ કરી, અપેક્ષાની ધાર બુઠ્ઠી કરી અવિરત ભક્તિભાવથી ભાવિત બનવાનું ક્યારેય ભૂલવું ન જોઈએ. આજે થોડું જ્ઞાન મળી ગયા બાદ જીવ હાથમાં ન રહે. થોડું ગણું સન્માન પ્રાપ્ત થઈ જાય પછી જાતને કાબુમાં રાખવાને બદલે બેફામ બની વર્તવા લાગે. હાય ! જીવને ત્યાં સુધી ભાન ભૂલાવી દે કે આ ધર્મક્ષેત્ર છે. અત્રે આ ન બોલાય. અત્રે આ વૃત્તિ-પ્રવૃત્તિ ન કરાય. અરે, સાધુ - સંત સાથેના વ્યવહારમાંય અહંકાર ડોકાયું કરે, છતાં આ જીવ બેભાન બની અહમ્‌ના નશામા બધું જ વિસરી જાય. એટલે જ મારે કહેવું છે. બધું બનતા પહેલા ભક્તિ સભર હૃદય બનાવજો. ભક્ત હૃદયવંત બને, તેને ભગવાન પ્રાણ પ્યારા લાગે. ગુરુમાં ગુરુના દર્શન થાય. જગતમાં ભક્તનું મન મોહે નહીં. હું અને પ્રભુ તું, બાકી બધુ ભક્ત માટે પરાયું હોય છે. સરિતા સાગરને ભેટે છે, ત્યારે કેવી આનંદવિભોર હોય છે. બસ, ભગવાનની ભક્તિ કરવા બેસે ત્યારે ભગવાનમાં ભળી જવાનો વિશેષ અનેરો આનંદ ભક્ત હૃદયને હોય છે. આજે ભગવાનનું નામ લેનારા મળે છે પણ ભક્તહૃદય બની ભગવાનમાં ભળવાવાળા ભક્તો મળતા નથી. કારણ આજે માણસને જ્ઞાની-પંડિત-વક્તા - કવિ - ગુરુ આવું બધું બનવું પસંદ છે, પણ ભક્ત બનવું પ્રાયઃ ઓછું પસંદ છે.

જુઓ ભક્તહૃદય બનેલા ગણધર ગુરુરાજ ગૌતમસ્વામીને. કેવી ગજબની ભક્તિ હતી. કેટલી ગજબની સમર્પિતતા. હા, અહંકારના નાશ માટે સર્વ શ્રેષ્ઠ રસ્તો છે મહાપુરુષોને તન-મન-વચન સમર્પિત કરી દેવાનો. અને જે સમર્પિત બનવામાં સફળ,

તે પ્રભુનો ભક્ત બનવામાં સો ટકા સફળ. તેમાં લેશ શંકાને સ્થાન નથી.

જુઓ રામ પ્રત્યે હનુમાનનું કેવું અજબ – ગજબનું સમર્પણ. વનમાં ક્યાંય દૂર નીકળી ગયા બાદ રામે હનુમાનજીને કહ્યું, ''હનુમાનજી હવે એમ કરો આપણે ઘણા દૂર નીકળી આવ્યા છીએ. અહીંયાં તમોને મન પસંદ પડે ત્યાં એક ઝૂંપડી બનાવી દો, જેથી આપણે આરામ કરી શકીએ. આ વાત સાંભળતાં જ રામ ભક્ત હનુમાનજી બાજુમાં એક ટેકરી પર ચડીને નાના બાળકની જેમ રડવા લાગ્યા. રામ સીતા તો હનુમાનને રડતા જોતાં જ રહી ગયા. આ શું ? સીતાજી, હનુમાનજીને મનાવવા ગયા..... ભક્ત હનુમાનજી, આપ આમ કેમ રડવા બેઠા ? આપ તો શક્તિ અને ભક્તિ સંપન્ન છો. રામની આજ્ઞા તો સાવ મામૂલી છે, અને ઝૂંપડી બનાવવામાં તમને શું મુશ્કેલી લાગી કે આપ રડવા લાગ્યા છો ? અરે સીતાજી, રામે મને ઝૂંપડી બનાવવાની આજ્ઞા આપી હોત તો એક નહીં આખા વનને ઝૂંપડીમાં ફેરવી નાખું એટલી શક્તિ મારામાં રામની કૃપાએ છે. પરંતુ રામે મને આજ્ઞા કરી કે તમોને મનપસંદ પડે ત્યાં ઝૂંપડી બનાવી દો તો સીતાજી હું આ જન્મમાં નહી પરંતુ જન્મોજન્મમાં પણ ક્યારેય નહીં બનાવી શકું. કારણ મારી પાસે મન જ નથી, તો પસંદ મારી ક્યાંથી હોય? મેં મારું મન તો પ્રભુ રામના ચરણે સમર્પણ કરી દીધું છે. હવે સીતાજી, આપ જ કહો, હું ઝૂંપડી બનાવી શકવા સમર્થ છું? સીતાજી હનુમાનજીની ભક્તિભરી ખુમારીવંત વાત સાંભળી મૌન થઈ ગયા.....

**હર આંખ યહાં યું તો બહુત રોતી હૈ,**
**હરબુંદ મગર મોતી નહીં બનતા હૈ,**
**જો દેખકે રો દે ભગવાન કી યાદ મેં,**
**ઉસ આંખ સે આંસુ ગીરે વો મોતી હૈ.**

ભક્ત ! ક્યારેય રોતો ન હોય અને રડે તો માત્ર પ્રભુના વિરહમાં રડે, તેવા ભક્તને ભગવાન પણ દિલ દઈ ચાહે છે.

ભગવાનના ભક્ત બન્યા વિના ભવસાગર તરવાનું સામર્થ્ય પ્રગટ થતું નથી. શક્તિના માલિક ઘણીવાર બન્યા છીએ. આ ભવમાં ભક્તિવંતા બનવાનું ભૂલશો નહીં. જુઓ તો, ગોશાલક શક્તિઓ અને લબ્ધિઓના ભંડારી હોવા છતાં કલ્યાણ કરવામાં નિષ્ફળ બન્યા. કારણ, ભગવંત પ્રત્યેની ભક્તિનો અભાવ. માનવીના ખોળિયે શક્તિના સ્વામી બન્યા. હવે ભક્તિવંતા બનો, નહીંતર બધુ કરેલું પાણી ભેગુ થશે. શક્તિશાળીઓ માનવ જન્મ ધરીને અનેકના પ્રાણો લેવામાં શૂરવીર બન્યા છે. જ્યારે ભક્તિવંત હૃદયવાળા

પુણ્યાત્માઓ સમય આવે પ્રાણોનું બલિદાન કરતાં અચકાયા નથી. જુઓ ને ગોશાલકની શક્તિ સામે સુનક્ષત્રમુનિ અને સર્વાનુભૂતિ મુનિવરોના ભક્તિવંતા હૃદયે પ્રાણની આહુતિ આપી, ઉજળો ઈતિહાસ અંકિત કરીને ગયા. બહું જ અગત્યની બાબત છે, આ ભવે ભગવાનના ભક્ત બનીને જીવન વિતાવવું. ભક્તહૃદયવાળાને દુઃખ આવે તો પણ ભગવાન તરફથી મળેલી ભેટ ગણી હસતા મુખે સહી લેવા તૈયાર હોય છે.

ભક્તિમાં અલૌકિક શક્તિઓ પ્રાપ્ત થાય છે. જે જગત માટે આશ્ચર્ય અને ચમત્કારનું કારણ બને છે. ખ્યાલ હશે તમોને કે માનતુંગાચાર્યની જ્યારે કસોટી કરવામાં આવી અને અડતાલીસ તાળા લગાવી દેવામાં આવ્યા, ત્યારે માનતુંગાચાર્યે ઋષભદેવની ખરા અંતઃકરણથી સ્તુતિ કરી. એક-એક શ્લોક રચાતો ગયો ને તાળા તૂટતાં ગયાં અને સર્વેને બતાવી આપ્યું કે જૈનધર્મ કંઈ કમ નથી. બસ, ભક્તિ વ્યક્તિને ભગવાન તુલ્ય બનાવવામાં સહાયક છે. આજે વિજ્ઞાને શક્તિના પ્રદર્શનો કર્યા છે. જેમાં આખું વિશ્વ અંજાઇ ગયું છે. શક્તિ પાછળ આંધળી દોટ લગાવીને ન કલ્પી શકાય તેવી શોધ કરી વિશ્વને આશ્ચર્ય મુગ્ધ બનાવ્યું છે. પરંતુ શક્તિ માત્રથી વિશ્વ સુખ કે શાન્તિને પ્રાપ્ત કરી શકશે તે માત્ર વિજ્ઞાન જગતની કલ્પના છે. પરંતુ જ્ઞાનીનું વિજ્ઞાન તદ્દન અલૌકિક અને અદ્‌ભુત છે. જેમાં ભક્તિ વડે જ આખું વિશ્વ સુખને પ્રાપ્ત કરી શકે તેવી ચેલેંજ કરે છે. ભક્ત હૃદયવાળો અગવડતા વચ્ચે આનંદમાં રહી શકે. સંગ વચ્ચે પણ મસ્તીથી જીવી શકે. મુશ્કેલી વચ્ચે મુશ્કરાટ સાથે મ્હાલી શકે. અરે, જીવનમાં આવતી તમામ પરિસ્થિતિને હસતા મુખે સહી લેવાનું સામર્થ્ય ભક્તિમાંથી જન્મે છે.

જુઓને, ભગત નરસિંહ મહેતાને સમાચાર મળ્યા કે તમારી ધર્મપત્ની દેવલોક થયા છે. ત્યારે કૃષ્ણ ભજનમાં મગ્ન નરસિંહ બોલી ઊઠ્યા હતા ''ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાળ'' શું આ બોલવું ખાવાના ખેલ છે. પત્ની કરતાંય પરમેશ્વર પ્રત્યે જેને વધુ પ્રેમ હતો. માટે જ દુઃખદ સંજોગોમાં પણ દુઃખી ન બન્યાં. આ છે ભક્તહૃદયની પરમ સીમા. તો મીરાને શું હતું ? ક્યાં સુખ હતું ? અનેક સમસ્યામાં દોરાયેલી મીરાને જ્યારે ઝેરનો કટોરો પીવાનો સંજોગ આવ્યો, ત્યારે તે ક્યાં ડરી હતી ? ક્યાં નિરાશ બની હતી ? એ તો કૃષ્ણ ભગવંતની ભક્તિમાં મશગૂલ હતી, મગ્ન હતી, ગટગટાવી ગઈ ઝેરના કટોરાને અને બની ગયું ઝેર અમૃત. શું ભક્તિનો ચમત્કાર કાંઈ જેવો તેવો છે ?

**જેની સાથે ભગવાન હોય, જેની સાથે ગુરુ ભગવાન હોય.**
**જીવનમાં સત્ય ધર્મ મળ્યો હોય, પછી એના જીવનમાં વળી દુઃખ શું હોય ?**

માના ખોળામાં બેઠા પછી બાળકને વળી ભય શેનો ? વિકલ્પ વળી શાના ? બસ, જે પરમાત્માના ચરણોમાં સમર્પિત બની ભક્ત બન્યો હોય એને વળી ડર શાનો હોય ? વિકલ્પોનાં તોફાનો તેને વળી શું સતાવવાનાં ! એ તો મસ્ત બની ભગવાનની ધૂનમાં લયલીન હોય. કરોડોની સંપત્તિમાં જે આનંદ કરોડોપતિને ન આવે, આખા રાજ્યના સિંહાસન પર બેસીને જે મજા રાજા ભોગવી ન શકે તેના કરતાં હજારો ગણી મસ્તી, આનંદ ભગવાનનો ભક્ત ભોગવતો હોય છે. એ વાત યાદ રાખજો કે ભક્ત બન્યા વિના ભગવાન બનવું મુશ્કેલ છે.

મહાવીરસ્વામી, મહાવીર કેવી રીતે બન્યા ? શરૂઆત ક્યાંથી કરી ? તો જુઓ એમનો પૂર્વભવ તો ખ્યાલ આવશે કે મહાવીરસ્વામી કેવી રીતે બની શક્યા ? નયસારના ભવમાં જંગલમાં લાકડાં કાપવા ગયા હતા અને નિયમ હતો અન્યને જમાડી પછી જ જમવું. આવી ભક્તિ જેના હૈયામાં હિલોળા લઈ રહી હતી. આજે કોઈ આવ્યું ન હતું. કોને જમાડું ? એ પ્રશ્ન હતો. એવામાં જૈન સંત વિહારમાં ભૂલા પડી અત્રે આવી ચડ્યા. ત્યાં નયસાર, સંતને જોઈ રાજીના રેડ બન્યા અને મન મૂકીને ભક્તિ કરી, અને પરિણામે સંતે ઉપદેશાદિ આપ્યો, અને સમકિતરત્ન પ્રાપ્ત કર્યું. બસ, યાત્રા થઈ ચાલું અને ૨૭મા ભવમાં બન્યા મહાવીરસ્વામી. ઋષભદેવે પણ પૂર્વભવમાં સંતોની અપરમ ભક્ત બની ભક્તિ કરી. સમકિત પ્રાપ્ત કરી ૧૩મા ભવમાં ઋષભદેવ બન્યા. અને જુઓ ભક્તિમાં ભાવવિભોર બની જનાર જીવ તીર્થંકર નામ ગોત્ર ઉપાર્જન કરી તીર્થ સ્થાપક બને છે. હાય ! આજે શક્તિ વધારવા, પોતાની સત્તા જમાવવા અને સંપત્તિથી ભંડાર ભરવાના આજના માનવીને જેટલા અભરખા છે એટલા ભક્તિથી ભરપૂર બનવાના નથી. જેને લઈને ભક્ત હૃદયથી વંચિત બની માનવ જીવનને ભોગવિલાસના રસ્તે વેડફી નાખવાની મિથ્યા વૃત્તિ પ્રવૃત્તિનો ભોગ બન્યો છે.

શ્રેણિક ભગવાનના સાચા ભક્ત બન્યા હતા જેથી મહાદુઃખ વચ્ચે પણ સમતા-ભાવમાં મસ્ત હતા. જે આપણા ભાવિના ભગવાન બનવાના છે. માનવભવને મેળવી તમારાથી કાંઈ જ ન બની શકાય તો કમસે કમ ભક્તહૃદયના સ્વામી બનજો. ભવ તરી જવાશે. અને અંતમાં ભક્ત હૃદયવાળાને ભગવાનમાં દોષ દેખાય નહીં અને ભગવાનના ગુણો દેખાયા વિના રહે નહીં. જ્યારે ભક્તહૃદયથી વંચિત જીવને ભગવાનમાં ગુણ દેખાય નહીં. જોઈ લો ગોશાલક અને ગૌતમ ગણધર ગુરુને. બસ ત્યારે આ ભવમાં બહુ જ અગત્યનું અને મહત્વનું કાર્ય છે. ભગવાનના ભક્ત બની જીવન જીવવાનું ચાલુ કરો. ભક્ત અવસ્થા જરૂર ભગવાન અવસ્થા અપાવશે બાકીના ભાવ અવસરે....

• ભૂખ્યા તન કરતાં ભૂખ્યાં મન વધુ હોનારત સર્જે છે.

• નિર્માણ કરવાનું કામ કર્મના હાથમાં
નિર્વાણ પામવાનું આત્માના હાથમાં
શું કરવું છે તે નિર્ણય તમારા હાથમાં.

• લોભનો ગવેષી દુઃખી થાય છે, આત્મા લાભનો ગવેષી સુખી થાય છે.

• પહેલાં માણસ લાગણીથી દૂર-સુદૂર ખબર કાઢવા જતો હતો.
આજે માણસ માણસની ખબર કાઢવા જાય છે, પણ વ્યવહારમાત્રથી.

• રૂપિયા બનાવવા માટે બજારમાં જવું પડે.
રૂપ બનાવવા બ્યુટી પાર્લરમાં જવું પડે
પણ ધર્મસ્વરૂપને પામવા માટે ઉપાશ્રયમાં જવું પડે છે.

• રૂપ અને રૂપિયા તો ઘેર બેઠાં પણ મળી જાય જો જીવનો પુણ્યોદય હોય તો, પણ ધર્મપ્રાપ્તિ માટે તો અથાગ પુરુષાર્થ આદરવો પડે છે.

• સુખ સંતોષમાં તો દુઃખ અતૃપ્તિમાં. ગમે તેટલું હશે પણ તૃપ્તિ થવાની નથી.

• ઈચ્છાઓ પર બ્રેક મારવી તેનું નામ સંતોષ.

• ઉદરથી શરૂ થતા સંબંધો કબરમાં જતા પૂરા થઈ જાય છે.
સંબંધો પાછળ પાગલ બનવા જેવું નથી.

• ત્રણ પ્રકારના સંબંધો
પહેલો સંબંધ સ્વાર્થનો, બીજો સંબંધ નિઃસ્વાર્થનો,
ત્રીજો સંબંધ પરમાર્થનો બોલો ! આપનો નંબર શેમાં છે ?

૧૯

# પરમાર્થ દૃષ્ટા

जे अणण्णदंसी से अणण्णारामे,
जे अणण्णारामे से अणण्णदंसी ।

**જે પરમાર્થ દૃષ્ટા છે. તે મોક્ષમાર્ગમાં રમણતા કરે છે, અને જે મોક્ષમાર્ગમાં રમણતા કરે છે તેજ પરમાર્થ દૃષ્ટા છે.**

માનવ જીવનમાં મળેલી ભરપૂર શક્તિનો સદ્ઉપયોગ કઇ રીતે કરવો જોઈએ, ઇન્દ્રિયોને કયા રાહે જોડવી જોઈએ, મનની અમાપ શક્તિને કયા રસ્તે લગાડવી જોઈએ તેનો સચોટ અને શાશ્વત માર્ગ આગમમાં દર્શાવ્યો છે. શક્તિના કાળમાં ભક્તિ કરવી, શક્તિના કાળમાં સેવાનું સર્વોચ્ચ કાર્ય કરવું, શક્તિના યોગમાં સાધના કરી લેવી તેજ આત્મા માટે હિતાવહ છે. ઉત્તરાધ્યયન સૂત્રના દસમા અધ્યયનમાં પ્રભુ જગતના જીવને ચેતવે છે કે જીવાત્મા જાગો 'सेबलेय हायइ' પ્રાપ્ત થયેલી પ્રાણશક્તિ પ્રતિક્ષણ ક્ષય થઇ રહી છે. અને એમાં પણ આયુષ્યની શક્તિ ખલાસ થઇ એટલે બધી શક્તિઓ ના ફ્યુઝ ઊડી ગયા. તો સમજી રાખજો કે પરલોક ભયાનક અને બિહામણો બની જશે. પછી પુનઃ આ શક્તિઓના સ્વામી બનવું બહુ જ દુર્લભ બની જશે. માટે જ જ્ઞાની ભગવંતની વાત પર શ્રધ્ધા રાખી ધર્મ માર્ગે શક્તિઓને જોડવી જોઈએ. માનવ ભવમાં મળેલી શક્તિનો ક્ષય થાય એ પહેલાં આત્માના અક્ષય સુખને પ્રાપ્ત કરવામાં લગાવી દો.

આંખની શક્તિને સંત દર્શનમાં, કાનની શક્તિ ને જિન વચન શ્રવણમાં, જીભની શક્તિને પ્રભુ ગુણ કીર્તનમાં, દેહની શક્તિને – સેવા – સાધનામાં અને મનની શક્તિને શુભ ભાવનામાં લગાવી દો. આમ શક્તિનો ઉપયોગ સમ્યક્ બને તો આત્મા અક્ષય શક્તિને પ્રાપ્ત કરવામાં સફળ બની શકે. સાવધાન ! પ્રમાદમાં ન રહેશો. તમોને થશે મારી શક્તિ તો ખાલી થાય એવી નથી, તેવી ભ્રમણામાં ન રહેશો. કઇ ઘડીએ કઈ શક્તિ ખલાસ થઈ જશે, તે ખબર પણ નહીં પડે. અને હા ! એ વાત ક્યારેય ભૂલશો નહીં, કે મળેલી શક્તિઓ પર અહંકાર તો ક્યારેય કરશો જ નહીં. તન – મનની શક્તિ પર અહંકાર કરીને આત્મા જ આત્માનું ભાવિ ધૂંધળુ કરી નાખે છે.

**समयं गोयम मा पमाओ :-**

પ્રભુ બીજુ સૂત્ર બતાવે છે. અમૂલ્ય શક્તિઓ ખૂટતાં વાર નહીં લાગે. એ જેટલું સત્ય છે એટલું જ સત્ય છે કે કિંમતી સમય હાથમાંથી સરકી ગયા બાદ પૂનઃ આવશે નહીં. સમયની મહામૂડીનો ઉપયોગ કરવો એજ શ્રેષ્ઠ ઉપાય છે. સમયને ઓળખે તે પંડિત. સમયયજ્ઞ બનવું એ જ જ્ઞાની જનોનું લક્ષણ છે. શક્તિ તો કોઇને વધુ કોઈને

ઓછી પ્રાપ્ત થાય છે. પરંતુ સમય તો પ્રત્યેક જીવને સમાન મળે છે. શ્રીમંતને પચ્ચીસ કલાક મળે અને ગરીબ ને ચોવીસ કલાક મળે, તેવું ક્યારેય બનતું નથી. સમય નિર્ભેદ છે. માત્ર આપણે જ આ સમયનો સદ્ઉપયોગ કરીને અભેદતાને પ્રાપ્ત કરવાની સાધના કરવાની છે. જો અભેદતાનો અનુભવ થયો એટલે સમય સફળ થયો સમજવો.

શક્તિ આ જીવને પહેલીવાર જ નથી મળી. પરંતુ અનંતા ભવમાં, અનંતી વાર શક્તિના આપણે સ્વામી બન્યા હતા. તનની શક્તિ એવી મળી હતી કે એ તનના માધ્યમે ધાર્યાં કાર્યો કર્યાં હતાં. દેવ ભવના શરીરની શક્તિ કેવી ગજબની હતી. આંખના પલકારામાં અનેક રૂપો સર્જન કરી, એક ચપટી વાગે એટલા સમયમાં તો સૃષ્ટિમાં અનેક ચક્કર મારીને પાછા આવી જાય. આવી શક્તિનો માલિક મારો અને તમારો આત્મા બનીને આવ્યો છતાં, ક્યાં કલ્યાણ થયું છે આપણું ? તો સમય પણ અનંતા ભવમાં અનંતી વાર પ્રાપ્ત થયો છે. હજારો વરસનાં આયુષ્યો આ આત્માને મળ્યાં હતાં. પૂર બહાર સમય પ્રાપ્ત થયો હતો. પરંતુ એ સમયનો સદ્ઉપયોગ કરવાની કળા હાથમાં ન આવતાં, સમય હાથમાંથી સરકી ગયો. હવે, આ ભવમાં કિંમતી સમય પ્રાપ્ત થયેલ છે. રખે, સંસારના કાવાદાવામાં, સંસાર સુખના વમળમાં ફસાતા નહીં. આત્માને પામવાનો બહુ જ સુંદર યોગ પ્રાપ્ત થયો છે. પહેલો યોગ ભરપૂર શક્તિ અને બીજો યોગ છે સુંદર સમય, સમય અને શક્તિનો તાલ મળે અને સાધના માર્ગે જોડાય તો સમય, સ્વ સમયમાં સ્થિર બનાવે અને શક્તિઓ અક્ષયના સ્વામી બનાવે.

**ताव धम्मं समायरे....**

આ ત્રીજુ સૂત્ર જણાવે છે. હાથમાં છે ઈન્દ્રિય શક્તિ, તન – મન – વચન ની શક્તિ અને મૂલ્યવંતો સોનેરી સમય. ત્યાં સુધી જિનેશ્વર ભગવંત પ્રરૂપિત ધર્મથી આરાધના કરી લો. ધર્મને પામી લો. ધર્મને સમજી લો. ધર્મને રગે રગમાં વાણી લો. શક્તિ દ્વારા આરાધના અને સમય દ્વારા ગુર્વાદિકની ભાવ મુક્ત ઉપાસના. બસ, આ બે કામ જ આ માનવ જન્મમાં અગત્યનાં અને મહત્વનાં છે. અફસોસ ! માનવ જન્મ પામી, શક્તિઓને વેડફવામાં, શક્તિઓને વાપરવામાં અને શક્તિઓના પ્રદર્શનમાં જ ખર્ચી રહ્યો છે. ટી.વી., વિડીયો, કલબોમાં સમય વેડફયો છે. તો હરવા ફરવાની પાછળ આ સમયને ખર્ચી નાખ્યો છે. ધર્મ આરાધવાની ગુરુદેવ તરફથી પ્રેરણા મળતાં, ભાઇ સાહેબ જણાવી દે છે ''નો ટાઈમ''. વાહ ! કર્મ બંધન માં, ઈન્દ્રિયોના વિષય પોષણમાં, હરવા ફરવામાં બધે ટાઇમ જ ટાઈમ છે. મહત્વની બાબત એ છે કે માનવીને જ્યાં રસ છે ત્યાં સમય છે.

**સમય નથી સારો, સમય નથી ખરાબ**

**સમય તો સંગેમરમર છે**

**કંઈક શીલ્પ કંડાળી દો, બધું જ તારી અંદર છે.**

ધર્મના માર્ગે સમય કાઢો.... ધર્મના માર્ગે શક્તિને કામે લગાડો. આ વાત તમારા કર્ણપટ પર અનેક વાર સાંભળવામાં આવી હશે ખરું ને ? પરંતુ તમારી સામે સવાલ હજુ કરું છું કે ધર્મ કોને કહેવાય ? ધર્મ કેવો છે ? ધર્મ શા માટે કરવો જોઈએ ? ધર્મનું સ્વરૂપ કેવું છે ? આ સવાલો તમારા અંતર આત્માને જગાડનારા છે. ધર્મને જાણ્યા વિના - સમજ્યા વિના કર્યે જઇશું તો ધર્મક્ષેત્રે, ધર્મના અનુષ્ઠાન માધ્યમે જે પરિણામ જીવનમાં મળવા જોઈએ તે નહીં મળે. ધર્મના રહસ્યને અને યથાર્થતાને પ્રાપ્ત કરવી એ સૌ પ્રથમ કર્તવ્ય ધર્મ કરનાર સાધકોનું છે.

જો વેપારનું જ્ઞાન ન હોય અને વેપાર કરવા લાગી જાય તો સફળતા મળે કે નિષ્ફળતા?

ઝવેરાતની જાણકારી વિના ઝવેરાતનો ધંધો કરવા લાગી જાય તો નુકશાન થાય કે નફો ?

ખેતીના કામમાં ગતાગમ હોય નહીં ને ખેતી કરવા લાગી જાય તો સીઝન પૂરી થયે ઘાસ જ હાથમાં આવે ને ? બસ...

ધર્મનું જ્ઞાન નથી, ધર્મની જાણકારી નથી, ધર્મમાં ગતાગમ નથી.

અને ઓઘે - ઓઘે ધર્મ કર્યે જનારને, શું તેનો ધર્મ તેના આત્માને સંસાર-સાગરથી તારશે ખરો ? આત્મસમાધિ પ્રાપ્ત કરાવે ખરો ? માત્ર ધર્મની ક્રિયાના માધ્યમે સમાજમાં ધર્મિષ્ઠની છાપ પાડી શકે. પણ ધર્મથી યોજનો દૂર રહે છે. અને પછી ધર્મ કરવા છતાં શાન્તિ ન પ્રાપ્ત થાય, એટલે ધર્મ બરાબર નથી અને ધર્મ કરવાથી ફાયદો જણાતો નથી તેવું વિચારે છે, **ધર્મની જાણકારી વિના અને ધર્મના સ્વરૂપને સમજ્યા વિના, બની બેઠેલા ધર્મીઓએ, આ જૈન શાસનનું જેટલું અહિત કર્યું છે એટલું ધર્મ નહીં કરનારાએ કર્યું નથી.** ધર્મના નામે પોતાના માનના પોષણ સિવાય તેઓએ કાંઇ જ કર્યું નથી. શાસનના નામે પોતાનાં કામ કઢાવી લેવાની હલકટ વૃત્તિના ભોગ બની, નર્યો દંભ જ કર્યો છે. અને આત્માને ધર્મના કેન્દ્રે પણ, આત્માએ ધર્મના નામે અહંને જ પોષવાનું અધમ કાર્ય કર્યું છે, ઈર્ષા અને અદેખાઈના પાપે ધર્મ પણ એના માટે કર્મ બંધના જ કારણ રૂપ બન્યો...

સવાલ મોટો એ છે કે ધર્મનું સ્વરૂપ શું છે ? ધર્મ એટલે શું ? અનુષ્ઠાનમાં ધર્મ છે?

દાન કરીએ એટલે ધર્મ થઇ ગયો ? તપશ્ચર્યા કરી લઈએ એટલે ધર્મ પ્રાપ્ત થઇ ગયો? પહેલાં ધર્મ ને સમજો, પછી ધર્મ ને પામવા માટે ધર્માચરણ કરો, તો જ ધર્મનો સાક્ષાત્કાર થશે. ધર્મ એટલે સ્વભાવ, 'वत्थु साहवो धम्मो' વસ્તુનો સ્વભાવ એ જ ધર્મ. જડ - ચેતનના નિજ સ્વભાવ, વાસ્તવિકતા નહીં જણાય ત્યાં સુધી વાસ્તવિકતાને નહીં પામી શકાય. મુખ્ય વાત એ થઈ કે વસ્તુનો સ્વભાવ એ એનો ધર્મ છે, જડનો પણ સ્વભાવ છે. ચેતનનો પણ સ્વભાવ છે. જડના સ્વભાવને જાણવાથી, આત્માનો જડ પ્રત્યેનો મોહ ઘટે છે, જ્યારે આત્માનો સ્વભાવ જણાઈ જવાથી સહજ સ્થિર થવાય છે. સ્વ-સ્વભાવને જાણ્યા વિના થતો ધર્મ સમભાવમાં સફળતા અપાવતો નથી. નિજ સ્વભાવને અને જડ સ્વભાવના સ્વરૂપને યથાર્થ નહીં જાણનારને, ધર્મ કરતી વેળાએ જો કોઈ ઉપસર્ગ કે પરિષહ આવ્યા, એટલે ધર્મ થી ઉખડી જતાં કે ધર્મના રાહેથી ઊતરી જતાં જરાય વાર લાગતી નથી. સમજીને ધર્મ કરનારનું લક્ષણ છે સમભાવ.

સ્વભાવની જાણકારી વિના ધર્મ આચરનાર, ધર્મીનું લક્ષણ વિષમભાવ. ધર્મ તેનું નામ જે આત્મ સ્વભાવ પમાડે અને વિષમભાવ ઘટાડે. પ્રત્યેક પરિસ્થિતિ માં સમભાવ રખાવે તે ધર્મ. આવા ધર્મના લક્ષે ધર્મ અનુષ્ઠાન કરવામાં આવે તો કર્મની નિર્જરા થાય છે, અન્યથા નહીં.

તો સ્વભાવ જાણવા માટે શું કરવું ? સમભાવ રહે કઈ રીતે ? બહુ જ મહત્વની બાબત છે કે સ્વભાવ - સમભાવને પ્રગટ કઇ રીતે કરવો જેથી ધર્મને આપણે પામી શકીએ.

આ સવાલનો ખુલાસો આચારાંગજી સૂત્રના બીજા અધ્યયનમાં બતાવવામાં આવ્યો છે.

**जे अणण्णदंसी से अणण्णारामे,**
**जे अणण्णारामे से अणण्णदंसी ।**

જે પરમાર્થદષ્ટા છે, તે મોક્ષમાર્ગમાં રમણતા કરે છે અને જે મોક્ષમાર્ગમાં રમણતા કરે છે તે જ પરમાર્થદષ્ટા છે. આહા ! કેટલું રહસ્યમય આ સૂત્ર છે. અનાદિની અવળાઈને સુધારી સમ્યક્ રાહ બતાવતું આ સૂત્ર એમ જણાવે છે, પરમાર્થદષ્ટાના જે સ્વામી છે તે જ મોક્ષમાર્ગના માર્ગી છે, મુક્તિપંથના પથિક છે, શાશ્વત રાહના રાહી છે. ધર્મ કરો, ધર્મને સમજો, ધર્મ બહુ જ અમૂલ્ય છે. એ વાતનું રહસ્ય આ સૂત્ર ખોલે છે કે ધર્મ એટલે પરમઅર્થ પણું તત્વના સ્વરૂપનું જ્ઞાન. સ્થૂલ જ નહીં, સૂક્ષ્મની પણ જાણ. સ્વભાવ જ

નહીં, વિભાવની પણ જાણ. બન્નેને જાણી આત્મા માધ્યસ્થ અને સ્થિતપ્રજ્ઞ બને છે. પરમાર્થદૃષ્ટા એટલે સમભાવમાં માસ્ટર. માધ્યસ્થનો દૃષ્ટા અનર્થ સર્જે છે. જ્યારે પરમ અર્થનો દૃષ્ટા અનર્થથી બચી જાય છે. અર્થને જાણે, અનર્થને જાણે, રાગને જાણે, દ્વેષને પણ જાણે, પાપ અને પુણ્યને પણ જાણે તો જીવ-અજીવને પણ જાણે. અરે, ઉપરોક્તનો યથાર્થ અર્થ પણ જાણે. જીવ ચૈતન્ય સ્વભાવી, જડ ચેતના-રહિત. પુણ્ય માત્ર સગવડતા આપવાનો સ્વભાવ ધરાવે, જ્યારે પાપ અગવડતાં અને દુઃખમાં ધકેલી દેવાનો સ્વભાવ ધરાવે. જ્યારે પરમાર્થ – દૃષ્ટા સહિતનો ધર્મ પ્રત્યેક પરિસ્થિતિમાં સમભાવ રખાવે અને સમભાવ એજ નિર્જરાની સર્વશ્રેષ્ઠ સાધના છે. ધર્મ કથા એ ધર્મ એટલા માટે કહેવામાં આવ્યો જે સમભાવનો અભ્યાસ કરાવવામાં પૂરક છે. જો ધર્મક્રિયા સમભાવના સ્થાને વિષમભાવ જન્માવે, રાગ-દ્વેષ-ઈર્ષા અને અદેખાઈ કરાવે, મારા-તારાનાં ભેદ કરાવે અને વિખવાદ કરાવે તેવી ધર્મક્રિયાને ધર્મ કહેવાય એ બહુમોટી આજના યુગમાં ભ્રમણા છે. આ ભ્રમણામાં ફસાયેલો આત્મા ધરાર પરમાર્થદૃષ્ટા બની શકતો નથી.

દશવૈકાલિક સૂત્રમાં માટે જ શાસ્ત્રકારે જણાવ્યું કે –

**साच्चो जाणाई कलाणं, सोच्चा जाणाई पावगं ।**
**उभयंपि जाणाइं सोच्चा, जं सेयं तं समायरे ।।**

કલ્યાણ અને પાપનો માર્ગ સાંભળે-સમજે, ત્યારબાદ ઉભયને સાંભળે-સમજે અને પછી જેમાં આત્માનું શ્રેય હોય તે આચરણ કરવું. અનાચરણીય બાબતથી આત્માને બચાવી લેવો, આનું નામ ધર્મસમજ કહેવાય. પરમાર્થદૃષ્ટાની પરમસીમાનાં દર્શન કરો. જુઓ દોરડે નૃત્ય કરતા ઈલાયચી. દોરડા ઉપર જ પરમાર્થદૃષ્ટા બની ગયા તો પરમાત્મા બનતાં વાર ન લાગી. ધર્મને જેટલો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ સાથે સંબંધ નથી, એથી વધુ ભાવ સાથે છે. દ્રવ્ય સારું હોય, ક્ષેત્ર સારાં હોય, કાળ સમ્યક્ હોય, પરંતુ ભાવ જ મોહરંગથી રંગાયેલા હોય તો પછી અન્ય બાબત શું કામ આવવાની છે ? હોય ધર્મનું ક્ષેત્ર, વાત ચાલતી હોય ધર્મની અને મોક્ષની. સંતો સામે બેઠા છે. છતાં આ જીવ ભાવથી સંસારની અવસ્થામાં જોડાયેલો હોય તો બોલો કર્મનિર્જરાનાં સ્થાને કર્મબંધન થાય કે નહીં ?

અરે, સમોસરણનું ક્ષેત્ર હોય, મહાવીરપ્રભુનું પરમ સાંનિધ્ય હોય, કાળમાં ચોથો આરો હોય, દેશનાની અવિરત ગંગા વહેતી હોય, તેવાં સ્થળે ભાવ બગડે ખરા ? ના, હરગીજ નહીં. છતાં રૂપવંતાં નરનારીને જોઈ આર્યોજીએ નિયાણાં કરી લીધાં કે અમારાં ચારિત્રનું ફળ હોય તો અમને પણ આગળના ભવમાં આવા પુરુષની પ્રાપ્તિ હોજો...

હાય! મોહ સમોસરણમાં પણ જીવને ધર્મિષ્ઠ બનવા દેતો નથી. પરમાર્થદૃષ્ટાની સાધનાને ખંડિત કરી નાખે છે, તો આપણી હાલત શું ? મોહને જાણવાનો અને જીતવાનો સર્વશ્રેષ્ઠ માર્ગ છે, પરમાર્થદૃષ્ટા બનવું. પરમાર્થને જાણ્યા વિના પરમના સ્થાને પહોંચવું અશક્ય છે. પરમાર્થદૃષ્ટા બનેલો આત્મા, સંસારક્ષેત્રે પણ સમભાવ રાખી, સાચો શ્રાવક બની, કર્મોની નિર્જરા કરી શકે છે. તો સંયમના સ્થાને, સંયમના વેશમાં, જો જાગૃત ન રહે તો પરમાર્થદૃષ્ટાના અભાવે અનંતકર્મો બાંધી પણ શકે છે. જુઓ, આ વાતને આપણે અકબર-બીરબલના રમૂજી દૃષ્ટાંતથી સમજીએ.

એકવાર રાજા અકબર સભા ભરીને બેઠા હતા. અનેક સભ્યો શાન્તિથી બેઠા હતા. બીરબલ પણ પોતાના સ્થાને મૌન ધરીને બેઠા હતા. એવામાં અચાનક અકબરને દરેકને હસાવવાનો, આનંદ કરાવવાનો ભાવ જાગ્યો અને સભ્યો સામે જોઈ વાત શરૂ કરી. જુઓ, આજે રાત્રે મને એક સ્વપ્ન આવ્યું હતું. આ વાત સાંભળતાં બધાંને જાણવાની ઈંતેજારી થઈ. કહો અકબરજી, શું સ્વપ્ન હતું ? જુઓ, બિરબલ પણ સ્વપ્નામાં હતો, ત્યાં તો બિરબલ બોલ્યો, અકબરજી, કહો શું સ્વપ્ન હતું ? જુઓ બિરબલ હું સ્વપ્ન કહું તો ખરો, પરંતુ તારે સાંભળીને ગુસ્સો કરવો નહીં. અકબરે સ્પષ્ટતા કરી, ત્યારે બીરબલે એ વાતને સહજ સ્વીકૃત કરી અને અકબરે સ્વપ્નની વાત ચાલું કરી..

એક વિશાલ જંગલ હતું. રસ્તો નીરવ શાંતિનો હતો. સવારનો સમય હતો, હું અને બીરબલ અશ્વારૂઢ થઈ જંગલ તરફ મારતે ઘોડે જઈ રહ્યા હતા, ખૂબ જ દૂર દૂર નીકળી ગયા. આગળ જતાં રસ્તો ખૂબ જ સાંકડો થઈ ગયો. જેને લઈને મારો અને બીરબલનો ઘોડો અથડાયો અને અમે બંને જણ પડી ગયા. પરંતુ આશ્ચર્ય તો એ વાતનું હતું કે હું જ્યાં પડ્યો ત્યાં અમૃતનો ખાડો હતો અને બીરબલ જ્યાં પડ્યો ત્યાં દુર્ગંધભર્યો ગટર જેવો ખાડો હતો. આ વાત સાંભળતાં જ સભા આખીયે ખડખડાટ હસી પડી, પણ બીરબલને કોઈ જ અસર થઈ નહીં. અને હા, તમે જોજો, સપનામાં પણ બીજાંની જાતને આપણે અન્યાય કરતાં હોઈશું અને કાં તો અન્યને આપણાથી નીચે મૂકીશું. આમ સપનામાં પણ પોતાની જાતને તો ઊંચે સ્થાને જ રાખીશું ખરું ને ?

જો સપનામાં પણ આપણો આ સ્વભાવ રહે છે, તો જાગ્રત જીવનમાં આ સ્વભાવ ન હોય તેવું બને ?

થોડી વાર થતાં જ બીરબલે મોઢું ખોલ્યું, અકબરજી ! મને પણ રાત્રે એક સપનું આવ્યું હતું. અચ્છા ? તો કહોને. અમે સર્વે તમારાં સપનાંને જાણીએ...! પરંતુ શરત એ

છે કે આપે ક્રોધાવેશમાં આવવું નહીં. અકબરે શરત મંજૂર કરી અને સ્વપ્નની શરૂઆત કરી. જુઓ મારું સ્વપ્ન અને રાજાનું સ્વપ્ન સરખું જ છે. પરંતુ રાજાનું સ્વપ્ન જ્યાં પૂરું થયું ત્યાંથી મારું સ્વપ્ન થોડે આગળ ચાલી ગયું. એવું હતું કે અમે બંને ઘોડાના અથડાવાથી ખાડામાં ગબડી ગયા. અકબરજી હતા અમૃતકુંડમાં, હું હતો કાદવ-કીચડમાં, પછી અમે બન્ને ખાડામાંથી બહુ મહેનતે બહાર નીકળી આવ્યા. ત્યાર બાદ હું અકબરને ચાટવાં લાગ્યો અને અકબર મને ચાટવા લાગ્યા. બસ, ત્યાંજ મારી આંખ ખૂલી ગઈ. આખી સભા ગડગડ તાળીઓ સાથે હસી પડી.

આ વાત એમ કહેવા માગે છે, તમે ક્યાં પડ્યા છો તેના કરતાં તમારી દષ્ટી ક્યાં પડી છે ? તમે ક્યાં રહો છો તેના કરતાં તમારા ભાવ ક્યાં રમે છે ? તે વધુ મહત્વનું છે. સંસારમાં હોવા છતાં જીવમાં ધર્મનાં પરિણામ રહેતાં હોય તો તે પરમાર્થદષ્ટાનો માલિક છે. અને ધર્મના ક્ષેત્રે રહેવા છતાં સંસારના કાવાદાવાના ભાવોમાં રમતો હોય તો તે પરમાર્થદષ્ટાનો સ્વામી નથી.

જુઓ, તમને પરમાર્થદષ્ટાનો સરળ અર્થ સમજાવું. તમે જમવાં બેઠાં છો. બધું જ ગરમાગરમ થાળીમાં આવી ગયું છે. ભૂખ પણ છે, અને ભાવતું ભોજન પણ છે. આ સમયે તમારો ખાવાનો ઉત્સાહ અને આનંદ કેવો ? ઉદાસીનતાએ પેટને ભાડું આપશો કે ઉલ્લાસપૂર્ણ ભાવે સ્વાદ માણશો ? હવે બીજું દશ્ય સામે લાવી દો. ભૂખ નથી, ભોજન વાસી કે ઠંડુ છે. સ્વાદનું નામ નથી. પીરસનારને મૂડ નથી, જમવા બેઠાં ત્યાં સફાઈ નથી. હવે તમારે જમવું પડે તેમજ છે. નહીંતર સામેની વ્યક્તિનું માન સાચવવું મુશ્કેલ છે. હવે તમે જમો છો, ત્યારે તમારો ચહેરો કેવો રહેશે ? તમારો ઉમંગ, તમારી ખાવાની ઝડપ કેવી ? બસ, આ બે ચિત્રો જ તમને તમો પરમાર્થદષ્ટા છો કે નહીં તેનું માપ કાઢી આપે છે. આમ તમામ પરિસ્થિતિનો વિચાર કરી આપણે ધર્મને પામ્યાં છીએ કે નહીં ? પરમાર્થદષ્ટાના સ્વામી છીએ કે નહીં ? તેનો યથાર્થપણે ખ્યાલ આવશે. સાચા અને સરળ બને છે. પરમાર્થદષ્ટાવાળો, સમભાવમાં રમતો હોય, સ્વભાવને જોતો હોય અને મોક્ષમાર્ગમાં વિચરતો હોય, તો આપણે પણ આપણા સાધનાજીવનમાં પરમાર્થદષ્ટાના સ્વામી બની મોક્ષમાર્ગના માર્ગી બનીએ તે જ મંગલ કામના...

(૨૦)

# સંકલ્પ અને વિકલ્પ

इमं च मे अत्थि इमं च णत्थि, इमं च मे किच्च इमं अकिच्चं ।
तं एवमेवं लालप्पमाणं, हरा हरंति त्ति कहं पमाओ ॥

આ છે અને આ નથી, આ મેં કર્યું, આ કરવાનું બાકી છે.
આ રીતે વ્યાકુળ સંકલ્પ વિકઉલ્પવાળા
પ્રાણીને રાત્રી-દિવસરૂપી
ચોર હરીને પરલોક પહોંચાડી દે છે.
તો પછી ધર્મના વિષયમાં પ્રમાદ કેમ કરી શકાય ?

પ્રભુ મહાવીર સ્વામી એટલે વિશ્વની વિરલ વિભૂતિ. જેણે દેહને ભભુતી બનતા પહેલાં જગતના જીવોને વિભૂતિ બનવાનો રાજમાર્ગ બતાવ્યો, જ્ઞાન-દર્શન અને ચારિત્રની ત્રિવેણીમાં સ્નાન કરી, જગત જીવો પવિત્ર અને નિર્મળ બને, તેવા પરમ હેતુને કેન્દ્ર માં રાખી, ઉપદેશની પાવન અને પરમ ગંગા વહાવી. આ જિનવાણીની ગંગામાં એક નહીં, અનંત આત્માઓ પાપી મટી પાવન બન્યા છે, અજ્ઞાની મટી જ્ઞાની બન્યા છે, વિકારી મટી ત્રિકારી બન્યા છે, સંસારી મટી સિધ્ધ બન્યા છે. ચાલો, આપણે પણ જિનેશ્વરદેવે વહાવેલી જિનવાણી ની ગંગામાં સ્નાન કરી, કરેલાં પાપને પખાળી, પાવન બનવા પુરુષાર્થી બનીએ.

આત્માને વિષયોથી વિરામ પમાડી, વૈરાગ્ય ભાવમાં અવિરામ રમણતા કરાવી, ઉત્તમ નર દેહને સાધના દ્વારા દેદીપ્યમાન બનાવીએ, અનંતની યાત્રા કરીને આપણે આપણા આત્માને મલીન બનાવ્યો છે. કર્મોથી ભારે બનાવ્યો છે. અરે, આત્માને નરક આદિ મહાભયંકર દુર્ગતિમાં ધકેલી દીધો હતો. આવા નું ભૂતકાળનું વર્ણન કરતાં સમય - શક્તિ ઓછી પડે. હવે આ ઉચ્ચ અવતાર ને પ્રાપ્ત કરી આપણે આપણા આત્માના વેરી ન બનીએ. આપણે જ આપણું અહિત ન ઈચ્છીએ.

અત્યાર સુધી એવો ખ્યાલ હતો કે જીવ અન્ય જીવોનો જ વેરી બને છે. અન્યનું અહિત આત્મા કરે છે, અન્યની દુર્ગતિ નું નિમિત્ત આ આત્મા બને છે. અન્ય જીવો માટે આપણો જીવ કર્મો બાંધીને ભાવિ ભયંકર બનાવે છે. આવી વાત એકવાર નહીં અનેકવાર આપણને સાંભળવા મળેલ છે. પરંતુ આશ્ચર્ય છે કે આપણે આપણા વેરી કઈ રીતે બની શકીએ ? આત્મા આત્માના વેરને વધારે તે મગજમાં બેસતું નથી. સ્વયં, સ્વયંનો દુશ્મન! હા, આ બાબત ખુદ પ્રભુ મહાવીર સ્વામી આચારાંગ સૂત્રમાં બતાવી રહ્યા છે. આ જીવ ચાર બાબતને લઈ પોતાના આત્મા સાથે વેર વધારે છે, આપણો આચારાંગજી સૂત્રનો અધિકાર ચાલી રહ્યો છે. વ્યવહાર અને નિશ્ચયનું દિગ્દર્શન કરાવતું આગમ એટલે આચારાંગ સૂત્ર. આત્માને સીધી અસર થાય, તેવી સ્પષ્ટ બાબતને જણાવતું આગમ એટલે આચારાંગ ! વૈરાગ્યનો રંગ, સાધનાનો ઉમંગ અને કર્મોની સામે ખરાખરી ખેલવાનો

જંગ. તે ન્યાય આપતો ઉપદેશ એટલે આચારાંગ સૂત્ર.

બત્રીસ આગમમાં મસ્તકનું સ્થાન જેને આપવામાં આવ્યું છે તેવું આચારંગ સૂત્ર. અમો વાલકેશ્વર પધાર્યા ત્યારથી વિધ - વિધ વિષયો અને રહસ્યો. આચારાંગ સૂત્રના માધ્યમે વ્યાખ્યાન ફરમાવી રહ્યો છું. બહુ જ આનંદ અને ઉમંગ માં વૃધ્ધિ કરાવતા આચારાંગ સૂત્રના ભાવો આત્મા ને ભાવિત કરે છે, અને શ્રોતાઓને પ્રભાવિત કરે છે. આચારાંગ સૂત્રનું બીજુ અધ્યયન ચાલી રહ્યું છે જેમાં પાંચમા ઉદેશાનું વર્ણન ચાલી રહ્યું છે. આત્માના આત્મા સાથેના વેરનાં ચાર કારણો પ્રભુ આચારાંગ સૂત્રમાં વર્ણવી રહ્યા છે. જે શ્રવણ કરી જીવનમાં તે ચાર કારણોને અલવિદા કરવાનાં છે. ચાલો ત્યારે, એ કારણોને જાણીએ અને જાણી એને હિંમત સાથે દફનાવી દઈ, આત્માના સાચા મિત્ર બનીએ. સફળ બનીએ.

## कासं कासे खलु अयं पुरिसे

'આ કર્યું, હવે આ કરીશ', આવા સંકલ્પો દ્વારા જીવો પોતાના જીવ સાથે વેર બાંધે છે **वेरं वड्ढइ अप्पणो** આત્મા જ સંકલ્પોના વમળમાં ફસાઇ જઇ વેર બાંધે છે, આત્મા નિર્વિકલ્પ સ્વરૂપ છે, સંકલ્પો-વિકલ્પો એ ઉદય ભાવ છે, આ ભવોમાં કર્તા ભાવ કરીને આત્મા ભારે બને છે. જેનો કાંઈ જ કરવાનો સ્વભાવ જ ન હોય તે વળી આ મેં કર્યું, એમ વિચારી વિકલ્પો કરી શા માટે અનર્થ વેરની પરંપરા સર્જે છે ? જે તમોએ કર્યું તે તમારું નથી, જે થઈ રહ્યું છે તે તમારું નથી અને જે તમે કરશો તે તમારું નહીં હોય તો શા માટે મેં આમ કર્યું નો વિકલ્પ કરી મમત્વ અને અહંકારનું પોષણ કરવું ? જો તમે કાંઈ કરી શકતા હો તો તમે તમારા જીવનમાં ઉપાધિ આવે જ નહીં તેવું કરો. તમારા કુટુમ્બ ક્ષેત્રે સંકલેશ જન્મે જ નહીં તેવું કરવા લાગી જાવ. જો તમો કરી શકવા સમર્થ હો તો શરીરમાં રોગ પ્રવેશે જ નહીં તેવી વ્યવસ્થા કરી દો. ત્યારે તમે કહેશો જેવું કર્મોમાં હોય તે થાય, અમારા હાથમાં નથી.

બસ... આવી ગયાને મૂળ વાત ઉપર, પ્રભુ એમ જ જણાવે છે કે મેં કર્યું આ વિકલ્પ ના સાગરમાં શા માટે ડૂબી જાવ છો. વિકલ્પોથી ઉપર ઊઠો, જે થાય છે તે થયું છે કર્યું નથી. હું અક્રિય છું, હું અકંપ છું, સ્થિર છું, નિર્વિકલ્પ છું. આવા ગુણોના સ્વભાવધારી આત્મા શું આ મેં કર્યું અને હું આ કરીશ ના મહાપાપની જાળમાં ફસાય ? કર્મોના પ્રવાહમાં તણાય ? સ્વભાવનો સ્વાદ છોડી વિભાવના વંટોળમાં વિંટળાય ? હરગીજ નહીં. પ્રભુ જણાવે છે કે સંકલ્પોના સકંજામાંથી મુક્ત બનો. વિકલ્પોના વમળથી

મુક્ત બની નિર્મળતાને અનુભવો. નહીંતર, અજ્ઞ આત્મા વિકલ્પોના તોફાનમાં પોતાનું જ વેર વધારી જ્ઞાન સ્વભાવવંતો આત્મા ભવ ચક્રમાં પુનઃ ભ્રમણા કરી ભાવિને ભેંકાર બનાવશે. અને હા, એ વાત ખાસ નોંધી રાખજો કે આ જીવે બીજા જીવો સાથે વેર બાંધ્યું છે તેના કરતાં અનેકવાર આત્માએ પોતાના આત્મા સાથે વધુ વેર બાંધવાનું કૃત્ય કર્યું છે!! કેવી રીતે ? તો જુઓ, બીજાને છેતરતા પહેલાં તમારા આત્માએ અશુભ પરિણામ કરવાં પડશે અને આ અશુભ પરિણામથી બીજો છેતરાય ત્યારે છેતરાય અને સામેનાનું પુણ્ય ચમકતું હોય તો તે છેતરાય પણ નહીં તેવું બની જાય. પરંતુ યાદ રહે તમે તમારા અશુભ વિકલ્પોથી–વિચારોથી–પરિણામથી છેતરાઈ ગયા, કર્મોથી બંધાઈ ગયા માટે પ્રભુ જણાવે કે, 'મેં કર્યું– હું કરીશ'ની માયાજાળમાંથી વહેલી તકે બહાર આવી જા. કોઈનું કાંઈ કરી શકવા સમર્થ નથી, તારો સ્વભાવ પણ નથી અને કોઈનું કાંઈ થતું હોય તેવું જણાય છે તે ભ્રમ છે, ભ્રમણા છે, આ ભ્રમણાને ભેદે તે સાધક..... મુમુક્ષુ.

હું અને મેં બન્ને મોહરાજાના સેલ્સમેનો છે. ચેતતાં રહેજો. મેં કર્યું– હું કરીશ આ ભ્રમણામાંથી નીકળવા માટેની સાધના છે. નિજ સ્વભાવનું વારંવાર ચિંતન–મનન અભ્યાસ કરવાથી જરૂરથી છૂટી શકાય છે. કોઈનું તમારાથી થઈ ગયું તો નિમિત્તમાત્ર છું નો વિચાર કરવો જેથી અહંને જન્મવાનો અવસર કે અવકાશ નહીં મળે. ચાલો સંકલ્પ–વિકલ્પોથી આપણા આત્માને બચાવીએ અને વેરભાવને ખતમ કરી સ્વ સાથે મૈત્રીનાં સંધાન કરી લઈએ. દ. સૂ. માં દર્શાવવામાં આવ્યું છે.

**पए पए विसियंतो - संकपस्स वसंगओ ।**

જે આત્મા સંકલ્પ–વિકલ્પોમાં અટવાઈ જાય છે, વશ થઈ જાય છે તે આત્મા પગલે–પગલે વિષાદ પામે છે, દુઃખ પામે છે. સાવધાન ! આ સંકલ્પોના ભોગ બનેલા રથનેમીને સંયમ ધર્મનાં મૂળિયાંથી ઉખેડી નાખી, રાજેમતી પાસે ભોગની માગણી કરવા સુધીનું નિમ્નકક્ષાનું કૃત્ય કરાવ્યું હતું. ભાગ્ય માનો એ રથનેમીનાં કે રાજેમતીનાં ! અંતરયાત્રામાં સહાયક વચનોનાં અંકુશથી સંયમધર્મમાં સ્થિર થયા નહીંતર....! અને હા, આખી રાત્રી મેઘકુમાર મુનિને આ સંકલ્પો અને વિકલ્પાની હારમાળાઓમાં જ પૂરી થઈ અને ઉપકાર એ પ્રભુ વીરનો કે પુનઃ સંયમ માર્ગે સ્થાપિત કરીને બચાવી લીધા. તો જુઓને, સમોવસરણમાં રૂપવંતા પુરુષમાં મુગ્ધ બનીને આર્યાજીઓ જેઓ પ્રભુના પાવન સાનિધ્યમાં હોવા છતાં વિકલ્પોના સંકજામાં ફસાઈ જઈ ચારિત્રને હોડમાં મૂકી નિયાણાં કરી બેઠાં હતાં. આભાર એ વીર પ્રભુનો કે નિયાણાં ફોક કરાવી આર્યાજીઓને આરાધક

બનાવ્યાં. બસ આ વાર્તા એમ જણાવે છે કે તમે તમારા જીવના વેરી બનવા ન માગતા હો તો આ મેં કર્યું અને હું આમ કરીશ'ના અનાદિના મિથ્યાત્વમાં રાચવાનું બંધ કરી. હું નિર્વિકલ્પ સ્વરૂપ છું નો ખ્યાલ રાખી તમે તમારાં મિત્ર બનજો.

(२) **बहुमायी** બહુમાયા.

જેને કાંઈ કરવાપણું પડ્યું છે. જે કાંઈ કોઈનું કરી રહ્યો છે અથવા કોઈને કાંઈ કરી શકે છે તેવાં વિચારવાળાને આશરો લેવો પડે છે માયાનો. કારણ કે કંઈપણ કરવામાં સર્વસત્ય નથી હોતું. જેમાં રાગ કેન્દ્રમાં રાખીને કરવાનું હોય અથવા દ્વેષ કેન્દ્રમાં રાખીને કરવાનું હોય. સારું દેખાય- સારા દેખાવા માટે પણ કરવું પડે. આવા સમયે જીવને માયાનો આશારો લેવો પડે, નહીંતર એના કરવાપણાના કાર્યમાં રહેલી પોલ ખુલી જાય. માયા આ પોલને પૂરી આપે છે એટલે આત્મા નિર્દોષ રીતે છટકબારી દ્વારા છૂટી ગયાનો આનંદ માને છે. માયાથી છૂટવું હજી બહુ મુશ્કેલ નથી પરંતુ અત્રે પ્રભુ બતાવે છે **बहुमायी** બહુમાયાવી બન્યા બાદ માયાના સંકજાંમાંથી છૂટવું બહુ મુશ્કેલ છે. માયા અલ્પરસવાળી પણ હોય, બહુરસવાળી પણ હોય છે એટલે ગાઢ માયાની વાત કરવામાં આવી છે. જેનું પરિણામ ભોગવવાના સમયે આત્મા બહુ મુશ્કેલીમાં મૂકાઈ જાય છે.

આત્મા માયાકપટ દ્વારા પોતાની સાથે વેર બાંધે છે. પોતાને છેતર્યા વિના અન્યને છેતરતો નથી. બીજાને ફસાવનારો પહેલાં પોતે ફસાઈ ચૂકે છે. જુઓને, રત્નનો ડબ્બો ચોરી લઈને બોલ્યા હતા મને ખબર નથી- મેં ચોર્યો નથી, તો પરિણામ શું આવ્યું તમે જાણે છો. દેવાનંદાના આત્માએ આ માયા કપટ કરીને ચોરીના પાપનું ફળ ભોગવ્યું. તીર્થંકર તીર્થપતિ પ્રભુ મહાવીરસ્વામીના આત્માને જન્મ આપવાનું સૌભાગ્ય ગુમાવ્યું. રત્નકુક્ષીની બનવાનું પરમભાગ્ય ગુમાવ્યું. આ શું ઓછું નુકશાન છે ? પોતે જ પોતાને નુકશાન પહોંચાડે છે આ આત્મા ! બરાબર ને ? નરકમાં તમોને કોણ લઈ જાય છે ? તિર્યંચની પરાધીનતામાં તમોને કોણ લઈ જાય છે ? કોઈ જ નહીં. તમે જ તમારા આત્માને કર્મોથી ભારે કરી જાવ છો...

યાદ રહે, માયા મિત્રતાનો નાશ કરે છે. તમે અન્ય જીવો સાથે માયા કરી મિત્રતા તો ખંડિત કરો જ છો પણ તમે તમારા આત્માના પણ મિત્ર બની શકતા નથી, કેવી આશ્ચર્યની વાત છે ! બસ હવે આ ભવમાં માયાના પાપે આપણે આપણા વેરી નથી બનવું, વેરને વધારવું નથી, વેરને વળાવી દેવું છે. દઢ મનોબળ બનાવી સરળતાના માર્ગે ચાલો. તમે જો સરળ બનશો તો મોક્ષે તમે સરળતાથી પહોંચી જશો. માયાના ખેલ ખેલી

શા માટે તમે જ તમારું બગાડો છો. મલ્લિનાથનાં આત્માએ પૂર્વભવમાં માયા કરી તો ભોગવવી કોને પડી ? મલ્લિનાથને સ્ત્રીરૂપે તીર્થંકર બનવું પડ્યું ને ? બસ હવે આ ભવે ઓઢણાં ઓઢ્યાં છે અને હવે ન ઓઢવાં હોય તો માયાના ખેલ બંધ કરો, સરળતાની સાધના જીવનમાં અકબંધ રાખો, જરૂર જીવનું કામ થઈ જશે.

**(३) कडेण मूढे.** કર્તવ્ય મૂઢ :-

કામમા આસક્ત બની જીવ પોતાના કર્તવ્યમાં મૂઢ બની જાય છે. મારું કર્તવ્ય શું છે? મારે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ ? તેનો વિવેક ચૂકી અનર્થતા સર્જી અન્ય જીવો સાથે અને પોતાની સાથે વેરનું સર્જન કરે છે. આ બાંધેલું વેર ભવોભવની પરંપરા સર્જીને જીવ દુઃખ દર્દોની ભેટ લમણે ઝીંકે છે. હાય ! આ વેરનાં પરિણામ ભોગવતી વેળાએ પુનઃ નવાં કર્મો બાંધે છે પરંતુ ક્ષમા રાખી વેરની પૂર્ણાહુતિ કરતો નથી. શેં રાખે ક્ષમા ! કોઈ સંતોનો ભેટો થાય તો ને ? સંતસમાગમનો યોગ થવો મુશ્કેલ ! અને જો પુણ્યોદયે સંતસમાગમ થઈ પણ જાય પણ જીવ પોતાનો ઈગો (અહંકાર) ઓગાળીને વેરીને ક્ષમાપના કરે તો વેરવિરામ પામે, અન્યથા નહીં.

'મૂઢ' શબ્દ શાસ્ત્રમાં અનેક જગ્યા પર આવે છે પરંતું 'મૂર્ખ' શબ્દ આવતો નથી. બન્ને શબ્દો વચ્ચે અંતર છે. મૂર્ખ એટલે જે બિચારો કાંઈ જ જાણતો નથી. એટલે સમજી શકાય તેમ છે કે જેનામાં સમજ જ નથી તેને સંતોનો યોગ થવાથી, સમજ આવી જાય અને સમાજના વિકાસના માધ્યમે નિજનાં કર્તવ્યનું જ્ઞાન થઈ પણ શકે. જ્યારે મૂઢ એટલે જે જાણે છે, સાંભળે છે, સમજે છે પણ સુધરવા ક્યારેય તૈયાર નથી.

**મૂઢાત્મા કામમાં આસક્ત હોય છે**
**મૂઢાત્મા સારું સાંભળે પણ સાચું આચરે નહીં.**
**મૂઢાત્મા મોહમાં મુગ્ધ હોય છે.**
**મૂઢાત્મા મોક્ષની વાત કરે પણ સંસારની પ્રવૃતિ ધરાર ત્યાગે નહીં.**

જેઓ પ્રભુની દેશના સાંભળીને પાપી મટી પાવન બન્યા તે મૂર્ખ હશે પરંતું મૂઢ તો નહીં જ. જો મૂઢ હોત તો તેઓ સુધર્યા જ ન હોત. મૂઢાત્માને જલ્દીથી જિનેશ્વરની વાણી પર શ્રધ્ધા જામતી હોતી નથી. મૂઢ બનેલો આત્મા સ્વ-પર જીવો સાથે વેર બાંધી ભવ પરંપરા સર્જે છે. માનવભવ પામીને મારું કર્તવ્ય શું છે જો તે ખ્યાલ ન હોય તો અજ્ઞાનતા ભરી છે જીવનમાં ! માનવજીવનનું કર્તવ્ય શું છે ? **માનવજીવનનું સૌ પ્રથમ કર્તવ્ય છે આત્માને નિર્મળ બનાવવો અને આત્માને નિર્મળ બનાવવા માટેનું સૌથી મહત્વપૂર્ણ**

**કર્તવ્ય થાય છે** જ્ઞાન-દર્શન, અને ચારીત્રમાં પ્રમાદ પરહરી સાધના કરી સાધ્યને પ્રાપ્ત કરું. માનવજીવન મેળવીને આ ઉત્તમ કર્તવ્ય કરવાનું ભૂલી ગયા તો સમજવું કે માનવજીવન નિષ્ફળતાની ખીણમાં જઈ રહ્યું છે.

જેના પક્ષમાં સત્ય તેનો વિજય. લવણ સમુદ્રનાં મોજાં જો જંબુદ્વિપમાં પ્રવેશે તો આખો જંબુદ્વિપ સેકંડમાં ખલાસ થઈ જાય. પરંતુ આવું બન્યું નથી અને બનશે પણ નહીં. શા કારણે ? આ ધરતી પર જ્યાં સુધી સત્ત્વશાળી સાધકો-મુનિઓ હશે ત્યાં સુધી લવણ સમુદ્ર કાંઈ જ કરી શકવા સમર્થ નહીં બને. આજે દુ:ખની વાત તો તે છે શક્તિશાળી બનવાની જેટલી તાલાવેલી છે એટલી સત્વશાળી માટે નથી. જંબુકુમારના સત્વની તો શું વાત કરુ ? રૂપરૂપના અંબાર સમી આઠ કન્યા, પ્રથમરાત્રી. ન કોઈ અંતરાય કે અવરોધ છતાં એ સત્વશાળી યોગી જંબુકુમાર બધાંને પોતાના સત્વના પ્રભાવે દિક્ષીતભાવ કરાવી દિક્ષા માર્ગે લઈ ગયા.

**રાવણ પાસે શક્તિ હતી - રામ પાસે સત્વ.**
**ગોશાલક પાસે શક્તિ હતી - ગૌતમ પાસે સત્વ.**
**રથનેમી પાસે શક્તિ હતી - રાજેમતી પાસે સત્વ.**
**ભરત પાસે શક્તિ હતી - બાહુબલી પાસે સત્વ.**
**સંગમદેવ પાસે શક્તિ હતી - મહાવીર સ્વામી પાસે સત્વ.**

આવો, આપણે પણ શક્તિના માધ્યમે સત્વ તરફ જ ચાલવાનું ચાલુ કરીએ. યાદ રાખજો કે સત્વ પ્રગટ્યા વિના નિજ તત્વ મળવું અશક્ય છે. અને એ વાત તો આપ જાણતા જ હશો. ચક્રવર્તી શક્તિના ભંડાર હોય છે. છતાં શક્તિનો ઉપયોગ સંયમ સ્વીકારી સત્વ પ્રગટવા તરફ લઈ જઈ સ્વર્ગ અથવા મોક્ષનાં દ્વાર ખોલી નાંખે છે અને ચક્રવર્તી જો પોતાની શક્તિને સત્વ માર્ગે ન વાળે તો એ જ શક્તિ નરકની ખાઈમાં ચક્રીને ગબડાવે છે. હાય ! ચક્રવર્તીને પણ નરકમાં જવુ પડે ? સાવધાન આંખને વિકારી બનાવશો નહીં. કાન દ્વારા કોઈની નિંદા સાંભળશો નહીં. અવગુણ કોઈના બોલશો નહીં. કડવાં વચનો ઉચ્ચારશો નહીં. નહીંતર દસ પ્રાણની શક્તિ નરકનાં ભયંકર દુ:ખો ભેગાં કરી દેશે. ચેતેતા રહેજો ! એક જ વિષય ની શક્તિમાં ગોઝારુ પરિણામ સર્જવાની તાકાત છે તો પાંચ ઇન્દ્રિયની શક્તિના ગુલામ બનીને જીવનારના હાલ શું થશે ?

નોકર રોજ શેઠની ગાદી પાથરવાનું કામ કરે. ગાદી પાથરતાં રોજ વિચારે કે શેઠ

બહાર ગામ જાય તો સારું મને ગાદીમાં સૂવા મળે. અને એક દિવસ શેઠ બહાર ગામ જવા સ્ટેશને પહોંચ્યા ને નોકર ખુશ થઈ ગાદીમાં મસ્તીથી સૂઈ ગયો. બસ એવી ઉંઘ આવી ગઈ કે ઊઠે એ બીજો... બનવા જોગ એવું બન્યું કે ટ્રેનનો એક્સિડન્ટ થઈ જવાથી શેઠ સ્ટેશનેથી ઘરે પાછા આવ્યા અને જોયું તો નોકર ગાદીપર ઘસઘસાટ સૂતો હતો. બસ શેઠને આવ્યો ગુસ્સો. ઉપાડી લાકડી ને નોકરને મારવાનું ચાલુ કર્યું. નોકર થોડીકવાર ગભરાઈ ગયો પછી તો જેમ જેમ શેઠ મારતા જાય તેમ-તેમ નોકર હસતો જાય. શેઠે પૂછ્યું, ''હું તને મારું છું છતાં કેમ હસે છે ?'' જુઓ શેઠ સાહેબ ! હું ઘડીકવાર સૂતો તમારી ગાદીમાં અને તમારો આટલો બધો મારે માર ખાવો પડ્યો તો આપ તો રોજ ગાદીમાં સૂઈ જાવ છો આપનું શું થશે ? આપને કેટલા ફટકા ખાવા પડશે ? બસ આ વિચારના કારણે હું હસી રહ્યો છું શેઠ ચૂપ થઈ ગયા.

બસ થોડી શક્તિનો દુરુપયોગ પણ આત્માને અનંત સંસારની ભેટ આપી દે છે. તો તમામ શક્તિઓ સંસારમાં ખર્ચી નાખનારની શું દશા થાય ? બસ આત્માને જગાડી મળેલી શક્તિઓને આત્માના સત્વને પ્રગટાવવામાં કામે લગાડો. સત્વ પ્રગટાવવાનો આ એક જ અવસર શ્રેષ્ઠ અને સર્વોત્તમ છે. આ અવસરને ઓળખી સત્વ પ્રગટ કરવા માટે જ્ઞાન, દર્શન ચારિત્રની આરાધના કરવી જોઈએ.

ઘર આંગણે કેરીનાં છોતરાં અને ગોટલા જોઈ પતિદેવનો પીતો ગયો, આ શું છે આંગણામાં ?

પત્ની બોલી : શું છે ? તમારે તો બસ આવ્યા એટલે રામાયણ શરૂ કરી દીધી. થોડું તો મગજ શાન્ત રાખો.

પતિ કહે : અરે, પણ આ કેરીનો કચરો આંગણે શા માટે નાખ્યો છે ?

પત્ની : તમોને ખબર ન પડે, તમતમારે શાન્તિથી ઘરમાં આવી જાવ.

પતિઃ અરે, પણ આંગણામાં કચરો નાખીને તને ફાયદો શું થાય છે ?

પત્ની : જુઓ ! આખી સોસાયટી આપણા આંગણામાંથી જાય છે. આખી સોસાયટીને ખ્યાલ કેમ આવે કે સીઝનની પહેલી કેરી આપણા ઘરમાં આવી છે ! બસ, પતિદેવ આ સાંભળી ચૂપ થઈ ગયા.

કર્તવ્યમૂઢ આવા જ પ્રદર્શનમાં મગ્ન રહે છે ને અંતરઆત્મા પામવામાં નહીં. અન્યને પછાડવામાં રસ હોયછે. આવા મૂઢ આત્માઓ કર્તવ્યભ્રષ્ટ બની વેરને વિશાળ

બનાવી. આત્માને પામર બનાવી ઘરાર દુર્ગતિનો મહેમાન બની જાય છે.

લોભ :

સારાર્થ સંસારનાં પાપનું મૂળ લોભ છે. આ લોભને જે જીતી લે તે જ સાચો શૂરવીર છે. મહત્ત્વપૂર્ણ પ્રશ્ન એ છે કે લોભને જીતવા શું કરવું જોઈએ ? **लोभ संतोषअे जिणे** । લોભને જીતવાનો શ્રેષ્ઠ રસ્તો છે સંતોષી બનવું. જેઓ સંતોષી નથી બની શક્યાં તેઓ ક્યારેય લોભને જીતવા સફળ બની શકતા નથી. ચારેય કષાયમાં લોભ ખતરનાક કષાય છે. ભલભલા મહારથીઓને લોભે પછાડ્યા છે. જુઓને મમ્મણની દુર્દશા આ લોભે જ કરી હતીને ? તો હાર અને હાથીનાં જાગેલા લોભે જ હલ-વિહલનું મહાયુધ્ધ સર્જ્યું હતું ને ? જો રાવણને રૂપવંતી નારીનો લોભ જ ન જાગ્યો હોત તો ? કાળો ઇતિહાસ ન સર્જાયો હોત. જો સાતમો ખંડ સાધવાની લાલસા જ ન જાગી હોત તો સુલુમ ચક્રવર્તીને લવણ સમુદ્રમાં ડૂબવું ન પડત. આવા તો સંસાર જગતમાં સેંકડો આત્માઓને આ લોભરૂપી અજગર ગળી ગયો છે, છતાં લોભના પાપને જીવો છોડવા તૈયાર નથી એ પણ આશ્ચર્ય છે ને !

**જે લોભના પાપે આત્માને નરકમાં મહાયાતના ભોગવવા જવું પડ્યું,**
**જે લોભના પાપે આત્માને તિર્યંચની પરાધીનતામાં સબડવું પડ્યુ,**
**જે લોભના પાપે મા-બાપ, પરિવારની સાથે અન્યાય કરવો પડ્યો,**
**જે લોભના પાપે અધમકૃત્ય કરવા આત્માને મજબૂર કરવો પડવો.**

હાય ! આવા લોભનાં ભયાનક પરિણામ ભોગવીને આવ્યા છતાં પણ હજી એ જ લોભના પાપને પોષણ કરવા જીવ લાગી ગયો. કેવી વિચિત્રતા ! લોભ જીવને મહાદુઃખી કરે છે છતાં લોભને છોડવા જીવ તૈયાર નથી થતો એ પણ આશ્ચર્ય નથી ? જે દુશ્મન બની આત્માને દુર્ભવી અને દુર્ગતિનો મહેમાન બનાવે તેની દોસ્તી શેં કરાય ?

લોભમાંથી જ ક્રોધાદિ કષાયોનો જન્મ થાય છે, એટલે કષાયોના માધ્યમે આત્મા આત્માનો વેરી બને છે. વાહ પ્રભુ, તારી વાણીનું ગજબનું રહસ્ય છે. અન્ય આત્માનાં વેરી બનવા કરતાંયે વધુ હું મારા જ આત્માનો વેરી બની દુઃખ અશાંતિ ભોગવી રહ્યો છું. માટે જ આત્માને મિત્ર પણ બતાવ્યો અને આત્માને આત્માનો વેરી પણ બતાવ્યો છે. હવે આપણા આત્માનું વેર વધારનાર ચારેય કષાયનું વર્ણન જોઈ લઈએ.

શાસ્ત્રમાં ક્રોધ અને અગ્નિમાં લાંબો ફરક નથી. અગ્નિ બળે છે અને બાળે છે તેમ ક્રોધ પણ માનવીને બાળે છે, અને જેના પર ક્રોધ કરવામાં આવે છે તેને પણ બાળે છે,

**कोहो पीइं पणासेए** ક્રોધ પ્રીતિનો નાશ કરે છે

જેનામાં આ ક્રોધનો દોષ ઘર કરી ગયો તે બધા સુખ વચ્ચેય દુઃખને જન્મ આપે છે. એટલે કે સુખના બાગને આગ લગાડવાનું કુકાર્ય આચરે છે. જુઓ આ ક્રોધના દોષનો ભોગ બનેલા ચંડકૌશિકના જીવનને... ! આચાર્ય બની શિષ્ય ઉપર ભયંકર ક્રોધ કર્યા... હાય.... આ ક્રોધના ભાવમાં જ થાંભલા સાથે અથડાઈને કાળધર્મ પામ્યા... અન્ય ભવમાં માળી બન્યા... ક્રોધનો ગુણાકાર થયો. બાગનું ક્ષેત્ર.... આખો દિવસ જે બાગનાં ફૂલ તોડે છે કે નુકશાન કરે તેને ક્રોધ કરી ભગાડે... ત્યાંથી મૃત્યુ પામી ભયાનક વનમાં ચંડકૌશિક સર્પ બન્યા. ક્ષેત્રમાં... કાળમાં... ક્રોધના ભાવમાં બધામાંય ગુણાકાર થયા. જેથી આંખમાં જ ઝેર નહીં પરંતુ આખાએ શરીરમાં ક્રોધનું ઝેર પ્રસરી ગયું. હાય.... તેણે પ્રભુ મહાવીરનેય ડંખવાનું બાકી ન રાખ્યું. પણ નસીબ ગણો એ ચંડકૌશિકનાં કે પ્રભુએ કરુણા વરસાવીને ક્ષમાના સંસ્કારનું દાન કર્યું ને સર્પમાંથી આઠમા દેવલોકનો સ્વામી બનાવ્યો... ! ક્રોધ જો દોષ છે તો ક્ષમાએ ક્રોધને જીતવાનો સર્વોત્તમ ગુણ છે. તમે જેવા સંસ્કારો પાડવાનો પ્રયત્ન કરો તેવા પડી શકે છે. તે માટે મહત્ત્વનું છે તમે કોના સંગ માં છો ? સુસંગમાં છો કે કુસંગમાં છો ? યાદ રાખજો નિરોગી માણસ પાસે બેસવાથી આરોગ્ય આપણું સારું રહે કે ન પણ રહે પણ કેન્સર, ટી.બી. આદિના રોગથી ભરેલા માણસ પાસે બેસવાથી રોગ ન આવે તેવું પ્રાયઃ બને નહીં... ! બસ, સુસંસ્કારીનો સંગ કરવાથી સંસ્કારો જીવનમાં આવે કે ન પણ આવે પણ, કુસંસ્કારી પાસે બેસવાથી કુસંસ્કારો આપણામાં ન આવે તેવું પ્રાયઃ ન બને. – ઉત્તરાધ્યયન સૂત્રના પ્રથમ અધ્યયનમાં પ્રભુ ફરમાવે છે. **कोहं असच्चं कुवेज्जा** તું તારા અંતરમાં ઊઠતા ક્રોધને અસત્ય બનાવી દે...! નો સુંદર ઉપાય બતાવ્યો છે.

તારા અભિમાનને ઓગાળી દે :

હે આત્મા તું શાનું અભિમાન કરે છે ? નાશવંત જગતના અલ્પાયુ અને નિર્માલ્ય વૈભવને ભેગા કરીને અભિમાની બની અક્કડ ફરે છે, પણ ક્યાં ખબર છે ? આ તો પુણ્યના ખેલ છે. પુણ્યનો ઉદય છે, ત્યાં સુધી તું ઘમંડ કરી શકે છે. પણ જ્યાં પુણ્ય અસ્ત થશે એટલે છતી શક્તિએ સ્વજનોની સામે હાથ લંબાવવાના અને ન સહન થાય તેવા દુઃખદ દિવસો જોવાનો સમય આવશે. એટલે આજે જે છે તે કાયમ રહેવાનું છે, તેવા ભ્રમમાં રહેવાની ભૂલ ક્યારે કરશો નહીં. મારું કંઈ જ નથી. મારી પાસે કંઈ જ નથી. બસ, આવી વિચારધારાને આજથી અપનાવી લો. નહીં તો આ અભિમાનનો ભયંકર શત્રુ માનવજીવને રફેદફે કરી મૂકશે.

જુઓ બાહુબલીને... ભરત સામે યુધ્ધમાં વિજય લીધો. ભાઈને મુઠ્ઠી મારવાનું માંડી વાળ્યું ને પંચમુષ્ઠી લોચ કરીને વનની વાટે સંયમ ગ્રહી, સાધનામાં મગ્ન બન્યા. બાહુબલી બહુ ઉચ્ચ સાધક આત્મા છે. પણ અંતરમાં ભયાનક શત્રુ જન્મી ગયો હતો. હું મારા ભાઈઓને નહીં નમું, મારાથી બધાય નાના છે. હું કેવી રીતે વંદન કરી શકું ! બસ વરસો સુધી તપ, ત્યાગ, ધ્યાન, સાધનામાં રહ્યા પણ કેવળ જ્ઞાન ન થયું. બાહુબલીનું નસીબ ગણો કે પ્રભુ ઋષભદેવે બ્રાહ્મી–સુંદરી બન્ને સાધ્વી બહેનોને પ્રતિબોધ કરાવવા વનમાં મોકલ્યાં. ''વીરા મારા ! ગજ થકી નીચે ઊતરો.'' આ મીઠો સ્વર કાનમાં રેલાયોને બાહુબલી સચેત થયા. આ કોનો જાણીતો અવાજ... યાદ આવ્યો અવાજ ? આ તો મારી બહેન સાધ્વીનો અવાજ. હું ક્યાં હાથી ઉપર બેઠો છું ? મને હાથી ઉપરથી ઉતરવાનું કેમ કહે છે ? બસ. ચિંતનની ધારા ચિત્તમાં વહેવા લાગી ને અહંકારનો હાથી નજરમાં આવી ગયો... અરે ધિક્કાર છે મારા અહંકારને ! મારા ભાઈ મુનિવરોને હમણાં વંદન કરી આવું છું. બસ વંદન કરવા પગ ઉપાડ્યો અને કેવળદર્શનની અમૂલ્ય પ્રાપ્તિ થઈ ગઈ.

જો એક સૂક્ષ્મ અહંકાર પણ ભયંકર તાકાત ધરાવે છે તો હે માનવી તારા અંતરના ભંડારમાં તો ઢગલાબંધ અહંકાર ભર્યો છે... ! તમામ સંસ્થાઓનાં શુભકામો અટકીને ઊભાં હોય તો આ અહંકારના પાપે જ... ! રે અહંકાર... ! તારા પાપે ધર્મના કાર્યમાંયે અંધારું છવાયું છે. તું જેનામાં પ્રવેશે તેના તો બાર વગાડી મુકે, પણ જે જે ક્ષેત્રમાં તે માણસ પ્રવેશે તે ક્ષેત્રનેય વેરાનમાં પરિવર્તન કરી મૂકે... ! આ અહંકારે જ આપણને અર્હમ બનવા દીધા નથી. એટલે કોકે કહ્યું કે, ''અહમ્ રે અહમ્ તું જા મરી, બાકી રહે તે હરિ.''

આપણે જાણીએ છીએ કે અહંકાર આ ભવમાં તો મરી જવાનો જ નથી. પણ અહંકાર મરે નહીં તો કાંઈ નહીં. તત્વજ્ઞાનના માધ્યમે તેને માંદો તો પાડો, જેથી વધુ તાકાત તમારી સામે નહીં કરી શકે... ! નહીં તર અહંકાર તમારા વિનય ગુણનો નાશ કરી નાખશે. **माणो विणई नासणो** । અને હા... આ અહંકારના મોટા અવગુણ છે. સ્વપ્રશંસા અને પરનિંદા. બીજાના ગુણો મુખેથી બોલી તો ન શકે પણ કાનેથી સાંભળી પણ ન શકે. માત્ર એને રસ હોય છે, એની પ્રશંસામાં. અહંકારીને કામ કરવા કરતાં નામ કરવામાં વધારે રસ હોય છે. ધાર્મિક ક્ષેત્રમાં કે સામાજિક ક્ષેત્રમાં જ્યાં જ્યાં અહંકારે પ્રવેશ મેળવ્યો છે, ત્યાં મોટી હોનારતો સર્જી છે. માત્ર પોતાનું હિત કરવામાં અનેકોનું અહિત કરવાનું પાપ, અહંકારના પાપથી યોજનો દૂર રહેવામાં જ આપણું હિત છે. આ અહંકારને જીતવા માટે પ્રભુએ નમ્રતા ગુણ પ્રગટાવવાનો સચોટ ઉપદેશ આપ્યો છે.

એટલે કે તમે તમારા હૈયાને નમ્ર, વિનયી અને ગુણસંપન્ન બનાવો.

માયાની રમત રમીશ ના !

સ્ત્રીનો અવતાર મળવાનું કારણ જાણો છો ? જાણતાં અજાણતાં કરેલી માયાને લઈને સ્ત્રીનો અવતાર જીવને મળે છે... !

મુનિવર્યને સંસારના ક્ષેત્રની માયા હો કે પછી સાધનાના ક્ષેત્રની માયા છે. શાસ્ત્રમાં આ માયાને શલ્ય તરીકે બતાવેલ છે. કાંટો હૃદયમાં પ્રવેશે એટલે પ્રસન્નતાથી સાધના કરવી મુશ્કેલ. માયા મિત્રતાનો નાશ કરે છે. માયાથી મેળવેલી ચીજવસ્તુનો ઉપયોગ કરવામાં આનંદ નહીં, માત્ર ભય અને ઉદ્વેગ જ હૈયામાં રહ્યા કરે છે. બાહ્યક્ષેત્રમાં સફળતા કદાચ માયા કપટના આધારે મળી જાય, જો પુણ્ય મજબૂત હોય તો. પરંતુ યાદ રાખજો કે આભ્યંતર ક્ષેત્રમાં માયાકપટ ભાવ રાખીને ક્યારેય સફળતા મળતી નથી. સફળતા મળે છે હૈયાને નિષ્કપટ બનાવવાથી. બાહ્ય અને આભ્યંચકમાં સફળતા ઇચ્છતા હો તો હૈયાને ફૂલ કરતાંય કોમળ... માખણ કરતાંય કુણુ બનાવી દેવાનો આજથી પુરુષાર્થ ઉપાડો.

ખ્યાલ છે ને મલ્લી ભગવતીના જીવનનો ? પૂર્વભવમાં છ મિત્રો સાથે સંયમ સ્વીકાર્યા બાદ એક સરખુ તપ કરવાનો બધાએ નિર્ણય લીધેલો, પણ મલ્લીના આત્માને વિચાર આવ્યો જો એક સરખું તપ કરીશું તો હું આ ભવમાં જેમ વડીલ છું તેમ બીજા ભવમાં નહીં બની શકું. બસ, આ મોટા બનવાના નબળા વિચારે માયાના દોષે હૈયામાં જન્મ લીધો. બધા કરતાં એક ઉપવાસ વધુ કર્યો. જેના પરિણામે તીર્થંકર ક્યારે સ્ત્રી અવતારે બને નહીં. પરંતુ પૂર્વે બાંધેલા માયા કપટના કર્મે આછેરું સર્જાયું કે મલ્લિજી સ્ત્રી રૂપે તીર્થંકર બન્યા... !

સાધનાના ક્ષેત્રે કરેલી માયા પણ જો ખરાબ પરિણામ લાવી શકે છે તો હે માનવ સંસારમાં ધન-કુટુમ્બ કે અન્ય કારણોસર કરેલી માયા તારા શું હાલ કરશે ? માયાને અંતરક્ષેત્રમાંથી વિદાય આપવાની છે અને તેના માટેનો સચોટ અને શાશ્વત ઉપાય છે, તું તારા હૈયાને સરળ અને ઋજુ બનાવી દે. દરેક પ્રવૃત્તિમાં નિષ્કપટ વૃત્તિને આગળ કરીને ચાલવાથી આ માયાના દોષથી બચી જવાશે. એટલે કે તમે હૈયાના સરળ બનો... પછી બધી સાધના તમારા માટે સરળ બની જશે.

**લોભના પૂરમાં તણાશો નહીં:**

માણસ દુઃખી થતો હોય તો તેનું અગત્યનું કારણ છે અભાવ સામે જોવાની વૃત્તિ.

જે છે તેને માણસ જોવા રાજી નથી અને જે નથી તેને જ જોયા કરે છે, જેને લઈને માણસ બધું સુખ હોવા છતાં દુઃખ ઊભું કરે છે.

બીજાના કાંડે રહેલી ઘડિયાળ વધુ આકર્ષક લાગતી હોય છે. બીજાનું મકાન વધુ સારું દેખાતું હોય છે. બીજાએ પહેરેલાં વસ્ત્રો વધુ ગમવા લાગે છે. મનનો આ વિચિત્ર સ્વભાવ છે કે તેની પાસે જે છે તેમાં અણગમો ઊભો કરે છે. એટલે આકર્ષણમાં આકર્ષણ ઊભું કરે છે અને જે છે તેમાં આકર્ષક દેખાતી વસ્તુ કે વ્યક્તિ જ્યારે મન પાસે આવી જાય છે ત્યારે તે અનાકર્ષક બની જાય છે. માટે જગતના વૈભવો પાછળ ગાંડા બનવાનું માંડી વાળો, નહીં તો, આ વૈભવ તમારી શાન્તિ તો છીનવી લેશે, પણ તમારી સદ્ગતિ પણ અટકાવી દેશે. **लोल सव्व विणासणो** આ લોભ સર્વવિનાશકારક છે. મમ્મણશેઠની વાતથી કોણ અજાણ છે ? આ લોભ નામનો તમારામાં બેઠેલો કાળો કષાય તમને સુખી બનવા દેતો નથી, તો અન્યને સુખ આપવા દેતો નથી. આ લોભના પૂરમાં જે તણાયા તે આ દુનિયામાં મહાદુઃખી થયા છે અને થઈ રહેલા કેટલાય આંખ સામે દેખાઈ રહ્યા છે.

એક શેઠને પૂછવામાં આવ્યું કે તમે આટલું બધું દાન કેમ કરવા લાગ્યા છો ? શેઠે જવાબ આપ્યો કે, ભાઈ હું ગરીબ થઈ જાઉં તો ? એક કંજૂસને પૂછવામાં આવ્યું તમે આટલી બધી લક્ષ્મીના માલિક છતાં દાન કેમ કરતા નથી ? તો તેણે જવાબ આપ્યો, "ગરીબ થઈ જાઉં તો?" બન્નેનો ઉત્તર સમાન પણ ભાવ અલગ છે. બસ આપણા સંસાર પરિભ્રમણનું અને મોક્ષમાં આજ દિન સુધીના પ્રવેશ નહિ થવાનું સાચું કારણ સમજાઈ ગયું ને ? આ વિષયોની અને દાવાનળ કરતાંય વિકરાળ આ કષાયોથી તમારા આત્માને જોજનો દૂર રાખજો, નહીંતર હજી પણ મોક્ષનાં દ્વાર આપણા માટે બંધ રહેશે....! બીજા ભાવ, અવસરે...

જીવનને ઉદ્યોત કરે, દિવ્યતા અને
ભવ્યતાના દર્શન કરાવે,
દશા-દિશાની સમ્યક્ સુજ પ્રાપ્ત કરાવે અને
જાત-જગતના યથાર્થ સ્વરૂપને પ્રાપ્ત કરાવે,
એવું અલૌકિક શાસ્ત્ર એટલે
**'શ્રી આચારાંગજી સૂત્ર'**.
આ પરમ આગમના રહસ્યને ખોલવા એટલે
સૂર્યની ગરમીને થર્મોમીટરથી માપવા બરાબર છે.
સાગરને ટૂંકી બુદ્ધિની ફૂટ પટ્ટીથી માપવા બરાબર છે.
અલૌકીક અને અદ્ભૂત ભાવોથી ભરપૂર
**'શ્રી આચારાંગજી સૂત્ર'** ના
ભાવોની ઝલક એટલે

૧

વાંચ ... વાંચ ... નાવો...



Nulty Graphics
(022) 2665747 / 3880208